# ‘તમારા પ્રશ્નોના ઉત્તર’

ડો. બિલી ગ્રેહામ

: અનુવાદક :
ડો. રવિકાન્ત જેકબ પરમાર

2BGT[illegible]1

# 'તમારા પ્રશ્નોના ઉત્તર'

## ડો. બિલી ગ્રેહામ

: અનુવાદક :

ડો. રવિકાન્ત જેકબ પરમાર

એમ.એ., પીએચ.ડી.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

MY ANSWER

AUTHOR : DR. BILLY GRAHAM

Translator :

DR. RAVIKANT PARMAR

**M.A., Ph.D.**

Published by :

GUJARAT TRACT AND BOOK SOIETY,
Ellisbridge, Ahmedabad, Gujarat, India.

With The Kind Permission of :

©'TRIBUN MEDIA SERVICES, Inc.

CHICAGO, IL. 60611
www.tms.tribune.com

First Edition, 2005 Copies : 1000

**કિંમત : રૂા. ૨૦-૦૦**

All Rights Reserved by :

Tribune Media Services, Inc.

## : Permission :

02/12/2002

**Dr. Ravikant Pramar**
**4262 Wildacres Dr.**
**Houston, TX 77072**

**Dear Dr. Ravikant :**

Thank you for your request to reprint the Billy Graham book "My Answer".

This letter consitutes permission to translate the Book as outlined in your request on 02/01/2002.

Please use the following credit line :

© Tribune Media Services, Inc. All Rights Reserved. Reprinted with permission.

The fee paid for one-time reights is $25.00, plus a $.00 service charge.

If you have any questions please contact Lee Hall or myself at 1-800-245-6536.

Please consider this your invoice. Our tax ID number, if needed for payment, is : 130571080.

Sincerely,

Sd/-

**Jan Bunch**

**Telemarketing Manager**

# પ્રકાશકના બે બોલ

વિશ્વ વિખ્યાત પ્રભુના મહાન સેવક ડો. બિલી ગ્રેહામ માટે ત્રિએક ઈશ્વરના નામની સ્તુતિ કરતા આભાર માનીએ છીએ. પ્રભુના આ અદના સેવકનો પ્રભુએ તેના રાજ્યના વિકાસ માટે અદ્‌ભુત ઉપયોગ કર્યો છે.

તેમના સંદેશાઓ અને પુસ્તકો ખૂબ અસરકારક રહ્યા છે. ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ આ અગાઉ તેમનું પુસ્તક 'ટેકરીઓનો સાદ' પ્રસિદ્ધ કરેલ હતું. જેને માટે લોકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હતો-છે.

ઉપર જણાવેલ પુસ્તક અને 'તમારા પ્રશ્નોના ઉત્તર' બન્નેનો ગુજરાતી અનુવાદ ડો. રવિકાન્ત પરમારે કર્યો છે. અનુવાદક ભાષાના પ્રોફેસર રહ્યા હોઈને ભાષાપરનો તેમનો કાબુ એ સ્વાભાવિક છે. ડો. રવિકાન્ત પરમારે આ પુસ્તકનું ભાષાંતર ખૂબ સુંદર રીતે કરેલ છે. જે વાંચતાજ હૃદય અને મનને સ્પર્શીજાય તેવો અનુવાદ છે.

વળી, વિષયવસ્તુ વર્તમાન સમયમાં કઈ કેટલા ભાઈબહેનોને ઉત્તેજન આપનાર, દોરવણી આપનાર તથા પ્રશ્નોમાં યોગ્ય દોરવણી - ઉત્તેજન આપનાર સાબિત થશે.

ડો. બિલી ગ્રેહામ લિખીત પુસ્તક તથા ડો. રવિકાન્ત પરમાર અનુવાદિત હોઈને આ પુસ્તકનું વજન ઘણું વધી જાય છે. તેથી ખ્રિસ્તી સમાજ આ પુસ્તકને ''ટેકરીઓનો સાદ'' જેવોજ પ્રતિસાદ આપશે એજ આશા તથા પ્રાર્થના સાથે સમાજના હાથમાં આ પુસ્તક મુકતા ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી ગૌરવની તથા આનંદની લાગણી અનુભવે છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે ડૉ. રવિકાન્ત પરમાર તરફથી રૂા. ૨૦,૦૦૦ નું દાન મળેલ છે.

રેવ. હેમંતકુમાર પરમાર
*સેક્રેટરી,*
*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*

# અર્પણ

**સ્વ. ચંદ્રકૌર રોબર્ટ પરમાર**



**જન્મ : ૧૬-૧-૧૯૪૩ સ્વર્ગવાસ : ૩-૧૦-૨૦૦૩**

મારા સાળાભાઈ શ્રી રોબર્ટ પરમારનાં પ્રેમાળ પત્ની

સ્વ. ચંદ્રકૌર બહેનને આ પુસ્તક સ્નેહ અને

આદર સાથે અર્પણ કરું છું.

**- રવિકાન્ત પરમાર**

# અનુક્રમણિકા

## પ્રકરણ ૧ : લગ્ન કરતાં પહેલાં


૧. મારે લગ્ન કરવાં છે, પણ..... ૧
૨. અપ્રામાણિક ખ્રિસ્તી હોય ? ૨
૩. મારી સગાઈ થઈ છે, પરંતુ.... ૩
૪. એક વ્યક્તિને હું પ્રેમ કરું છું, પણ.... ૩
૫. અમે બંને ભાગેલા ઘરનાં છીએ.... ૪
૬. હું એક જાજરમાન છોકરીના પ્રેમમાં.... ૫
૭. અમારે લગ્ન કરવાં છે, પણ વડીલો.... ૬
૮. એક યુવકે મારી સાથે લગ્ન કરવા છે, પરંતુ.... ૭
૯. મારે લગ્ન તો કરવાં છે, પણ એ' ખેડૂત છે ! ૮
૧૦. મારે પરણવું તો છે, પણ 'એ' જરા.... ૯


## પ્રકરણ ૨ : લગ્ન જીવનમાં મુશ્કેલી આવે ત્યારે


૧૧. બે મહિના પહેલાં અમે લગન કરેલાં, પણ.... ૧૧
૧૨. અમે લગ્ન તો કર્યાં પણ.... ૧૨
૧૩. મારા પતિ ઘણા જ સારા છે, પરંતુ.... ૧૩
૧૪. રાત્રે મોડા સુધી પતિ ઘેર આવતા નથી.... ૧૪
૧૫. એક વિધવા સાથે લગ્ન તો કર્યું, પણ.... ૧૫
૧૬. મારા પતિ એક સ્ત્રીના લફરામાં હતા.... ૧૫
૧૭. મારા પતિ ખ્રિસ્તી નથી.... ૧૬
૧૮. હું તો માનતો હતો કે મારી પત્ની.... ૧૭
૧૯. મારા પતિ લફરાંબાજ છે.... ૧૮
૨૦. મેં લગ્ન તો કર્યાં, પણ બીજો પુરુષ મને.... ૧૯
૨૧. લગ્ન પહેલાંનું પાપ અને તેનો એકરાર.... ૨૦
૨૨. ડાઈવોર્સ તો લીધી પણ.... ૨૧
૨૩. મારાં મમ્મી અમારી સાથે રહેવા આવ્યાં છે, પણ.... ૨૨
૨૪. હું ક્રિશ્ચિયન છું અને મારા પતિ ક્રિશ્ચિયન નથી આથી.... ૨૩

૨૫. મારા પતિ ક્રિશ્ચિયન નથી, અને.... ૨૪
૨૬. મારા પતિ એક સ્ત્રીના.... ૨૫

## પ્રકરણ ૩ : બાળકોનો ઉછેર

૨૭. મારું બાળક પ્રાર્થના કરવાની ના પાડે છે.... ૨૬
૨૮. બાળકને શિક્ષા કરાય ? ૨૭
૨૯. બાળકોને સન્ડેસ્કૂલમાં.... ૨૮
૩૦. અમારો દીકરો કાબૂમાં નથી.... ૨૯
૩૧. મંડળીમાં હું વડીલ છું, પણ મારો દીકરો.... ૩૦
૩૨. અમારો દીકરો નઠારો પાક્યો.... ૩૧
૩૩. પત્નીની નોકરી અને બગડેલાં છોકરાં. ૩૨

## પ્રકરણ ૪ : સંતાનોની તરુણ અવસ્થાના પ્રશ્નો

૩૪. પ્રાર્થનામાં ચિત્ત ચોંટતું નથી... ૩૪
૩૫. હું કોલેજના પ્રથમ વર્ષમાં છું, અને.... ૩૫
૩૬. મારે કોલજમાં નથી ભણવું, પણ.... ૩૬
૩૭. ક્લાસ મેળવવા પરીક્ષામાં ચોરીઓ થાય છે.... ૩૬
૩૮. મારે લગ્ન કરવાં છે, પણ મા-બાપ હમણાં.... ૩૭
૩૯. હું ગુંડો બની ગયો છું, પણ મારે.... ૩૮
૪૦. મારાં માતા-પિતા સંકુચિત વિચારનાં છે.... ૪૦
૪૧. એ છોકરો સારા ખ્રિસ્તી પરિવારમાં ઉછર્યો છે, પણ.... ૪૦
૪૨. મારો પ્રેમી ગુંડા ટોળકીનો સભ્ય હતો, આથી.... ૪૨
૪૩. એક છોકરી મારી પાછળ પડી છે, અને.... ૪૩
૪૪. મેં એક ભયંકર પાપ કર્યું છે.... ૪૪
૪૫. મારે ચર્ચમાં જવું છે, પણ.... ૪૫

## પ્રકરણ ૫ : દરેક મા બાપે જાણવા જેવું

૪૬. પતિપત્ની બંનેની નોકરી અને.... ૪૬
૪૭. અન્યધર્મી સાથે મારી દીકરીને લગ્ન કરવાં છે, પણ.... ૪૬

૪૮. હું વિધુર છું, અને.... ૪૭
૪૯. અમારી ૧૭ વર્ષની દીકરી પ્રેમમાં પડી, પણ.... ૪૯
૫૦. મને ગમતો ન હતો તેને તે પરણી છે, અને.... ૪૯
૫૧. અમારી પુત્ર-વધૂ તેના પતિને.... ૫૦
૫૨. મારો ડોકટર દીકરો મિશનેરી બનવાનું કહે છે, પણ.... ૫૧

**પ્રકરણ ૬ : નોકરી-ધંધાને લગતા પ્રશ્નો**

૫૩. કંપનીના આર્થિક ગોટાળાની મને ખબર છે.... ૫૩
૫૪. અમારી ઓફિસમાં લોકો કામચોર છે, પણ મને.... ૫૪
૫૫. હું તારણ પામેલો પોલિસમેન છું, અને.... ૫૫
૫૬. ખ્રિસ્તીથી ધંધામાં ચાલાકીપૂર્વક છેતરપિંડી થાય ? ૫૬
૫૭. મારી જવાબદારી કેટલી ? ૫૬
૫૮. ખ્રિસ્તી અને કામદાર યુનિયન ૫૭
૫૯. ખ્રિસ્તી અને જુગારખાનામાં નોકરી ૫૮
૬૦. ખ્રિસ્તીથી રવિવારે નોકરી-ધંધો કરાય ? ૫૯
૬૧. હું ખ્રિસ્તી વ્યાપારી છું, પરંતુ.... ૬૦
૬૨. મારા ધંધાનો પાર્ટનર ખ્રિસ્તી છે, પણ.... ૬૧

**પ્રકરણ ૭ : આનંદી રહેવાના ઉપાયો**

૬૩. હું ઘણા વખતથી ખ્રિસ્તી છું, પરંતુ.... ૬૩
૬૪. હું ખ્રિસ્તી છું, પરંતુ ઘણી વખત.... ૬૪
૬૫. હું દેવળમાં જાઉં છું, પણ.... ૬૫
૬૬. થોડા સમય પહેલાં હું ખ્રિસ્તી બન્યો, પણ.... ૬૬
૬૭. હું ખ્રિસ્તી નથી છતાં સુખી છું, અને બીજા.... ૬૭
૬૮. મારો ઉછેર ખ્રિસ્તી કુટુંબમાં થયો, પરંતુ.... ૬૯

**પ્રકરણ ૮ : પ્રલોભનોથી બચવાના ઉપાય**

૬૯. મારે સારું જ કરવું છે, પણ.... ૭૦
૭૦. હું ખ્રિસ્તી છું, છતાંય.... ૭૧

૭૧. ગયા ઉનાળામાં મેં પ્રભુને જીવન સોંપ્યુ, પણ.... ૭૨
૭૨. મારા બોસ મારી સાથે અડપલાં કરે છે.... ૭૩

## પ્રકરણ ૯ : જીવનની નિષ્ફળતા અને એકલતાનું ઔષધ

૭૩. બધા મને ગુનેગાર માને છે, પરંતુ.... ૭૫
૭૪. ન જાણે કેમ મારા મિત્રો મને છોડી દે છે !.... ૭૬
૭૫. હું કદરૂપી નથી, પણ.... ૭૭
૭૬. મારાં ભાઈ-બહેન અતિશય બુદ્ધિશાળી છે, અને.... ૭૮
૭૭. અકસ્માતને કારણે મારો ચહેરો કદરૂપો થયો, આથી.... ૭૯
૭૮. હું એકલતા અનુભવું છું.... ૮૦
૭૯. હું પરીક્ષામાં નાપાસ થયો છું, આથી.... ૮૧

## પ્રકરણ ૧૦ : કુટેવોથી છૂટવાના ઉપાય

૮૦. સબંધ જાળવવા કોઈવાર થોડોક દારૂ પીવાય ? ૮૨
૮૧. સ્મોકિંગ અને તમાકુનું સેવન.... ૮૨
૮૨. અમે ઓફિસમાં ઘણી વખત શરત.... ૮૩
૮૩. મને બોલ્યા કરવાની ખરાબ ટેવ છે, અને.... ૮૪
૮૪. મારો 'નવો જન્મ'તો થયો, પરંતુ.... ૮૫

## પ્રકરણ ૧૧ : આધિ, વ્યાધિ, ઉપાધિ (દુઃખ)

૮૫. મને કેન્સર થયું છે, પરંતુ.... ૮૭
૮૬. હું હમેશાં ચિંતાના ભાર નીચે દબાયેલો રહું છું.... ૮૮
૮૭. હું ખ્રિસ્તી છું, છતાં.... ૮૮
૮૮. માંદગી છે અને ચિંતા છે, પણ ડોક્ટર.... ૯૦
૮૯. મેં દેવની સમક્ષ પ્રતિજ્ઞાઓ તો કરી છે, પણ.... ૯૧
૯૦. રોગીષ્ઠ અને પાંગળુ જીવન શા કામનું ?.... ૯૨
૯૧. મેં મારી પત્નીને દગો દીધો છે, પણ.... ૯૩
૯૨. પતિને છોડી બીજા પુરુષ સાથે હું નાસી ગઈ, પણ.... ૯૫
૯૩. વહેમી સ્વભાવ, પતિ અને તેમની સેક્રેટરી.... ૯૬

૯૪. વિધવા થયા પછી ભોગ વિલાસમાં જીવી, પણ.... ૯૭
૯૫. એ બિચારીને તો આ ધરતી જ નરક છે !.... ૯૮
૯૬. હું સુંદર છું અને મારા પતિ કહે છે,.... ૯૯

**પ્રકરણ ૧૨ : પાખંડ, પ્રાર્થના અને તારણ**

૯૭. અમારી મંડળીની એક બહેન.... ૧૦૧
૯૮. હું પ્રાર્થના કરું છું, પરંતુ.... ૧૦૨
૯૯. જાહેર સમારંભ અને પ્રાર્થના ૧૦૩
૧૦૦. દુષ્ટો દુષ્ટતા કરે છે, છતાં.... ૧૦૩
૧૦૧. જો પ્રાર્થનાનો ઉત્તર ન મળે તો.... ૧૦૫
૧૦૨. દારૂડિયો પતિ તારણ પામી શકે ?.... ૧૦૬
૧૦૩. શું મારા જેવા પાપી પર પ્રભુ કરુણાં કરે ?.... ૧૦૭

**પ્રકરણ ૧૩ : મૃત્યુનો ડર, સ્વર્ગ, નરક અને ખ્રિસ્તી - વિશ્વાસ**

૧૦૪. મને મૃત્યુની ઘણી જ બીક લાગે છે.... ૧૦૯
૧૦૫. હું તો માનતો હતો કે, હું ખ્રિસ્તી છું, પરંતુ.... ૧૦૯
૧૦૬. મૃત્યુ પછી ખ્રિસ્તીનો અગ્નિ-સંસ્કાર કરાય ?.... ૧૧૦
૧૦૭. મૃત્યુ પછી તત્કાલ સ્વર્ગ મળે છે ?.... ૧૧૨
૧૦૮. સ્વર્ગમાં સગાઈ અને કેલેન્ડરનો પ્રશ્ન.... ૧૧૩
૧૦૯. બધાં જ લોકો પાપી હોતાં હશે ?.... ૧૧૪
૧૧૦. હું પ્રાર્થના કરું છું, પરંતુ મારામાં.... ૧૧૫
૧૧૧. ખ્રિસ્તી કોને કહેવાય ?.... ૧૧૬
૧૧૨. ખ્રિસ્તી પરિવારમાં જન્મ થાય એટલે.... ૧૧૮
૧૧૩. શું મારા જેવા અધમમાં અધમનો ઉધ્ધાર થાય ?.... ૧૧૯

# પ્રસ્તાવના

મનુષ્ય જીવનમાં કોને સમસ્યા હોતી નથી ? જ્યાં દૃષ્ટિ નાખીએ, ત્યાં મનુષ્યો પોતાના પ્રશ્નોની માયાજાળમાંથી બહાર નીકળવાનાં હવાતિયાં મારતાં જોવા મળે છે ! ઉંમર, સમજ અને બુદ્ધિ જેમ જેમ વધે, તેમ તેમ સમસ્યાઓ ઘટવાને બદલે વધતી જ જાય છે ! ઘણાં લોકોને ધનવાન થવાની ચિંતા સતાવે છે, જ્યારે ગરીબ અને લાચાર મનુષ્યોને જઠરાગ્નિ શાંત કરવાની ચિંતા વ્યગ્ર બનાવે છે ! યુવક-યુવતિઓને લગ્ન કરવાની ચિંતા છે, જ્યારે પરણેલાંઓને લગ્નજીવનને ટકાવી રાખવાની અને બાળકોના ઉછેરની સમસ્યાઓ છે. સંતાનોને માતા-પિતા સંકુચિત સ્વભાવનાં છે, એવું લાગે છે, જ્યારે માતાપિતાને પોતાનાં સંતાન કહ્યામાં રહ્યાં નથી, એ પ્રશ્ન સતાવી રહ્યો છે. કેટલાંક લોકો પૂછતાં હોય છે : મને જ આ રોગ કેમ લાગુ પડ્યો ?! માદગીમાંથી હું સાજો થઈશ, કે મરી જવાશે ?!! અને જો મરી જઈશ તો સ્વર્ગમાં જવાશે કે નરકમાં ? અને નરક થી બચવું હોય તો કેવી રીતે બચી શકાય ?!! આમ, મનુષ્ય-જીવન જાતજાતના પ્રશ્નો અને નાની મોટી અનેક સમસ્યાઓથી ભરેલું છે !

જે દૈનિકપત્રની સોળ મિલિયન નકલો વેચાતી હતી તેમાં મારી કટારમાં મને પૂછાયેલા વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપતી વેળાએ બધા પ્રશ્નોના ઉત્તરો પવિત્રશાસ્ત્ર બાઈબલમાંથી શોધીને આપ્યા છે. જોકે માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ફિલસૂફીનાં પુસ્તકો પણ વાંચેલાં, છતાં મારા બધા જ ઉત્તરોનો પાયો તો બાઈબલ જ રહ્યું છે. પોતાના પ્રશ્નોના ઉત્તરોની અપેક્ષા રાખવાં બધાં જ પત્ર લખનારને મેં પ્રાર્થના સહિત તેમના પ્રશ્નોના ઉત્તરો આપેલા છે.

વિવિધ પ્રકારની યાતનાઓથી પીડાતાં પત્રલેખકોના પત્રોથી મારી એક ધારણા દ્રઢ બની છે કે, મનુષ્યજીવનમાં ઉત્પન્ન થતી સમસ્યાઓનાં મૂળ, પરમેશ્વરે મનુષ્યને આપેલ દિવ્ય નૈતિક આજ્ઞાઓના ઉલ્લંઘન, એ આજ્ઞાઓ વિશેના અજ્ઞાન, ખ્રિસ્તી નૈતિક શિક્ષણ પ્રત્યેની બેદરકારી તથા

મનુષ્યનાં 'તારણ' (મોક્ષ) માટે દેવે કરેલી વ્યવસ્થા સાચી માહિતીના અભાવમાં રહેલાં છે.

દૈનિક-પત્રની કટારમાં મેં આપેલા પ્રશ્નોના જવાબોનું સંકલન પુસ્તકના રૂપમાં, 'મારા ઉત્તરો' ના શીર્ષક નીચે પ્રગટ થાય છે ત્યારે પ્રશ્નકારો માટે 'મારા ઉત્તરો' નહીં પરંતુ 'દેવના ઉત્તરો' બની રહે અને પ્રત્યેક વાચકને માટે સાચું જીવન જીવવાનું ભાથું પૂરું પાડે એવી મારી અભ્યર્થના છે.

આ પુસ્તકમાં ત્રણસોથી પણ વધારે પ્રશ્નોના ઉત્તરો છાપવામાં આવ્યા છે. મને શ્રદ્ધા છે કે આ પુસ્તક દ્વારા બગડી ગયેલાં પોતાનાં સંતાન માટે રોતી કકળતી માતાને, નૈતિક જીવન જીવવાની ઈચ્છા રાખનાર યુવક-યુવતિઓને, ઉન્માદની ક્ષણોમાં પાપનાં શિકાર બનેલાં મનુષ્યોને પોતાનાં સંતાનોની અવજ્ઞાનો ભોગ બનેલાં માતા-પિતાને, જીવનની લપસણી ભૂમિ પર અજ્ઞાનપણે દોડતાં મનુષ્યોને, જીવનમાં એકલતાનો અનુભવ કરતાં લોકોને, જીવલેણ બિમારીની યાતના ભોગવતાં બિમારોને, મૃત્યુના ભયથી ધ્રૂજી ઉઠેલાં નિર્બળોને તથા 'તારણ' (મોક્ષ) પામવાની ઈચ્છા ધરાવનાર સર્વ લોકોને આ પુસ્તક અનેક રીતે ઉપયોગી બનશે.

અંતમાં, ''માર્ગ, સત્ય તથા જીવન'' જે છે તે, પ્રભુ ઈસુ, તમને આશા, ઉલ્લાસ અને માર્ગદર્શન આપી જગતના જીવનની ભૂલભૂલામણીમાંથી સહિસલામત બહાર કાઢે, એવી પ્રાર્થના પરમેશ્વર પિતાને કરું છું.

બિલી ગ્રેહામ

મોંટ્રીયુક્ષ (MONTREUX), સ્વીટ્ઝરલેંડ, ૧૯૬૦.

## અનુવાદકનું વક્તવ્ય

નવેમ્બર ૨૦૦૧ની સાતમી તારીખે ૮૩ વર્ષ પૂરાં કરી ચૂકેલા પ્રભુના સેવક ડો. બિલી ગ્રેહામના જન્મ-દિવસની ઉજવણી, અમેરિકાના ખ્રિસ્તી ટેલિવિઝન ટી.બી.એન (ટ્રિનિટિ બ્રોડકાસ્ટિંગ નેટવર્ક), જે દુનિયાના ઘણા દેશોમાં ખ્રિસ્તી કાર્યક્રમો પ્રસારિત કરે છે, તેના માલિક શ્રી પોલ ક્રાઉસ અને તેમનાં પત્ની શ્રીમતી જૈન ક્રાઉસે ઘણી ધામધૂમથી કરી. એ ઉજવણી પ્રસંગે પ્રભુના ઘણા સેવકોએ, રાજકીય આગેવાનોએ, ખ્રિસ્તી અભિનેતા-અભિનેત્રીઓએ, ખ્રિસ્તી સંગીતકારોએ તથા ખ્રિસ્તી રમતવીરોએ ડો. બિલી ગ્રેહામની સેવાઓને બિરદાવી. ઘણાં સ્ત્રી-પુરુષોએ સાક્ષી આપી કે ડો. બિલી ગ્રેહામની ધર્મજાગૃતિની સભાઓમાં તેમનાં જીવનનો બદલાણ થયું અને ઘણા પાસ્ટરોએ ડો. બિલી ગ્રેહામને પ્રભુના આદર્શ સેવક તરીકેનો નમૂનો પૂરો પાડવા બદલ બેવડાં અભિનંદન પાઠવ્યાં. અને પ્રભુના એક સેવકે તો તેમને 'યોહાન બાપ્તિસ્મા કરનાર' કહ્યા, કારણ કે ડો. બિલી ગ્રેહામે અમેરિકા અને દુનિયાના અનેક દેશોમાં ફરીને લોકોને પસ્તાવો કરીને 'નવો જન્મ' પામવાનો જ સંદેશો આપ્યો છે ! બ્રિટનનાં રાણીએ તેમને 'સર'ના ખિતાબથી નવાજ્યા !

ડો. બિલી ગ્રેહામે ઈતિહાસમાં પ્રથમ જ વખત પોતાની 'ધર્મજાગૃતિ'(Crusades)ની સભાઓ દ્વારા દુનિયાના ૧૮૫ દેશોમાં અને રેડિયો, ટી.વી. તથા ઉપગ્રહ-પ્રસારણોના માધ્યમો દ્વારા અત્યાર સુધીમાં બે બિલિયન (બે અબજ, એક અબજ = સો કરોડ) લોકોને પ્રભુ ઈસુએ સિદધ કરેલા તારણની સુવાર્તા સંભળાવી છે. આ સંખ્યામાં તેમણે શરૂ કરેલ સામયિક 'ડિસિઝન' તથા તેમનાં પુસ્તકોનાં વાચકોની સંખ્યાને ઉમેરીએ, તો કેટલી થાય ?!!

ડો. બિલી ગ્રેહામ પોતાના સુવાર્તાકાર્યનો ઉદ્દેશ જણાવતાં લખે છે : ''પ્રભુ ઈસુને ઓળખવાથી જ પરમેશ્વર સાથે પ્રીત બાંધી શકાય છે તેનું માર્ગદર્શન લોકોને આપવું એ મારા જીવનનો આશય છે.'' (Billy Graham, God's ambasador, A Lifelong mission of giving hope to the world as

witnessed by photographer Russ Busby) પ્રભુ ઈસુ પ્રત્યેના પ્રેમ, ભ્રાતૃભાવ અને કરુણાવૃતિથી છલકાતા જીવનમાંથી 'સુવાર્તાકાર્ય' ની સરિતાનો પ્રવાહ વહેતો થાય છે. 'સુવાર્તાકાર્ય' (Evangelism)ના કાર્યને સચોટ રીતે વર્ણવતા શ્રી ડી.ટી.નિલ્સ (D.T. NILES)લખે છે : ''એક ભિખારી બીજા ભિખારીને રોટલો ક્યાંથી મળશે તેની માહિતી આપે છે.'' ("One beggar telling another beggar where to find bread." The Evangelist : World Wide Impect of Billy graham, by Lewis A. Drummond, Word publishing, Nashville, A Thomas Nelson Company, 2001, P.15). લખે છે : ''એક ભિખારી બીજા ભિખારીને રોટલો ક્યાંથી મળશે તેની માહિતી આપે છે.''

ડો. બિલી ગ્રેહામે લોકોના હૃદયને, અંત: કરણને પોતાનું કાર્ય-ક્ષેત્ર બનાવ્યું છે, કારણ કે ''હૃદય સહુથી કપટી છે, તે અતિશય ભૂંડું છે'' (યર્મિયા, ૧૭:૯).

હૃદયને કાર્ય-ક્ષેત્ર બનાવીને તેમાં કાર્ય કરવાના મહત્ત્વ પર પ્રકાશ પાડતાં શ્રી ડેનિયલ વેબસ્ટર લખે છે : ''જો આપણે આરસપહાણ પર કોતરકામ કરીશું તો તે કાળક્રમે ભૂંસાઈ જશે, જો પિત્તળની પાટી પર કોતરીશું તો તે કાળ ક્રમે કાટ નીચે ઢંકાઈ જશે, જો મોટાં મોટાં સ્મારક રૂપ મંદિરો બાંધીશું, તો તે પણ કાળક્રમે જમીનદોસ્ત થઈને ધરતીની ધૂળમાં ભળી જશે, પરંતુ, દેવનો ભય રાખીને, જનહિતની ભાવના વડે, લોકોનાં અંત:કરણની શિલા પર જે કાંઈ કંડારીશું, તે સદાકાળ (લોકોનાં જીવનોમાં) પ્રકાશતું રહેશે.'' (Billy Graham, God's Ambassador BY Busby)

પ્રભુઈસુના ઉપદેશથી પ્રભાવિત થયેલો વિદ્વાન ફરોશી નિકોદેમસ, પ્રભુ ઈસુની પ્રસંશા કરવા માટે રાત્રિના અંધકારને ઓઢીને આવે છે ત્યારે તેને પ્રકાશ આપતાં પ્રભુ ઈસુ કહે છે : ''હું તને ખચીત ખચીત કહું છું, જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી.'' (યોહાન ૩:૩). અને નવેમ્બર સાત, ૧૯૩૪ની રાત્રે ડો. મોર્દખાઈ હેમની ધર્મ જાગૃતિની એક સભામાં 'નવોજન્મ' પામેલા ડો. બિલી ગ્રેહામ, પ્રભુ ઈસુએ નિકોદેમસને આપેલી શિખામણ અત્યાર સુધી આપતા રહ્યા છે,

લોકોનાં હૃદય પટલ પર કંડારતા રહ્યા છે. મને શ્રદ્ધા છે કે, તેમનાં 'સંદેશા અને તેમનું જીવન સાહિત્ય આપણા પ્રભુ ઈસુના પુનરાગમન સુધી પોતાનું સેવાકાર્ય કરતાં જ રહેશે.

નોરવિકના બિશપ અને બ્રિટનનાં 'હાઉસ ઓફ લોર્ડસ' (House of Lord's)ના સભ્ય રેવરન્ડ મોરિસ વૂડ ડો. બિલી ગ્રેહામની પ્રશંસા કરતાં લખે છે ''હું માનું છું કે પરમેશ્વર જેના પર વિશ્વાસ મૂકી શકે એવાં કેટલાં લોકોને તે દરેક પેઢીમાં ઉત્પન્ન કરે છે. બિલીને હું વેસ્લી અંને સંત ઓગસ્ટીનની હરોળમાં મૂકવાનું પસંદ કરીશ. અને જો તમારી ઈચ્છા હોય તો (સંત) ફ્રાન્સિસને પણ તેમાં ઉમેરી દો. આ ત્રણે જણા એક જ ટીમના છે, પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે, તેમને (બિલીને) આની ખબર હોય એમ લાગતું નથી ! છતાં આપણાં સમયમાં દેવના સેવક તરીકે તેમણે સહુથી વધારે આધ્યાત્મિક ફળ ઉત્પન્ન કર્યાં છે. ('The Evangelist', by Lewis A. Drummond, Word Publishing, 2001, P. 177).

ડો. બિલી ગ્રેહામનું ધ્યાન કેવળ પોતાના તારનારની સેવામાં જ મગ્ન રહ્યું છે, આથી તેમને બીજું વિચારવાનો જ સમય મળ્યો નથી; પરંતુ તેમના તારનારે પ્રત્યેક ક્ષણે ડો. બિલી ગ્રેહામની સંભાળ રાખી છે એટલું જ નહીં, પણ તેમણે આપેલ 'વચન'નો પ્રત્યેક શબ્દ ડો. ગ્રેહામના જીવનમાં સાર્થક કર્યો છે. એ 'વચન' છે : ''તેણે મારા પર પ્રીતિ બેસાડી છે, માટે હું તેને બચાવીશ; તેણે મારું નામ જાણ્યું છે, માટે હું તેને ઊંચો કરીશ. તે મને અરજ કરશે, એટલે હું તેને ઉત્તર દઈશ; હું સંકટને સમયે તેની સાથે થઈશ, હું તેને છોડાવીને માન આપીશ. લાંબા આયુષ્યથી હું તેને તૃપ્ત કરીશ, અને તેને મારું તારણ દેખાડીશ'' (ગીતશાસ્ત્ર, ૯૧:૧૪ થી ૧૬).

ડો. બિલી ગ્રેહામના જીવનને માટે પરમેશ્વર પિતાનો હું આભાર માનું છું.

ડો. બિલી ગ્રેહામના પુસ્તક 'માય એન્સર' (MyAnswer)ને મેં નવું શીર્ષક: 'તમારા પ્રશ્નોના ઉત્તર' આપ્યું છે. અને તેમાં આપણા ભારતીય ખ્રિસ્તી સમાજને બહુ સ્પર્શ કરતી ન હોય એવી સમસ્યાઓના તથા સોવિયેટ

રશિયા અને સામ્યવાદની સાથે સંકળાયેલા ઉત્તરોનો સમાવેશ કર્યો નથી. ભારતીય ખ્રિસ્તી સમાજને સ્પર્શ ન કરતા પ્રશ્નનું એક ઉદાહરણ પૂરતું ગણાશે. એક પ્રશ્ન છે. ''હું પંદર વર્ષનો તરુણ છું અને હાઈસ્કૂલમાં ભણું છું. હમણાં જ મને ખબર પડી કે, મારો જન્મ લગ્ન કર્યા વિનાનાં પતિ-પત્ની તરીકે રહેતાં મારા માબાપના ઘરમાં થયો છે. હવે મને લાગે છે કે, આવા માબાપના ઘરમાં રહેવું એ પાપ છે. મને આ ખબર પડી તે પહેલાં જ હું મરી ગયો હોત તો કેવું સારું ! હું ઘણો જ દુ:ખી થઈ ગયો છું, હું શું કરું ? અને બીજા પ્રશ્નનું ઉદાહરણ : ''અત્યારે બધાં જ લોકોને સામ્યવાદનો ડર લાગે છે. શું તમે માનો છો કે સામ્યવાદ આપણા ખ્રિસ્તી-વિશ્વાસનો ખાતમો બોલાવી દેશે ?'' વગેરે. ટૂંકમાં 'માય એન્સર'માંથી મેં આપણી સંસ્કૃતિ અને સભ્યતાને ધ્યાનમાં રાખી આપણો ખ્રિસ્તી વિશ્વાસ વધારે દૃઢ બને અને માર્ગદર્શન મળે એવા શુભ આશયથી જ 'તમારા પ્રશ્નોના ઉત્તર'માં ચૂંટેલા પ્રશ્નોનું સંકલન કર્યું છે. પ્રશ્નોની વિવિધતા અને તેમના સ્વરૂપ વિશે તો ડો. બિલી ગ્રેહામે પોતાની પ્રસ્તાવનામાં છણાવટ કરી છે, આથી તેનું પુનરાવર્તન હું કરતો નથી. મને શ્રદ્ધા છે કે, 'ટેકરીઓનો સાદ' પુસ્તકની પેઠે 'તમારા પ્રશ્નોના ઉત્તર'પણ લોકપ્રિય બનશે અને ઘણાં લોકોને તેમની હતાશા અને મૂંઝવણની ક્ષણોમાં માર્ગદર્શન આપી ખ્રિસ્તી જીવનની 'સારી દોડ' દોડવામાં સહાયક બનશે.

જાન્યુ. ૩૧, ૨૦૦૨ — રવિકાન્ત પરમાર.

# ઋણ સ્વીકાર

આપણા સમયના મહાન સુવાર્તિક ડો. બિલી ગ્રેહામ દ્વારા લખેલા 'My Answer' પુસ્તકનો અનુવાદ કરવાની પરવાનગી આપનાર TRIBUNE MEDIA SERVICES CHICAGO નો હું હાર્દિક આભાર માનું છું.

મારા લેખન કાર્યમાં ઊંડો રસ લઈને મને પ્રોત્સાહન અને પ્રેરણા આપનાર મારી પત્ની ઈમોજીન પ્રત્યે હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

આ પુસ્તકના પ્રકાશન-કાર્યમાં સહાય કરનાર 'ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી'ના સેક્રેટરી રેવ. હેમન્તકુમાર પરમાર તથા સર્વ કર્મચારી ભાઈ-બહેનોનો હું ધન્યવાદ માનું છું.

ટૂંકા સમયમાં સુઘડ અને સુંદર પુસ્તકના સ્વરૂપમાં છાપનાર સ્ક્રીનડોટ પ્રિન્ટર્સના માલિક શ્રી સુશીલભાઈ ક્રિશ્ચિયનનો હું આભાર માનું છું.

મારા લેખન-કાર્યમાં ક્ષણે-ક્ષણ સહાયકરનાર પરમેશ્વર-પિતાનો હું અત્યંત ઋણી છું, કે જેમણે પ્રભુ ઈસુ મારા સ્વામીના તારણના કાર્યનો પ્રચાર કરનાર એક અદનો ચાકર મને પણ બનાવ્યો !

- રવિકાન્ત પરમાર

## અર્પણ

**ડો. બિલી ગ્રેહામ,**

મારા પ્રભુ ઈસુના આજીવન સેવક !

તમારું જ લખાણ, પરંતુ....

મારી ભાષામાં, તમને સાદર

અર્પણ કરું છું !

**- રવિકાન્ત પરમાર**

# પ્રકરણ : ૧

# લગ્ન કરતાં પહેલાં

## ૧. મારે લગ્ન કરવા છે, પણ....

મારાં મમ્મી ઘણા વખથી પથારીવશ છે અને તેમની ચાકરી કરે એવું મારા સિવાય તેમનું કોઈ નથી. એક યુવકના પરિચયમાં હું આવી છું અને તે મારી સાથે લગ્ન કરવા તૈયાર છે, પરંતુ મારા મમ્મીની જવાબદારી સ્વીકારવા તે તૈયાર નથી. આ સંજોગોમાં મારે શું કરવું, તેની મને સમજણ પડતી નથી. કૃપા કરી મને માર્ગદર્શન આપશો.

તમે જે યુવકની વાત કરો છો તે યુવકના દિલમાં બીજાઓની તકલીફો વિશે સહાનુભૂતિનો અભાવ છે, આથી તમારાં મમ્મીની જવાબદારી લેવા માટે તેની તૈયારી નથી. આજના સમયના યુવક યુવતિ માટે આ એક ઘણી જ વિકટ સમસ્યા છે, જેનો એક અથવા બીજા સ્વરૂપે તેમણે સામનો કરવો પડે છે. તમારી સમસ્યા વિશે વિચાર કરતાં જણાય છે કે તે યુવકમાં ખ્રિસ્તી પ્રેમ અને કરુણાનો અભાવ છે.

બહેન, તમારો પ્રશ્ન તમે ધારો છો. એટલો વિકટ નથી, કારણ કે તમારા પ્રશ્નો પ્રત્યે જેને સહાનુભૂતિ હોય, એવા પતિની શોધમાં તમે છો. જે યુવકનો તમે ઉલ્લેખ કર્યો છે, તેનામાં બીજાનાં દુઃખો પ્રત્યે સ્વાભાવિક રીતે જ લાગણી ઉત્પન્ન થતી ન હોય, તો એવો લાગણીવિહીન, સ્વાર્થી પુરુષ પતિ તરીકે કેવો સાબિત થાય ?

બીજું, ધારો કે તમે પથારીવશ હોત અને તમારાં મમ્મીની સામે તમારા જેવો પ્રશ્ન ઊભો થયો હોત, તો તમારા જેવી સ્થિતિમાં તમારાં મમ્મી શું કરત તેની કલ્પના કરો અને તમે જાતે જ નિર્ણય કરો.

જો કે તમે તમારા પત્રમાં તમે ક્રિશ્ચિયન છો કે નહીં, તે વિશે કંઈ ઉલ્લેખ કર્યો નથી, પરંતુ હું માની લઉં છું કે તમે ક્રિશ્ચિયન હશો. બાઈબલ શીખવે છે, કે પત્નીએ પતિને આધીન રહેવાનું છે ('એફેસીઓને પત્ર ૫:૨૨'). જો તમે એ યુવકના લાગણી વિનાના વર્તન-વ્યવહારને સહન

કરી તેની સાથે જીવવાને માટે તૈયાર હો, તો જ તમારે તેની સાથે લગ્ન કરવાં જોઈએ. મારી સલાહ છે કે, એક વખત તે યુવકને તમે નિખાલસતાપૂર્વક જણાવો કે તમારાં પથારીવશ માતાની સંભાળ લેવાની જવાબદારીમાંથી તમે છટકી શકતાં નથી અને તમારી એ ફરજમાં એ યુવક સહભાગી બને એવી તમારી ઈચ્છા છે. અને પછી એ યુવક સાથે પરણવાની તથા તમારી મમ્મીની લાચાર અવસ્થાની આખી બાબત પ્રાર્થના સાથે પરમેશ્વરપિતાને સોંપી દો.

## ૨. અપ્રામાણિક ખ્રિસ્તી હોય ?....

જે યુવક મારી સાથે લગ્ન કરવા માગે છે તે પોતાને ખ્રિસ્તી તરીકે ઓળખાવે છે, કે જેથી હું તેની સાથે લગ્ન કરી શકું. પરંતુ છેતરપીંડીની મને ઘણી જ નફરત છે, જ્યારે એ યુવકને મન છેતરપીંડી કરવી એ રમતવાત છે. શું આવા માણસ સાથે, એ ખ્રિસ્તી છે, આથી લગ્ન કરવામાં મારી સલામતી ખરી ?

બહેન, કોઈ માણસ પોતાની જાતને ખ્રિસ્તી કહેવડાવે આથી તે ખ્રિસ્તી બની જતો નથી. તમે જ કહો છો કે એ યુવકને મન છેતરપીંડી કરવી સહજ વાત છે; ત્યારે તમને નથી લાગતું કે એ યુવક પોતાની જાતને તમારી આગળ ખ્રિસ્તી તરીકે ઓળખાવી તમને પણ છેતરી રહ્યો હોય !

સત્યનિષ્ઠા અને પ્રામાણિક્તાના સદ્‌ગુણ તો સાચા ખ્રિસ્તીના જીવનની પ્રાથમિક અને અતિ આવશ્યક લાક્ષણિક્તા છે. પ્રભુ ઈસુ કહે છે :''માર્ગ, સત્ય તથા જીવન હું છું.'' તેમણે એ પણ કહ્યું છે કે, ''હું સત્યની સાબિતી આપવા આવ્યો છું.'' જો તે યુવક તમને એક બાબતમાં છેતરતો હોય, તો બીજી બાબતોમાં પણ તમને નહીં છેતરે તેની શી ખાતરી ? કારણ કે, તેને મન પ્રામાણિક્તાની કોઈ કિંમત નથી !

ઈશ્વર ભક્ત દાઉદ પશ્ચાતાપ કરતાં પોતાના એક ગીતમાં ગાય છે : ''તમે અંતઃકરણની સત્યતા માગો છો ને મારા હૃદયને તમે જ્ઞાન શીખવશો'' (ગીત શાસ્ત્ર ૫૧ઃ૬). મનુષ્ય માટે પોતાના અન્ય દુર્ગુણો હોવા છતાં જીવવું સહેલું છે, પરંતુ અપ્રામાણિક મનુષ્યને કોઈ સાંખી લેતું નથી. મારી તો તમને સલાહ છે કે એ યુવાનથી તમે દૂર રહો તો સારું.

## ૩. મારી સગાઈ થઈ છે, પરંતુ....

એક ઘણા જ દેખાવડા યુવક સાથે મારી સગાઈ થઈ છે. પરંતુ હમણાં હમણાં મને લાગવા માંડ્યું છે કે, આધ્યાત્મિક બાબતોમાં અમે એકબીજા સાથે સહમત થઈ શકતાં નથી. જેને પરમેશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા નથી, એવા એ યુવક સાથે લગ્ન કરવા માટે મારું મન મૂંઝવણ અનુભવે છે. એ યુવક સાથે લગ્ન સંબંધથી બંધાવાની મેં પ્રામાણિક પ્રતિજ્ઞા પણ કરેલી, પરંતુ હવે જો હું એ સગાઈને ફોક કરું અને લીધેલી પ્રતિજ્ઞા તોડું તો મેં અપરાધ કર્યો ગણાય ?

બહેન, કોઈ પણ વ્યક્તિ તેણે લીધેલી પ્રતિજ્ઞા તોડે એના પક્ષમાં હું નથી. પરંતુ તમે કહો છો એવા સંજોગોમાં આગળ વધી તમે લગ્નના કોલકરાર કરો એમાં તમારા સંપૂર્ણ દિલની સચ્ચાઈનો અભાવ હશે, કારણ કે તમારા મનમાં શંકા ઉત્પન્ન થઈ છે. જો એ યુવક ખાનદાન અને પ્રામાણિક વ્યક્તિ હશે, તો લગ્ન કરવાની બાબતમાં તમારા થયેલા વિચાર-પરિવર્તનને સહેલાઈથી સમજી જશે. અને જ્યારે તે સમજશે કે દિલની સચ્ચાઈથી નહીં લીધેલી લગ્નની પ્રતિજ્ઞા (કોલકરાર) કેવળ એક નાટક જ બની જશે, ત્યારે તે યુવક પોતે જ તમને સગાઈની પ્રતિજ્ઞાથી મુક્ત કરશે. પરંતુ એ યુવક તમને પ્રતિજ્ઞામાંથી મુક્ત કરવા તૈયાર ન થાય, તો તમારે એક સાચા ખ્રિસ્તી તરીકે તમારી માન્યતાઓને દૃઢપણે વળગી રહેવાનું છે અને શક્ય છે કે પ્રભુ ઈસુ પ્રત્યેની તમારી અડગ વફાદારી તે યુવકને પ્રભુ ઈસુ તરફ ખેંચી લાવે, પરંતુ એ યુવકને લગ્ન થયા પછી પ્રભુ ઈસુ પાસે લાવી શકાશે. એ વાત ઘણી જ અશક્ય લાગે છે. લગ્ન જેવી જીવનની ગંભીર બાબત વિશે પાકો નિર્ણય કરતાં પહેલાં તમારા મનમાં ઉત્પન્ન થયેલ પ્રશ્નને પ્રથમ જ હલ કરવો અતિ આવશ્યક છે.

## ૪. એ વ્યક્તિને હું પ્રેમ કરું છું, પણ....

હું એક વ્યક્તિને ચાહુ છું અને તેની સાથે જ લગ્ન કરવાની તીવ્ર ઈચ્છા ધરાવું છું, પરંતુ અમારા બંનેના ધર્મ ભિન્ન છે. આ વિશે અમે સાથે બેસીને નિર્ણય કર્યો છે કે અમે અમારા પોતપોતાના ધર્મને વળગી રહીશું અને એકબીજાની ધાર્મિક માન્યતાને અમારા લગ્નજીવનમાં દખલરૂપ થવા

દઈશું નહીં. આ જાતની સમજૂતી પછી અમે લગ્ન કરીએ તો કેવું ? તમારો અભિપ્રાય આપશો.

મારો અભિપ્રાય બાઈબલના શિક્ષણ અનુસારનો જ હશે. તમે કહો છો કે, તમારી બંનેની અલગ પ્રકારની ધાર્મિક માન્યતાઓ છે. હું પણ માનું છું કે, તમારો ધર્મ લગ્નજીવનમાં બાધક બનવો ન જોઈએ, પરંતુ તમને બંનેને લગ્નજીવનમાં બાંધી રાખવા માટે એક જ જાતની ધાર્મિક માન્યતાની ઘણી જ જરૂર છે. તમારી વાત પરથી તો લાગે છે કે તમારે મન ધર્મનું કશું મહત્વ નથી, અથવા તમે તમારી ધાર્મિક માન્યતાઓમાં દૃઢ નથી ! ધારો કે તમારા લગ્ન પછી તમારા બંનેમાંથી કોઈ એકની ધાર્મિક માન્યતાઓ વધારે તીવ્ર બને તો તમારા લગ્નનું શું થાય ? તમે તમારા લગ્નની બાતમાં મારી સલાહ માગી છે, એનો અર્થ એ થાય છે કે તમારું લગ્નજીવન સફળ થશે કે નહીં, તેની તમને ખુદને પણ થોડી શંકા છે ! હું આગ્રહપૂર્વક તમને વિનંતી કરું છું કે, ભૂખ્યા આત્માઓની તૃપ્તિ અને ભૂલાં પડેલાંઓના માર્ગદર્શક બનનાર પ્રભુ ઈસુનું શરણ તમે સ્વીકારો. મને ખાતરી છે, કે ત્યારે જ તમારા લગ્નની ઈમારત ખ્રિસ્તરૂપી મજબૂત ખડક પર બંધાશે, જેને સંસાર-સાગરનાં પ્રચંડ મોજાં કે જીવનના ઝંઝાવાત જરાપણ હલાવી શકશે નહીં.

મને એવા ઘણા કિસ્સાની ખબર છે, કે પતિ-પત્નીની ધાર્મિક ભિન્નતાને કારણે ઘણાં ઘર ભાંગ્યા છે. બાઈબલ સ્પષ્ટ કહે છે, ''અવિશ્વાસીઓની સાથે અઘટિત સંબંધ ન રાખો, કેમ કે ન્યાયીપણાને અન્યાયીપણાની સાથે સોબત કેમ હોય ? અજવાળાને અંધકારની જોડે શી સંગત હોય ?'' (કરંથીઓને બીજો પત્ર, ૬:૧૪).

## ૫. અમે બંને ભાગેલા ઘરનાં સંતાન છીએ....

મારાં તથા જેને હું પ્રેમ કરું છું તે યુવતીનાં માતા-પિતાએ ડાયવોર્સ લીધેલાં અને એવાં ભાગેલાં ઘરોમાં અમારો ઉછેર થયેલો. જો હું તથા એ યુવતિ લગ્ન કરીએ તો અમારો ભૂતકાળ અમારા લગ્ન જીવનને હાનિ પહોંચાડે ખરો ?

ભાઈ, તમારા બંનેના ભૂતકાળના અનુભવો તમને બંનેને સુખી

લગ્નજીવન આપે એવું મને લાગે છે. ભાગેલા ગૃહસંસારમાં ઉછરતાં, તમને બંનેએ જે દુઃખ અને માનસિક યાતના ભોગવવી પડી હશે, તેને લીધે તમને બંનેને લગ્નજીવનની અખંડિતતાનું મહત્વ સમજાયું હશે. અને તમારા બંનેનાં માતા-પિતાએ જે ભૂલોને કારણે ડાયવોર્સ લેવાં પડ્યા હશે, એવી ભૂલો તમે ન કરો એ જાતની ચેતવણી તમને મળશે અને તમને એવી ભૂલો કરતાં રોકશે.

તમે બંને જ્યારે લગ્ન કરવાનો પાકો નિર્ણય કરો, ત્યારે તમે બંને હૃદયની સંપૂર્ણ નિખાલસતાથી તમારી લાગણીઓ અને માગણીઓની એકબીજા સાથે ચર્ચા કરજો, કે જેથી તમારા બંને વચ્ચે ભવિષ્યમાં કોઈ ગેરસમજ ઉત્પન્ન થાય નહીં. યાદ રાખજો કે તમારાં લગ્ન તમારા બંનેના કરૂણ ભૂતકાળને લીધે ઉત્પન્ન થયેલી સહાનુભૂતિના આધાર પર નહીં, પરંતુ એક બીજા પ્રત્યેના માન અને હૃદયના સાચા પ્રેમના પાયા પર રચાય.

એક બીજી સલાહ પણ સાથે સાથે આપું. જ્યારે તમે બંને લગ્ન કરવાનું આયોજન કરો, ત્યારે પ્રભુ ઈસુને તમારી યોજનાના મધ્યબિંદુમાં રાખજો. ઘણાં ઘરોમાં તેમની હાજરી વિના પણ કેટલેક અંશે સુખ-શાંતિ દેખાતાં હોય છે, પરંતુ જે ઘરોમાં પ્રભુ ઈસુનો આદર થતો હોય છે, તે ઘરોની તુલનામાં ખ્રિસ્તરહિત ઘરોને ઘણું બધું ગુમાવવું પડે છે ! તે બંને જણ દરરોજ, સાથે ભક્તિ-આરાધના કરો, પોતાની ભૂલોની પ્રભુ પાસે ક્ષમા માગો અને એકબીજા માટે પ્રાર્થના કરો. આમ કરવાથી તમારાં બંનેનાં જીવન એકબીજામાં ઓતપ્રોત થઈ જશે અને તમને શાંતિ અને સુખની અપેક્ષા હશે, તે પ્રભુની હાજરી અને કૃપાથી પ્રાપ્ત થશે.

## ૬. હું એક જાજરમાન છોકરીના પ્રેમમાં છું, પણ....

સામાજિક રીતે પ્રતિષ્ઠિત અને નીતિપરાયણ એવી, એક સુંદર યુવતિને હું પ્રેમ કરું છું અને તેની સાથે લગ્ન કરવા આતુર છું. પરંતુ જ્યારે જ્યારે હું ધર્મની વાત કરું છું ત્યારે ત્યારે તે ગુસ્સે થઈ જાય છે અને ધર્મ અંગે વાત કરવાની સાફ ના પાડે છે. શું તમને નથી લાગતું કે જ્યારે બે વ્યક્તિ એકબીજાના પ્રેમમાં હોય અને લગ્ન કરવાની ઈચ્છા રાખતાં હોય, ત્યારે એકબીજાની ધાર્મિક માન્યતાઓ અંગે પણ તેમણે ચર્ચા કરવી જોઈએ ?

હું દૃઢપણે માનું છું કે, જ્યારે બે વ્યક્તિ લગ્ન કરવા તૈયારી બતાવે, ત્યારે તેમણે પોતાની ધાર્મિક માન્યતાઓ અને ધર્મ જેવા અગત્યના વિષય અંગે એકબીજા સાથે નિખાલસતાપૂર્વક વાતચીત કરી સમાનતા સાધવી જરૂરી છે. કોઈ પણ વ્યક્તિનું ચારિત્ર્ય, તેની માન્યતાઓ પર આધાર રાખે છે. ધર્મની ચર્ચા કરતી વખતે, એ યુવતિના વર્તનથી જણાય છે કે એવી કોઈ બાબત તેના જીવનમાં બની છે અથવા તેના જાણવામાં આવી છે; જેને લીધે તેને શરમ લાગે છે અને હિણપત અનુભવે છે, અથવા એ 'બાબત' વિશે તમને જાણ કરવા માગે છે, પણ કહી શકતી નથી ! આ 'બાબત' જ તમારા માર્ગમાં અડચણરૂપ બની હોય એમ મને લાગે છે. લગ્ન અંગેનો તમે, બંને છેવટનો નિર્ણય લો, ત્યારે તમારા વચ્ચેની એ અડચણને પ્રથમ જ દૂર કરજો. મારા પર આવતા સેંકડો પત્રોથી મને ખાતરી થઈ છે, કે ધાર્મિક માન્યતાઓમાં ઐક્ય સધાય નહીં, તો લગ્નજીવનમાં સુખ-શાંતિની તકો ઘટી જાય છે ! જો એ યુવતિને લાગશે, કે અન્ય વાતોમાં તમારા બંને વચ્ચે અરસપરસ સમજૂતી સધાઈ છે; તો તે જાતે જ ધર્મની એ 'બાબત' વિશે તમને કહી દેશે. પ્રભુનું ઉપયોગી પાત્ર બનવા માટે અને સુખી લગ્નજીવન જીવવા માટે, તમે લગ્ન પહેલાં નિખાલસ ચર્ચા-વિચારણા કરવાનો અધિકાર ધરાવો છો.

હું તો તમને સલાહ આપીશ કે, એ યુવતિ પ્રભુ ઈસુનો સ્વીકાર કરી ખ્રિસ્તી જીવન જીવવાને તૈયાર ન થાય, તો તેની સાથે લગ્ન કરવાની વાત માંડી વાળજો. બાઈબલ કહે છે, ''પ્રકાશ અને અંધકાર એક સાથે કેવી રીતે રહી શકે ?'' (કરિંથીઓને બીજો પત્ર, ૬:૧૪).

## ૭. અમારે લગ્ન કરવાં છે, પરંતુ વડીલોને વાંધો છે

મારું પ્રિયપાત્ર અન્યધર્મી છે. અમે બંને લગ્ન કરવા ઉત્સુક છીએ, પરંતુ વડીલોને વાંધો છે. તેમના વિરોધ વચ્ચે અમે બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું છે. શું અમારી એ યોજનામાં અમે આગળ વધીએ ?....

મારું તો માનવું છે કે, તમારે બંને ધર્મ અંગેની સમસ્યાનું પ્રથમ નિરાકરણ કરવું જોઈએ. એ નિરાકરણ ન થાય ત્યાં સુધી તમારે બંનેએ લગ્ન કરવાના વિચારને મુલતવી રાખવો જોઈએ. તમારાં બંને પરિવારોએ

એમ માનીને છેવટ સુધી ધીરજ રાખી કે તમે છેલ્લી પાટલીએ નહીં બેસો. સંઘર્ષપૂર્ણ આ પરિસ્થિતિમાં તમને પણ લાગતું હશે કે સમાધાન કરવા માટેની કોઈ ભૂમિકા રહી નથી. કદાચ તમને કોઈ સલાહ પણ આપશે કે હમણાં લગ્ન કરવા માટે સમાધાન કરી લો; પછી દેખી જાયગી ! પરંતુ જ્યારે બે વ્યક્તિ જીવનભર એક થઈને પતિ-પત્ની તરીકે જીવવા માટે તૈયાર થાય છે ત્યારે એ સલાહ વ્યાવહારિક નથી. લગ્ન જેવી ગંભીર બાબતમાં એવો જુગાર ન રમી શકાય ! એક સ્ત્રી અને એક પુરુષ જ્યારે પતિ-પત્ની તરીકે જીવનભર સાથે રહેવા તૈયાર થાય છે ત્યારે તે બંને વચ્ચે પરસ્પરનો વિશ્વાસ અને સન્માનની ભાવના હોવા ઘણાં જ જરૂરી છે. ખ્રિસ્તી વ્યક્તિ ખ્રિસ્તને પ્રેમ કરે છે અને તેમના પર પોતાનો સંપૂર્ણ ભરોસો રાખે છે અને આ તેની બૌદ્ધિક મૂડી નહીં, પરંતુ આત્મિક મૂડી છે. આથી, જો તમે ધર્મ અંગે ઉત્પન્ન થયેલ સંઘર્ષનું સંપૂર્ણ સમાધાન ન કરી શકો; તો તમે બંને લગ્ન ન કરો તેમાં જ તમારું હિત છે. બાઈબલ કહે છે, ‘‘જો બે વ્યક્તિ એકબીજા સાથે સંમત ન થાય, તો તેઓ સાથે ચાલી શકે ખરી ?’’ - આ પ્રશ્નોનો ઉત્તર સ્પષ્ટ રીતે નકારમાં જ મળે છે !

## ૮. એક યુવકે મારી સાથે લગ્ન કરવાં છે, પરંતુ....

એક પ્રતિષ્ઠિત, ધનવાન અને દેખાવડા યુવકે મારી સાથે લગ્ન કરવાની પોતાની ઈચ્છા દર્શાવી છે આથી હું ઘણી જ ખુશ થઈ ગઈ છું; પરંતુ હું તેના પ્રેમમાં નથી. અને તે યુવકને આધ્યાત્મિક બાબતોમાં રસ જણાતો નથી એમ મને લાગે છે. શું મારે આ યુવક સાથે લગ્ન કરવાં જોઈએ ?

ના ! કેવળ ભૌતિક સમૃદ્ધિના મોહ અથવા ઊર્મિના આવેશમાં લગ્ન કરવામાં આવે, તો આગળ જતાં તકલીફો જ ઉભી થાય ! બહેન, તે જે બાબતોને લગ્ન કરવા માટે આધાર તરીકે વર્ણવી છે, તે આધાર તો લગન પછી માત્ર થોડાં જ સપ્તાહોમાં હાલવા લાગશે. જે લગ્ન, આંખો બંધ કરીને માત્ર લાગણીવેડા અને ઉજવળ ભવિષ્યની ખોટી કલ્પના પર રચાય છે, તે લગ્ન પતિપત્નીના મતમતાન્તર અને મુશ્કેલીઓના એક જ ફટકાથી ધરાશાઈ થઈ જાય છે ! લગ્ન જીવનમાં શારીરિક ઈચ્છા અને લાગણીઓનું એક વિશેષ સ્થાન છે, પરંતુ સ્ત્રી અને પુરુષે જો પોતાના લગ્નજીવનને

સુદૃઢ અને કાયમી બનાવવું હોય, તો શારીરિક ઈચ્છા અને લાગણીઓને જ આધાર બનાવી શકાય નહીં. સાચા પ્રેમમાં પતિપત્ની વચ્ચે એકબીજાના સન્માનની ભાવના અને આધ્યાત્મિક આકર્ષણ હોય છે.

મને લાગે છે કે, જે યુવકને આધ્યાત્મિક બાબતો પ્રત્યે રસ ન હોય, એવા યુવકને તમારે કદી જ પરણવું જોઈએ નહીં. તમારા પત્રથી મારું માનવું છે, કે તમે એક ક્રિશ્ચિયન યુવતિ છો અને તમે નિયમિત ચર્ચમાં જતાં હશો. તમારા બંને વચ્ચેની આ ભિન્નતા આવનાર દિવસોમાં ઝઘડાનું કારણ બનશે અને તમારા લગ્નજીવનને ખારું કરી દેશે !

કદાચ, એ વ્યકિત તમારી સાથે લગ્ન કરવા માટે આધ્યાત્મિક બાબતો વિશે થોડો રસ દર્શાવે, પણ તમે જ્યારે એ વ્યક્તિને પ્રેમ કરતાં નથી છતાંય જો તમે એ વ્યક્તિ સાથે લગ્ન કરવા માટે તમારી જાતને તૈયાર કરશો તો એ તમારી મોટામાં મોટી મૂર્ખાઈ હશે ! લગ્ન તો એક પવિત્ર કાયમી અને આધ્યાત્મિક કરાર છે. એ પવિત્ર કરારની ગંભીરતાની જાળવણી થવી જ જોઈએ. જો તમારી જગાએ હું હોત, તો તમે જણાવેલા યુવક સાથે લગ્ન કરવાને બદલે અપરણિત રહેવાનું વધુ પસંદ કરત અને જો ઘડપણ સુધી કુંવારા રહેવું પડે, તોપણ તમે ઉલ્લેખ કર્યો છે એવી વ્યક્તિ સાથે તો હું લગ્ન ન જ કરત !

## ૯. મારે લગ્ન તો કરવા છે, પણ એ તો ખેડૂત છે !....

મારો ઉછેર એક મોટા શહેરના સુખસગવડથી ભરેલા ઘરમાં થયો છે. જેને હું પ્રેમ કરું છું અને લગ્ન કરવા આતુર છું એ યુવક એક મોટા ખેડૂતનો દીકરો છે અને એ યુવક પણ ભણી રહ્યા પછી ખેડૂત જ બનવા ચાહે છે. મને ડર લાગે છે કે હું ખેડૂત પત્ની તરીકે કદાચ નિષ્ફળ નીવડીશ. મને વનવગડા અને ઉજ્જડ વિશાળ ખેતરો પ્રત્યે વિશેષ રુચિ નથી ! એ યુવકને હું મારા હૃદયના ઊંડાણથી પ્રેમ કરું છું ! હું શું કરું ? મને સલાહ આપશો.

બહેન, લગ્ન કરવાનો પાકકો નિર્ણય કરતાં પહેલાં વર્તમાન અને ભવિષ્યની સંભવિત પરિસ્થિતિ વિશે વિચાર કરી લેવો એ સારી અને ઉપયોગી

બાબત છે. પ્રેમ એ મનુષ્યરૂપે તો હૃદયની બાબત છે, પરંતુ પ્રેમમાં પડતાં પહેલાં વ્યક્તિએ પોતાના મગજનો પણ ઉપયોગ કરવો જોઈએ. કેટલાંક યુવક-યુવતીઓ લગ્ન કરતાં પહેલાં પોતાના વતનથી દૂર, પોતાનાં સગાંવ્હાલાં અને મિત્રોને છોડીને અજાણી જગાએ અને પોતે જીવ્યાં છે એવા વાતાવરણથી ભિન્ન પ્રકારના વાતાવરણમાં નવી જીંદગી જીવી શકશે કે નહીં તેનો વિચાર કરતાં નથી અને થોડા જ સમયમાં તેમને કંટાળો આવવા લાગે છે. વાતવાતમાં પતિ-પત્ની વચ્ચે તણખા ઝરવા લાગે છે અને પતિ-પત્નીનાં શમણાંની મહેલાતોના કાંગરા ખરવા લાગે છે.

પરંતુ બીજી બાજુ, એ પણ નક્કર, સત્ય છે, કે જો યુવક-યુવતી ખરેખર, એકબીજાના ઊંડા પ્રેમમાં હોય તો, લગ્ન પછી તેઓ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ એકબીજાને પ્રેમ કરતાં કરતાં પ્રસન્ન અને મધુર દાંપત્ય જીવન જીવી શકતાં હોય છે ! બહેન, જો તમે એ યુવકને ખૂબ જ પ્રેમ કરતાં હશો, તો એ પ્રેમ જ તમને ખેડૂતની આદર્શ પત્ની બનતાં શીખવશે અને વગડામાં પણ જગતની સૌથી સુખી ખેડૂત-પત્ની બની શકશો. બીજું, તમે તમારા માતા-પિતા, ભાઈ-બહેનો અને મિત્રોથી દૂર હશો ત્યારે તમારો પ્રેમ જ તમને નવા વાતાવરણમાં તમારાં નવાં પાડોશીઓને મદદરૂપ થવાના પાઠ શીખવશે ને એકલતા દૂર કરશે. એ યુવકના ગામડાના ઘરમાં તમે પત્ની તરીકે પ્રવેશ કરો તે પહેલાં જ તમે તમારા હૃદય પાસેથી પાકી ખાતરી માગી લો, કે તમે એ યુવકને સંપૂર્ણપણે સોંપાઈ જશો કે નહીં. જો તમે બંનેએ પ્રભુ ઈસુ ખ્રિસ્તને તમારા જીવનના સ્વામી બનાવ્યા હશે, તો ગમે તેવા વિકટ સંજોગોમાં અને સમયોમાં તે તમારાં જીવનોનું રક્ષણ કરી તમારાં જીવનોને શાંતિ અને આનંદથી ભરી દશે.

## ૧૦. મારે પરણવું તો છે, પણ એ જરા દારૂના શોખીન છે....

પંદર વર્ષની ઉંમરે મેં મારા માતા-પિતા સમક્ષ પ્રતિજ્ઞા કરેલી કે હું જીવનમાં ક્યારેય દારૂનો સ્પર્શ નહીં કરું. હમણાં હમણાં હું એક પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર યુવકના સંપર્કમાં આવી છું અને તે મને પોતાની પ્રતિજ્ઞા તોડવાનું કહે છે. અમારા બંનેના સ્વભાવમાં ઘણું સામ્ય છે. તેના કહેવા પ્રમાણે તે વધારે પડતો દારૂ પીતો નથી. મને મારી પ્રતિજ્ઞા તોડી

પીવાની ઈચ્છા નથી. તે યુવક સાથે લગ્ન કરું ?

ના ! સાફ સાફ શબ્દોમાં ના ! આજે જ્યારે દારૂની બદી જોરશોરથી ચારે બાજુ ફેલાઈ રહી છે અને લોકોનાં જીવન અને ઘર બરબાદ થઈ રહ્યાં છે, ત્યારે કોઈ પણ સમજુ વ્યક્તિ પોતાની પ્રિયતમા કે પત્નીને દારૂ પીવાનો આગ્રહ કરી શકે નહીં. તમે જે યુવકના સંપર્કમાં છો, તે યુવક ખરેખર સમજદાર, હોય, તો તેણે પોતાને ભાગ્યશાળી સમજવો જોઈએ કે, તેને સદ્‌ગુણી અને લીધેલી પ્રતિજ્ઞાને પાળે એવી પત્ની મળવાની છે. તમે કહો છો કે તે યુવક તેના કહ્યા પ્રમાણે વધારે પડતો દારૂ પીતો નથી, પરંતુ તે સાચુ કહી રહ્યો છે, કે નહીં તેની તમને ખબર છે ? કોઈ પણ યુવતિને દારૂડિયા માણસનો ડર લાગવો જોઈએ અને ખાસ કરીને તો જ્યારે તે માણસ, જે તેનો પતિ થવાનો છે, તે જ પોતાની પ્રિયતમાને પોતાની સાથે દારૂ પીવાનો આગ્રહ કરે ત્યારે !! શક્ય છે, કે તે યુવક તમારી કસોટી કરતો હોય કે, તમે લીધેલી પ્રતિજ્ઞા પાળો છો કે નહીં ! અને કદાચ હૃદયમાં ઊંડે ઊંડે તે ઈચ્છતો હોય કે તમે દારૂ ન પીઓ ! દારૂ પીવો એ કાં સામાજિક પ્રતિષ્ઠા નથી. મારે મન તો એ માણસ માણસ નથી, જે બીજાઓના પગ ખેંચીને બીજાઓને પોતાની સાથે કાદવમાં પાડે !

શું તમે એ યુવક સાથેના તમારા સંબંધ વિશે પ્રભુને પ્રાર્થના કરી છે ? જો હું તમારી જગ્યાએ હોઉં, તો છેવટનું પગલું ભરતાં પહેલાં હું પરમેશ્વરની સલાહ માંગુ ! દારૂનો દૈત્ય તેના શિકારને સહેલાઈથી જવા દેતો નથી. તેણે તો લાખો કરોડો પરિવારોને ખેદાન મેદાન કરી નાખ્યાં છે ! તમારા જેવી, દારૂની સંગતથી દૂર રહેનાર યુવતિએ, તો દારૂના શોખીન યુવક સાથે લગ્ન કરતાં પહેલાં, ભવિષ્યમાં આવનાર પરિણામ વિશે બે વખત વિચારવું જોઈએ !

# પ્રકરણ : ૨

# લગ્ન જીવનમાં મુશ્કેલી આવે ત્યારે

## ૧૧. બે મહિના પહેલાં અમે લગ્ન કરેલાં, પણ....

બે મહિના પહેલાં અમે લગ્ન કરેલાં, પણ હવે અમને બંનેને લાગે છે કે અમે લગ્ન કરીને ભૂલ કરી છે. અમારા બંને વચ્ચેના મતભેદ વધી રહ્યા છે અને અમે બંને એકબીજાથી કંટાળવા લાગ્યા છીએ. અમે બંને એકબીજાને પ્રેમ કરતાં હતાં, પરંતુ કોણ જાણે અમારા એ પ્રેમનું શું થયું તેની સમજણ પડતી નથી !

તમારો પ્રેમ ખરેખ સાચો જ હતો, તો તમારે બંનેએ હવે પણ એકબીજાને પ્રેમ કરવો જોઈએ. અત્યારે તમારાં જીવનોમાં જે કાંઈ થઈ રહ્યું છે, તે સ્વાભાવિક છે. આ સમય તમારે માટે કસોટીનો સમય છે, કારણ કે તમારે બંનેએ એકબીજાને અનુકૂળ થવાનું છે. તમે બંને લગ્ન પહેલાં પોતપોતાની રીતે જીવતાં હતાં, પરંતુ લગ્ન પછી હવે પોતાની એ જૂની રીત તમારે બંને ચાલુ રાખવી છે, આથી સંઘર્ષ ઉત્પન્ન થયો છે. તમારે બંનેએ પોતપોતાની રીતે જીવવાની રીતેમાં ફેરફાર કરવો જોઈએ અને એકબીજાને અનુકૂળ થઈને જીવવાનો માર્ગ અપનાવવો જોઈએ. તમારે બંનેએ પોતાના હઠ છોડીને એકબીજાના સદ્‌ગુણો જોવા જોઈએ. સમય જતાં બધું સારું થઈ જશે.

કસોટીના આ કાળમાંથી સહિસલામત બહાર નીકળવાનો એક તાત્કાલિક ઉપાય બતાવું છું, જેણે તમારા જેવાં અનેક દંપત્તિઓને સહાય કરી છે. જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે તકરાર વધતી જાય ને તે બે વ્યક્તિ એ તકરારને શાંત પાડી ન શકે ત્યારે એ બંને વ્યક્તિને માન્ય હોય એવી એક ત્રીજી વ્યક્તિને મધ્યસ્થ તરીકે રાખીને પોતાની તકરારનો અંત લાવે છે અને બંને તકરારી વ્યક્તિઓ વચ્ચે સમાધાન કરાવે છે. પ્રભુ ઈસુ એવી ત્રીજી વ્યક્તિ છે, જે તમારા પરિવારિક-જીવનમાં શાંતિ લાવવા માટે તમારા બંનેના વ્યક્તિત્વ અને સ્વભાવનું પરિવર્તન કરશે. પ્રભુ ઈસુને તમારા દાંપત્ય જીવનમાં મધ્યસ્થ બનાવો એટલે તે તમને નવીન, સુખી અને સમૃદ્ધ દાંપત્ય આપશે !

## ૧૨. અમે લગ્ન તો કર્યા, પણ....

અમે ચાર વર્ષ પહેલાં લગ્ન કર્યાં છે, પરંતુ થોડા જ સમયમાં અમારો એકબીજા પ્રત્યેનો પ્રેમ અને આકર્ષણ ઘટવા લાગ્યાં છે. લગ્ન પહેલાંનો, હતો એવો પ્રેમ ફરી પાછો ઉત્પન્ન થાય એવો કોઈ ઈલાજ બતાવશો.

મનુષ્યની લાગણીઓની પરાકાષ્ટાએ રોમાંચક ઘટનાઓ બને છે અને તેની અસર નીચે જ પ્રેમી પોતાની પ્રિયતમાને માટે આકાશના તારા તોડી લાવવાનાં વચન આપતો હોય છે ! લાગણીઓની આ વાત પુરુષ તથા સ્ત્રી બંનેને લગભગ સરખી લાગુ પડે છે. પરંતુ લગ્નજીવન-જીવનમાં ઉષ્મા (આકર્ષણ) અને પ્રેમની જાળવણી માટે પતિ-પત્ની સહિયારા પ્રયત્ન કરવાના હોય છે. પતિ જ્યારે પોતાની નોકરી-ધંધાએથી સાંજે ઘેર આવે ત્યારે તેને લઘરવઘર કપડામાં, પોતાની નોકરીના થાકને લીધે ઊતરેલા ચહેરાવાળી પત્નીની આંખોમાં લગ્ન પહેલાંની ચંચળતા અને માદકતા દેખાતી નથી. એવી જ રીતે કામના બોજાથી કંટાળેલા પતિમાં લગ્ન પહેલાંના 'મજનું'નાં દર્શનો થતાં નથી. ત્યારે, પતિ-પત્નીનો આવેશ યુક્ત પ્રેમ ઠંડો પડી જાય છે અને જીવનની વાસ્તવિકતા આકરી લાગે છે. અત્યારે તમે જીવનનું સ્વપ્ન નહીં, પરંતુ વાસ્તવિક જીવન નિહાળી રહ્યાં છો, આથી જો તમે બંને એકબીજાનાં સાચાં જીવન-સાથી બનવાનો થોડો પણ પ્રયત્ન કરશો, તો તમારું લગ્ન-જીવન એકબીજાને કંટાળારૂપ લાગશે નહીં. જે નારી તમે જેવા છો તેવા, પોતાના જીવનસાથી તરીકે જીવનભર તમારી સાથે રહેવાના કોલકરાર કર્યા છે, તે નારી તમારી પાસેથી પ્રેમની અને આદરની અપેક્ષા રાખે તેમાં કશું જ ખોટું નથી. અને પુરુષ પણ પોતાની પત્ની પાસેથી તે જ પ્રકારની અપેક્ષા રાખવાનો અધિકાર ધરાવે છે. સંવનન (Courtship)તો લગ્નજીવનની મહેલાતોમાં પ્રવેશ કરવાનું પ્રાંગણ છે. લગ્ન પહેલાંના પ્રણયકાળની મધુરતા પ્રૌઢતાના સાગરમાં ભૂતકાળ બની જાય છે, જેને ફરી કદી વર્તમાનમાં જીવી શકાતી નથી. હવે તો તમારી પાસે બે જ માર્ગ છે. તમે એ મધુરા ભૂતકાળને વાગોળી મધુરતાનો અનુભવ કરો, અથવા એ મધુરા ભૂતકાળને યાદ કરી આંસુ સારો અને અફસોસ વ્યક્ત કરો ! પરંતુ યાદ રાખો, । બીજો વિકલ્પ તમારાં જીવનોને ખારાં બનાવી દેશે ! તમારા

પ્રણકાળમાં તમે બંનેએ એકબીજાને આનંદ પમાડવાના જેટલા પ્રયત્નો કર્યા હતા, તેના કરતાં અડધા પ્રયત્નો પણ, તમારા લગ્નજીવનને સુખી દાંપત્યમાં પરિવર્તિત કરી દેશે !

## ૧૩. મારા પતિ ઘણા જ સારા છે, પરંતુ....

મારા પતિ ઘણા જ સારા છે પરંતુ મેં તેમની સાથે વિશ્વાસઘાત કર્યો છે ! હવે હું શું કરું ?

બાઈબલ આપણને જણાવે છે કે જ્યારે દાઉદે, તમે કહો છો એવું પાપ કર્યું અને તેને જ્યારે પોતાની ભૂલનું ભાન થયું ત્યારે તેણે પરમેશ્વર સમક્ષ પસ્તાવાસહિત પોતાના પાપની ક્ષમા માગી અને તેને તેણે કરેલા વ્યભિચાર અને ખૂનની ક્ષમા મળી (વાંચો : પહેલાં 'ગીતશાસ્ત્ર'નો ૫૧મો અધ્યાય અને પછી 'બીજા શમૂએલ'ના ૧૧ તથા ૧૨ અધ્યાય). અહીં આપણે જોઈએ છીએ કે પાપ કર્યાનું ભાન થાય, એ પાપને લીધે પસ્તાવો થાય અને પાપની ક્ષમા મેળવવા પરમેશ્વરને વિનંતી કરવામાં આવે : આ ત્રણ સ્થિતિમાંથી પસાર થયા પછી પરમેશ્વર આપણા પાપના ડાઘ ભૂંસી નાખે છે ને આપણા અપરાધની આપણને ક્ષમા આપે છે. દાઉદના પાપની જાણ લોકોને થઈ અને પ્રબોધક નાથાન રાજા દાઉદની પાસે ગયો અને તેને કહ્યું કે, 'તે યહોવાના શત્રુઓને તેની નિંદા કરવાનો મોટો પ્રસંગ મળ્યો છે.'

બહેન, તમારા પ્રસંગમાં જાહેર રીતે તમે પોતાના પાપની કબૂલાત કરો અને તમને લાભ કરતાં હાનિકારક નીવડે એમ છે, આથી તમે જેની સાથે વ્યભિચારનું પાપ કર્યું છે, તે વ્યક્તિથી દૂર રહો. તમે તમારા પાપની કબૂલાત પરમેશ્વર સમક્ષ કરો અને તેમની ક્ષમા માંગો. સાથે સાથે પરમેશ્વરને વિનંતી કરો કે તમને પાપની વૃત્તિથી દૂર રહેવાની અને તેમના જ ગૌરવ માટે જીવન જીવવાની કૃપા આપતા રહે. તમે તમારા વ્યવહાર અને વર્તનથી તમારા પતિને ખાતરી થવા દો કે તમે સાચે જ, તમારા સાચા દિલથી તેમને ચાહો છો. તમે એક ઉત્તમ પત્ની, ઉત્તમ ગૃહિણી, ઉત્તમ માતા, ઉત્તમ મિત્ર અને ઉત્તમ પડોશી બનવાની કોશિષ કરો. પરંતુ યાદ રાખો, આ બધું તમે તમારી જાતે કરી શકશો નહીં. એને માટે તો તમારે નિત્ય પ્રાર્થના કરવી

પડશે, નિત્ય બાઈબલ વાંચન અને બાઈબલ અભ્યાસ કરતાં રહેવું પડશે તતા પાપવૃત્તિ પર વિજય મેળવવા પરમેશ્વરની કૃપાની યાચના કરતાં રહેવું પડશે ! અને જો એ પ્રમાણે નિત્ય કરતાં રહેશો, તો પાપનો એ અપ્રિય પ્રસંગ ભૂતકાળની એક અપ્રિય ઘટના જ બની જશે તથા પ્રભુ ઈસુ તમારા તારનાર બની તમારા જીવન પર રાજ કરશે અને તમારા પર થતા શત્રુ શેતાનના પ્રત્યેક હુમલાથી તમારું રક્ષણ કરશે !

## ૧૪. રાત્રે મોડા સુધી પતિ ઘેર આવતા નથી....

હમણાં હમણાંના મારા પતિ દરરોજ રાત્રે મોડી રાત સુધી ઘેર આવતા નથી. હું તેમને પ્રેમ કરું છું આથી ડાઈવોર્સ લેવા માગતી નથી. હું શું કરું ?

**બહેન, તમે તમારા વ્યવહાર દ્વારા તમારા પતિને જાણવા દો કે તમે તેમને પ્રેમ કરો છો. જ્યારે તે રાત્રે ઘેર આવે. ત્યારે મોં ચઢાવશો નહીં, છણકો કરશો નહીં. જ્યારે તમને લાગે કે પતિ હવે ઘેર આવશે, ત્યારે ઘરને વ્યવસ્થિત કરી નાખો અને વાળ ઓળીને સારાં લાગે એવાં કપડાં પહેરો. તમે હાઈસ્કૂલ કે કોલેજમાં જતાં હતાં ત્યારે સુંદર દેખાવાનો જેવો પ્રયત્ન કરતાં હતાં, એવો પ્રયત્ન કરો. લઘર વઘર કપડાંમાં ફરશો નહીં.**

પતિના મોડા આવવાનું કારણ તમે જાણતાં ના હો, તો તમે ગુસ્સે કર્યા વગર ધીમેકથી પૂછો કે સાંજે ઘેર આવતાં મોડું કેમ થાય છે. જો તેમનું મોડે આવવાનું કારણ માત્ર આનંદ પ્રમોદ હોય, તો તમે પણ તેમને કંપની આપવા તેમની સાથે જાઓ. તમારા આ પગલાંથી તમારા પતિને આડકતરી રીતે ખબર પડશે, કે જો તેમણે પોતાના લગ્નને સલામત રાખવું હોય, તો તેમણે તમને વફાદાર રહેવું પડશે. પરંતુ બહેન, તમે યાદ રાખજો કે પ્રેમ જ બે વ્યક્તિને એકબીજાની સાથે બાંધી રાખે છે, આથી તમારો પ્રેમ જરા પણ ઓછો થાય નહીં.

શું તમે બંને પરમેશ્વરને વિસરી ગયાં છો ? જ્યારે પતિ અને પત્ની પોતાના લગ્નજીવનની નાવનું સુકાન પ્રભુ ઈસુને સોંપે છે, ત્યારે એ નાવ ગમે તેવા ઝંઝાવાતમાં પણ ડૂબતી નથી ! તમે બંને સાથે, બાઈબલ વાંચન અને પ્રાર્થના માટેનો સમય અલગ ફાળવો. હું જાણું છું કે આમ કરવાથી

ડૂબવાની અણિ પર આવેલી લગ્નજીવનની અનેક નૌકાઓ બચી ગઈ છે. અને તમારી નૌકા પણ બચી જશે ! તમે બંને જો પ્રભુ ઈસુને તમારાં જીવનોનું આર્પણ કરી દેશો, તો તે તમારાં જીવનોમાં પ્રેમનો સેતુ બનીને તમને જોડી દેશે, અને દુનિયાની કોઈ તાકાત તમને અલગ પાડી શકશે નહીં !

## ૧૫. એક વિધવા સાથે લગ્ન તો કર્યું, પણ....

હમણાં થોડા વખત પહેલાં મેં એક વિધવા સાથે લગ્ન કર્યું છે, પણ તે મારી આગળ પોતાના સ્વર્ગસ્થ પતિની વાતો કર્યા જ કરે છે, જે મને જરા પણ ગમતું નથી. શું આ લગ્ન કરવાની મેં ભૂલ કરી છે ? કે પછી એતો એમ જ હોય !

જ્યારે કોઇ પુરુષ વિધવા સાથે લગ્ન કરે છે ત્યારે તેને એ સ્ત્રીના પ્રથમ પતિ વિશેની કેટલીક વાતો સાંભળવી પડતી હોય છે. આ એક સ્વાભાવિક બાબત છે, કારણ કે યુવા અવસ્થાનો પ્રેમ એ ઉભરાતી ઊર્મિઓનો પ્રેમ છે. જ્યારે જીવનના મધ્ય ભાગનો પ્રેમ યુવા અવસ્થાના પ્રેમ કરતાં ભિન્ન પ્રકારનો હોય છે. તમારાં પત્નીએ તેમનું પ્રથમ લગ્ન પ્રેમની સરિતાના પૂરમાં ખેંચાઈને કર્યું હશે, જ્યારે વિધવા થયા પછીનું લગ્ન કદાચ બીજા કોઈ કારણોને લીધે કર્યું હશે ! જ્યારે તમારી પત્ની પોતાના ભૂતકાળના લગ્નજીવન વિશે વાત કરે છે ત્યારે તમારે માની લેવાનું નથી કે તે તમારી સાથે લગ્ન કરીને પસ્તાઈ રહી છે. જ્યારે તે પોતાના ભૂતકાળના સંસ્મરણોને તમારી સમક્ષ રજૂ કરે છે, ત્યારે તમારે એમ પણ માનવાનું નથી કે તે તમારી પાસેથી કાંઈક મેળવવાનો સંકેત કરી રહી છે. અને પોતાના જીવનની વાતો કહેવા પાછળ તેનો કોઈ આશય હશે, તો તે તમારી સહાનુભૂતિ અને તમારો પ્રેમ સંપાદન કરવાનો જ હશે ! તમારા તરફથી તેને અપાયેલી નાની સરખી ભેટ પણ તેના હૃદયને આનંદ પહોંચાડશે ! તમારા લગ્ન-જીવનમાં સુખ અને આનંદ ત્યારે જ આવશે, જ્યારે તમને બંનેને પરમેશ્વરની આશિષ મળશે.

## ૧૬. મારા પતિ એક સ્ત્રીના લફરામાં હતા....

મારા પતિ એક સ્ત્રીના લફરામાં ફસાયા હતા, પરંતુ હમણાં પશ્ચાતાપ સાથે તેમણે પ્રભુ ઈસુનો તારનાર તરીકે સ્વીકાર કર્યો છે અને અમે બીજા

શહેરમાં રહેવા આવી ગયાં છીએ. પરંતુ પેલી સ્ત્રી પણ અમારી પાછળ પાછળ અહીં આવી ગઈ છે. હવે હું શું કરું ?

બહેન, તમે એ સ્ત્રીના વિશે મને બીજી કશી માહિતી આપી નથી, આથી હું તમને ખાસ સલાહ આપી શકું તેમ નથી, છતાં તમને પતિ-પત્નીને એક બીજા માટે જે વિશ્વાસ અને પ્રેમ છે, તે માટે તમે બંને અભિનંદનને પાત્ર છો ! તમે બંને જીવનયાત્રામાં કઠિન પરિસ્થિતિમાંથી પસાર થયાં અને તમને બંનેને પરમેશ્વરે સાચી સમજ આપી અને તમારા પ્રત્યે પોતાની કરુણા અને કૃપા દર્શાવી ! હું તમને બંનેને વિનંતી કરું છું કે તમે બંને એક થઈને રહેજો અને ભવિષ્ય માટેનાં આયોજન તમારી એક્તાને વધારે મજબૂત કરે, તેનું ધ્યાન રાખશો. તમારી પાછળ - પાછળ આવેલી પેલી સ્ત્રીથી તમે જરા પણ ડરશો નહીં. જો કે તે સ્ત્રી તમારાં બંનેની વચમાં આવવાના પ્રયત્ન તો કરશે જ, પરંતુ તમારે તેને સાફ-સાફ કહી દેવાનું છે કે ભૂતકાળને ભૂલી જા અને અમારા જીવનમાં હવે તેને કોઈ સ્થાન નથી. આ ઉપરાંત તમારે પતિપત્નીએ પરમેશ્વરને નિત્ય પ્રાર્થના કરતાં રહેવાનું છે કે, પરમેશ્વર એ સ્ત્રીથી તમારું રક્ષણ કરે. પરમેશ્વરની પાસે તમે માગો કે, તે પોતાનું જ્ઞાન અને ડહાપણ તમને આપે કે જેથી તેમની જ ઈચ્છા મુજબનું જીવન તમે જીવી શકો. અને હા, એક બીજી બાબત પણ જણાવી દઉં કે, જો પેલી સ્ત્રી ચાલાક હશે, તો તે તમારી સાથે કે તમારા પતિ સાથે સમાધાન કરવાનો ડોળ કરી તમારા ઘર સાથે પોતાનો સંબંધ ચાલુ રાખવાનો પ્રયાસ કરશે, પણ તમે તેની ચાલમાં ફસાતાં નહીં ! તમારી બંનેની વિકટ પરિસ્થિતિ કેવી ભયંકર છે તે હું સમજી શકું છું, પરંતુ પ્રભુ ઈસુ માટે કોઈ પ્રશ્ન કઠિન નથી અને કોઈ કાર્ય અશક્ય નથી. તેમની આશિષ અને સહાય તમને પ્રાપ્ત થનાર છે, આથી ડરશો નહીં ! તમારા પતિનું જેમ બદલાણ થયું તેવું બદલાણ પેલી સ્ત્રીનું પણ થાય એ માટે પ્રભુને પ્રાર્થના કરશો. એ સ્ત્રીના ઉદ્ધારને માટે પણ પ્રભુ ઈસુએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે !

## ૧૭. મારા પતિ ખ્રિસ્તી નથી....

હું ખ્રિસ્તી છું, પણ મારા પતિ ખ્રિસ્તી નથી. મને લાગે છે કે તે મારી પાસેથી ખોટી અપેક્ષાઓ રાખે છે અને મોટે ભાગે તેમની માગણીઓ સાથે

સંમત થઈ શકાય એવી હોતી નથી. હું તેમનાથી ત્રાસી ગઈ છું ! તેમની સાથેથી છૂટી થઈ જાઉં તે પહેલાં મારે તેમનું કેટલું સહન કરવું ?!!

તમારા પ્રશ્નનો યોગ્ય જવાબ ત્યાં સુધી આપી ન શકાય, જ્યાં સુધી મને ખબર પડે નહીં કે તમારા પતિની એવી તે કઈ માગણીઓ અને અપેક્ષાઓ છે કે જેનો વિરોધ તમે આટલી ઉગ્રતાથી કરી રહ્યાં છો. મારી તો માન્યતા છે કે ખ્રિસ્તીએ તો જીવનના પ્રત્યેક સંજોગોમાં સહનશીલતા અને ધીરજ રાખવી જોઈએ. તમારા પતિની અપેક્ષાઓ અને માગણીઓ જો ખ્રિસ્તી ધર્મની માન્યતાઓ અને ખ્રિસ્તી આચરણનું ખંડન ન કરતી હોય તો તેનો સ્વીકાર કરવામાં કોઈપણ જાતની હાનિ નથી. પણ તમારા અખ્રિસ્તી પતિને પ્રભુ ઈસુ માટે જીતવામાં સહાયક બનશે. જો આપણે આપણા જ અધિકારનો રક્ષા કરવાના પ્રયત્ન કરતાં રહીશું, તો આપણને આપણી ઈચ્છેલી સફળતા હંમેશાં પ્રાપ્ત થશે નહીં. તમારે પતિ સામે બળવો પોકારીને તેમનાથી છૂટું થઈ જવાનું નથી. તમારે તો સાચા ખ્રિસ્તી તરીકેની એવી સુંદર છાપ તમારા અખ્રિસ્તી પતિ પર પાડવાની છે કે જેથી તે તમારું સુંદર આચરણ જોઈને તમારા પરમેશ્વર પ્રભુ ઈસુના શરણમાં આવી, નવું મનુષ્યત્વ પ્રાપ્ત કરે ! પ્રભુ ઈસુ જૂના મનુષ્યને નવીન બનાવી શકે છે. તમે જે મનુષ્યને તમારા પતિ તરીકે સ્વીકાર્યા છે તેમની ખામીઓ અન દૂષણો તેમનાં પોતાનાં નથી, પરંતુ એ તો શેતાન અને તેની પ્રવૃત્તિઓનો તેમના પર પડેલો પ્રભાવ છે. તમે નિત્ય તેમને માટે પ્રાર્થના કરો કરો કે, શેતાનનાં બંધનોથી તે છૂટે અને પ્રભુ ઈસુની શરણાગતિ સ્વીકારે. બાઈબલ કહે છે : જ્યારે કોઈ વ્યક્તિ ખ્રિસ્ત સાથે જોડાય છે, ત્યારે તે નવું સર્જન બની જાય છે (કોરીંથીઓને બીજો પત્ર, ૫:૧૭)

## ૧૮. હું તો માનતો હતો કે મારી પત્ની....

હું તો માનતો હતો કે મારી પત્ની મને વફાદાર છે, પરંતુ ગયા અઠવાડિયે તેના જીવનનું પરિવર્તન થયું અને તેણે જાતે જ મને એક પુરુષ સાથેના તેના વ્યભિચારની વાત કહી તથા મારી માફી માગી ! શું મારે તેની સાથે રહેવું કે પછી તેનો ત્યાગ કરવો ?

ભાઈ, તમારા પ્રશ્ન અંગેનો મારો પ્રત્યુત્તર કદાચ નૈતિક્તા વિશેના મારા ઉદારમતવાદી વલણ વિશે ચર્ચાનો વિષય બનશે. સાચે જ, લગ્ન જીવનનો આધારસ્તંભ લગ્ન કરેલ પતિ-પત્નીની એક બીજા પ્રત્યેની નૈતિક વફાદારી છે. પરંતુ, તમે કહો છો કે, તમારી પત્નીનું નૈતિક પરિવર્તન થયું છે અને જો તે પરિવર્તન પરમેશ્વર દ્વારા થયું હશે તો તે સાચુ પરિવર્તન હશે. પરમેશ્વરના હાથનો સ્પર્શ જ્યારે મનુષ્યના હૃદયને થાય છે, ત્યારે પથ્થરનું હૃદય પણ પીગળી જાય છે, મેલ નીકળી જાય છે અને પરમેશ્વરને પ્રસન્નતા થાય એવાં આકાર-સ્વરૂપ પ્રાપ્ત થાય છે. નિશ્ચે તમારી પત્ની નવું મનુષ્યત્વ પામી છે ! હવે પછી તમને પણ લાગશે કે પહેલાં કરતાં તે ભિન્ન છે. આ સમય તમારા બંને માટે લગ્નજીવનની નવીન શરૂઆત કરવાનો સમય, નવી અને સાચા દિલની પ્રતિજ્ઞાઓ લેવાનો તથા હૃદયના ઉમળકાથી એકબીજાને પ્રેમ કરવાનો સમય છે ! બાઈબલ કહે છે : જ્યારે કોઈ વ્યક્તિ ખ્રિસ્ત સાથે જોડાય છે, ત્યારે તે નવું સર્જન બની જાય છે, જૂનું ચાલ્યું ગયું છે, નવું આવ્યું છે (કરીંથીઓને બીજો પત્ર, ૫:૧૭)

## ૧૯. મારા પતિ લફરાંબાજ છે....

મારા પતિ મને વફાદાર રહ્યા નથી. મને જાણવા મળ્યું છે કે, તે કેટલીક જુવાન છોકરીઓ સાથે રખડે છે. અમારે દશ વર્ષનો એક દીકરો છે. હું શું કરું ? છૂટાછેડા લઈ લઉ ? કશું સમજાતું નથી ! મારી સ્થિતિ ઘણી જ કફોડી છે !

બહેન, કેટલાક પુરુષો લગ્ન પછી પણ પોતાની કામવાસના પર સંયમ રાખી શકતા હોતા નથી અને પોતાની મનોવૃત્તિને સંતોષવાની લાલચમાં આમતેમ ભટકતા રહેતા હોય છે. તેમની આ પ્રવૃત્તિ અને મનોવૃત્તિ નિંદાને પાત્ર છે, કારણ કે આ તેમનું બેજવાબદાર વર્તન ઘણાંને દુ:ખી કરે છે અને પોતે પણ દીવો લઈને કૂવામાં પડે છે !

તમે પત્રમાં લખો છો કે, ''જાણવા મળ્યું છે કે, તે કેટલીક જુવાન છોકરીઓ સાથે રખડે છે.'' બહેન, સ્ત્રીઓ પણ જીવનના એક સમયગાળામાંથી પસાર થતી હોય છે, ત્યારે તેમને પોતાના પતિની વફાદારી

પ્રત્યે શંકા ઉત્પન્ન થતી હોય છે ! સામાન્ય રીતે રજો નિવૃત્તિકાળ (Menopause) ની શરૂઆતમાં અને પછી પણ એક વિચાર સતત તેને મૂંઝવતો રહે છે કે, 'હવે મારો પતિ શું કરશે ? શું હવે તે બીજી સ્ત્રીઓની કંપની શોધશે ?' જીવનના ધ્યાન્તરે પત્નીના ખોટા આક્ષેપને કારણે ઘણાં લગ્ન-જીવન તૂટતાં હોય છે. સૌ પ્રથમ તો તમારે ખાતરી કરવી જોઈએ કે જે આક્ષેપ તમે કરો છો તે સાચો છે કે નહીં. તમારા બંને અને તમારા પુત્ર માટે તમારા જીવનનો આ સમય ઘણો જ આગત્યનો છે, કે જ્યારે તમારે ત્રણ જણાંએ સાથે જ રહેવું જોઈએ. તમને ત્રણેય જણને એકબીજાની ઘણી જ જરૂર છે. પ્રભુ ઈસુને તમારું જીવન સોંપો અને સહાય માટે તેમને વિનંતી કરો. તે તમારા પતિના જીવનનું તથા સઘળા વિપરિત સંજોગોનું પરિવર્તન કરશે.

## ૨૦. મેં લગ્ન તો કર્યાં છે, પણ બીજો પુરુષ મને....

મારા પતિ ઘણા જ સારા અને સજ્જન છે તથા તેમના પ્રત્યે મને ઘણું જ માન છે. પરંતુ તે મારી લાગણીઓને સમજતા હોય એમ મને લાગતું નથી. હું બીજા એક પુરુષના સપર્કમાં આવી છું, જે મારું ખૂબ જ ધ્યાન રાખે છે, મારી લાગણીઓને સમજે છે ! તે મને પ્રેમ કરે છે અને હું તેને ખૂબ જ પ્રેમ કરું છું. મારે મારા પતિથી છૂટું થઈ જવું છે, કારણ કે જેને હું પ્રેમ કરું છું તેને છોડી શકતી નથી. આ વાત હું મારા પતિને કહેવા માગું છું, પરંતુ કેવી રીતે કહું તે મને સમજાતું નથી. મને યોગ્ય માર્ગ બતાવશો.

તમારા પતિને તમારી વાત યોગ્ય રીતે કહેવાનો પ્રશ્ન જ નથી ! તમે જીવનના જે માર્ગ પર ચાલી રહ્યાં છો, તે માર્ગ પોતે જ અયોગ્ય છે !। પ્રશ્ન જો તમે સ્વસ્થ ચિત્તે તમારી જાતને જ પૂછશો, તો તે પણ કહેશે કે, ભટકતી મનોવૃત્તિ છોડીને કોઈ સમજદાર વ્યક્તિની પેઠે તમારે વ્યવહાર કરવો જોઈએ. એક પરિણિત પતિની તુલનામાં અન્ય પુરુષ તમારી લાગણીઓનું વધારે ધ્યાન રાખી શકે એ સ્વાભાવિક છે, કારણ કે તેણે પતિ તરીકેની અન્ય જવાબદારીઓ અદા કરવાની હોતી નથી ! તમે જાતે જ કબૂલ કરો છો કે, તમારા પતિ ઘણા જ સારા અને સજ્જન છે અને તમને તેમના પ્રત્યે માનની લાગણી છે, ત્યારે બીજા પુરુષ તરફ આકર્ષાવાની તમારી વૃતતિ

હાઈસ્કૂલમાં ભણતી કોઈ નાદાન છોકરી જેવી છે. તમે જેના પ્રેમમાં પડ્યાં છો એ વ્યક્તિ શું તમારા પતિ જેવી સજ્જન અને સારી વ્યક્તિ છે, એની તમને ખાતરી છે ?! પુરુષની તુલનામાં સ્ત્રી ભાવના અને કાલ્પનિક જીવનમાં વધારે રાચતી હોય છે ! પરંતુ બહેન, તમને તમારા એ પ્રેમી તરફથી અત્યારે બતાવે છે એવી લાગણી અને પ્રેમ હંમેશા મળતાં રહેશે તેની ખાતરી છે ? મારી તો તમને સલાહ છે કે બાઈબલની સૂચનાઓનો અમલ કરો તથા તમારા પતિની આધીનતામાં જીવન જીવો, અને તમને તમારા પતિ તરફથી તમારી કલ્પના બહારનો પ્રેમ મળશે ! અને બીજું, તમે જે સંબંધ અન્ય પુરુષ સાથે રાખી રહ્યાં છો, તે દેવની દ્રષ્ટિમાં પાપ છે. તમારા એ પાપની ક્ષમા તે પરમેશ્વર પાસે માગો. તારા એ પ્રેમપ્રકરણ પર પડદો પાડી દો ને જુઓ, તમને પરમેશ્વરની સંગતમાં શાંતિ અને તમારા પતિનો કેટલો બધો પ્રેમ મળે છે !

## ૨૧. લગ્ન પહેલાનું પાપ અને તેનો એકરાર....

શું લગ્ન પછી પતિ કે પત્નીએ પોતાના લગ્ન પહેલાં પોતે કરેલાં પાપનો એકરાર એકબીજા આગળ કરવો જરૂરી છે ? અને જો તે જરૂરી હોય તો, જે વ્યક્તિ સાથે વ્યભિચારનું પાપ કર્યું હોય તેના નામનો ઉલ્લેખ કરવો આવશ્યક છે ?

કોઈ પણ લગ્ન પછી પતિ કે પત્નીને તેનો ભૂતકાળ ડરાવતો રહે એ એક ઘણી જ દુઃખદ બાબત છે. આપણા સમયનાં યુવક-યુવતિ સમજવા લાગે કે સુખી લગ્નજીવન માત્ર વર્તમાન પર જ નહીં, ભૂતકાળની ઘટનાઓ પર પણ આધાર રાખે છે : તો કેવું સારું !! જો આ વિષય પર તે વિચાર કરશે, તો મને લાગે છે કે યુવક-યુવતિઓ લગ્ન પહેલાં સ્વચ્છંદી જીવન જીવવાનું પસંદ કરશે નહીં.

લગ્ન પહેલાંનાં પાપની પતિ-પત્નીને જાણ થયાથી ઘણાં લગ્નો તૂટી ગયાં છે તેની મને ખબર છે. આથી પોતાના લગ્ન પહેલાંના પાપ વિશે પતિ-પત્નીએ એકબીજા આગળ એકરાર કરવો એ જરૂરી નથી અને એમ કરવાની સલાહ આપવી તે યોગ્ય પણ નથી. કેટલાંક પતિ-પત્નીઓએ નિખાલસતાપૂર્વક એકબીજાનાં પાપ કહી દીધાં અને શંકાની ડાકણે તેમનાં

જીવનમાં આગ લગાડી ! હકીકતમાં તો પતિ કે પત્નીએ પોતાના ભૂતકાળનાં પાપની કબૂલાત પરમેશ્વર સમક્ષ કરવી જોઈએ અને સાચા પસ્તાવા સહિત ક્ષમા માગી નવી જીવન જીવવાની શરૂઆત કરવી જોઈએ ! આ નવું, સ્વચ્છ જીવન ભૂતકાળના જીવનના રંજને દૂર કરશે અને તેમના જીવનમાં શાંતિ તથા આનંદનો પ્રવેશ થશે. બાઈબલ કહે છે : જો આપણે આપણાં પાપની કબૂલાત પરમેશ્વર આગળ કરીએ, તો તે આપણાં સઘળાં પાપની ક્ષમા આપે છે અને આપણને લાગેલા પાપના બધા જ ડાઘ દૂર કરી શુદ્ધતા (પવિત્રતા) આપે છે.

## ૨૨. ડાઈવોર્સ તો લીધા પણ....

નાની ઉંમરમાં મેં લગ્ન કરી લીધેલાં પણ બે જ વર્ષમાં ડાઈવોર્સ લીધા. બીજા લગ્નથી મારે બે બાળકો છે અને હું સુખી છું. પરંતુ જ્યારે જ્યારે ડાઈવોર્સ અને પુનર્લગ્ન વિશે હું વાંચુ છું કે સાંભળું છું, ત્યારે મારું મન દુ:ખી-દુ:ખી થઈ જાય છે ! શું મારા પ્રથમ પતિથી છૂટી થઈને બીજાં લગ્ન કર્યાં એટલે હું પાપ કરી રહી છું ?

બહેન, જ્યાં સુધી આપણે આપણાં જીવન પ્રભુ ઈસુને સોંપતાં નથી, ત્યાં સુધી આપણે બધાં જ પાપમય જીવન જીવતાં હોઈએ છીએ. અને એ જ કારણને લીધે પરમેશ્વરે મનુષ્ય જાતિ માટે તારણની યોજના કરી કે, જેથી આપણે પાપી મનુષ્યો, નવીન જન્મ પામીને પાપ અને તેની સજાથી મુક્તિ પામી શકીએ ! બહેન, તમે ખોટું કર્યું છે તેનું દુ:ખ તમને સતાવી રહ્યું છે. પતિનો કે પત્નીનો કેવળ વ્યભિચારના કારણ સિવાય ત્યાગ કરવો એ બાઈબલની દ્રષ્ટિએ પાપ છે અને તમે એ પાપ કરી બેઠાં છો, પરંતુ તમને એ બાબતનું દુ:ખ પણ છે, પસ્તાવો થાય છે, આથી પરમેશ્વરે તમારા એ પાપની તમને ક્ષમા આપી છે.

બહેન મારી તો તમને સલાહ છે, કે પરમેશ્વરે તમને તમારા પાપની ક્ષમા આપી છે, માટે તેમનો તમે આભાર માનો અને તમારા ભૂતકાળને ભૂલી, હવે પછીનું જીવન તેમની આધીનતામાં રહી તેમની સેવાને અર્થે જીવવાનો નિર્ધાર કરો. એક ક્રિશ્ચિયન પત્ની અને માતાને શોભે એવું

જીવન જીવો ! જ્યારે પરમેશ્વરે જાતે જ તમારા ભૂતકાળનાં પાપની તમને ક્ષમા આપી છે, ત્યારે એ ભેટનો સહર્ષ સ્વીકાર કરો ને તમારા ભૂતકાળને ભૂલી જાઓ. બાઈબલ કહે છે : સ્વતંત્ર (આઝાદ નહીં) માણસો તરીકે જીવન જીવવા માટે ખ્રિસ્તે આપણને મુક્ત કર્યા છે, આથી સ્વતંત્ર માણસોને શોભતા સ્થાને સ્થિર રહો કે જેથી તમે ગુલામીનાં બંધનમાં ફરીથી ફસાઇ જાઓ નહીં. (ગલાતીઓને પત્ર, ૫:૧).

## ૨૩. મારાં મમ્મી અમારી સાથે રહેવા આવ્યાં છે, પણ....

છેલ્લા છ એક મહિનાથી મારાં વિધવા મમ્મી અમારા કુટુંબ સાથે રહેવા આવ્યાં છે. તે તંદુરસ્ત અને સ્માર્ટ છે. અમને પ્રેમ પણ કરે છે, પરંતુ ધીમે ધીમે તે મારા પર, મારાં ત્રણ બાળકો પર અને મારા પતિ પર પોતાનો અધિકાર જમાવવાના ભારે પ્રયત્ન કરી રહ્યાં છે અને અમારી કૌટુંબિક બાબતોમાં માથાં મારી દખલ ઊભી કરી રહ્યાં છે. અને બધાં ક્રિશ્ચિયન છીએ. આ સંજોગોમાં મારે શું કરવું તેની સલાહ આપશો.

મારી દ્રષ્ટિએ તમારી આ પરિસ્થિતિમાં સૌથી પ્રથમ પગલું તમારે ભરવાનું છે તે એ છે કે, તમારી મમ્મી સાથે તેમના એ વ્યવહાર અંગે નિખાલસતાપૂર્વક તમે વાત કરો. એ વાત કરતાં પહેલાં તમે પરમેશ્વરની સહાય માગો કે, જેથી વાતચિત દરમિયાન કોઈ ગેરસમજ અને કડવાશ પેદા થાય નહીં. તમે તમારાં મમ્મીને સ્પષ્ટ પણે કહીદો કે, તમે તથા તમારા પતિ તમારી પોતાની અક્કલ અને આવડત મુજબ તમારું ઘર ચલાવવા માગો છો, આથી તમારી મમ્મીએ તમારા ઘરમાં (પરિવારમાં) કોઈ પણ જાતની દખલગીરી કરવાની નથી. બહેન, તમે ધ્યાન રાખજો કે, તમારી મમ્મીને લીધે તમારા પતિ અને તમારી વચ્ચે કડવાશ પેદા થાય નહીં.

મને લાગે છે કે, તમારી વાતથી તમારાં મમ્મીને પોતાની ભૂલ સમજાશે અને પોતાનો સ્વભાવ સુધારવાનો પ્રયત્ન કરશે, પરંતુ જો તે તેમનો વ્યવહાર સુધારે નહીં, તો તમારી નજીકના વિસ્તારમાં તે અલગ રહે એવી વ્યવસ્થા કરવી કે જેથી જરૂરના પ્રસંગ તેમની મદદ કરી શકાય. જો તે તમારી આ યોજના સાથે સંમત થાય, તો પણ તે તમારા પરિવારમાં ઝઘડાની પરિસ્થિતિ

પેદા ન કરે તેની સાવધાની રાખજો. તમે આ બધી વ્યવસ્થા કરો, તે પહેલાં તમે તમારા વ્યવહારને પણ તપાસીને ખાતરી કરી લેજો કે, તમારાં મમ્મી તમારા પરિવારમાં જે 'દખલ' કરતાં હતાં તે ખરેખર દખલ હતી કે નહીં ?!! તમારા મમ્મી પ્રત્યેના તમારા પ્રેમને લીધે તમે જે કાંઈ પગલાં ભરો તેમાં તમારા પતિને સાથે રાખજો અને પ્રથમ પરમેશ્વરની સહાય માગી પગલાં ભરજો.

## ૨૪. હું ક્રિશ્ચિયન છું અને મારા પતિ ક્રિશ્ચિયન નથી આથી....

મારા પતિ ક્રિશ્ચિયન નથી. હું તેમને ચર્ચમાં લઈ જવાના પ્રયત્નો કરું છું પણ તે આવતા નથી અને રવિવારે પણ ચર્ચમાં જેવાને બદલે હું તેમની સાથે અન્ય કાર્યોમાં રચીપચી રહું એવો તે આગ્રહ રાખે છે. તેમના એ આગ્રહને હું વશ થતી નથી, ત્યારે તે મને કહે છે, તું ડંખીલી છે. હું ચર્ચમાં નથી આવતો આથી તું મને સહકાર આપતી નથી. મારી ભૂલ હોય તો મને સલાહ આપશો.

તમારી પોતાની માન્યતાને લીધે તમે તમારા પતિને જબરદસ્તીથી ચર્ચમાં ખેંચી જવાનો પ્રયત્ન કરો છો, તે એટલું જ ખોટું છે જેટલું તમારા પતિ તમારી દ્રષ્ટિ મુજબ ખોટું કરી રહ્યા છે. તમારા પતિ રવિવારે તમારી સાથે ચર્ચમાં આવે, એવો આગ્રહ રાખવાને બદલે તમે તમારા ઘરમાં સાચા ખ્રિસ્તી તરીકે ભક્તિભાવપૂર્વક શાંતિથી જીવો, એ વધારે અગત્યનું છે કારણ કે, તમારા એવા વ્યવહારનો તમારા પતિ પર પ્રભાવ પડશે અને કોઈક દિવસ જેને તે કંટાળાજનક માને છે તે રવિવારની ભક્તિસભામાં તમારી સાથે જાતે જ આવતા તૈયાર થશે ! તેમને માટે આગ્રહથી પ્રાર્થના કરતાં રહેજો કે, પ્રભુ ઈસુ તેમના હૃદય સાથે વાત કરે!

બહેન, ઘણી પત્નીઓનો તમારા જેવો જ શુભ આશય હોય છે કે તેમના પતિ પત્નીની સારી વાતનો તરત સ્વીકાર કરી લે. પરંતુ મોટેભાગે એવું બનતું નથી, કારણ કે સામી વ્યક્તિ પણ પોતાનો હઠાગ્રહ છોડતી નથી. અને કોઈ વ્યક્તિને પ્રભુ ઈસુ પાસે લઈ જવાનો, આ સાચો માર્ગ નથી. મારી તો તમને શીખામણ છે કે તમે તમારા પતિ સાથે પ્રેમની વ્યવહાર કરો

અને તમારી જે ધાર્મિક માન્યતાઓ છે તેનું શાંતિથી પાલન કરતાં કરતાં સાચું ખ્રિસ્તી-જીવન જીવો. આ જગતનો એવો એક પણ ડાહ્યો પતિ નથી, જે પોતાની ધર્મપરાયણ અને પ્રેમાળ પત્નીનાં પ્રભાવથી પ્રભાવિત ના થાય અને પોતાનો દુરાગ્રહ છોડી ન દે !

બહેન, તમે ખ્રિસ્તી વ્યક્તિ સાથે લગ્ન નહીં કરવાની જે ભૂલ કરી છે, તેની થોડિ કિંમત તો ચૂકવવી પડેને ! પરંતુ, બાઈબલ કહે છે : જે કોઈ, પ્રભુ ઈસુને પ્રેમ કરે છે, તેને માટે સઘળું હિતકારક નીવડે છે.

## ૨૫. મારા પતિ ક્રિશ્ચિયન નથી અને....

મારા પતિ ક્રિશ્ચિયન નથી, આથી તે મારાં બાળકો સાથેની અમારી કૌટુંબિક પ્રાર્થનામાં ભાગ લેતા નથી અને અમારી એ પ્રાર્થનાનો વિરોધ કરે છે; છતાં મારે એ કૌટુંબિક પ્રાર્થના ચાલુ જ રાખવી છે. જો મારા પતિ તેમાં ભાગ લે નહીં, તો પણ હું ચાલુ રાખી શકું ?

જરૂર. ચાલુ રાખો ! હું દ્રઢપણે માનું છું કે, તમે જો પ્રામાણિક્તા સાથે તમારા કુટુંબમાં પ્રાર્થનાની વેદી સળગતી રાખશો, તો તેની અસર તમારાં બાળકો અને તમારા પતિ પર જરૂર પડશે. મને શ્રદ્ધા છે કે, તમારું સાચું ખ્રિસ્તી-આચરણ જોઈને લાંબા વખત સુધી તમારા પતિ સત્યનો સામનો કરી શકશે નહીં.

ઘણી ધાર્મિક પત્નીઓ, પોતાના પતિ અને બાળકો પ્રભુ ઈસુ પર વિશ્વાસ મૂકીને સાચું ખ્રિસ્તી જીવન જીવે એવો આગ્રહ રાખતી હોય છે, પરંતુ એ આગ્રહ જ્યારે હઠાગ્રહનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે ધાર્યું પરિણામ આવતું નથી. દોષારોપણ કરનાર અને દોષદર્શી (છિદ્રાન્વેશી) પત્ની પોતાના અખ્રિસ્તી પતિને ખ્રિસ્તી બનાવી શકતી નથી.

બહેન, તમારી સામે તો ભારે ચેલેંજ છે. બાઈબલના શિક્ષણ પ્રમાણે તો પતિ પોતાના કુટુંબનો આધ્યાત્મિક આગેવાન છે, લીડર છે. તમારા પતિ પોતાની એ ફરજ અદા કરી શકતા નથી, આથી તમારે એ ફરજ બજાવવાની છે. તમારું આખું કુટુંબ પ્રભુ ઈસુની સંપૂર્ણ આધીનતામાં આવે

ત્યાં સુધી, પ્રભુ પવિત્ર આત્માનું માર્ગદર્શન, દીવ્ય જ્ઞાન અને શાંતિ તમને સતત મળતાં રહે, એવી મારી અંતરની પ્રાર્થના છે.

## ૨૬. મારા પતિ એક સ્ત્રીના.....

મારા પતિ એક સ્ત્રી સાથે આડો સંબંધ રાખે છે અને તેની મને ખબર નથી એમ તે માને છે. પોતાના મિત્રોને તે કહે છે કે, આવી ગુપ્તમૈત્રી (ચોરી છૂપીની મૈત્રી) રાખવી તેમાં કશું ખોટું નથી. નવ વર્ષના અમારા લગ્નજીવન પછી મારા પતિની બેવફાઈ વિશે મારે તેમને જણાવવું જોઈએ કે, તેમનું આ પ્રકારનું વર્તન હવે હું સહન કરી શકીશ નહીં ?

બહેન, તમારા પતિના એવા વર્તનને તમે સાંખી લીધું અને તમે ચૂપ રહ્યાં, આથી તમારા પતિને છૂટોદોર મળી ગયો ! આ તમારી મોટી ભૂલ કહેવાય. તેમના આવા વર્તનનો તમે વિરોધ ન કર્યો એટલે તે કદાચ એમ માને છે કે તમને તમારા પતિની કાંઈ પડી નથી, અથવા તમે મૂર્ખ છો અને તમને ઉલ્લુ બનાવી શકાય છે ! આથી મારી તો તમને સલાહ છે કે આ અંગે તમે તત્કાલ પગલાં ભરો. તમે તેમના એ નારી સાથેના સંબંધ અંગે જાણો છો, એ વાત તેમને શાંતિથી કહો અને ચેતવણી પણ આપો કે તેમના એવા વર્તનને તમે હવે ચલાવી લેવા માગતાં નથી. તમારી આ વાત સાંભળીને તેમને ઝાટકો લાગશે. અત્યાર સુધી તો તમે આંખઆડા કાન કર્યા અને ચાલવા દીધું એટલે બધું શાંતિથી ચાલતું હતું ! પરંતુ હવે પ્રશ્ન ઊભો થયો. અત્યાર સુધી તો તેમને ભાન થયું ન હતું. કે, પરનારી સાથે અઘટિત સંબંધ રાખીને તે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યા છે ! સ્ત્રીને નબળું પાત્ર સમજનાર પતિને જ્યારે પત્ની પોતાનું પાણી બતાવી દે છે, ત્યારે ઘણાં પતિઓની શાન ઠેકાણે આવી જતી હોય છે. મને ઘણા એવા પુરુષોની ખબર છે કે, જેમને પત્નીએ 'આ પાર કે પેલે પાર'ની ચીમકી આપેલી અને રાતોરાત એવા પતિ સીધાદોર થઈ ગયેલા છે ! જ્યારે બે માંથી એક જીવન-સાથી પોતાના સાથી પ્રત્યેની ફરજ નહીં બજાવવાની ભૂલ કરી પરમેશ્વરના કાનૂનને તોડે છે, ત્યારે એ ભૂલની સજા ગૂનેગારને થયા વગર રહેતી નથી.

# પ્રકરણ : ૩

# બાળકોનો ઉછેર

## ૨૭. મારું બાળક પ્રાર્થના કરવાની ના પાડે છે....

કેટલીક વખત અમારો નાનો દીકરો પ્રાર્થના કરતો નથી. તેને પ્રાર્થના બોલવાનું કહીએ છીએ, પણ બોલતો નથી તો અમારે શું કરવું ?

તમારા બાળકને પ્રાર્થના કરવા કે બોલવા માટે દબાણ કરશો નહીં. દરરોજ સાંજે તેના સૂવાના સમય પહેલાં પંદર મિનિટ કે અડધો કલાક તેની સાથે વાંચવામાં કે વાતચીત કરવામાં પસાર કરો. આ સમય દરમિયાન તમારા એ નાના બાળકને પ્રભુ ઈસુનાં ચિત્રો બતાવો અને તેને રસ પડે એવી રીતે બાઈબલની વાર્તાઓ તેને કહો. તેની સાથે પ્રભુ ઈસુ અને પરમેશ્વર વિશે વાત કરો અને તેને કહો કે પરમેશ્વર સૂરજ ને ઉગાડે છે અને વરસાદ મોકલે છે. પરમેશ્વર જ સુંદર ફૂલો અને પતંગિયાં બનાવે છે અને આપણને ખોરાક (તેને ગમતી વાનગી) આપે છે. તમારું બાળક સાંભળે અને સમજે તેવી ભાષામાં તમે શરૂઆતમાં ટૂંકી પ્રાર્થના કરો : જેમાં જુદી-જુદી વસ્તુઓ તમને પરમેશ્વર આપે છે તે માટે તેમનો આભાર માનો. અને ખાસ કરીને તમને જે બાળક કે બાળકો આપ્યાં છે, તેમનાં નામ દઈને પરમેશ્વરનો આભાર માનો તથા તેમને ડાહ્યા બાળકો બનાવવા અને તેમને તંદુરસ્ત રાખવા માટે પરમેશ્વરને વિનંતી કરો. આ પ્રમાણે તમે કેટલાક દિવસ સુધી કરો અને એક દિવસ તમારી પ્રાર્થના પૂરી થાય પછી તમારા એ બાળકને પૂછો : બેટા, તારે ઈસુબાપને કોઈ વસ્તુ માટે થેંક્યુ કહેવું છે ? જો તેને ખબર ન પડે કે શાના માટે 'થેંક્યુ' કહેવું તો તેને ઘણું જ ગમતું નવું રમકડું ઈસુ બાપે તેને આપ્યું, તેની યાદ દેવડાવવી અને તે આભારના જેટલા શબ્દો બોલે તેટલાથી સંતોષ માનવો. તેની સાથે બળજબરી કરવી નહીં.

અને જેમ જેમ તમારું બાળક મોટું થતું જાય તેમ તેમ તેને પોતાની ભૂલ માટે ઈસુબાપને પણ 'સોરી' કહેવું જોઈએ એમ શીખવો તથા પોતે

ભૂલો ન કરે તે માટે અને સારું કરી શકે એ માટે ઈસુબાપની 'મદદ' માગતાં શીખવવું. પરંતુ આ બધું તમારું બાળક કરે તે માટે તમારે પણ ઘણી જ ધીરજ રાખવાની છે, પ્રેમથી તેને શીખવવાનું છે અને તેને શીખવવા તમારે પણ પરમેશ્વરની કૃપા માગતાં રહેવાનું છે.

## ૨૮. બાળકને શિક્ષા કરાય ?....

હું અને મારી પત્ની બાળકોને શિક્ષા કરવા અંગે એકમત થઈ શકતાં નથી. મારું માનવું છે કે બાળકોની સાથે કડક હાથે કામ લેવું જોઈએ અને વખતોવખત થોડો માર પણ પડવો જોઈએ. મારી પત્નીનું માનવું છે કે, બાળકો સાથે હંમેશા સમજદારીપૂર્વક અને પ્રેમપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. અમારા બેમાં કોણ સાચું છે ?

તમે બંને અર્ધા સાચાં છો અને અર્ધાં ખોટાં છો ! બાળકોને પ્રેમ અને શિક્ષા, બંનેની જરૂર છે. પ્રેમ વિનાની કડક શિક્ષા બાળકને સમારી ન શકાય એવું નુકસાન કરે છે. પરંતુ આંધળો પ્રેમ પણ બાળકનો ભારે અનર્થ કરે છે.

બાળક બાળકમાં પણ ફેર હોય છે. મારું એક બાળક છે, જેને ક્યારેક જ કાંઈ કહેવું પડે છે. અને જો તેને જરા ઊંચે અવાજે બોલીએ તો પણ તે ધ્રુજી ઊઠે છે ! જ્યારે મારા એક બીજા બાળકને શિક્ષા કરવી જ પડે છે. જો તેને ધીમે રહીને સમજાવવાનો પ્રયત્ન કરીએ કે ઊંચે અવાજે બોલીએ, તેની કાંઈ જ અસર તેના પર થાય નહીં. તેને જરા મારની જરૂર પડે છે ! મને લાગે છે કે, બાળકો આવી ભિન્ન-ભિન્ન પ્રકૃતિનાં હોય છે, આથી તેમને કેળવવા માટેનો એક જ નિયમ બનાવી શકાય નહીં. બાઈબલ આપણને શીખવે છે કે, જ્યારે જરૂર પડે ત્યારે બાળકને શિક્ષા કરવી જોઈએ. પરંતુ બાઈબલ સાથે સાથે એવું પણ સૂચન કરે છે કે, શિક્ષા અને પ્રેમ સાથે જ રહેવાં જોઈએ. અર્થાત્ બાળક માટેની એ શિક્ષા પ્રેમના દ્રાવણમાં બોળેલી હોવી જોઈએ ! બાઈબલ કહે છે : દેવ જેને પ્રેમ કરે છે, તેને શિક્ષા કરે છે, જેમ એક પિતા પોતાના વ્હાલા પુત્રને શિક્ષા કરે છે તેમ !

યોગ્ય પ્રકારની શિક્ષાનો અભાવ, બાળક પ્રત્યેના માતા-પિતાના

પ્રેમના અભાવની ચાડી ખાય છે. માતા-પિતાને માટે બાળકને ફાવે તેમ કરવા દેવું એ સહેલું છે, પણ બાળકને શિક્ષા કરીને રડાવવું એ અઘરું છે, કારણ કે બાળકને રડાવીને માતા કે પિતાનું હૃદય પણ રડવા લાગે છે !

બાળકને સુધારવા માટે શિક્ષા કરતાં ઉત્તમ નમૂનો વધારે કામ કરે છે. બાળકો પર શિક્ષા કે ભાષણોની ખાસ અસર થતી નથી, જેટલી અસર પોતાના ઘરનાં લોકોના વ્યવહારથી થતી હોય છે. માતા-પિતા જો સાચું ખ્રિસ્તી જીવન જીવતાં હશે, તો તેની સારી અસર બાળકો પર પડ્યા વિના રહેશે નહીં.

## ૨૯. બાળકોને સન્ડેસ્કૂલમાં....

મારી પત્ની અને હું અમારાં બાળકો માટે વિચારીએ છીએ કે, જ્યાં સુધી તે જાતે જ સન્ડેસ્કૂલ અને ચર્ચમાં જવાનું ઈચ્છે નહીં, ત્યાં સુધી તેમને જવા માટે આગ્રહ કરવો નહીં. અમે બંને માનીએ છીએ કે તેમને જાતે જ, પોતાના માટે નિર્ણયો લેવાની આદત પાડવા માટે અન્ય અસરોથી મુક્ત રહેવા દેવાં જોઈએ.

તમારા વિચારો પ્રમાણે તો તેમને શાળામાં મોકલવાથી પણ તેમની સ્વતંત્રતા ઝૂંટવાઈ જવાની છે અને તેમના વ્યક્તિત્વ ઉપર પણ પ્રભાવ પડવાનો છે, આથી તમારાં બાળકો જ્યાં સુધી તેમની જાતે જ શાળામાં જવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરે નહીં, ત્યાં સુધી તેમને ઘરે જ રાખવાં પડશે ! શું તમને ખ્યાલ નથી આવતો કે યોગ્ય પ્રકારના નિર્ણયો લેવા માટે સારી તથા ખોટી બંને પ્રકારની માહિતીની જરૂર પડે છે ! એક સારી સન્ડેસ્કૂલનો મુખ્ય આશય બાળકો તથા જુવાનોને ક્રિશ્ચિયાનિટી (ખ્રિસ્તી પણાના)ના પાયાના સત્યની ઝાંખી કરાવવાનો હોય છે. પ્રત્યેક માતાપિતાની એક પ્રાથમિક અને અગત્યની ફરજ છે કે, તેમનાં બાળકોને ઉત્તમ પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા કરવી. આપણે આપણાં જુવાનોને નાગરિકશાસ્ત્ર અને રાજ્ય બંધારણના પાઠ એટલા માટે શિખવાડીએ છીએ કે જ્યારે તે પોતાનો મત આપવાની ઉંમરનાં થાય, ત્યારે તે પોતાની ફરજ યોગ્ય રીતે અદા કરી શકે. તમે તમારાં બાળકો ખ્રિસ્તીપણાના સારા પાઠ

ભણી શકે અને ત્યારબાદ જે ઉત્તમ છે તેની પસંદગી કરી શકે એવી વ્યવસ્થા કરવા માટે શાને આનાકાની કરો છો ! યાદ રાખજો, એક દિવસ તમારે પરમેશ્વર સમક્ષ ઊભા રહીને જવાબ આપવો પડશે કે, તમે તમારાં બાળકોને યોગ્ય પ્રકારનું ધાર્મિક-શિક્ષણ શા માટે આપ્યું નહીં ? અને તે વખતે દેવના દરબારમાં જવાબ આપવો ભારે થઈ પડશે ! આપણે મા-બાપ યાદ રાખીએ કે, આપણે આપણાં બાળકોનાં માર્ગદર્શક છીએ, માલિક નહીં ! પરંતુ પ્રભુ ઈસુ તો આપણા માલિક અને માર્ગદર્શક, બંને છે !!! કૃપા કરીને તમારાં બાળકોનાં જીવનો સાથે તમારી મોજ ખાતર, ખોટી રમતો રમવાનું છોડી દો !!

## ૩૦. અમારો દીકરો કાબૂમાં નથી....

અમારો ચૌદ વર્ષનો દીકરો ઉછાંછણો તથા સ્વચ્છંદી બની ગયો છે અને અમારા કહ્યામાં રહ્યો નથી. અમે તેને ઘણું સમજાવ્યો કે તેના એવા બેજવાબદાર અને શરમજનક વ્યવહારને લીધે અમને કેટલું દુઃખ થાય છે ! અમે તેને પ્રેમથી સમજાવ્યો, પણ પથ્થર પર પાણી ! અમને તેની ઘણી જ ચિંતા થાય છે ! તેને સુધારવાનો કોઈ માર્ગ બતાવશો ?

તમારી ચિંતા અને લાગણીને હું સમજુ છું, પરંતુ તમે તેને ઉછેરવામાં જે ભૂલ કરી છે તેને તો પરમેશ્વર સિવાય બીજું કોઈ હવે સુધારી શકે તેમ નથી ! બાળક જ્યારે બાર-તેર વર્ષનું થાય, ત્યારે સામાન્ય રીતે કોઈને તે ગણકારતું નથી અને કોઈના અધિકારનો સ્વીકાર કરતું નથી. આ પાઠ તો તેને પારણામાં હોય ત્યારથી જ શીખવવા પડે છે ! સંતાન જ્યારે નાનું હોય, ત્યારે તેને તેની જ ઈચ્છા પ્રમાણે કરવા દેવામાં દયા કે પ્રેમ પ્રગટ થતાં નથી. જરૂર પડે ત્યારે તેના ભલા માટે કડવું ઔષધ પણ પીવડાવવું પડતું હોય છે ! જો તેને તેની જ ઈચ્છા પ્રમાણે બધું કરવા દેવામાં આવે, તો તે સ્વચ્છંદી બની જશે અને તેનાં માઠાં ફળ તેણે ભોગવવાં પડશે અને માતા-પિતાએ રડવું પડશે !

તમારો પ્રશ્ન વિકટ છે, આથી તેનો ઉકેલ માત્ર પરમેશ્વરની કૃપાથી જ આવી શકશે એવું મારું માનવું છે. સૌ પ્રથમ, તમે પતિ-પત્ની બંને તમારાં

જીવન પ્રભુ ઈસુને સોંપો. તમારા સર્વ અપરાધોની ક્ષમા માગો અને પછી તમારા પુત્ર અંગેની તમારી ચિંતાઓ અને મૂંઝવણો પ્રભુ ઈસુના ચરણોમાં મૂકી તમારા પુત્રનું જીવન બદલવા અને તમારી ચિંતાઓ દૂર કરવા માટે તેમને વિનંતી કરો. મને ખાતરી છે કે, પ્રભુ ઈસુને માટે કોઈ પ્રશ્ન મોટો નથી. તે તમારા પુત્રના હૃદયને સ્પર્શ કરશે અને તમારો પુત્ર નવો બની જશે ! તમારો પુત્ર તમારી લાગણી અને પ્રેમની કદર કરશે તથા એક સારા નાગરિક તરીકે જીવન જીવશે.

## ૩૧. મંડળીમાં હું 'વડીલ'છું પણ મારો દીકરો....

ક્રિશ્ચિયન સમાજમાં એક 'વડીલ' તરીકે મારી સારી નામના છે. મારે પાંચ સંતાન છે, જેમાંના ચાર તો ખ્રિસ્તી શિક્ષણમાં ઉછરેલાં નમૂનારૂપ સંતાનો છે, પરંતુ સૌથી નાનો દીકરો ચોરીઓ કરતો થઈ ગયો છે અને મને તથા મારા કુટુંબને લાંછનરૂપ થયો છે. મારાં ચાર સંતાનોનું અનુકરણ કરી તે સાચું ખ્રિસ્તી-જીવન શા માટે જીવતો નહીં હોય ! મારી તો આબરૂના ધજાગરા ઉડી રહ્યા છે !!!

ભાઈ, મને લાગે છે કે, તમને સૌથી વધારે દુઃખ તમારી આબરૂ ગઈ છે, તેનું થઈ રહ્યું છે, તમારા નાના દીકરાની જિંદગી વેડફાઈ રહી છે તેનું નહીં ! સાચે તો તમારે તમારા દીકરા માટે દુઃખી થવાનું હોય. તમારાં પ્રથમ ચાર સંતાનોના ઉમદા ચારિત્રને લીધે તમે જે ગર્વ અનુભવતા હતા, તેના પરિણામ સ્વરૂપ કદાચ તમારો નાનો દીકરો કુછંદે ચઢી ગયો હોય !

આપણે મા-બાપ આપણાં બાળકોનાં ટ્રસ્ટીઓ છીએ અને આથી જ આપણને આપણાં બાળકોના આધ્યાત્મિક જીવનની ચિંતા રહ્યા કરે છે. બાઈબલ કહે છે : ''કારણ કે હું તેને જાણું છું કે તે પોતાના દીકરાઓને તથા પોતાના પછી થનાર પોતાના પરિવારને એવી આજ્ઞા આપશે કે, તેઓ પરમેશ્વરના માર્ગમાં ચાલે અને જે યોગ્ય તથા ન્યાયયુક્ત છે, તે કરે'' (ઉત્પત્તિ ૧૮:૧૯)

ભાઈ, તમારા પરિવારમાં નાના દીકરાની બાબતે જે કાં બન્યું તે અંગે મને બે કારણ જણાય છે. એક, કદાચ તમે તમારા નાના દીકરા વિશે

જરા બેપરવાહ રહ્યા હશો, એમ ધારીને કે તમારાં અન્ય સંતાન જે માર્ગે ચાલ્યાં તે માર્ગે આ દીકરો પણ ચાલશે. અને બીજું કારણ, કદાચ તમે તમારાં ચાર મોટાં સંતાનોનાં વખાણ કરતા રહ્યા હો અને આ દીકરા સાથે તેમની તુલના કરતા રહ્યા હો, આથી નાના દીકરાનું સ્વમાન ઘવાયું હોય અને વૈર લેવાની અજ્ઞાત ભાવનાથી ચોરીના કુછંદે ચઢી ગયો હોય ! તમે તથા તમારા કુટુંબીજનો હજુ પણ તેને પ્રેમ કરો છો એવી લાગણી તેના મનમાં ઉત્પન્ન થવા દો. તેના જીવનમાં પ્રભુ કામ કરે એવી નિત્ય પ્રાર્થના કરતાં રહો અને તમારી તથા તમારા પરિવારની આબરૂને મહત્ત્વની ન ગણી, નાશમાં જતા તમારા નાના દીકરાના જીવનને બચાવી લેવાના બધા જ પ્રયત્ન કરો.

## ૩૨. અમારો દીકરો નઠારો પાક્યો....

પોતાનાં સંતાનોના ચારિત્ર્ય માટે મા-બાપની કેટલી જવાબદારી ? અમારો દીકરો નઠારો પાક્યો, આથી તેની ઘણી ચિંતા રહે છે.

ધાર્મિક બાબતને એક બાજુએ રાખીને વિચાર કરીએ તો પણ, પરિવાર એ સમાજનું એક મહત્ત્વનું અંગ છે. જો બધાં જ પરિવાર ખ્રિસ્તી પરિવાર હોય તો ઘણું જ સારું, પણ આપણને ખબર છે કે એવું નથી ! બાઈબલની અવગણના કરીને કોઈપણ પરિવાર યોગ્ય પ્રકારનો પ્રભાવ પાડી શકતું નથી. બાઈબલ અધિકાર અને શિક્ષાની વાત કરે છે. બાળકને પોતાના પરિવારમાં આ બંને બાબતો ધ્યાનમાં રાખીને ઉછેરવામાં આવતું નથી, ત્યારે મોટું થઈને તે સમાજમાં પ્રવેશ કરે છે, ત્યારે સમાજ તથા સરકારના નિયમો તેને આકરા લાગે છે અને તે બંડખોર બનીને ગુના આચરે છે. જો કે આમાં કેટલાંક બાળકો અપવાદરૂપ હોય છે, છતાં મોટે ભાગે પોતાના કુટુંબમાં મળેલી કેળવણી પ્રમાણે મોટું થઈને વ્યવહાર કરતું હોય છે. પ્રબોધક એલીએ પોતાના દીકરાઓને યહોવા કરતાં વધારે માન આપ્યું અને યહોવા દેવે એલી સાથે કરેલો કરાર રદબાતલ કરી દીધો !(૧ શમૂએલ ૨:૨૯-૩૦). માતા-પિતાએ પોતાનાં સંતાનો માટે જે સહુથી અગતયનું કરવાનું છે તે એ કે, તેમણે પોતાનાં પરિવારોમાં પ્રભુ ઈસુને પ્રથમ મહત્ત્વ આપવાનું છે, અને તેમની આધિનતામાં કુટુંબનાં બાળકોને ઉછેરવાનાં છે.

બાળકોના ચારિત્ર્યનું ઘડતર કરવાની પ્રમુખ જવાબદારી માતા-પિતાની છે.

## ૩૩. પત્નીની નોકરી અને બગડેલાં છોકરાં....

મારી પત્ની દિવસે અને હું રાત્રે નોકરી કરું છું. અમારું ઘર ઘર જેવું રહ્યું નથી, છોકરાં કહ્યામાં રહ્યાં નથી એને કૌટુંબિક પ્રેમ જેવું રહ્યું નથી ! હવે શું કરીએ ?!!

તમે જે સ્થિતિનું વર્ણન કર્યું છે, તેમાં કોઈ પણ કુટુંબ કૌટુંબિક ભાવના ગુમાવી બેસે એ સ્વાભાવિક છે. કુટુંબમાં સૌથી અગત્યની બાબત : એકબીજા પ્રત્યેનો પ્રેમ અને સહાનુભૂતિની ભાવના છે. તમારી જેમ પત્ની અને પતિ રાત-દિવસની નોકરી કરતાં હોય એ ઘરમાં પતિ-પત્નીને સાથે રહેવાનો કેટલો સમય મળે ? દિવસે પત્ની નોકરી જાય ત્યારે રાત્રે કામ કરીને થાકેલો પતિ દિવસે ઊંઘે અને બાળકો મનગમતું કરતાં રહે ! પતિ-પત્ની ભ્રમમાં રહે કે દિવસે બાળકો સચવાય છે, પણ જ્યારે ધડાકો થાય, ત્યારે બંનેની આંખ ઉઘડે અને પછી એકબીજાને દોષ દેતાં, લમણે હાથ દઈને રડવા બેસે.

'ઘર' એ ચાર દીવાલોની વચ્ચે મૂકેલું ફરનીચર નથી. 'ઘર'માં રહેલ પ્રેમ અને લાગણી જ એકબીજાને સાથે બાંધી રાખે છે, એક બીજાને હૂંફ આપે છે. અને સુઘડ વાતાવરણમાં જ એકબીજાના ચારિત્ર્યનો વિકાસ થાય છે. સુંદર વસ્ત્રો કે રમકડાંના ઢગલા, માતા-પિતાના પ્રેમનો પર્યાય બની શકે નહીં !

મારી તો સલાહ છે કે, તમારી પત્નીની નોકરી છોડાવી દો અને તમે રાતને બદલે દિવસની નોકરી શોધી લો. જો કે તમારા કુટુંબની આવક ઘટશે, પણ તમારા કુટુંબમાં પ્રેમ અને લાગણી વધશે. તમારા ઘરમાં પહેલાં આવતી હતી એવી મોંઘી વસ્તુઓ આવતી બંધ થશે અથવા ઘટશે, પરંતુ તેની જગ્યાએ તમારા કુટુંબમાં સલામતી અને શાંતિ પ્રવેશ કરશે. પરંતુ સહુથી અગત્યની બાબત કે, તમે તમારા ઘરને ખ્રિસ્તનું ઘર બનાવો. નિત્ય કૌટુંબિક પ્રાર્થના કરો અને બાઈબલ વાંચન કરો. તમારાં બાળકોનો જે પ્રશ્ન તમને મૂંઝવી રહ્યો છે, તે પ્રભુ ઈસુને જણાવો અને તેના ઉકેલ માટે

તેમની સહાય માગો. બાળકોના ચારિત્ર્યના ઘડતરની જવાબદારી માતા-પિતાની છે. ધનના ઢગલા પર બેઠેલાં માતા-પિતા પણ પોતાનાં બગડેલાં સંતાનો માટે રડતાં હોય છે ! ધન કે વૈભવ, તેમને સુખ નથી આપી શકતાં !

# પ્રકરણ : ૪

# સંતાનોની તરુણ અવસ્થાના પ્રશ્નો

## ૩૪. પ્રાર્થનામાં ચિત્ત ચોંટતું નથી....

અમારું આખું કુટુંબ અને કુટુંબના બધા મિત્રો ખ્રિસ્તી છે. તે બધાં મને બાઈબલ વાંચવા તથા બાઈબલના સિદ્ધાન્તો અનુસાર ક્રિશ્ચિયન જીવન જીવવાની વારંવાર સલાહ આપતાં રહે છે, પરંતુ સાચું કહું તો, મને બાઈબલ વાંચવાનો કંટાળો આવે છે અને જ્યારે પ્રાર્થના કરવાના પ્રયત્નો કરુ છું, ત્યારે દુનિયાભરના, જાત જાતના વિચારો આવે છે અને પ્રાર્થના કરવામાં. ચિત્ત ચોંટતું નથી. હું શું કરું ?

ભાઈ, તમે જે મુશ્કેલીનો ઉલ્લેખ કર્યો છે તે મુશ્કેલી તમારા એકલાની નથી, પરંતુ ખ્રિસ્તી કુટુંબમાં ઉછરતાં ઘણાં બધાં તરુણોને આ પ્રશ્ન સતાવતો હોય છે. તરુણઅવસ્થા જાતે જ એક એવી અવસ્થા છે કે યુવાનીને ઉંબરે ઊભેલી વ્યક્તિને સામાજિક, રાજનીતિક અને ધાર્મિક ક્ષેત્રોના સ્થાપિત સિદ્ધાન્તો પ્રત્યે તેને અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે, આથી તેનું મન-બળવાખોર બને છે. ભાઈ, તમે તમારી ઉંમરના પ્રભાવ હેઠળ છો, આથી તમને તમારી રીતે જીવન જીવવાની તમન્ના છે અને જેને તમારું જીવન સમજો છો, તેમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપને સહન કરવા તૈયાર નથી.

અને એક બીજા વાત. લોકોને દેવની વાણી સાંભળતા રોકવાં, એ શેતાનની યુગોપુરાણી ચાલબાજી છે. શેતાનને ખબર છે કે, દેવનાં વચનોમાં અગાધ શક્તિ છે, આથી બાઈબલના સંબંધથી લોકોને દૂર રાખીને જ પોતાની ઈચ્છા મુજબ લોકોનો ઉપયોગ કરી શકાય ! આનો્ર્થ એ થયો કે ભાઈ, તમે શેતાન સાથેના આત્મિક સંઘર્ષમાં સપડાયા છો !

જો તમે તમારી જાતને પરિપક્વ સમજતા હો, તો એક ક્ષણ માટે સ્વસ્થ ચિત્તે વિચાર કરો. તમને તરત જ ભાન થશે કે તમારાં માતા-પિતા,

કુટુંબીજનો અને પરિવારનાં મિત્રો બાઈબલ વાંચવાની અને સાચું ખ્રિસ્તીજીવન જીવવાની જે ભલામણ કરે છે, તે તમારાં હિત માટેની છે. તેમની એ સલાહ સામે બળવાખોર બનશો નહીં. પ્રભુ ઈસુને તમારા જીવનમાં કામ કરવાની તક આપો. તરુણાવસ્તા અને યુવાનીમાં મનુષ્યે ઘણા પ્રશ્નો તથા પ્રલોભનોનો સામનો કરવાનો હોય છે, આથી જ જ્ઞાની રાજા સુલેમાન લખે છે : ''તારી યુવાવસ્થાના દિવસોમાં તારા સર્જનહારનું સ્મરણ કર'' (સભાશિક્ષક ૧૨:૧).

## ૩૫. હું કોલેજના પ્રથમ વર્ષમાં છું અને....

હું કોલેજના પ્રથમ વર્ષમાં છું અને મારાથી આગળ ભણતા એક યુવકના પ્રેમમાં પડી છું. એ કોલેજીયન મારી સાથે લગ્ન કરવા માગે છે, પરંતુ હજુ સુધી તેણે પોતાના મન સાથે નક્કી કર્યું નથી કે ભણી રહીને તે શું બનવા માગે છે. શું આવા યુવક સાથે લગ્ન કરવા માટે મારે અત્યારે મારા અભ્યાસનો ત્યાગ કરવો ઉચિત છે ? અત્યારે મારી ઉંમર ૧૮ વર્ષની છે.

લગ્ન પછીના અનિશ્ચિત ભાવિની સામે તમે તમારા અભ્યાસનો ભોગ આપતો વિચાર કરી રહ્યાં છો ત્યારે મને લાગે છે કે તમે જીવનનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા માટે હજુ પરિપક્વ થયાં નથી. અને તમે કહો છો તેમ, એ યુવક તમારી સાથે લગ્ન કરવા તો તૈયાર છે, પરંતુ પોતાના ભવિષ્ય અંગેની યોજના બનાવી શક્યો નથી. આ બાબતોને ધ્યાનમાં રાખી મારી તો તમને સલાહ છે કે, એ યુવક સાથે લગ્ન કરવાની ઉતાવળ કરશો નહીં. ઉતાવળ નહીં કરવાથી બે પ્રકારના લાભ છે. એક તો એ કે, સમય તમને બતાવશે કે તમે બંને લગ્ન કરવા તો તૈયાર થયાં છો, પણ તેમાં તમારો બંનેનો સાચો પ્રેમ છે કે, પછી બીજું કાંઈ ! અને બીજો લાભ એ કે, એ સમય દરમિયાન આજે છો તેના કરતાં તમે વધારે પરિપક્વ થયાં હશો, કે જેથી તમે બંને તારા ભાવિજીવનની યોજનાઓ વધારે સારી રીતે કરી શકશો ! અને સૌથી અગત્યની વાત કે, ખ્રિસ્તી મનુષ્યને પરમેશ્વરે તેમનું માર્ગદર્શન માગવાનો તથા માર્ગદર્શન મેળવવાનો અધિકાર આપેલો છે, જેનો તમે બંને ઉપયોગ કરજો. તમે બંને પ્રભુ ઈસુ ને તમારાં જીવનોના માલિક અને તારનાર બનવા દેશો તો, મને ખાતરી છે કે તમારું ભવિષ્ય

તમારા કરતાં તેમના હાથમાં વધારે સલામત રહેશે !

### ૩૬. મારે કોલેજમાં નથી ભણવું પણ....

મને સુથારી ધંધાનો ઘણો જ શોખ છે. મારી પાસે એ ધંધાના ઘણાં ઓજારો છે. મારાં મા-બાપ મને કોલેજમાં મોકલવા માગે છે, પણ મારે કોલેજમાં નથી જવું. મને લાકડાં સાથે કામ કરવામાં મઝા આવે છે.

ભાઈ, તમારા પ્રશ્ન પરથી મને લાગે છે કે તમે હાઈસ્કૂલના બારમા ધોરણમાં છો, અને અત્યારે તમને તમારા ભવિષ્યના જીવન અંગે નિર્ણય લેવાની ચિંતા થઈ રહી છે. પરંતુ અત્યારે તમારા ભાવિજીવન વિશે બુદ્ધિપૂર્વકનો નિર્ણય લેવા માટેની યોગ્યતાનો અભાવ હોઈ શકે છે. તમારે તમારાં માતા-પિતાની ઈચ્છાને માન આપવા તૈયાર રહેવું જોઈએ અને સાથે-સાથે તમારા વિચાર અંગે તમારા આચાર્યશ્રીની તથા જેમને તમે આદરણીય ગણતા હો એવા કેટલાક શિક્ષકોની પણ સલાહ લો અને ત્યાર પછી નિર્ણય કરો. જો તમને માનસિક કરતાં શારીરિક શ્રમ કરવાનું વધારે ગમતું હોય અને વાંચવાનો કંટાળો આવતો હોય, તો તમારે માટે સુથાર બનવું સારું છે. જો કોઈ કારીગર પોતાના વ્યવસાયમાં નિપુણતા પ્રાપ્ત કરે અને સુંદર કલાકૃતિઓનું સર્જન કરે તો દુનિયા તેને માનની દ્રષ્ટિથી જોતી હોય છે તથા કલાકારને પોતાને, પોતાના શ્રેષ્ઠ સર્જન માટે આત્મ સંતોષ થતો હોય છે. ભાઈ, જો તમે ખ્રિસ્તી હો, તો પ્રભુ ઈસુને તમારા પ્રશ્ન અંગે માર્ગદર્શન આપવા વિનંતી કરો અને તે તમને માર્ગદર્શન આપશે જ. પરંતુ જો તમે ખ્રિસ્તી ન હો, તો તમે તમારું જીવન પ્રભુ ઈસુને સોંપો, એવી હું ભલામણ કરું છું. જ્યાં સુધી પ્રભુ ઈસુને જીવનની સોંપણી કરવામાં ન આવે, ત્યાં સુધી ચિન્તાઓ અને પ્રશ્નોના ભારથી જીવન દબાયેલું જ રહે છે.

### ૩૭. 'ક્લાસ' મેળવવા પરીક્ષામાં ચોરીઓ થાય છે....

હું હાઈસ્કૂલનો વિદ્યાર્થી છું. મારા ક્લાસનાં ઘણાં વિદ્યાર્થી 'ક્લાસ'મેળવવા માટે પરીક્ષામાં ચોરી કરે છે. આ વાતની અમારા શિક્ષકોને પણ ખબર છે અને તે આંખઆડા કાન કરે છે. હું ખ્રિસ્તી છું, શું મારાથી

પરીક્ષામાં ચોરી કરાય ?

ના. એક જાગૃત ખ્રિસ્તીને અનૈતિક્તા સામે હંમેશા સંઘર્ષ કરવો પડતો હોય છે ! જ્યારે પોતાના વર્તુળનાં બધાં જ માણસો અનૈતિક આચરણ કરતાં હોય અને તેને સ્વાભાવિક ગણી લેવાતું હોય, ત્યારે ખોટાને ખરું માની લેવાની વૃત્તિ થાય એ સાહજિક છે. પરંતુ એક ખ્રિસ્તીની ખરી કસોટી આવા વિપરિત વાતાવરણમાં જ થતી હોય છે ! ખોટું છે તે જાણવા છતાં, તે કરીને જો લાભ થતો હોય, તો પણ એ બાબતમાં મનુષ્યે પોતાના અંતરઆત્મા સાથે સમાધાન કરવું પડે છે અને તેને શાંતિ મળતી નથી.

તમે કહો છો કે ''બધા જ ચોરી કરે છે.'' પરંતુ સ્કૂલ અને સ્ટોરોમાં એવાં કેટલાંય ખ્રિસ્તી સ્ત્રી-પુરુષો છે, જે પરમેશ્વરનો ડર રાખીને પ્રામાણિક્તાપૂર્વક કામ કરે છે એની તમને ખબર નથી. દુર્ભાગ્યે તમે એવાં અત્યંત પ્રામાણિક લોકોના સંપર્કમાં આવયા નથી ! તમારા ક્લાસનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોના ખોટા ઉદાહરણથી, તેમના તરફ ખેંચાઈ જશો નહીં, પરંતુ એ લોકોને માટે ખ્રિસ્ત ઈસુની આધાનતામાં જીવતાં-જીવતાં એક આદર્શ જીવનનો નમૂનો બનો ! સૌ પ્રથમ તમે પરમેશ્વરનો પ્રેમ પ્રાપ્ત કરો, એટલે ઉત્તમ આશીર્વાદોની વર્ષા તમારા જીવનને આનંદથી ભીંજવી દેશે !

## ૩૮. મારે લગ્ન કરવાં છે, પણ મા-બાપ હમણાં....

મારી ઉંમર અઢાર વર્ષની છે અને હું એક વ્યક્તિના પ્રેમમાં છું, આથી મારે તેની સાથે લગ્ન કરવાં છે. પરંતુ મારાં માતા-પિતા કહે છે : હમણાં નહીં, ભણી રહે પછી ! મારું તો માનવું છે કે જ્ઞાન કરતાં પ્રેમ શ્રેષ્ઠ છે. તમે શું માનો છો ?

પ્રેમને ઉંમરનો બાધ હોતો નથી ! હું માનું છું કે તમે, જરૂર પ્રેમમાં છો ! બાઈબલ પણ પ્રેમને સર્વમાં શ્રેષ્ઠ ગણે છે ! પરંતુ શારીરિક આકર્ષણ અને ભૌતિક જરૂરિયાતનું જેમાં મિશ્રણ હોય છે, એ પ્રેમની વાત બાઈબલ નથી કરતું. એતો જેમાં સ્વાર્થનો છાંટોય ના હોય, અને કેવળ સામી વ્યક્તિનું હિત જોવાતું હોય, એવી લાગણીનો પ્રેમ કે પ્રીતિ કહે છે (જુઓ, કોરિંથીઓને પ્રથમ પત્ર, ૧૩: ૧થી ૭ અને ૧૩).

તમારા માતા-પતા તમને ભણી રહ્યા સુધી લગ્ન કરવાની ના પાડે છે તેમાં મને પણ તથ્ય દેખાય છે. મારું માનવું છે કે આ પ્રશ્ન અંગે પ્રાર્થનાપૂર્વક પરમેશ્વરનું માર્ગદર્શન માગો : કારણ કે તમારા લગ્ન અંગેના નિર્ણયનો પ્રભાવ તમારા ભાવિજીવન પર પડવાનો જ છે. જે યુવક-યુવતિ ભણતરને મહત્ત્વ આપતાં નથી, તે પોતાની કમાવાની શક્તિને નિર્બળ બનાવી દે છે. કેટલાંક યુવક-યુવતિ કહેતાં હોય છે કે પ્રેમને આશ્રયે અમે તો જીવી લઈશું : અમને બીજા કશાની જરૂર નથી ! પરંતુ ભૂખ લાગે ત્યારે પ્રેમથી ધરાયાનો, કે ઠંડી લાગે ત્યારે પ્રેમને પહેરીને ઠંડીથી બચ્યાનો, કે તરસ લાગે ત્યારે પ્રેમથી તરસ મટ્યાનો એક પણ દાખલો હજુ સુધી મને સાંપડ્યો નથી !

તમે પ્રેમ કરતાં કરતાં ભણી શકો છો અને ભણતાં-ભણતાં પ્રેમ કરી શકો છો ! ઉલટાનો તમારો પ્રેમ તમારી વૃત્તિઓને ભટકતાં અટકાવશે ! અને શક્ય છે, કે પ્રેમની ઉત્કટતાના પરિણામે તમે મહાન કવિ કે સંગીતકાર, કલાકાર બની જાવ !

## ૩૯. હું ગુંડો બની ગયો છું, પણ મારે....

મેં જાતે જ મારા ભવિષ્યને આગ લગાડી છે ! હું કોલેજમાં ભણું છું અને ગુંડા ટોળકીમાં ભળીને બદમાશ બની ગયો છું. મેં ન કરવાનું બધું જ કર્યું છે અને મને ખબર છે કે મૃત્યુ પછી હું નરકમાં જ જવાનો છું ! મારાં મમ્મી ખ્રિસ્તી મહિલા હતાં અને તેમનો સ્વર્ગવાસ થયો છે. મારા પિતા પોતાના ધંધાને કારણે મોટેભાગે બહાર રહેતા હોય છે. મને હવે મારા આ પ્રકારના જીવન પર નફરત આવી ગઈ છે. હું શેતાનની સાંકળોથી બંધાઇ ગયો છું અને આવી અધમ અવસ્થામાં મરવાનું મને ગમતું નથી ! હું શું કરું ?

ભાઈ, તમે તમારી જાતને પાપી ગણો છો અને તમે કરેલાં પાપનો તમને પસ્તાવો થાય છે તથા તમારી જાતને શેતાનનાં બંધનોથી મુક્ત કરવા માટે કોઈની સહાયની જરૂર છે, એવી જે લાગણી વ્યક્તિ કરી છે, તે એક ઘણી જ સારી બાબત છે. પ્રભુ ઈસુ તમને તમારી વર્તમાન પરિસ્થિતિમાંથી બહાર કાઢી નવું જીવન આપવા તમારા હૃદયદ્વારને ખટખટાવી રહ્યા છે ! હવે તમારે માત્ર વિશ્વાસ સહિત તેમને તમારા દિલમાં પ્રવેશ કરવા દેવાનો

છે ! પ્રભુ ઈસુ પાપીઓને પણ પ્રેમ કરે છે ને પાપીઓના ઉધ્ધારને અર્થે જ તેમણે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે !

તમારે તો આટલું જ કરવાનું છે : હમણાં જ કોઈ શાંત જગ્યાએ જઈને ઘૂંટણ ટેકવી પ્રભુ ઈસુને તમારી બધી જ મુસીબતો જણાવો. અત્યાર સુધી તમે જે જે ખોટું કર્યું છે, તે બધું જ તેમને કહી દો. તેમને જણાવો કે તમે ખોટું કરવા માગતાં નથી પણ ખોટું છોડીય શકતા નથી અને તેનું તમને દુ:ખ છે. તેમને તમારા સઘળાં અપરાધોની ક્ષમા આપવા અને તમારા હૃદયમાં આવી કાયમનો નિવાસ કરવા આગ્રહપૂર્વક આજીજી કરો. અને ત્યારબાદ તેમનો તમારા માલિક અને ઉધ્ધારક બનવા બદલ આભાર માનો. હવે તમે ચાહો ત્યારે પ્રભુ ઈસુ સાથે, દિવસે કે રાત્રે વાત કરી શકો છો ! પરંતુ, શેતાન તમને એટલી સહેલાઈથી છોડી દેશે નહીં ! તે તમારી આગળ પાપ કરવાની લાલચ મૂકતો જ રહેશે. પરંતુ, પ્રભુ ઈસુની સહાય માગવાની છે. પ્રભુ ઈસુ તમારું રક્ષણ કરશે, કારણ કે તે એકલા જ સર્વશક્તિમાન દેવ છે. હવે પછી જ્યાં તમે જાવ કે જે તમે કરો, પ્રભુ ઈસુને તમારી સાથે લઈ જજો. બાઈબલ મેળવી લો અને 'નવાકરાર'માંથી પ્રભુ ઈસુના શિષ્ય 'યોહાનની લખેલી સુવાર્તા' વાંચો. શરૂઆતમાં તમને કદાચ કશું ન પણ સમજાય, કે કંટાળો પણ આવે, છતાં વાંચવાનું ચાલુ રાખો. એક વખત પૂરી થયા પછી એ 'સુવાર્તા'ફરીથી વાંચો. ત્રીજી વખત વાંચો, એમ વારંવાર વાંચતા રહો અને તે સમજાય એટલા માટે પ્રભુ ઈસુને વિનંતિ કરતા રહો. પછી બાઈબલના 'જૂના કરાર'માંથી 'નીતિવચન'નામના પુસ્તકને શરૂ કરો. દરરોજ એક અધ્યાય (પ્રકરણ) વાંચવાનો નિયમ કરો અને આ પ્રવૃત્તિ કેટલાક મહિના સુધી ચાલુ રાખો. જો તમે, મેં કહ્યું તે બધું કરશો, તો હું વચન આપું છું, કે તમારા હૃદયમાં આનંદના હિલોળા ઉઠશે અને તમે અવર્ણનીય શાંતિનો અનુભવ કરશો.

નોંધ : ભાઈ જો તમારું પૂરું સરનામું હોત, તો તમને વ્યક્તિગત પત્ર લખવાની પણ મારી ઈચ્છા હતી !

## ૪૦. મારાં માતા-પિતા સંકુચિત વિચારનાં છે....

હું હાયર સેકન્ડરીમાં ભણું છું. મારા વર્ગમાં એક છોકરો ઘણો જ લોકપ્રિય છે. તે ખરાબ છોકરો નથી. એ છોકરા સાથે ઘણી વખત હું ફરું છું, એ મારાં માતા-પિતાને પસંદ નથી અને તેની સાથે ફરવાની મને મનાઈ કરે છે. મારે એ છોકરા સાથે લગ્ન કરવાં નથી, પણ જરા મોઝ ખાતર ફરું છું. મને લાગે છે, કે મારાં મા-બાપ સંકુચિત માનસ ધરાવે છે અને એ છોકરો અમારા ધર્મનો નથી, આથી તેની સાથે ફરતાં મને રોકે છે. તેમની ઈચ્છા વિરુદ્ધ હું તે છોકરા સાથે સંબંધ રાખું ?

બહેન, આજના જમાનાના ધોરણે તમારાં મા-બાપ તમને સંકુચિત દેખાતાં હોય, પણ તેમણે ઘણી દીવાળીઓ જોઈ છે અને તમારી જેમ, ગમે તેની સાથે સંબંધ બાંધી દુ:ખી થયેલાં લોકોની માહિતી તમારા કરતાં તેમની પાસે વધારે હશે. શરૂઆતમાં નિર્દોષ જણાતી રમત કે 'ફન' થોડા જ સમયમાં આફત બની જતી હોય છે, કારણ કે મનુષ્યની લાગણીઓ એટલી તો પ્રબળ હોય છે, કે સૂર્યપ્રકાશમાં પણ મનુષ્યને અંધારાં આવી જતાં હોય છે અને તેની સારા-નરસાની પાર કરવાની શક્તિ પાંગળી બની જતી હોય છે !

તમે કહો છો તેમ તમારાં માતા-પિતા કદાચ સંકુચિત માનસનાં હોય, પરંતુ તમારાં શત્રુ તો નથી જ ! તેઓ જે કાંઈ કહે છે, કે વિચારે છે તેમાં, તમારા હિતને આગળ રાખે છે, એ વાત સાથે તો તમે સહમત થશો જ. બહેન, તમારાં માતા-પતા તમને પ્રેમ કરે છે અને તમને સુખી જોવા ઈચ્છે છે, આથી તેમની સામે બળવો પોકારશો નહીં ! જ્યારે પરમેશ્વરે પોતાનાં સંતાનોને 'દશ આજ્ઞા' આપી તેમાં એક આજ્ઞા એ પણ આપી છે કે, ''તારાં માતા-પિતાને માન આપ.''

## ૪૧. એ છોકરો સારા ખ્રિસ્તી પરિવારમાં ઉછર્યો છે પણ....

એક વીસેક વર્ષનો યુવક સુસંસ્કારી છે, ડાહ્યો છે, ખ્રિસ્તી પરિવારમાં ઉછર્યો છે, પરંતુ તે કહે છે કે તે સ્વર્ગ-નરકમાં માનતો નથી અને 'બાઈબલ'તેને મન પરિકથા સિવાય બીજું કાંઈ નથી. આવા છોકરાને કેવી

રીતે સુધારી શકાય ?!!

તમારે આશ્ચર્ય પામવાની કે ચિંતા કરવાની જરૂર નથી. મનુષ્ય જ્યારે યુવાનીમાં પ્રવેશ કરે છે, ત્યારે પહેલાં શીખેલી ઘણી બાબતો વિશે તેના મનમાં પ્રશ્નો ઊભા થતા હોય છે અને એ શીખેલી કે જોયેલી બાબતો વિશે જાતે જ સ્વતંત્ર રીતે નિર્ણયો લેવાનો પ્રયત્ન કરતો હોય છે. આમાં અન્યધર્મી મિત્રવર્તુળ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. અન્યધર્મી મિત્રોની ધર્મ વિશેની માન્યતાઓ, પોતે બાળપણથી શીખેલી માન્યતાઓ સાથે ટકરાય છે અને તેમાંથી નાસ્તિક્તાના તણખા ઝરે છે ! બાઈબલ કહે છે કે ''મનુષ્યનું હૃદય ઘણું જ કપટી છે.'' આદમ અને હવાનાં સંતાન જન્મથી જ પાપના રોગનાં જીવાણું લઈને અવતરે છે, આથી તેનું હૃદય પણ રોગિષ્ઠ હોય છે. અને એ રોગગ્રસ્ત હૃદય જૂઠનો સત્ય તરીકે સ્વીકાર કરી લેતું હોય છે !

કેટલીક વખત યુવક જેને આદરણીય ગણતો હોય, તેવી આદરણીય વ્યક્તિની વિચારસરણીના પ્રભાવ હેઠળ આવીને પણ પહેલાં કરતાં ભિન્ન રીતે વિચાર કરતો થાય છે. કોઈએ કહ્યું છે કે, ''અણસમજને લીધે મનુષ્ય ઈશ્વરથી દૂર થઈ જાય છે, પરતુ જ્યારે સમજનો પૂર્ણ વિકાસ થાય છે, ત્યારે તે ઈશ્વરની સમીપ પાછો આવે છે.''

સમૃદ્ધિ ખ્રિસ્તી જીવન જીવતા કેટલાક ખ્રિસ્તી મહાનુભાવો વિશે મને માહિતી છે, કે તેમના જીવનમાં પણ એક વખત બાઈબલની સત્યતા અને પ્રભુ ઈસુના દેવપુત્ર હોવા વિશે તથા પરમેશ્વરના અસ્તિત્વ અંગે શંકાઓ ઉત્પન્ન થયેલી ! પરંતુ તેઓ, સત્યની શોધ કરવા માટે ખંતથી પરિશ્રમ કરતાં રહ્યા અને છેવટે શંકાઓના અંધકારમાંથી બહાર નીકળી સત્યના પ્રકાશમાં આવ્યા ! તેમને બાઈબલનું કથન, ''કેવળ મૂર્ખ મનુષ્ય જ કહી શકે છે, કે ઈશ્વરનું અસ્તિત્વ નથી.'' - એ સમજાયું !

કોઈને આપણે માર્ગદર્શન આપી શકી પણ સુધારી ન શકીએ, કારણ કે સુધારવાનું કામ પરમેશ્વર સિવાય કોઈથી ન થઈ શકે ! તમે એ યુવક માટે પ્રાર્થના કરજો. તેને સમજાવવાના પ્રયત્ન કરજો, પરંતુ તેની સાથે દલીલબાજુમાં ઉતરશો નહીં. તેની સાથેનો તમારો વ્યવહાર જ તેને ઘણું બધું સમજાવી દેશે !

## ૪૨. મારો પ્રેમી ગુંડા ટોળકીનો સભ્ય હતો, આથી....

હું જેની સાથે લગ્ન કરવાનું વિચારતી હતી, તે છોકરો ગુંડાઓનો સાથીદાર નીકળ્યો, આથી મેં તેની સાથેનો સંબંધ તોડી નાખ્યો ! શું મેં આ ઠીક કર્યું ?!!

બહેન, તમે આત્માના અવાજની અવગણના ન કરી અને સંબંધ તોડી નાખ્યો એ જાણી મને આનંદ થયો ! આત્માના ઝીણા, મધુરા અવાજને સાંભળવાની શક્તિ પરમેશ્વરે નારીને વિશેષ ભેટના રૂપમાં આપેલી છે ! જો પ્રત્યેક નારી પોતાની લાગણીઓના પૂરમાં તણાવાને બદલે આત્માના અવાજને સાંભળી તેના માર્ગદર્શન નીચે જીવે તો કેટલું સારું !

પોતાના જીવનને બરબાદ કરવાને બદલે, જીવનના હાનિકારક સંબંધો તોડવા હિતકારક છે. છાપામાં સામાચાર હતા, કે ન્યૂયોર્ક શહેરની એક ગુંડાટોળકી સાથે કેટલીક છોકરીઓને સંબંધ હતો. એ ટોળકીના ગુંડાઓએ પોતાના કેટલાંક હરિફોનાં ખૂન કર્યા, જેમાં પેલી છોકરીઓની મદદ લેવામાં આવેલી. આખી વાત બહાર આવી ગઈ અને એ છોકરી હવે મોટી મુશ્કેલીમાં આવી પડી છે ! એ છોકરીઓ તમારી પેઠે પોતાના અંતર આત્માના અવાજને સાંભળી તમારા જેવો વ્યવહાર કર્યો હોત તો કેવું સારું !!!

લગ્ન કરી સુખી જીવન જીવી શકાય એવો કેટલાંય યુવકો હોય છે ! સારા છોકરાઓની કાંઈ ખોટ નથી ! કદાચ થોડી રાહ જોવી પડે તો રાહ જોવી. ઉતાવળે આંબા પાકતા નથી ! મારું માનવું છે, કે લગ્ન પહેલાં જેનો ડર લાગતો હોય, એવા છોકરા સાથે તો કદી પ્રેમ સંબંધ બાંધવો જ નહીં અને જો પ્રેમ કરવાની ભૂલ થઈ જાય, તો તેમાંથી શક્ય તેટલું ઉતાવળે બહાર નીકળી જવું. જો કોઈ છોકરાની મનોવૃત્તિ, હું કાંઈક છું, 'દાદો'છું, - એવું બતાવવાની હોય તો તેનાથી દૂર ભાગવું. માનસશાસ્ત્રીઓનું માનવું છે કે જે મનુષ્ય લઘુતાનીગ્રંથીથી પીડાતો હોય છે તે, સામી વ્યક્તિ પર પોતાનો પ્રભાવ પાડવા માટે બણગાં ફૂંકતો હોય છે અને દેખાડવા માટે જ ચપ્પાં લઈને ફરતો હોય છે !

ગુંડા બનવા કરતાં સંત બનવા માટે વધારે હિંમતની જરૂર પડે છે.

(ગુંડા બનવું સહેલું છે, પણ ગાંધી બનવું અઘરું છે). બહેન, તારી હિંમતને માટે ફરીથી અભિનંદન ! જો બધી જ જુવાન છોકરીઓ તમારા જેવી હિંમતવાન બની જાય, તો 'ટોળકી'ના બળ પર રોફ મારી ખાનાર છોકરાઓની શાન, ક્ષણમાં જ ઠેકાણે આવી જાય !!

## ૪૩. એક છોકરી મારી પાછળ પડી છે....

હું હાઈસ્કૂલમાં ભણું છું અને મારા ક્લાસની એક છોકરી મારી પાછળ પડી છે ! મેં મારાં માબાપને વાત કરી ત્યારે તેઓ કહે છે : તું ખ્રિસ્તી છે એટલે તારે તેની સાથે ખ્રિસ્તીને રીતે, માયાળુપણે વર્તન કરવું જોઈએ. પરંતુ જ્યારે હું તેની સાથે સારી રીતે બોલું છું, ત્યારે તે મને વળગી જ પડે છે ! એક ખ્રિસ્તી તરીકે મારે શું કરવું, તે મને જણાવશો.

તમને મિત્ર બનાવવાનો પ્રયત્ન કરનાર જે છોકરીની તમે વાત કરી છે તેનામાં તમારા લખાણ ઉપરથી મને લાગે છે કે અસ્વાભાવિક યૌન-વિકૃતિનાં કેટલાં લક્ષણો છે, આથી જો તે છોકરીને વધારે પ્રોત્સાહન આપવામાં આવે, તો તે તમારે માટે ભયજનક સાબિત થાય તેમ છે. જ્યારે કોઈ વ્યક્તિના રોગ વિશે આપણને ખબર હોય, ત્યારે આપણે એ રોગથી બચવા માટે સાવચેત રહી શકી અને તેને એ રોગથી સાજા થવામાં સહાય પણ કરી શકીએ.

ઘણા ખ્રિસ્તીઓની એક ભૂલ ભરેલી માન્યતા હોય છે, કે જો કોઈને પ્રભુ ઈસુ પાસે લાવવી હોય, તો તે વ્યક્તિ સાથે એકરૂપ બની જવું જોઈએ ! પરંતુ આ એક ખોટી માન્યતા છે. આપણે તો 'મીઠું' છીએ ! આપણે 'બેસ્વાદ' બનવાનું નથી ! આપણે ખ્રિસ્તીઓ તો 'પ્રકાશ' છીએ ! આપણા 'દીવા'ને 'દીપિકા' (દીવી) પર મૂકવાના છે 'વાસણ'નીચે ઢાંકવાના નથી.

ભાઈ, તમારે એ છોકરી સાથે વ્યવહાર રાખવામાં ઘણી કાળજીથી વર્તન કરવાનું છે. તમારે ખ્રિસ્તી માન્યતાઓ અને ખ્રિસ્તી આચરણને વળગી રહેવાનું છે તથા તે છોકરીના પ્રભાવ નીચે આવ્યા સિવાય તેને જીતવાની છે. પરંતુ યાદ રાખજો, કે તેને તમારે માટે નહીં, પરંતુ પ્રભુ ઈસુને માટે જીતવાની છે ! અને એ વિજય પ્રભુ ઈસુ જ હાંસલ કરી શકે છે, તમારો શસ્ત્ર

તરીકે ઉપયોગ કરીને ! બાઈબલ કહે છે : '' ....જે જ્ઞાની છે તે (બીજા) આત્માઓને બચાવે છે'' (નીતિવચન : ૧૧:૩૦)

## ૪૪. મેં એક ભયંકર પાપ કર્યું છે....

મારી ઉંમર માત્ર પંદર વર્ષની છે અને મેં એક પરણેલા પુરુષ સાથે વ્યભિચાર કર્યો છે. મારે જાણવું છે કે, એ પાપને લીધે મારે નરકમાં જવું પડશે ? અને જો હું એ પાપનો પસ્તાવો ન કરું તો પરમેશ્વર મને એ પાપની ક્ષમા આપી શકે ?

બાઈબલ સ્પષ્ટ જણાવે છે કે, પાપની ક્ષમા મેળવવા માટે અંતઃકરણના સાચા પશ્ચાતાપની જરૂર પડે છે. બહેન, તમે ગંભીર ગણાય એવું પાપ કર્યું છે, કારણ કે મનુષ્ય જીવનના પવિત્રમાં પવિત્ર ગણાતા સંબંધમાં ગેરકાયદે પ્રવેશ કર્યો છે !

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં વ્યભિચારની ભયંકરતાનો ઘણી જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મૂસાના નિયમ પ્રમાણે વ્યભિચારની સજા મોત હતી (પુનર્નિયમ, ૨૨:૨૨-૨૪ અને લેવીય, ૨૦: ૧૦ થી ૨૨). પ્રભુ ઈસુ પણ વ્યભિચારની પરિભાષા આપતાં વ્યભિચારની ભયંકરતાનો ઉલ્લેખ કરે છે કે '' વ્યભિચાર ન કર, એમ કહેલું હતું, એ તમે સાંભળ્યું છે, પણ હું તમને કહું છું કે સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં જ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે અને જો તારી જમણી આંખ તેને પાપ કરવા પ્રેરે તો તેને કાઢી નાખીને તારી પાસેથી ફેંકી દે ! તારા શરીરના એક અંગને ગુમાવવું તે સમગ્ર શરીરને નરકમાં નાખી દેવા કરતાં સારું છે.'' (માથ્થી, ૫: ૨૭થી૨૯). છતાં પરમેશ્વરને કશું જ અશક્ય નથી. ભયંકરમાં ભયંકર પાપની પણ તે ક્ષમા આપી શકે છે. વાંચો, યોહાનની લખેલી સુવાર્તા, આઠમો અધ્યાય્ ને કલમો ત્રણથી અગિયાર. અહીં એક વ્યભિચારના પાપમાં પકડાયેલી નારીને અપાયેલી ક્ષમાની કહાની છે. ફરીથી હું તમને યાદ દેવડાવવા કહું છું કે, પસ્તાવા વિના પાપની ક્ષમા મળતી નથી અને આ પસ્તાવો માત્ર દિલગીરી નથી ! દિલગીરી સાથે એવો અપરાધ, પાપ ફરીથી હું નહીં કરું, એવી ખાતરી આપવાની ઈચ્છા સમાયેલી છે. બહેન, તમે આ

પ્રકારની ભાવનાથી પરમેશ્વરની ક્ષમા માગો અને તેમને વિનંતી કરો કે, તેમને પસંદ પડે એવું જીવન જીવવા માટેની કૃપા તમને આપે.

## ૪૫. મારે ચર્ચમાં જવું છે, પણ....

મારાં માતા-પિતા ક્રિશ્ચિયન નથી, પરંતુ મને ખ્રિસ્તમાં અને ખ્રિસ્તી ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે, આથી કોઈ કોઈ વખત બહાનું કાઢીને ચોરી છૂપીથી ચર્ચમાં જાઉં છું, કારણ કે મારાં માતા પિતા મને ચર્ચમાં જવાની મનાઈ કરે છે. પરંતુ ચર્ચમાંથી આવું છું, ત્યારે માતા-પિતાને છેતર્યાં, તેનો અફસોસ થાય છે. હું શું કરું, જે રીતે હું જાઉં છું, તે રીત ચાલુ રાખું ?

ના. ખ્રિસ્તી યુવક તરીકે તમારે માતા પિતાની આજ્ઞામાં રહેવાનું છે. સીધી રીતે તક મળે ત્યારે ચર્ચમાં જઈને 'સંદેશો' સાંભળો અને રેડિયો પર આવતા 'સંદેશા' સાંભળો તથા બાઈબલ વાંચો. ચર્ચમાં જતાં તમને રોકીને તમારાં માતાપિતા તમારું અને તેમનું અહિત કરી રહ્યાં છે, પરંતુ તેમને માટે પ્રાર્થના કરો, કારણ કે, બાઈબલ કહે છે તેમ, ''આ દુનિયાના દેવે તેઓના મન અંધકારમાં રાખેલાં હોવાથી તેઓ (સાચી વાતનો) વિશ્વાસ કરી શકતાં નથી. ખ્રિસ્ત, જે ઈશ્વરની સાચી પ્રતિમા છે, તેમના ગૌરવનો પ્રકાશ શુભસંદેશની મારફતે આવે છે. એ પ્રકાશ નાશમાં જઈ રહેલાંઓ જુએ નહીં, માટે એ દુષ્ટ (શેતાન) તેમને દૂર રાખે છે'' (કરિંથીઓને બીજો પત્ર, ૪:૩-૪)

સામાન્ય રીતે માતા-પિતા બાળકોને જીવનનો સાચો માર્ગ બતાવતાં હોય છે. પરંતુ કેટલી વખત માર્ગ ભૂલેલાં માબાપને તેમનાં બાળકો પણ પ્રભુ ઈસુ પાસે જવામાં માર્ગદર્શક બનતાં હોય છે. આથી ભાઈ, તમે દુઃખી થશો નહીં અને તમારાં માતા-પિતા પર ગુસ્સે થશો નહીં. તેમને પ્રેમ કરજો અને ખ્રિસ્તના સાચા બાળક તરીકેનો તેમની સાથે વ્યવહાર કરજો. તમારી પ્રાર્થના અને સાચો ખ્રિસ્તી વ્યવહાર એક દિવસ તેમને પણ પ્રભુ ઈસુના ચરણોમાં લાવશે ! આપણા પ્રભુને કશું અશક્ય નથી, કારણ કે તે એકલા જ સર્વશક્તિમાન છે !

# પ્રકરણ : ૫

# દરેક મા-બાપે જાણવા જેવું

## ૪૬. પતિ-પત્ની બંનેની નોકરી અને....

અમે પતિ-પત્ની બંને, નોકરી કરીએ છીએ. અમારો ૧૬ વર્ષનો દીકરો અમારા કહ્યામાં રહ્યો નથી અને અમને ડર છે, કે તે અમારા માટે સમસ્યાઓ ઊભી કરશે. તેને સુધારી શકે એવી કોઈ સંસ્થા હોય તો, કૃપા કરી અમને જાણ કરશો, કે જેથી અમે તેને એ સંસ્થામાં મૂકીએ !

૧૬ વર્ષના છોકરાને સુધારી શકે એવી ઘર સિવાયની બીજી એક પણ સંસ્થા નથી. આજના સમયમાં આપણાં ખમીરવંતા કેટલાય યુવક-યુવતીઓ, મા-બાપની બેદરકારી (અવગણના)નો ભોગ બની રહ્યાં છે ! એ જુવાનોને પોતાના ઘરમાં પ્રેમ અને સલામતી મેળવવાની ઝંખના છે ! તેમને પ્રૌઢતાપૂર્વક પોતાની જવાબદારી ઉપાડી શકાય તે માટે, વ્યવસ્થિત શિસ્ત હેઠળ ચાલતા ઘરની અને તેમાં મળતા શિક્ષણની જરૂર છે. તમારે અત્યારે છે, તેના કરતાં ઓછી આવકમાં ઘર ચલાવી તમારા જુવાન દીકરાને માટે વધારે સમય ઘરમાં જ આપવાની જરૂર છે. ઘરમાં મળેલું શિક્ષણ જ તેને સન્માનપૂર્વક જીવન જીવવાનું ભાથું પુરું પાડશે. એ જાતનું શિક્ષણ-ભાથું. તેને બીજે ક્યાંયથી મળશે નહીં. તેને ઘરમાં જ ચારિત્ર્યના પાઠ શીખવો. જીવનનાં મૂલ્યોની માહિતી પરી પાડો અને તમે તમારા ચારિત્ર્ય દ્વારા પરમેશ્વરનો માર્ગ તેને બતાવી આપો, કે જેથી તે આડે અવળે માર્ગે ભટકી ન જાય ! તમારા પુત્રની સમસ્યાઓને સમજી તેનો સમજદારીપૂર્વક ઉકેલ લાવવાના પ્રામાણિક પ્રયત્નો કરો. અને હંમેશાં યાદ રાખજો, કે પ્રેમનો, બીજો કોઈ પર્યાય નથી !

## ૪૭. અન્યધર્મી સાથે મારી દીકરીને લગ્ન કરવાં છે, પણ...

મારી દીકરી એક અન્યધર્મી છોકરા સાથે લગ્ન કરવા તૈયાર થઈ

છે, જે મને ગમતું નથી ! પરંતુ એ લગ્ન રોકવા માટે હું શું કરું તેની મને સમજણ પડતી નથી ! પવિત્રશાસ્ત્ર બાઈબલ જ્યાં એવાં લગ્નોનો વિરોધ કરે છે, એ વાક્યો તેને બતાવું ?

બહેન, તમને નથી લાગતું કે તમે આ બાબતમાં ઘણાં જ મોડાં પડ્યાં છો ?!! મારું તો માનવું છે, કે અત્યારે એ લગ્ન રોકવા માટે તમે જે કાંઈ કરશો, તે ખોટી દખલગીરી ગણાશે અને તમારું ધાર્યું પરિણામ આવશે નહીં. દીકરી કે દીકરો, પરણવાની ઉંમરનાં થાય, તે પહેલાં જ તેમને લગ્ન અંગેનો ખ્રિસ્તી દ્રષ્ટિકોણ બતાવવો જોઈએ કે જેથી લગ્ન કરતાં પહેલાં જીવન-સાથીની પસંદગી કરતી વખતે ખ્રિસ્તી દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખી પસંદગી કરે !

બાઈબલ આપણને શીખવે છે કે, ''વૃદ્ધ પુરુષોને સમજાવ કે તેઓ સંયમી, ગંભીર અને ઠરેલ બને તથા વિશ્વાસ, પ્રેમ અને સહનશક્તિમાં સમૃદ્ધ થાય. તેવી જ રીતે વૃદ્ધ સ્ત્રીઓને સમજાવ કે તેઓ પવિત્ર જીવન જીવે અને નીંદાખોર કે દારૂની વ્યસની ન બને, પરંતુ જે સારું છે તે જ શીખવે, કે યુવાન સ્ત્રીઓ પોતાના પતિ અને બાળકોને પ્રેમ કરનારી, આત્મસંયમી, શુદ્ધ પતિને આધીન રહેનારી, માયાળુ તથા ઉદ્યમી નારી બને, કે જેથી ઈશ્વરનાં શિક્ષણની નીંદા થાય નહીં.''(તીતસ, ૨: ૩થી૫).

બહેન, જ્યારે તમારી દીકરી મોટી થઈ રહી હતી ત્યારે જ, આ બધી બાબતોનું શિક્ષણ તમે આપ્યું હોત, તો આજે જે સમસ્યા તમારી સમક્ષ ઊભી થઈ છે, તે ન થઈ હોત ! જીવમાં એવી કેટલીક ઘટનાઓ બનતી હોય છે, જેને આપણાથી મિથ્યા કરી શકાતી નથી, પરંતુ પરમેશ્વરને સર્વ શક્ય છે ! મારી તમને સલાહ છે, કે તમારી દીકરી સાથે પ્રેમથી વાત કરો અને તેને સમજાવો, તેની સાથે પ્રાર્થના કરો અને તમારી ચિંતાઓનો બોજ પરમેશ્વરના ચરણોમાં મૂકો ! તે પરિસ્થિતિને બદલી શકે છે !

## ૪૮. હું વિધુર છું, અને....

હું એક ક્રિશ્ચિયન વિધુર છું. મારે પંદર અને સોળ વર્ષની બે દીકરીઓ

છે. હું મારી મંડળીમાં સક્રિય સેવા આપું છું અને ખ્રિસ્તીઓએ જગતથી અલગ રહેવું જોઈએ એ સિદ્ધાંતમાં માનું છું. મારી બંને દીકરીઓ આમ તો ડાહી છે, પરંતુ ક્યારેક ક્યારેક મારું માનતી નથી, આથી મને મૂંઝવણ થાય છે ! મારે શું કરવું જોઈએ ?!!

ભાઈ, તમે જગતથી અલગ થયા છો, કે પછી જેને પ્રભુ ઈસુ પસંદ ન કરે એવા પવિત્ર અભિપ્રાયના બંધનમાં ફસાયા છો ? ભાઈ, તમે ગંભીરતાપૂર્વક વિચારજો, કે જેને તમે 'દુનિયાથી અલગ થવું'માનો છો, તે સાચે જ ક્રિશ્ચિયન માન્યતા છે, કે બીજું કાંઈ ? આપણું ધ્યાન ખેંચે એવા કેટલાય ખ્રિસ્તીઓ છે, જેમણે દુનિયાથી અલગ થવા માટે પોતાની ચારે બાજુ મજબૂત કિલ્લેબંધી કરી દીધી છે, કે જેથી જો કોઈ અખ્રિસ્તી તેમાં પ્રવેશ કરવા ચાહે તો પણ પ્રવેશી શકે નહીં !!! યાદ રાખો કે તરુણ અવસ્થા અને યુવાનીમાં મનુષ્યનાં સંતાન, જીવનના જોમથી તરવરતાં હોય છે. તેમને જીવનનો આનંદ માણવાની તમન્ના હોય છે ! ભાઈ, તમે જેને 'ખ્રિસ્તપણું' કહો છો, તે જાતનું 'ખ્રિસ્તપણું' તેમને પસંદ નથી, કારણ કે તે ઊતરેલા મુખવાળું અને નન્નાથી ભરપૂર 'ખ્રિસ્તપણું' છે !

'દશ આજ્ઞાઓ'માંની મોટાભાગની આજ્ઞાઓ અમુક પ્રકારનાં પાપ ન કરવા વિશેની છે. પરંતુ મોટેરાંઓ પોતાને અનુકૂળ હોય એવી બાબતોનો તેમાં સમાવેશ કરીને 'આજ્ઞાઓ'ની સીમાઓનો વિસ્તાર કરતાં હોય છે ! અત્યારે જ એક પત્ર મારા ટેબલ પર પડ્યો છે, જેમાં એક છોકરાએ મને લખ્યું છે કે 'ખ્રિસ્તી યુવક મંડળ'માં રમાતી કુસ્તીની રમતમાં તેને ઘણો રસ છે, પરંતુ તેની માતા માને છે, કે એ રમત ભયંકર છે અને ખ્રિસ્તીને અખ્રિસ્તી બનાવી દેનારી છે ! અહીં, છોકરાની આ માતા કુસ્તીની રમતમાંથી મળતા આનંદને પાપ કર્યાથી મળતા આનંદ સાથે ભૂલથી જોડી દે છે અને પોતાના દીકરાના મનમાં ગૂંચવણ ઊભી કરે છે. ભાઈ, તમે સ્વનિર્મિત સદાચારના વાડામાંથી બહાર નીકળી તમારી દીકરીઓના આનંદના ક્રિડાંગણમાં પ્રવેશ કરો ! તમે જ કહો છો કે, તમારી દીકરીઓ ડાહી છે, તો પછી ડરો છો શાને ? સાચું ખ્રિસ્તીપણું તો સાચા આનંદનો ખજાનો છે !

## ૪૯. અમારી ૧૭ વર્ષની દીકરી પ્રેમમાં પડી, પણ....

અમારી ૧૭ વર્ષની દીકરી અમારા કરતાં હલકી કક્ષાના એક યુવકના પ્રેમમાં પડી છે અને તેની જ સાથે લગ્ન કરવા તૈયાર થઈ છે. જો તે લગ્ન કરશે, તો અમારાં હૃદયોના ટુકડા થઈ જશે ! હવે શું કરીએ ?!!

બે ઘટનાઓ એવી છે કે, જેના પર મોટે ભાગે માતા-પિતાનો અધિકાર રહેતો નથી. તેમાંની એક છે : આપણાં બાળકોના પ્રેમમાં પડવાની બાબત, અને બીજી કોના પ્રેમમાં પડવું એ બાબત !

હું તમારી વેદનાને સમજી શકું છું, આથી તમને પૂછું છું, કે 'હલકી કક્ષાનો યુવક' એ વાક્યખંડનો તમે શું અર્થ કરો છો ? શું એ યુવક રખડું કે દારૂડિયો છે ? કે પછી તમારા કરતાં ભિન્ન એવી સામાજિક ભૂમિકામાંથી તે આવે છે ? રાજઘરાનાનાં લોકો પણ સામાન્ય ગણાતાં લોકો સાથે પરણતાં હોય છે ! જાપાનના એક રાજકુમારે એક વ્યાપારીની દીકરી સાથે લગ્ન કર્યાં અને કોઈએ કાંઈ વાંધો લીધો નહીં ! મને તો લાગે છે, કે તમારી દિકરી કોઈ સારા યુવકને પરણે તેનાં કરતાં, તમારી કક્ષાના યુવક સાથે લગ્ન કરે તેને તમે વધારે મહત્ત્વ આપો છો. તમારે તો પ્રથમ એ વિચાર કરવો જોઈએ, કે તે યુવક ખ્રિસ્તી અને પ્રામાણિક સજ્જન છે કે નહીં ?!! મને એવા 'ઊંચા' પરિવારના યુવકો વિશે માહિતી છે, કે એ યુવકો પતિ તરીકે સાવ નક્કામા નિવડ્યા છે !

અને બીજી એક વાત. તમારી દીકરીની ઉંમર, લગ્ન કરવાનો ગંભીર નિર્ણય લેવા માટે થોડી નાની છે. તમે તેની સાથે પ્રેમથી વાતચિત કરીને તેને સમજાવો કે, પરમેશ્વરની ઈચ્છા જાણીને જ પતિની પસંદગી કરાય, ત્યારે લગ્નજીવન આશીર્વાદિત બને છે. તમારી દિકરીને લગ્ન કરવાની ઉતાવળ કરવાને બદલે બે વર્ષ થોભી જવા સમજાવો. બે વર્ષનો સમયગાળો તમને તથા તમારી દીકરીને લાભદાયક નિવડશે.

## ૫૦. મને ગમતો ન હતો તેને તે પરણી છે અને....

મને જરાય ગમતો ન હતો એવા યુવક સાથે મારી દીકરી પરણી છે. આજે પણ તે યુવકને હું ધિક્કારું છું. તેના માટે મને પ્રેમ કે માન નથી. મને

સમજણ પડતી નથી, હું શું કરું ?

તમારી દીકરીનો પતિ તમને ગમતો ન હોય, તો પણ યાદ રાખો કે એ તમારી દીકરીને ગમે છે ! તમારી દીકરી તે યુવક સાથે ન પરણે એ માટે તમે તમારી દીકરીને સમજાવી હશે, છતાં તમારી ઉપરવટ થઈને તેને પરણી ! આવી સ્થિતિમાં પણ જો તમે તમારી દીકરીને પ્રેમ કરતાં હો, તો તમારે એ જમાઈનો પ્રેમપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. અને જો તમે તમારી દીકરીના પતિનો ધિક્કાર કરતાં જ રહેશો તો મને લાગે છે, કે એક દિવસ તમે તમારી દીકરીનો પ્રેમ ગુમાવી બેસશો. એ જેવો છે તેવો જ તેને સ્વીકારો. તારી દીકરી તથા જમાઈ માટે પ્રાર્થના કરો. જરૂર પડે ત્યારે તેમની સહાય કરો અને પ્રેમ બતાવો. પ્રભુ ઈસુનો તમારા તારનાર અને સ્વામી તરીકે સ્વીકાર કરો. તે જ તમારી ધિક્કારની લાગણીનું પ્રેમમાં પરિવર્તન કરશે અને તમને શાંતિ આપશે !

## ૫૧. અમારી પુત્ર-વધૂ તેના પતિને....

અમારે બે દીકરાઓ છે, જેમાંના મોટાની પત્ની ઘણી ઈર્ષાળુ અને સ્વાર્થી સ્વભાવની છે. તે પોતાના પતિને અમારે ઘરે આવવા દેતી નથી અને અમારા પૌત્રને મળવાની તક પણ આપતી નથી. આ બાબતે અમને ઘણું દુ:ખ થાય છે. અમે શું કરીએ ?!

તમારી દુ:ખદ પરિસ્થિતિને દૂર કરવાની ચાવી તમારા મોટા પુત્રના હાથમાં જ છે. મારું માનવું છે, કે તમારી પુત્રવધૂએ જ્યારે પ્રથમ વખત તેને તમારે ઘેર આવતાં રોક્યો, ત્યારે જ તેણે મક્કમતાપૂર્વક સામનો કરવાનો હતો અને દબાઈ જવાનું ન હતું !

પવિત્રશાસ્ત્ર બાઈબલ કહે છે કે, પતિ એ ઘરનો શિરપતિ છે અને પત્નીએ તેને આધીન રહેવાનું છે (એફેસી ૫:૨૨-૨૩). તમારા મોટા પુત્રના ઘરમાં પરિસ્થિતિ ઊંધી છે.

તમારો પુત્ર આવા અસામાજિક વલણવાળી સ્ત્રીને પરણ્યો, એ એક કમનસીબ બાબત છે, પરંતુ હવે તેમાં કાંઈ જ થઈ શકે નહીં. હવે તો માત્ર

એટલું જ શક્ય છે, કે તમે તમારા પુત્રને તમારા હૃદયની વેદના જણાવો કે જેથી તેના ઘરમાં તે સ્વામી તરીકેનો વ્યવહાર કરે. પરંતુ મને ખાતરી છે, કે પુત્રના ઘરમાં તમારે લીધે ઝઘડા થાય એવી તમારી વૃત્તિ, વર્તન કે ઈચ્છા હશે નહીં. શક્ય છે કે તમારા દીકરાને તમારી પુત્રવધૂના વર્તનનો વાંધો ન હોય અને તારો પૌત્ર પણ તેના ઘરમાં સુખી હોય !

જ્યારે જ્યારે તમને તક મળે ત્યારે, તમારી એ પુત્રવધૂ પ્રત્યે સદ્ભાવના અને લાગણીભર્યો વ્યવહાર પ્રદર્શિત કરો. તમારા વ્યવહાર દ્વારા તેને ખાતરી કરાવો કે તમે તેના પતિને તથા તેના પુત્રને છિનવી લેવા માગતાં નથી ! અને નિત્ય પ્રાર્થના કરો કે પરમેશ્વર તમારી પુત્રવધૂના સ્વભાવનું પરિવર્તન કરે તથા તેમની દિવ્ય શાંતિ અને પ્રેમથી તમારાં હૃદયોને ભરી દે !

## ૫૨. મારો ડોક્ટર દીકરો મિશનેરી બનવાનું કહે છે, પણ...

હું એક ખ્રિસ્તી વિધવા છું. મારો એકમાત્ર પુત્ર આ વર્ષે રેસિડેન્સી પૂરી કરીને સર્જન થશે. પરંતુ તે કહે છે, કે તેને મિશનની વૈદકીય શાખામાં જોડાઈને સેવા કરવી છે. મને લાગે છે કે ત્યાં તેનું જીવન અને શક્તિઓ વેડફાઈ જશે ! શું તેને મિશનની સેવામાં જતાં રોકું કે નહીં ? કૃપા કરીને માર્ગદર્શન આપશો.

બહેન, તમારે તો ગર્વ લેવો જોઈએ કે, તમારા પુત્રને પરમેશ્વરે તેમની સેવા માટે તેડું મોકલ્યું ! મને તો લાગે છે કે તમારા દિકરાના જીવન અને તેની શક્તિઓનો ઉપયોગ આ દેશમાં (અમેરિકામાં) થઈ શકે, તેના કરતાં વધારે જરૂરતવાળા અન્ય દેશમાં વધારે સારી રીતે થઈ શકશે. મને તો વિદેશોમાં ફરવાની અને મિશનક્ષેત્રોમાં કામ કરતાં આપણાં ભાઈ-બહેનોની મુલાકાત લેવાની ઘણી તકો મળી છે. અને એ મુલાકાતો દરમિયાન મને અનુભવો થયા છે, કે પરદેશમાં વસતાં આપણાં અમેરિકન મિશનેરીઓ, પ્રભુ ઈસુ અને અમેરિકા દેશના ઉત્તમ 'રાજદૂત' તરીકેની સેવાઓ આપે છે. પ્રભુ ઈસુના રાજ્યનાં એ 'એમ્બેસેડર' (રાજદૂત) પ્રભુ ઈસુના પ્રેમ, તેમની કરુણાવૃત્તિ અને તારણની વાતની જેમને જરૂર છે તેમની સમક્ષ

પ્રગટ કરે છે !

બહેન, તમે તમારા ડોક્ટર પુત્રનું જીવન અને શક્તિઓ વેડફાઈ જવાની ચિંતા કરો છો, પરંતુ પ્રભુ ઈસુ તો કહે છે : ''જે કોઈ પોતાનો વધસ્તંભ ઊંચકતો નથી અને મને અનુસરતો નથી, તે મારે યોગ્ય નથી. જે કોઈ પોતાનું જીવન બચાવવા પ્રયત્ન કરે છે, તે તેને ગુમાવશે. પરંતુ જે કોઈ પોતાનું જીવન ગુમાવશે તે તેને બચાવશે'' (માથ્થી, ૧૦:૩૮-૩૯). **અહીં પ્રભુ ઈસુ શીખવવા માગે છે કે પોતાના જ માટે જીવેલું જીવન વ્યર્થ છે અને પરમેશ્વરની ઈચ્છા મુજબ બીજાંઓને માટે જીવેલું જીવન જ સાર્થક જીવન છે !**

તમારો દીકરો તમારાથી દૂર જશે, તેણે અગવડો વેઠવી પડશે, વગેરે વિચારોથી તમને દુઃખ થાય, એ સ્વાભાવિક છે. તમારી લાગણીઓને હું સારી પેઠે સમજી શકું છું. પરંતુ રાજાઓના રાજા પ્રભુ ઈસુએ તમારા પુત્રને તેમના રાજ્યમાં નોકરી કરવા માટે જાતે જ આમંત્રણ આપ્યું, એ ઓછા ગૌરવની વાત છે !! રાજાના દીવાન અને તેના પરિવારનું પોષણ તથા રક્ષણ કરવાની જવાબદારી કોની ?

એક મિશનેરી મને ખબર છે, જે એક ઘણા જ પછાત ગણાતા દેશમાં અને વિકટ પરિસ્થિતિમાં સેવા કરતા હતા, પરંતુ તેમના જેવો આનંદી મનુષ્ય આજ સુધી મેં જોયો નથી ! તે મિશનેરી, પરમેશ્વરની ઈચ્છા પ્રમાણે જીવતા હતા અને પરમેશ્વરના રાજ્ય માટે આત્માઓ જીતવાનું કાર્ય કરતા હતા. તેમના એ કાર્યમાંથી તેમને મળતો આનંદ, જગતના જીવનની સગવડો, સમૃદ્ધિ અને સંતોષ કરતાં વધારે કીમતી હતો !!

# પ્રકરણ : ૬

# નોકરી-ધંધાને લગતા પ્રશ્નો

## ૫૩. કંપનીના આર્થિક ગોટાળાની મને ખબર છે....

હું જ્યાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરું છું, તે કંપનીમાં ઘણા અપ્રામાણિક લોકો છે, અને કોણ-કોણ એ આર્થિક ગોટાળા કરે છે, તેની મને ખબર છે. જો કે જે ખોટું થઈ રહ્યું છે તેની સાથે મારે સીધો સંબંધ નથી, પણ મને એ ગમતું નથી. હું શું કરું ?

કેટલાક ચાલાક લોકોને કાયદામાં રહેલી છટકબારીઓ કે ગાબડાં શોધી કાઢી લાભ લેવાની અપ્રામાણિક આવડત હોય છે. આવી કોઈ વ્યક્તિ, જો બંદૂકની ધાક બતાવી કોઈ બેંક કે સ્ટોર લૂંટતી હોય અને તમે એ લૂંટ થતાં જોતાં હોય તો તમે શું કરો ? મને ખાતરી છે કે તમે એક જાગૃત નાગરિક તરીકે પોલિસને તેની જાણ કરશો જ.

જ્યારે ઈસ્ત્રાએલી પ્રજા શત્રુઓ દ્વારા લૂંટાઇ રહી હતી, ત્યારે અદોમીઓ તમાશો જોતા બેસી રહ્યા હતા. યહોવા દેવને એ ગમ્યું નહીં, આથી તેમણે પ્રબોધક ઓબાદ્યાને સંદર્શનમાં કહ્યું : ''તારા ભાઈ યાકુબ પર જુલમ ગુજાર્યાને લીધે તું લજ્જિત થશે, ને તું સદાને માટે નષ્ટ થશે. જે દિવસે પરદેશીઓ તેની સંપત્તિ લઈ ગયાં, ને બીજા દેશના લોકો તેના દરવાજાઓની અંદર પેસી ગયા, ને યરૂશાલેમ પર ચિઠ્ઠીઓ નાખી, તે દિવસે જાણે તું પણ તેઓમાંનો એક હોય, એમ દૂર ઊભો રહ્યો !'' (ઓબાદ્યા, ૧૦-૧૧). આમ, યહોવા દેવે પોતાનો રોષ અદોમીઓ પ્રત્યે વ્યક્ત કર્યો, કારણ કે જાણવા છતાં, જે કરવા યોગ્ય હતું તે, તેમણે કર્યું નહીં. અને અનિષ્ટને વધવામાં આડકતરી રીતે મદદ કરી ! ભાઈ, તમારી જે ફરજ છે, તે ચૂકશો નહીં. અને અંતરાત્માના અવાજને દબાવશો નહીં.

## ૫૪. અમારી ઓફિસમાં લોકો કામચોર છે, પણ મને....

હું જે ઓફિસમાં કાર્ય કરું છું તેમાં સુપર વિઝન જેવું ખાસ નથી, આથી કર્મચારીઓ બેઠાં-બેઠાં ગપ્પાં મારે છે અને હરામનો પગાર લે છે. મેં એક વખત કહ્યું કે આ એક જાતની ચોરી જ કહેવાય, ત્યારે તે લોકો કહે છે : કોના બાપની દિવાળી ?! તમેય લહેર કરોને ! પણ મને એવું ગમતું નથી. હું શું કરું ?

મફતનો પગાર લેવો એ એક જાતની અપ્રામાણિકતા જ કહેવાય તમારા લખાણ પરથી મને પણ લાગે છે કે તમારી સાથેનાં કર્મચારીઓ ચોરી જ કરે છે. પરંતુ તમારી ઓફિસમાં થતી આ ચોરીને અટકાવવા તમે કોઈ પગલાં ભર્યા છે ? જો તમે ખ્રિસ્તી હો તો તમે પ્રામાણિકતાપૂર્વક કહી શકો છો, કે તમે જે પગાર લો છો તેના પ્રમાણમાં પૂરું કામ કરી આપો છો ? જો મારા આ પ્રશ્નનો તમે 'હકાર'માં જવાબ આપી શકતા હો, તો જ્યારે તમને તક મળે ત્યારે તમારે તમારા સહકર્મીઓ સાથે આ 'ચોરી'અંગે ચર્ચા-વિચારણા કરવી જોઈએ. જો શુભ આશયથી વિચારણા કરવામાં આવશે, તો મને શ્રદ્ધા છે કે બધાંને તો નહીં, પણ કેટલાંક ને તો યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થશે જ. અને છતાં, જો બધાં જ કર્મચારીઓ પોતાની જૂની રીતોનો ત્યાગ ન કરે અને કામચોરી કરતાં જ રહે, તો તમારી ઓફિસના અધિકારી સમક્ષ આ પ્રશ્ન તમે લઈ જાવ અને યોગ્ય પ્રકારના સુપરવિઝનની વ્યવસ્થા કરવામાં આવે, એવી વિનંતી કરો તેમાં કશું જ ખોટું નથી. 'દશ આજ્ઞાઓ' માંની એક આજ્ઞા છે કે, ''ચોરી કરવી નહીં.'' જેના ઉપર કાયદેસરનો આપણો અધિકાર નથી હોતો, એવી ઘણી બધી વસ્તુઓને આપણે જાણતાં-અજાણતાં લઈ લેતાં હોઈએ છીએ !

તમારી ઓફિસમાં થતી કામચોરી અંગે તમે પરમેશ્વરને પ્રાર્થના કરો અને તમારી સાથે કામ કરનાર બીજાં ખ્રિસ્તી ભાઈ-બહેનો હોય તો તેમને પણ પ્રાર્થનામાં સાથે રાખો. તમે સાથી કર્મચારીઓ કરતાં 'સારા' છો, એવું કદાપિ માનશો નહીં અને એવો ભાવ પણ વ્યક્ત થવા દેશો નહીં. માત્ર ઓફિસ ના કામમાં જ નહીં, પણ તમારા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સાચા ખ્રિસ્તી તરીકેનો વ્યવહાર કરતા રહેજો.

## ૫૫. હું તારણ પામેલો પોલિસમેન છું અને....

તમારી ધર્મજાગૃતિની એક સભામાં મારા જીવનનું પરિવર્તન થયું છે. પોલિસમેન છું. થોડા સમય પહેલાં એક રાત્રે મેં એક જુવાનને ગુનો કરતાં પકડ્યો હતો. તેની સાથે મેં પ્રભુ ઈસુની કરુણા અને પાપની ભયંકરતા વિશે વાત કરી, જે તેના હૃદયસોંસરી ઊતરી ગઈ ! તેણે મને હવે પછી ગુનાહિત પ્રવૃત્તિ નહીં કરવાનું વચન આપ્યું. મેં તેના વચનનો વિશ્વાસ કર્યો અને તેને જવા દીધો. શું તેને જવા દીધો, તે મેં ખોટું કર્યું ? શું હું મારી ફરજ ચૂક્યો ?

પરમેશ્વરે એક જુવાનના જીવનમાં પરિવર્તન લાવવા તમારો ઉપયોગ કર્યો એ ઘણા આનંદની વાત છે ! પ્રભુ ઈસુને વફાદાર રહેનાર પોલીસમેનની સાક્ષીથી કોઈપણ ખ્રિસ્તીને આનંદ થાય એ સ્વાભાવિક છે. ભાઈ, ગુનેગારને પકડીને સજા કરાવવા કરતાં લાખઘણું સારું કામ તમે કર્યું છે ! પરંતુ એ જુવાને કોઈને નુકશાન કર્યું હશે અને ગુનેગારોથી નાગરિકોનું રક્ષણ કરવું એ તમારી ફરજ છે. જોકે તે જુવાનનો શો ગુનો હતો, તે વિશે મને કોઈ માહિતી નથી, પરંતુ તમે તમારા અધિકારની મર્યાદામાં રહીને જ વ્યવહાર કર્યો હશે તેમ માની લઉં છું. છતાં, મને લાગે છે કે ગુનેગાર યુવાનને તમે જવા દીધો એ ડહાપણ ભરેલું પગલું હતું એમ હું નથી માનતો. પ્રભુ ઈસુની આધીનતામાં આવ્યા પછી પણ તે ગુનેગાર યુવાનને ભાન થવા દેવાની જરૂર હતી, કે તેને માથે કોઈને નુકશાન પહોંચાડ્યું તેનું દેવું ઊભું છે, જે દેવું સજા ભોગવીને ચૂકવવું જોઈએ ! યહોવા દેવે પણ આપણા અપરાધોને બદલે પોતાના પ્રિયપુત્રને ક્રોસ પર વિંધાવા દીધા ! આપણા અપરાધની સજા પ્રભુ ઈસુએ વેઠી, ત્યાર પછી જ આપણને ક્ષમા પ્રાપ્ત થઈ !

પેલા ગુનેગાર યુવાનને તમે પ્રભુ ઈસુ પાસે લઈ ગયા તે તમે ઉત્તમ કર્યું છે, પરંતુ, તેના ગુનાનો ન્યાય તમે જાતે જ કર્યો, તેનો અફસોસ તમને કદાચ થતો હશે અને તેથી જ તમે આ પ્રશ્ન મને પૂછ્યો હશે, એમ હું માનું છું.

## ૫૬. ખ્રિસ્તીથી ધંધામાં ચાલાકીપૂર્વક છેતરપિંડી થાય ?...

અમારો વ્યાપાર જ એવો છે, કે જો પોતાના ગ્રાહકોને ચાલાકીપૂર્વક છેતરવામાં ન આવે તો નફો મળે નહીં. હું ખ્રિસ્તી વ્યાપારી છું, શું હું અમારા ધંધાની રીતરસમ ચાલુ રાખી શકું ?

ભાઈ, સાચા ખ્રિસ્તીની રીતરસમ એક જ પ્રકારની હોવી જોઈએ. ''દેખાડવાના અને ચાવવાના જુદા'' - વાળી જીવન પદ્ધતિ ચાલે નહીં. લૂક ની સુવાર્તાના દશમા અધ્યાયની કલમો : ૧૦ થી ૧૪માં સાચા ખ્રિસ્તી જીવનની અપેક્ષાઓ પ્રભુ ઈસુએ લોકો સમક્ષ પ્રગટ કરી છે. સાચું ખ્રિસ્તી જીવન જીવવું હોય તો બેવડાં ધોરણ ચાલે જ નહીં. બાઈબલ કહે છે ''ખોટા ત્રાજવાં યહોવાને કંટાળારૂપ છે, પણ અદલ કાટલાંથી તે રાજી થાય છે'' (નીતિવચનો, ૧૧:૧).

## ૫૭. મારી જવાબદારી કેટલી ?....

નાના શહેરની એક બેંકમાં હું ક્લાર્ક તરીકે નોકરી કરું છું. અમારી બેંકનો કેશિયર ઘણો જ અપ્રામાણિક છે અને તેની અપ્રામાણિકતાના પૂરાવા મારી પાસે છે. મને ઘણી વખત થાય છે, કે હું તેની ફરિયાદ કરી દઉં, પરંતુ મારી નોકરી જવાનો મને ડર લાગે છે. આ સંજોગોમાં મારે શું કરવું જોઈએ ?

ભાઈ, જો તમે કેશિયરની વિરુદ્ધમાં ફરિયાદ કરસો તો તેને ગુપ્ત રખાશે અને કેશિયરના કામ પર નજર રખાશે. અને છવેટે, જો એ કેશિયર ગુનેગાર સાબિત થશે, તો તમારી પ્રામાણિક્તાની કદર થશે. છતાં બીજી વાતોનો વિચાર ન કરીએ, તો પણ તમે તમારી સંસ્થા પ્રત્યે વફાદારી બતાવી અને તમારા અંતરઆત્માના અવાજને દબાવી ન દીધો તેનો તમને આત્મસંતોષ થશે. કોઈ વ્યક્તિ ખોટું કામ કરતી હોય અન આપણે જાણવા છતાં ચૂપ રહીએ તો તેના ખોટા કામમાં આપણે મૂક સમ્મતિ આપીને પરમેશ્વરના ગુનેગાર બની છીએ. નિતિમાન અને પ્રામાણિક જીવન જીવવાની પ્રત્યેક ખ્રિસ્તીની ફ્રરજ છે, જેની અવગણના ન કરી શકાય ! આપણી એ ફ્રરજ અદા કરવા જતાં જો આપણને નુકશાન થતું હોય, તો પણ એ જોખમ ઉઠાવવા તૈયાર રહેવું જોઈએ. કસોટીની ક્ષણોમાં જ સાચા ખ્રિસ્તી, કે

અખ્રિસ્તીની લોકોને જાણ થતી હોય છે ! પ્રભુ ઈસુ અને તેમના શિક્ષણને વફાદાર રહેવું એ પ્રત્યેક ખ્રિસ્તીની ફરજ છે !

## ૫૮. ખ્રિસ્તી અને કામદાર યુનિયન....

હું એક ખ્રિસ્તી યુવાન છું. જો હું કામદાર યુનિયનનો સભ્ય બનું, તો જ મને નોકરી મળે અને નોકરી ચાલુ રહી શકે તેમ છે. કેટલાક લોકો મને કહે છે કે, આપણે ખ્રિસ્તીઓએ એવાં યુનિયનમાં જોડાવું જોઈએ નહીં. તમારી સલાહ મને આપશો.

ભાઈ, તમારી માન્યતા મુજબ યુનિયનમાં જોડાવું એ કાંઈ ખોટી બાબત નથી. બાઈબલ આપણને કહે છે : ''અન્યધર્મી સાથે તેમના જેવા બની કાર્ય કરવાનો પ્રયત્ન ન કરો. કારણ, તમે કરી શકાય જ નહીં. જૂઠ અને સત્ય એકબીજાના સાથીદાર શી રીતે બની શકે ? પ્રકાશ અને અંધકાર એક સાથે કેવી રીતે રહી શકે ?'' (કોરીંથીઓને બીજો પત્ર, ૬:૧૪, નવો કરાર, નવો અનુવાદ, ભારતની બાઈબલ સોસાયટી, બેંગ્લોર). અહીં સંત પાઉલ કોરીંથના લોકોને અને આપણને પણ 'તેમના જેવા બની', જગતના લોકોના જેવા બની કાર્ય કરવાની ના પાડે છે. જૂઠ, પ્રપંચ, લાંચ, નિંદા, અન્યાય ઈત્યાદિ દૂષણોને આપણા વડે પોષણ ન મળે તેની કાળજી રાખવાનું જણાવે છે. સંત પાઉલના કોરીંથીઓને લખેલા પ્રથમ પત્રના પાંચમાં અધ્યાયની નવ, દશ અને અગિયાર કલમોને આ સાથે વાંચીશું તો અન્યધર્મી (જગતના લોકો) સાથે સંબંધ રાખવા કે નહીં રાખવાના આદેશ વિશે વધારે સ્પષ્ટતા થશે. સંત પાઉલ લખે છે : ''મેં મારા અગાઉના પત્રમાં તમને જણાવ્યું હતું કે તમારે વ્યભિચારીઓ સાથે સંબંધ રાખવો નહીં. પણ એનો અર્થ એ ન હતો કે તમારે આ દુનિયાના વ્યભિચારીઓ, લોભીઓ, ગૂંડાઓ કે મૂર્તિપૂજકોની સાથે બિલકુલ સંબંધ રાખવો નહીં. તેઓથી અલગ થવું હોય તો, તમારે આ દુનિયા છોડીને ચાલ્યા જવું પડે. પણ મારો લખવાનો અર્થ આ હતો : પોતાને વિશ્વાસીભાઈ કહેવડાવવા છતાં, જે વ્યભિચારી, લોભી, મૂર્તિપૂજક, નિંદાખોર, દારૂડિયો કે ગૂંડો છે, તેની સાથે તમારે સંબંધ રાખવો નહીં. આવી વ્યક્તિની સાથે બેસીને ભોજન પણ લેશો નહીં.'' અને સંત પાઉલ બારમી અને તેરમી કલમોમાં સ્પષ્ટતા કરે છે. ''જેઓ આપણી સંગતની

બહાર છે તેઓનો હું ન્યાય કરવા માગતો નથી. ઈશ્વર તેઓનો ન્યાય કરશે.....''

'કામદાર યુનિયન' જાતે કાંઈ નઠારી વસ્તુ નથી. તેનો મુખ્ય આશય તો શોષણ અને અન્યાયની સામે લડવાનો છે. અને અન્યાયની સામે લડવાનો છે. અને ઘણાં યુનિયનોએ ઉદ્યોગ-ધંધા પર પોતાની આવી છાપ ઉપસાવી છે. પરંતુ યુનિયનની પ્રવૃત્તિ સ્વાર્થી, લોભી, દુષ્ટ અને ચારિત્ર્યવિહિન લોકોના હાથમાં પડે છે, ત્યારે 'યુનિયન' શેતાનનું શસ્ત્ર બની જાય છે અને 'યુનિયન'ની નિંદા થાય છે. 'યુનિયન'ની પ્રવૃત્તિમાં અને રાજનીતિના ક્ષેત્રોમાં આવું જ બન્યું છે, જેથી નીતિપરાયણ લોકોએ 'યુનિયન' અને રાજનીતિ (પોલિટિક્સ)ની પ્રવૃત્તિઓથી પોતાની જાતને દૂર રાખી છે. પરંતુ હમણાં હમણાં ધાર્મિક અને નીતિપરાયણ લોકોને લાગવા માંડ્યું છે, કે 'યુનિયન' અને રાજનીતિથી તેમણે જે સન્યાસ લીધો ; તેને કારણે દુરાચારિયોને એ ક્ષેત્રોમાં છૂટો દોર મળી ગયો ! દુરાચાર, અન્યાય અનીતિ, ભ્રષ્ટતા અને ગૂંડાતત્વોને ત્યાંથી દૂર કરવા હોય, તો 'સજ્જનો'એ રાજનીતિ અને 'સમાજકલ્યાણ'ની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ.

ભાઈ, યુનિયનમાં જોડાઈને તમારી ફરજ અદા કરો. પરંતુ તમારા ખ્રિસ્તી આચરણને ભોગે એવું કશું ન કરશો કે, જેથી ખ્રિસ્ત અને ખ્રિસ્તીઓની સામે શેતાનને હસવાની તક મળે ! તમે પ્રભુ ઈસુના શરણમાં રહીને તમારું કામ કરો અને તમારી વાણી તથા વ્યવહાર દવારા પ્રભુ ઈસુના શિક્ષણને પ્રગટ કરો. હંમેશા યાદ રાખજો પ્રભુ ઈસુના શબ્દો કે, ''તમે જગતનું મીઠું છો'' ને ''તમે જગતનો પ્રકાશ છો.'' (નોંધ : કોરીંથીઓને લખેલા પ્રથમ પત્રના પાંચમા અધ્યાયની ૯મી કલમાં જે 'અગાઉનાપત્ર'નો ઉલ્લેખ થયો છે, તે પત્ર સચવાયો નહીં હોવાથી 'નવા કરાર'માં નથી. 'The New International Study Bible', P.1740 અનુવાદક.)

## ૫૯. ખ્રિસ્તી અને જુગારખાનામાં નોકરી.....

મારા ચર્ચમાં હું સક્રિય સભ્ય છું અને મને આદર્શ ખ્રિસ્તી જીવન જીવવાની તમન્ના છે. હું એક મોટી ઔદ્યોગિક પેઢીમાં એકાઉન્ટન્ટ તરીકે

નોકરી કરું છું. હમણાં મને અમારા શહેરમાંના જુગારખાનાના માલિકે બોલાવીને મને મળે છે, તેના કરતાં ઘણો વધારે પગાર આપીને નોકરીએ રાખવાની ઈચ્છા દર્શાવી છે. કામ તો મારે એ જ કરવાનું છે, જે હું અત્યારે કરું છું. શું હું નોકરી બદલું ? કૃપા કરી મને સલાહ આપશો.

ભાઈ, જુગારખાનું ચલાવતા માલિકે પણ નોકરી માટે તમારી પસંદગી કરી એથી મને આશ્ચર્ય થતું નથી. અનીતિનો ધંધો કરનાર પણ ખ્રિસ્તી વ્યક્તિની પ્રામાણિક્તાની કદર કરતા હોય છે. એ માલિક તમને ઘણો વધારે પગાર આપવા તૈયાર છે, કારણ કે તમારા નાણાંકીય હિસાબમાં તમે ગોટાળો કરવાના નથી અને તેના પૈસા તમારા હાથમાં સલામત છે, તેની એ માલિકને ખાતરી છે. ઘણી વખત આ જગત ખ્રિસ્તીની પ્રામાણિક્તાની 'ગગા'(મૂર્ખ) કહીને હાંસી ઉડાવે છે, પરંતુ અંદરખાનેથી જાણતાં-અજાણતાં તેનાથી ખ્રિસ્તીની પ્રશંસા થઈ જાય છે !

મને લાગે છે, કે નોકરી બદલવાથી તમને લાભ કરતાં હાનિ થવાની વધારે શક્યતા છે. તમે જેને સાચા ખ્રિસ્તી જીવનનાં મૂલ્યો માનો છો, તેના કરતાં સંપૂર્ણ વિપરિત આચરણ કરનાર 'બોસ' સાથે તમારે કામ કરવું પડશે. અને બીજું, એ જુગારખાનાની અનીતિ અને ભ્રષ્ટતાના વાતાવરણનો પ્રભાવ તમારા ચારિત્ર્ય પર જાણતાં અજાણતાં પડશે, તેની ગંભીરતાની તુલનામાં તમને મળતો વધારે પગાર લાભદાયક નથી. અત્યારે તમને મળતા પગારની રકમ ભલે નાની હોય, પરંતુ એ નાની રકમ, નીતિથી ચાલતા ધંધાની નૈતિક આવકનો એક ભાગ છે, એ ભૂલવું જોઈએ નહીં ! નૈતિક જીવનના ભોગે ભૌતિક સુખસગવડ મેળવવાની ભલામણ હું કરતો નથી.

## ૬૦. ખ્રિસ્તીથી રવિવારે નોકરી-ધંધો કરાય ?

હું મારો પોતાનો લઘુ-ઉદ્યોગ શરુ કરવાનું વિચારું છું. પરંતુ જો એ ઉદ્યોગ શરૂ કરું તો મારે ઘણી વખત રવિવારે પણ કામ કરવું પડે તેમ લાગે છે. શું ખ્રિસ્તીથી રવિવારે નોકરી-ધંધો કરી શકાય ?

હું તો ઈચ્છું છું કે પ્રત્યેક ખ્રિસ્તી, રવિવારને માત્ર, ભક્તિ-આરાધના

કરવાના 'ખ્રિસ્તી-સાબ્બાથ' તરીકે જ પાળે ! જો આમ થશે તો પ્રત્યેક ખ્રિસ્તીને ભક્તિ-આરાધના તથા ખ્રિસ્તી-પ્રવૃત્તિઓ કરવાની મોકળાશ મળશે. ખ્રિસ્તીઓ જ્યારે જગિક પ્રવૃત્તિઓ માટે રવિવારનો ઉપયોગ કરે છે, ત્યારે ખ્રિસ્તની સુવાર્તાનો વેગ ધીમો પડી જાય છે. ભાઈ, સાત દિવસમાંથી એક, રવિવારને જો તમે ભક્તિ આરાધના અને ખ્રિસ્તી-કાર્યો માટે અલગ ફાળવી શકો તો ઘણું સારું !

બીજી બાજુ જોઈએ, તો જણાશે કે રવિવાર (સાબ્બાથ) દિને કામ નહીં કરવાની અને ખ્રિસ્તી-શિક્ષણની બાહ્ય બાબતોને અધિક મહત્ત્વપૂર્ણ ગણીને પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાના રક્તદ્વારા ખરીદીને આપેલી સ્વતંત્રતા (મુક્તિ) ને મહત્ત્વ નહીં આપવાની ભૂલ, આપણે ખ્રિસ્તીઓ કરતાં હોઈએ છીએ ! પ્રભુ ઈસુએ આપણને કાયદાના પાંજરામાંથી બહાર કાઢી માત્ર બે જ વાતનું ધ્યાન રાખવાની આજ્ઞા આપી છે કે, ''તારે ઈશ્વર તારા પ્રભુ પર તારા પૂરા હૃદયથી, તારા પૂરા જીવથી અને તારા પૂરા મનથી એટલે કે, તારા સમગ્ર અસ્તિત્વથી પ્રેમ રાખવો. આ જ સર્વશ્રેષ્ઠ અને સૌથી અગત્યની આજ્ઞા છે. બીજી સૌથી અગત્યની આજ્ઞા આ છે : જેવો પોતા પર તેવો જ બીજા પર પ્રેમ રાખ. મોશેના નિયમશાસ્ત્રનો અને સંદેશ વાહકોનાં પુસ્તકોનો આધાર આ બે આજ્ઞાઓ પર રહેલો છે'' (માથ્થી ૨૨ : ૩૭ થી ૪૦, 'નવો કરાર' નવો અનુવાદ, ભારતની બાઈબલ સોસાયટી, બૅંગલોર, ૧૯૮૧). આથી ભાઈ, તમે પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં તમારે એકલાએ, જાતે જ નિર્ણય કરવાનો છે : કારણ કે તમે ધંધાને માટે વાપરેલા સમય અને પ્રાપ્ત કરેલા ધનના ઉપયોગ અંગે તમારે એકલાએ જ પરમેશ્વરને જવાબ આપવો પડશે ! અને બીજું એ ધ્યાનમાં રાખજો કે તમે જે ધંધો-ઉદ્યોગ કરવા ધારો છો, તે તમારા વ્યક્તિગત દૈનિક ભક્તિ-આરાધનાના સમય પર કાપ મૂકે નહીં કે, બંધ કરાવી દે નહીં.

## ૬૧. હું ખ્રિસ્તી વ્યાપારી છું, પરંતુ.....

એક સાચા ખ્રિસ્તીની પેઠે હું મારો વ્યાપાર કરું છું, છતાં મને મારા ધંધામાં લાભ થતો નથી, જ્યારે બીજી બાજુ, છળકપટ અને અનિતિનો

આશ્રય લઈ ધંધો કરનાર અન્ય વ્યાપારીઓ માલામાલ થઈ જાય છે ! જો કે હું મારું ખ્રિસ્તી-આચરણ છોડવા માગતો નથી, તો પણ મને પ્રશ્ન થાય છે, કે પરમેશ્વર એ વ્યાપારીઓની દૂષ્ટતાને કેમ ચલાવી લેતા હશે ?

ભાઈ, તમને જે પ્રશ્ન સતાવી રહ્યો છે એ પ્રશ્ન ઘણો પુરાણો છે અને તમે ઘણા સજજનોની શાંતિના સાગરને ડહોળી નાખ્યો છે. 'ગીતશાસ્ત્ર'ના રચયિતા ઈશ્વર-ભક્ત દાઉદને પણ ઘણા સમય સુધી એ પ્રશ્ને મૂંઝવ્યા છે ! તે લખે છે : ''જુઓ, દૂષ્ટો તો એવા છે, અને હંમેશાં શાંતિમાં રહીને તેઓ ધન વધાર્યે જાય છે. ખરેખર, મેં મારું હૃદય અમથું શુદ્ધ કર્યું છે, અને મેં મારા હાથ (નિરર્થક) નિર્દોષ રાખ્યા છે,....'' અને તે આગળ લખે છે : ''આ સમજવાને માટે જ્યારે મેં વિચાર કર્યો, ત્યારે એ વાત મને કષ્ટમય લાગી ત્યાં સુધી કે મેં ઈશ્વરના પવિત્રસ્થાનમાં જઈને તેઓનો અંત ધ્યાનમાં લીધો. ખરેખર, તું (ઈશ્વર) તેઓને લપસણી જગામાં મૂકે છે, તું તેઓનો વિનાશ કે છે. તેઓ એક ક્ષણમાં હતા ન હતા થઈ જાય છે...'' (ગીતશાસ્ત્ર, ૭૩:૧૨-૧૩, ૧૬,૧૭,૧૮).

કોઈ પણ કાર્યના તાત્કાલિક લાભ પર નહીં, પરંતુ લાંબાગાળાના પરિણામ તરફ આપણે દ્રષ્ટિ રાખવી જોઈએ.

## ૬૨. મારા ધંધાનો પાર્ટનર ખ્રિસ્તી છે, પણ....

હું એક ખ્રિસ્તી માણસ સાથે પાર્ટનરશીપમાં ધંધો કરું છું. મારો એ પાર્ટનર તેના ચર્ચની પ્રવૃત્તિઓમાં ઘણો જ સક્રિય છે, પરંતુ અમારા ધંધામાં તે અમારા ગ્રાહકોને છેતરે છે, આથી આવા બેવડાં ધોરણ અપનાવનાર ખ્રિસ્તીના ખ્રિસ્તીધર્મ પ્રત્યે મને ધૃણા ઉત્પન્ન થાય છે !

ભાઈ, ધારો કે તમારા કેટલાક ગ્રાહક વીસ રૂપિયાની બનાવટી નોટો તમને આપીને છેતરે છે, આથી શું તમે વીસ રૂપિયાની નોટો લેવાનું બંધ કરી દેશો ? તમારો ખ્રિસ્તી પાર્ટનર ખોટો છે, નહીં કે ખ્રિસ્તી-ધર્મ ! મને આશ્ચર્ય એ વાતનું થાય છ કે, તમારો પાર્ટનર, તમારા ગ્રાહકોને છેતરે છે એ તમને જો ગમતું ન હોય, તો તમે તેને રોકતા કેમ નથી ?!! તમારા પાર્ટનરની, ગ્રાહકો સાથેની ઠગાઈનો તમે પણ લાભ લો છો, છતાં તમારા

પાર્ટનરની તથા તેના ધર્મની તમે નિંદા કરો છો એ, શું તમે બરાબર કરો છો ?!! પરમેશ્વરની દ્રષ્ટિમાં આપણે બધા જ પાપી છીએ અને આપણને બધાને તારનાર પ્રભુ ઈસુની જરૂર છે. તે એકલા જ સાચું ખ્રિસ્તી-જીવન જીવવાની આપણને કૃપા આપી શકે છે. મને લાગે છે કે તમે ખ્રિસ્તીઓ પાસેથી ઊંચા આદર્શોની અપેક્ષાઓ રાખો છો, અને તે યોગ્ય છે. તમે પણ તમારા જીવનના એવા ઊંચા આદર્શો રાખી જીવન જીવવાના પ્રયત્નો કરો. તારો ખ્રિસ્તી-પાર્ટનર જે ઠગાઈ કરે છે અને ખ્રિસ્તી હોવાનો ડોળ કરે છે, તે ખોટું છે અને હું પણ તમારી એ વાત સાથે સંમત થાઉં છું. ભાઈ, હું તમને નમ્ર અરજ કરું છું, કે તમે પ્રભુ ઈસુને તમારા હૃદયની સોંપણી કરો અને તમારા પાર્ટનરની સમક્ષ સાચા ખ્રિસ્તી તરીકેનો તમારા વ્યવહાર દ્વારા આદર્શ નમૂનો મૂકો. મને ખાતરી છે, કે તમે એ કરશો, તો તમારા બંનેના જીવન મારફ્તે પ્રભુ ઈસુના નામને મહિમા મળશે !

# પ્રકરણ : ૭

# આનંદી રહેવાના ઉપાયો

## ૬૩. હું ઘણા વખતથી ખ્રિસ્તી છું, પરંતુ....

હું ઘણા વખતથી એક ખ્રિસ્તી મંડળીનો સભ્ય છું, પરંતુ તમે તમારા 'સંદેશા'માં જે શાંતિની વાત કરો છો, એવી શાંતિ મને કદી મળી નથી ! એ પ્રકારની શાંતિ પ્રાપ્ત કરવા માટે હું શું કરું ?!! શું હું મારી મંડળીમાંથી નિકળીને બીજી મંડળીમાં જોડાઉં ? કે પછી પરમેશ્વર જાતે જ મને પ્રાર્થના દ્વારા શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવશે ?

ભાઈ, આ દુનિયામાં એવી એક પણ ખ્રિસ્તી-મંડળી નથી જે મનુષ્યને દૈવી શાંતિ આપી શકે ! જો મંડળીમાં જોડાવાથી શાંતિ મળતી હોત, તો અમેરિકા દેશની વસતિનાં લગભગ સાઈઠ ટકા (૬૦%) લોકો કોઈને કોઈ ખ્રિસ્તી-મંડળનાં સભાસદ છે અને તેમને શાંતિ મળી ગઈ હોત, પરંતુ એવું નથી ! આ એક કડવું સત્ય છે, કે 'મંડળી' કે 'ધર્મ' શાંતિ આપી શકતાં નથી ! શક્ય છે, કે 'મંડળી' કે 'ધર્મ' મનુષ્યને કામચલાઉ દુઃખશામક-દવા (Sedative or Painkiller) તરીકે કામ આવે અને કામચલાઉ સંતોષ પૂરો પાડે ! પરંતુ દુઃખશામક-દવા કે 'પેઈનકિલર' એ રોગનો સાચો ઈલાજ નથી, એ તો માત્ર ટેમ્પરરી રાહત થાય તેની દવા છે ! એ 'દવા' ને રોગની સાચી દવા માની લેવાની ભૂલ ન કરાય ! સાચી શાંતિ તો પરમેશ્વર સાથેના આપણાં વ્યક્તિગત સંબંધથી જ પ્રાપ્ત થાય છે. એ શાંતિ તો પ્રભુ ઈસુના આપણે માટે થયેલા બલિદાનથી ઉત્પન્ન થઈ છે, જે પ્રભુ ઈસુ પાસેથી જ પ્રાપ્ત કરી શકાય. પ્રભુ ઈસુ પાસેથી જ શાંતિ મળવાના કારણની સ્પષ્ટતા કરતાં સંત પાઉલ લખે છે : ''યહુદીઓ અને બિન યહુદીઓને એક પ્રજા કરીને ખ્રિસ્તે જાતે જ આપણને શાંતિ આપી છે. જે દિવાલ તેઓને એકબીજાથી જુદા પાડતી હતી અને દુશ્મનો બનાવતી હતી, તેને પોતાના શરીરથી તોડી પાડી છે. પોતાની સાથેના સંબંધ દ્વારા બંને પ્રજાઓમાં એક નવી પ્રજા

બનાવવા અને એમ શાંતિ સ્થાપવા માટે તેમણે યહુદી-નિયમશાસ્ત્રને, તેની આજ્ઞાઓ અને નિયમો સહિત રદ કર્યું છે. ક્રૂસ પરના તેમના મરણની મારફતે ખ્રિસ્તે દુશ્મનાવટનો નાશ કર્યો છે, અને ક્રૂસ દ્વારાજ તેમણે બંને પ્રજાઓને એક શરીરરૂપ કરીને તેને ઈશ્વરની પાસે પાછી લાયા છે. આમ, ખ્રિસ્તે આવીને તમ બિનયહુદીઓ, જેઓ ઈશ્વરથી ઘણા દૂર હતા અને યહુદીઓ, જેઓ ઈશ્વરની નજીક હતા, એ સૌને શુભસંદેશનો પ્રચાર કર્યો છે'' (એફેસીઓને પત્ર, ૨ : ૧૪ થી ૧૭).

ભાઈ, અહીં જે શાંતિનો ઉલ્લેખ થયો છે, તે પ્રકારની શાંતિની તમને જરૂર છે. અને તે શાંતિ, તમારા વિશ્વાસ દ્વારા, પ્રભુ ઈસુની પાસેથી પ્રાપ્ત થઈ શકે છે.'

## ૬૪. હું ખ્રિસ્તી છું, પરંતુ ઘણી વખત....

ઘણી વખત મને થાય છે કે, હું ખ્રિસ્તી છું, આથી ખ્રિસ્તીની જેમ મારે જીવવું જોઈએ. પરંતુ ત્યારે, મારા મનમાં પહેલાં હતું એવું પાપપૂર્ણ જીવન જીવવા માટેની તીવ્ર લાગણી ઉત્પન્ન થાય છે ! મને એ પણ ભાન છે, કે જો એવું, પહેલાં હતું એવું, પાપમય જીવન જીવવા લાગીશ, તો તેનાથી પણ મને આનંદ અને સંતોષ મળવાનાં નથી. છતાંય, પાપ કરવાની વૃત્તિના તીવ્ર ઉભરા આવતા રહે છે ! મારા જીવનમાં ચાલતા આ આત્મિક સંઘર્ષ વિશેની સમજ મને આપશો ?

તમને જે સંઘર્ષ સતાવી રહ્યો છે, તે સ્વાભાવિક છે અને ઘણાં ખ્રિસ્તીઓને સતાવતો હોય છે. આ તો યુગોપુરણો સંઘર્ષ છે : સદ્‌વૃત્તિ અને અસદ્‌વૃત્તિ, પ્રકાશ અને અંધકાર, 'સત્ય અને અસત્ય' વચ્ચેનો દેવાસુર સંગ્રામ, જે મનુષ્યના મનને યુદ્ધભૂમિ બનાવી અશાંતિ ઊભી કરે છે. સંત પાઉલ તેમના 'ગલાતીઓ'ને લખેલા પત્રમાં ખ્રિસ્તીઓને લખે છે : '' ....અને તમે તમારા માનવી સ્વભાવની ઈચ્છાઓને વશ ન થાઓ, કારણ, આપણો માનવી સ્વભાવ પવિત્ર આત્મા કરતાં વિરુદ્ધની અપેક્ષા રાખે છે, અને પવિત્ર આત્મા માનવી સ્વભાવ વિરુદ્ધની અપેક્ષા રાખે છે. બંને (એકબીજાના) દુશ્મનો છે, અને તેથી તમે જે કરવા માંગો છો, તે તમે કરી શકતા નથી...'' (૫: ૧૬,૧૭,૧૮).

પરંતુ આપણે ખ્રિસ્તીઓએ આ સંઘર્ષની સ્થિતિમાં નિષ્ક્રિય કે નિરાશ થઈને બેસી રહેવાનું નથી. આ 'આત્મિક યુદ્ધ'ની સ્થિતિમાં આપણે શું કરવાનું છે, તે વિશે એફેસીઓને લખેલા સંત પાઉલના પત્રમાંથી માર્ગદર્શન મળે છે. સંત પાઉલ લખે છે. "...પ્રભુની સાથેની સંગતમાં અને તેમની મહાન શક્તિથી તમે તાકાતવાન બનો, કે જેથી શેતાનની દૂષ્ટ ચાલાકીઓનો તમે સામનો કરી શકો અને ઈશ્વર તમને જે શસ્ત્રો આપે છે તે સમજી લો કારણ કે, આપણે માનવીઓની વિરુદ્ધ લડાઈ લડતાં નથી, પરંતુ સ્વર્ગીય દુનિયામાં જે દૂષ્ટ આત્મિક સત્તાઓ છે, એટલે અધિકારીઓ, અધિપતિયો અને અંધકારની શક્તિઓ, - તેમની સાથે લડીએ છીએ. તેથી ઈશ્વરનાં શસ્ત્રો હમણાં જ સજી લો ! જેથી જ્યારે ભૂંડા દિવસો આવે ત્યારે દુશ્મનના હુમલાને અટકાવવા તમે શક્તિમાન થઈ શકો અને અંત સુધી લડાઈ કરીને તમે ઊભા રહી શકો"(૬:૧૦થી૧૩).

અને સંત પાઉલ એ પત્રમાં 'ઈશ્વરનાં શસ્ત્રો' (આત્મિક શસ્ત્રો)નું એક લીસ્ટ આપીને તેની ઉપયોગીતા તથા એ શસ્ત્રો કેવી રીતે પહેરવાં તેની વિગતવાર ચર્ચા કરતાં લખે છે : "આ બધું પ્રાર્થનાપૂર્વક કરો અને ઈશ્વરની મદદ માગો. જેમ પવિત્રઆત્મા દોરવણી આપે તેમ સર્વ પ્રસંગે પ્રાર્થના કરો." (૬:૧૮).

સંત પાઉલ તેમના, રોમનોને લખેલા પત્રમાં રોમના ખ્રિસ્તીઓને જે ચેતવણી આપે છે. તે આપણને, દુનિયાના બધા ખ્રિસ્તીઓને ચેતવણીરૂપ પડકાર છે. તે લખે છે : "જો તમે માનવી સ્વભાવ પ્રમાણે જીવશો તો મરશો જ. પણ આત્માથી પાપી કાર્યોને મારી નાખો, તો તમે જીવશો" (૮:૧૩).

## ૬૫. હું દેવળમાં જાઉં છું, પરંતુ....

કેટલાક, સમય પહેલાં મને ભાન થયું કે, હું પાપી છું અને ત્યારથી મેં દેવળમાં જવાનું ચાલું કર્યું, પરંતુ મારી જૂની નઠારી આદતો જતી નથી એ બાબતનું મને દુઃખ થાય છે. શું મારે આખી જિંદગી આમ સંઘર્ષમાં જ કાઢવી પડશે ?! જો હોય તો માર્ગ બતાવશો !

ચર્ચમાં જવાથી અને ખ્રિસ્તીધર્મના 'સંસ્કારો'તથા વિધિઓના પાલનથી મનુષ્યને હંગામી (ટેમ્પરરી) શાંતિ મળ્યાનો ભાસ ઉત્પન્ન થાય. કદાચ મનુષ્યનું નૈતિક ધોરણ સુધરે, પરંતુ આટલું જ પૂરતું નથી. પ્રભુ ઈસુએ તો કહ્યું છે : ''જો કોઈ મનુષ્ય નવો જન્મ પામ્યું ન હોય, તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી.'' (યોહાન, ૩:૩) આનો અર્થ એ થયો કે મનુષ્યનું સર્વાંગી (સંપૂર્ણ) રૂપાંતર, નવીનીકરણ ન થયું હોય તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી. આથી હું તમને વિનંતી કરું છું કે 'દેવના રાજ્યને જોવા'માટે ચર્ચમાં જવાની અને ધાર્મિક-વિધિઓ પાળવાની બાબતને 'નવા જન્મ'નો પર્યાય ગણશો નહીં. તમે પ્રભુ ઈસુનો તમારા તારણહાર ને તમારા જીવનના સ્વામી તરીકે સ્વીકાર કરો એટલે તમને નવા જીવનનો અનુભવ થશે. પ્રભુ પવિત્ર આત્મા તમને તમારી જૂની આદતો અને વૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરાવવા તેમને મદદ કરશે અને ચર્ચમાં જવાના સાચા મહત્ત્વનું વધારે ભાન કરાવશે.

મારી તમને સલાહ છે કે, બાઈબલમાંથી સંત પાઉલે લખેલા ''રોમનોને પત્ર''ના દશા અધ્યાયની નવમી કલમને વિશ્વાસપૂર્વક વાંચો. તેમાં તારણ પામવાની, 'નવો જન્મ' પામવાની રીત બતાવી છે. પ્રભુ ઈસુને તમારું જીવન સોંપયા પછી તમને જાતે જ ખાતરી થશે કે તમારું જીવન 'નવું' બની રહ્યું છે.

## ૬૬. થોડા સમય પહેલાં હું ખ્રિસ્તી બન્યો, પણ....

થોડા સમય પહેલાં હું ખ્રિસ્તી તો બન્યો પરંતુ મારી જે સમસ્યા હતી તે એવીને એવી જ છે, આથી મને થાય છે કે ખરેખર હું ખ્રિસ્તી બન્યો છું કે નહીં ?! સાચું કહું તો, જ્યારથી હું ખ્રિસ્તી બન્યો છું ત્યારથી મારી મુશ્કેલીઓમાં વધારો જ થયો છે. શું ખ્રિસ્તી બન્યાથી આપણી સમસ્યાઓનો અંત આવવો જોઈએ નહીં ?

ભાઈ, આપણા વિશ્વાસના પ્રમાણમાં આપણી સમસ્યાઓનો અંત આવે છે ખરો, પરંતુ આપણે ઈચ્છીએ છીએ એવી જ રીતે નહીં ! રાઈના દાણા જેટલો વિશ્વાસ પહાડને ઊંચકીને સમુદ્રમાં ફેંકી શકે છે, પરંતુ

પરમેશ્વરની ઈચ્છા હોય તો !! સંત પાઉલે તેમનાં દેહના કાંટાને દૂર કરવાં ત્રણ વખત વિનંતી કરી. ત્રણેય વખત તેમણે પોતાની સમસ્યા દૂર થશે એવા વિશ્વાસ સહિત પ્રાર્થના કરી હશે એમાં શંકા નથી, પરંતુ તેમની એ સમસ્યા (માંદગી) દૂર થઈ નહીં ! પરમેશ્વરે સંત પાઉલની પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં કહ્યું : ''તારે તો માત્ર મારી કૃપાની જરૂર છે. કારણ કે, જ્યારે તું નિર્બળતાનો અનુભવ કરે છે, ત્યારે મારું સામર્થ્ય પૂર્ણરૂપે પ્રગટ થાય છે.'' (કરિંથીઓને બીજો પત્ર, ૧૨-૯).

બાઈબલ કહે છે : ''આપણને ઘણાં સંકટમાં થઈને દેવના રાજ્યમાં જવું પડે છે'' (પ્રેરિતોનાં કૃત્યો, ૧૪:૨૨). અહીં જણાવવામાં આવ્યું છે કે જો ખ્રિસ્તીઓએ દેવના રાજ્યમાં પ્રવેશ કરવો હોય તો માર્ગમાં અનેક સંકટો વઠવાં પડે છે. બાઈબલ આપણને શીખતું નથી કે ખ્રિસ્તીઓને માથે દુઃખ આવશે નહીં. પરંતુ તેમને સંકટના સમયમાં, કુદરતી આફતની વેળાએ, કટોકટીમાં કે કોઈ પ્રિયજનના મૃત્યુ વખતે દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરવામાં આવશે; જે શક્તિ અને ધીરજ ખ્રિસ્તરહિત લોકો પાસે હશે નહીં.

પ્રભુ ઈસુને સોંપાયા પછી પ્રત્યેક ખ્રિસ્તીની એક સૌથી મોટી સમસ્યાનો અંત જરૂર આવે છે. એ સમસ્યા છે પાપની અને પાપને લીધે નરકાગ્નિમાં જવાની સજાની ! નરકાગ્નિની સજાથી ખ્રિસ્તીને મળેલી મુક્તિ અંગે સંત પાઉલ તેમના કોરિંથીઓને લખેલા બીજા પત્રના પાંચમા અધ્યાયની એકવીસમી કલમમાં લખે છે : '' ....ખ્રિસ્ત પોતે નિષ્પાપ હતા, છતાં આપણા માટે ઈશ્વરે તેમને પાપરૂપ કર્યા, જેથી ખ્રિસ્તની સાથેના સંબંધથી આપણે ઈશ્વરના ન્યાયીપણાના ભાગીદાર બનીએ.''

## ૬૭. હું ખ્રિસ્તી નથી, છતાં સુખી છું અને બીજા....

મારા સાંભળવામાં આવ્યું છે કે, ખ્રિસ્તી બનીએ તો જ સુખ મળે, પરંતુ હું ખ્રિસ્તી નથી છતાંય મને મારા મિત્રો માંથી, મોજ-મઝામાંથી અને અનેક પ્રવૃત્તિઓમાંથી સુખ મળે છે. મને કેટલીક વખત ખ્રિસ્તી બનવાનો વિચાર આવે છે, પરંતુ મારી આજુબાજુનાં ખ્રિસ્તી લોકોને જોઉં છું, ત્યારે તે લોકો મને દુઃખી લાગે છે. તેમનો ધર્મ તેમની જિંદગીનો આનંદ ઝૂંટવી લઈ

તેમને દુઃખી કરતો લાગે છે ! શું આનંદ વિનાનું દુઃખી જીવન, એ ખ્રિસ્તી જીવનનો એક ભાગ છે ?

ના !!! તમે જે દ્રષ્ટિથી ખ્રિસ્તીઓને જુઓ છો, તે દ્રષ્ટિને 'ટૂંકી નજર' કે 'ટૂંકી દ્રષ્ટિ'નો રોગ લાગ્યો છે, આથી તમને નજીકની વસ્તુઓ જ દેખાય છે. અને જે દૂરનું છે તે બરાબર દેખાતું નથી ! બાઈબલમાં જેનો ઉલ્લેખ થયો છે તે 'ઉડાઉ દીકરા'ને પણ આંખનો આવો જ રોગ લાગેલો અને જે સાચું સુખ નથી તેને સાચું સુખ માની બેઠેલો ! (વાંચો : લૂકની સુવાર્તા, પંદરમા અધ્યાયની કલમો, ૧૧ થી ૩૧).

અને બીજી વાત ! સાચું ખ્રિસ્તીપણું કોઈ એક મનુષ્યમાં કે મનુષ્ય-સમૂહમાં ભાગ્યે જ જોવા મળે છે. કેટલાંક મનુષ્યો એવાં છે, જે સુખ અને આનંદને માત્ર જગતની વસ્તુઓ જ માને છે અને તેનાથી દૂર રહેવાના પ્રયત્નો કરે છે, જ્યારે બીજાં કેટલાંક લોકો, જગતની વસ્તુઓ માં જ સુખ તથા આનંદનો અનુભવ કરે છે ! પરંતુ સાચા ખ્રિસ્તીના આનંદ અને સુખનો આધાર સમય અને સંજોગો પર હોતો નથી. સમય અને સંજોગો તો નિત્ય બદલતાં રહે છે. સંત પાઉલ લખે છે : ''ઈશ્વરના મહિમાના ભાગીદાર થવાની આશાથી આપણે આનંદ કરીએ છીએ. એટલું જ નહીં, મુશ્કેલીઓમાં પણ આનંદ કરીએ છીએ.'' (રોમનોને પત્ર, ૫:૩). અને તે આગળ લખે છે :'' ....આપણને તેમના મિત્રો બનાવવામાં આવ્યા છે. હવે આપણે ઈશ્વરના મિત્રો બન્યાં છીએ, તેથી ખ્રિસ્તના જીવનથી વિશેષ બચીશું એ કેટલું ખાતરીપૂર્વક છે ! એટલું જ નહીં, ઈશ્વરનાં મિત્ર બન્યાં હોવાને લીધે આપણા પ્રભુ ઈસુની મારફ્તે ઈશ્વરમાં આનંદ કરીએ છીએ.''(૫:૧૦-૧૧)

ભાઈ, મારી તો તમને ભલામણ છે કે આભાસી, ઝાંઝવાનાં જળ પીવાના પ્રયત્ન કરવાને બદલે જીવતાં પાણી પીવાને માટે તમે પ્રભુ ઈસુને તમારું જીવન સોંપો. હું ખાતરી પૂર્વક કહું છું કે, તમને ફરીથી કદી તરસ લાગશે નહીં અને ઝાંઝવાના નીર પાછળ દોડવાનું બંધ થઈ જશે !(વાંચો, યોહાનની સુવાર્તા, ચોથો અધ્યાય, ૫ થી ૪૨ કલમો).

## ૬૮. મારો ઉછેર, ખ્રિસ્તી કુટુંબમાં થયો, પરંતુ.....

મારો ઉછેર એક ખ્રિસ્તી પરિવારમાં થયો, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુંડા ટોળીમાં ભળીને ન કરવાનાં કામ મેં કર્યા છે. હમણાં થોડા સમય પહેલાં મને એક ઘણી જ સારી છોકરીનો પરિચય થયો છે અને મને સારા બનીને સારું જીવન જીવવાની ઈચ્છા ઉત્પન્ન થઈ છે. હું મારા કાળા ભૂતકાળ ને ભૂલવા માગું છું. કોઈ માર્ગ હોય તો મને બતાવશો.

સાચા હૃદયથી પશ્ચાતાપ કરો. પ્રભુના ચરણોમાં નમ્રતાપૂર્વક આવો અને તમે કરેલી સઘળી ભૂલો માટે તેમની ક્ષમા માગો ! જો કે પરમેશ્વરની ક્ષમા પ્રાપ્ત કરવાની તમારી કે મારી કોઈ યોગ્યતા નથી, પરંતુ પરમેશ્વર પ્રેમાળ પિતા છે, આથી જો સાચા હૃદયથી ક્ષમા માગીએ અને ફરીથી એવી ભૂલો (પાપ) ન કરવાનો નિર્ધાર વ્યક્ત કરીએ તો પરમેશ્વર આપણને ગમે તેવા ભયંકર પાપની પણ ક્ષમા આપે છે !

પ્રભુ ઈસુએ મારા અને તમારા જેવા બધા જ પાપીઓ માટે સજા ભોગવી છે, આથી જો તેમને આપણા જીવનની સોંપણી કરીએ તો આપણા કલંકિત જીવનના સઘળા ડાઘ ભૂંસી નાખીને નવું જીવન આપે છે તથા પાપવૃત્તિ સામે લડવા માટેની શક્તિ આપે છે અને આપણું રક્ષણ કરે છે.

ભાઈ, તમે પણ સંત પાઉલની જેમ નિર્ધાર કરો કે, ''જે મારી પાછળ છે તેને હું ભૂલી જાઉં છું અને જે આગળ છે તે તરફ પહોંચવાને હું મારાથી બનતું બધું જ કરું છું (અને) તેથી હું નિશાન તરફ સીધો જ દોડું છું, કે જેથી મને ઈનામ મળે'' (ફિલિપીઓને પત્ર, ૩:૧૩-૧૪).

પ્રભુ ઈસુ કહે છે : ''માર્ગ, સત્ય અને જીવન હું છું. મારા સિવાય પિતા પાસે જવાનો બીજો કોઈ માર્ગ નથી.'' (યોહાનની સુવાર્તા, ૧૪:૬). તો આજથી જ એ 'માર્ગ' પર ચાલવાનું શરૂ કરો. ચલાશે કે નહીં, તેની ચિંતા કરશો નહીં, કારણ કે એક વખત તમે શરૂ કરશો એટલે જરૂરી શક્તિ અને સહાય તમને મળતાં રહેશે.

# પ્રકરણ : ૮

# પ્રલોભનોથી બચવાના ઉપાય

## ૬૯. મારે સારું જ કરવું છે, પણ....

મારે સારા બનવું છે અને સારાં કામ કરવાં છે પરંતુ પ્રલોભનો સામે હું ટકી શકતો નથી ! આ પ્રલોભનોથી બચવાનો કોઈ માર્ગ છે ?

ભાઈ, સંત પાઉલને પણ તમારા જેવો જ પ્રશ્ન થયો હતો ! પવિત્ર શાસ્ત્ર બાઈબલ કહે છે : ''ન્યાયી હોય એવો એક પણ માણસ નથી. ઈશ્વરની શોધ કરનાર અથવા તેમને સમજનાર કોઈ નથી. બધા ઈશ્વર તરફ પીઠ ફેરવીને માર્ગ ભૂલ્યા છે. સારું કામ કરનાર કોઈ નથી. હા, એકપણ નથી'' (રોમનોને સંત પાઉલનો પત્ર, ૩:૧૧,૧૨).

માનવ સ્વભાવની નિર્બળતાનું વર્ણન કરતાં સંત પાઉલ એ પત્રમાં લખે છે : ''જો કે, મારામાં સારું કરવાની તમન્ના તો છે, તો પણ હું તેમ કરી શકતો નથી. જે સારું મારે કરવું જોઈએ, તે હું કરતો નથી. એથી વિપરિત, જે ખરાબ મારે કરવું ન જોઈએ તે હું કરું છું. જે મારે કરવું ન જોઈએ તે હું કરું, તો એનો અર્થ એ થાય કે, એ તો હું નહીં, પણ મારામાં વસતું પાપ તે કરે છે.'' (૭: ૧૮થી ૨૧). એટલે, તમારા અને મારા પ્રશ્નનું મૂળ પાપ છે. જો આપણને હેરાન કરતા પ્રશ્નથી છૂટવું હોય તો 'પાપ'ના પ્રશ્નનું પ્રથમ નિરાકરણ કરવું પડે. અને તે પ્રશ્નના સમાધાનનો એક જ માર્ગ, પ્રભુ ઈસુ છે ! તે કહે છે : ''માર્ગ, સત્ય અને જીવન હું છું. મારા સિવાય પિતા (ઈશ્વર) પાસે જવાનો બીજો કોઈ માર્ગ નથી.'' (યોહાનની સુવાર્તા, ૧૪:૬).

આપણે જ્યારે પાપના અને શેતાનના ગુલામ બની અનંતકાલિક મૃત્યુ, એટલે નરક તરફ ઘસડાઈ રહ્યા હતા, ત્યારે પરમેશ્વરને આપણી અવદશા પર કરુણા ઉત્પન્ન થઈ અને આપણા બચાવને માટે એક યોજના તૈયાર કરી. તેમની યોજના પ્રમાણે પ્રભુ ઈસુએ આપણી મુક્તિને માટે પોતાનું બલિદાન આપવાનું હતું અને પ્રભુ ઈસુએ તે પ્રમાણે કર્યું ! હવે આપણે તો

આપણા જીવનનાં પાપોનું પ્રાયશ્ચિત કરીને તેમને મુક્તિદાતા અને માલિક તરીકે શ્રદ્ધાપૂર્વક સ્વીકારવાના છે. તે આપણને સર્વ રોગ, દુઃખ અને પ્રલોભનોથી બચાવવાને તથા પાપનો પ્રતિકાર કરવાની શક્તિ આપવાને સર્વશક્તિમાન દેવ છે.

શેતાનને આપણી નિર્બળતાઓની ખબર હોય છે, આથી જ્યારે આપણી સામે લાલચો અને પ્રલોભનો ઊભાં કરે, કે બૌદ્ધિક દલીલો કરીને આપણને હરાવવાના પ્રયત્નો કરે ત્યારે તરત જ પ્રભુ ઈસુની સહાય માગો.

ઘણી વખત શેતાન આપણા વિશ્વાસને તોડી નાખવાના અને ગુલામ બનાવવાના પ્રયત્નો કરતો હોય છે. પ્રભુ ઈસુની પણ તેણે બાઈબલનાં વચનોનો ઉપયોગ કરી કસોટી કરેલી, પરંતુ પ્રભુ ઈસુએ બાઈબલનાં જ વચનોના ઉપયોગ વડે શેતાનની મુક્તિને નિષ્ફળ બનાવી હતી. આપણે પણ બાઈબલનાં વચનરૂપી બેધારી તલવાર ગ્રહણ કરી શેતાનનો સામનો કરતાં શીખવું જોઈએ. 'ગીતશાસ્ત્ર'ના ભક્તકવિ, રાજા દાઉદ પરમેશ્વરનાં વચનોની મહત્તા પ્રગટ કરતાં લખે છે : ''હું તમારી વિરુદ્ધ પાપ ન કરું, માટે મેં તમારું વચન મારા હૃદયમાં રાખી મૂક્યું છે.'' (૧૧૯:૧૧)

## ૭૦. હું ખ્રિસ્તી છું, છતાંય....

હું ખ્રિસ્તી છું અને નિયમિત પ્રાર્થના તથા બાઈબલ વાંચન કરું છું. હમણાં હમણાંથી મારા મનમાં દૂષ્ટ વિચારો આવવા લાગ્યા છે. એ ખરાબ વિચારોને મનમાં આવતા રોકવાના પ્રયત્નો કરું છું, પણ રોકાતા નથી. મારે તે રોકવા શું કરવું જોઈએ ?

તમને અત્યારે જે થઈ રહ્યું છે, તે સ્વાભાવિક છે. તમારા જેવો અનુભવ ઘણાને થાય છે, કારણ કે એ શેતાનનું કાવતરું છે. તમારા મનમાંથી પરમેશ્વરના વચનોનાં 'બીજ'ને નષ્ટ કરવાની અને તમને પોતાના ગુલામ બનાવવાની ચાલ છે ! શેતાનને લાગે છે કે, તે તમારો શિકાર સહેલાઈથી કરી શકશે, આથી તમને જીતી લેવાના આ પ્રયત્નો છે.

ખ્રિસ્તી અને અખ્રિસ્તી બંનેના મનમાં દૂષ્ટ વિચારો પ્રવેશ કરે છે,

પરંતુ ખ્રિસ્તી અને અખ્રિસ્તીમાં અંતર એ છે કે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત આવી ક્ષણોમાં પોતાના ભક્તનું રક્ષણ કરે છે. તે પોતાના ભક્તને સારા-નરસાનું ભાન કરાવે છે અને સારા તરફ જવાની પ્રેરણા આપે છે. એક ભાઈ રવિવારને દિવસે પોતાનું બાઈબલ લઈને દેવળમાં જવા તૈયાર થયા, ત્યારે તેમના મનમાં ટી.વી. પર આવનાર કોઈ 'મેચ' જોવાની ઈચ્છા ઉત્પન્ન થઈ અને દેવળમાં જવાનું માંડીવાળવાનો વિચાર આવ્યો, પરંતુ તેમને યોગ્ય નિર્ણય કરવાની શક્તિ પ્રાપ્ત થઈ અને તે દેવળમાં ગયા. જ્યારે બીજા એક ભાઈ જે ખ્રિસ્તી ન હતા, તેમના મનમાં રાત્રે દારૂ પીવા જવાની ઈચ્છા થઈ અને રાત્રે પોતાનાં પત્ની-બાળકોને સૂતાં છોડી દારૂ પીવા ચાલ્યા ગયા ! તેમના મનમાં ન જવા વિશે બીજો વિચાર જ ઉત્પન્ન થયો નહીં !

મનમાં સારા કે નઠારા વિચારો ઉત્પન્ન થાય છે તે મહત્વનું નથી. મહત્ત્વનું તો એ છે કે તમે કેવો નિર્ણય લો છો ! બાઈબલ આપણને આશ્વાસન આપે છે કે, ''દેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહીં, પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકારાનો માર્ગ પણ રાખશે'' (કરિંથીઓને પાઉલ પ્રેરિતનો પ્રથમ પત્ર, ૧૦:૧૩).

એક નાની છોકરી કહે છે : ''જ્યારે શેતાન મારો દરવાજો ખટખટાવે છે, ત્યારે દરવાજો ખોલવા હું નથી જતી, પરંતુ પ્રભુ ઈસુને મોકલું છું !''

## ૭૧. ગયા ઉનાળામાં મેં પ્રભુને જીવન સોંપ્યું, પણ....

ઘણો વર્ષો સુધી હું દૂષ્ટ જીવન જીવ્યો અને ગયા ઉનાળામાં મેં મારું જીવન પ્રભુ ઈસુને સોંપ્યું છે, પરંતુ હજુ સુધી મને દારૂ પીવાની લાલચ થયા કરે છે. મને માર્ગદર્શન આપશો ?

જે પરમેશ્વરે તમારા જીવનનું વહેણ બદલી નાખ્યું, તે જ પરમેશ્વર દારૂ પીવા માટે તમને થતી લાલચ પણ દૂર કરશે. અહીં હું તમને એક ચેતવણી આપવા માગું છું. તમને તારણ પામ્યા પછી પણ દારૂ પીવાની ઈચ્છા થાય છે, આથી તમે તમારું તારણ નથી થયું અથવા તારણ થયાનો માત્ર ભાસ થયો છે અને સાચું 'તારણ' નથી થયું એવું માનશો નહીં. આવી બૂરી

આદતોની અસર મનુષ્યના શરીર અને મન, બંને પર પડતી હોય છે. મદ્યપાન કરવાની આદત એ એક પ્રકારની માંદગી છે, જે આપણી પાપવૃત્તિમાંથી જન્મ લે છે. અત્યારે પણ તમને દારૂ પીવાની તલબ (તલપ) લાગે છે કારણ કે ઘણી જૂની આદતે તમારા શરીર પર કરેલી અસરનું પરિણામ છે. તમારે હવે કેવળ પ્રભુ ઈસુની શક્તિ પર આધાર રાખવાનો છે જે તમને થતી લાલચ કરતાં વધારે શક્તિમાન છે.

બીજું, હવે તમારે આત્માને સમદ્ધ કરે એવો આત્મિક ખોરાક ખાવો જોઈએ. અને એ ખોરાક તમને બાઈબલના વ્યવસ્થિત અભ્યાસ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. દેવળમાં કે બીજે અપાતા 'સંદેશા' (બોધ), આત્મિક આરોગ્ય માટે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તે વ્યવસ્થિત કરાતા બાઈબલના અભ્યાસનું સ્થાન લઈ શકે નહીં. સંત પિતર કહે છે : ''નવા જન્મેલા બાળકની જેમ નિર્મળ આત્મિક દૂધ પીવાને સદા તત્પર રહો કે જેથી તમારી વૃદ્ધિ થાય અને તમે ઉદ્ધાર પામો'' (પ્રથમ પત્ર, ૨:૨).

અને ત્રીજી બાબત, નિત્ય પ્રાર્થના કરતા રહો. જ્યારે તમને તલપ લાગે ત્યારે તરત જ પ્રાર્થના દ્વારા પરમેશ્વરનો સંપર્ક સાધો. જ્યારે તમે પ્રાર્થના માધ્યમથી પરમેશ્વર સાથે જોડાયલા હશો, ત્યારે શેતાનનું જોર ચાલશે નહીં અને તેને નાસી જવું પડશે ! પ્રાર્થનામાં તમે તમારી બધી જ અરજો અને ગરજો પ્રભુ ઈસુને જણાવો. તે જરૂર તારી સહાય કરશે.

## ૭૨. મારા બોસ મારી સાથે અડપલાં કરે છે....

ઘણી વખત અમારી ઓફિસના કામ અંગે મારે મારા બોસની સાથે કારમાં જવું પડે છે ત્યારે, માર્ગમાં તે મારી સાથે ઘણી વખત અડપલાં કરી જાય છે. ઓફિસમાં હોઈએ છીએ ત્યારે એવું કાંઈ કરતા નથી. પરંતુ જો હું સાવધ ન રહું તો મારી નોકરી અથવા આબરૂ બેમાંથી એક જવાનો ભય મને લાગ્યા કરે છે. એક ખ્રિસ્તીનારી તરીકે મારે શું કરવું જોઈએ ?

બહેન, ખ્રિસ્તી નારી જ નહીં, પરંતુ કોઈ પણ નારીએ પોતાના સ્વમાન અને નારીત્વની રક્ષા માટે જાગૃત રહેવું જોઈએ. મારું માનવું છે કે, જો તમે મક્કમતાપૂર્વક તમારા બોસને જણાવી દેશો કે તેમનો વ્યવહાર

તમને બિલકુલ પસંદ નથી, તો તમારી સાથે કરાતી છેડછાડ બંધ થઈ જશે અને તમારી નોકરી પણ સલામત રહેશે. પરંતુ પોતાના સ્વમાન અને ચારિત્ર્યની રક્ષાને માટે જો નોકરી જાય, તો તેને નુકશાન થયું એમ ન ગણી શકાય. આપણા (અમેરિકન) સમાજનું નૈતિકસ્તર ઘણું નીચું થઈ ગયું છે તેને લીધે તમે જણાવી છે એવી અડપલાંબાજીને ગંભીરતાથી જોવામાં આવતી નથી. આજે આપણે ખ્રિસ્તીઓએ ધાર્મિક અને નૈતિક ધોરણોની રક્ષા માટે દૃઢતાપૂર્વક ઊભા થવાનું છે, કારણ કે ચારિત્ર્યની શુદ્ધતા, એ ખ્રિસ્તીપણાનો મુખ્ય આધારસ્તંભ છે. પોતાનું શીલ ગુમાવવું પડે તેની તુલનામાં નોકરી ગુમાવવી પડે તેનો અફસોસ કરાય નહીં. સામી વ્યક્તિની અયોગ્ય માંગણીઓનો મક્કમતા પૂર્વક ઈનકાર કરવામાં આવે તો, તેનાથી હાનિ નહીં, પરંતુ લાભ જ થતો હોય છે. કોઈ પુરુષ તમારો લાભ લેવાનો પ્રયત્ન કરે, પરંતુ જો તમે દૃઢતાથી તમારી નૈતિક માન્યતાઓને વળગી રહો તો તેથી તમને તથા એ પુરુષને લાભ થશે. મને એક ઘટનાની ખબર છે કે જેમાં એક ખ્રિસ્તી યુવતીએ એક પુરુષની અયોગ્ય માગણીનો સ્પષ્ટતાપૂર્વક ઈન્કાર કર્યો અને પોતાના ખ્રિસ્તી આચરણ વડે તે પુરુષને પ્રભુઈસુના ચરણોમાં લાવી શકી.

# પ્રકરણ : ૯

# જીવનની નિષ્ફળતા અને એકલતાનું ઔષધ

## ૭૩. બધા મને ગુનેગાર માને છે, પરંતુ....

મારા પર અપ્રામાણિક્તાનો ખોટો દોષ મૂકવામાં આવ્યો છે અને બધા લોકો મને ગુનેગાર માને છે. પરંતુ મારા પરમેશ્વર જાણે છે કે હું અપ્રામાણિક નથી અને જે દોષ મારા પર મૂકવામાં આવ્યો છે તે ખોટો છે. જ્યારે બધા જ લોકો મારા દુશ્મન બન્યા છે, ત્યારે મારે શું કરવું જોઈએ ?

સામાન્ય રીતે લોકો માણસના બાહ્ય દેખાવ અને પોતાની માન્યતાઓની દ્રષ્ટિથી ન્યાય કરતા હોય છે. અફવાનો પ્રચાર કરવા માટે કશી સાબિતીની જરૂર પડતી નથી. આ તો પેલા જૂના ઉખાણાં જેવી વાત છે : ''વા વાયાથી નળિયું ખસ્યું,

તે દેખીને કૂતરું ભસ્યું,
કોઈ કહે મેં દીઠો ચોર,
ઝાઝો થયો ત્યાં શોરબકોર !''

આમ છતાં તમે લોકોની નજરમાં ગુનેગાર તો છો જ, આથી તમારા પર મૂકવામાં આવેલો આરોપ તેમની માન્યતામાંથી એકદમ દૂર થશે નહીં. હવે તમારે તે અંગે જે કરવાનું છે, તે એ કે, તમારે હવેથી વિશેષ સાવધાની પૂર્વક કામ કરવું પડશે અને તમારી પ્રામાણિક્તા પર છાંટા ઉડે એવું કોઈ કામ કરવું નહી, કે જેથી તમારા દુશ્મનોને તમારી વિરુદ્ધ વાતો કરવાનું કારણ મળે ! અને બીજી એક ઘણી જ અગત્યની વાત. આપણે બધાં એ એક દિવસ આપણા પ્રત્યેક કાર્યનો ઈશ્વરના દરબારમાં ઉત્તર આપવો પડશે તેનું ધ્યાન રાખી આપણા વિચાર, વાણી અને વ્યવહારને શુદ્ધ રાખવા પ્રયત્ન કરીએ. જો તમારા પર મૂકવામાં આવેલો આરોપ પાયા વિનાનો

હશે, તો તે દૂર થશે, પરંતુ ત્યાં સુધી તમને લાગેલા કલંક સાથે તમારે જીવવું પડશે. આ દુનિયામાં ઘણાં લોકો એવાં હતાં, જેમણે લાગેલા ડાઘથી મુક્ત થવા માટે મોટો ભોગ આપ્યો છે અને આજે પણ ઘણા લોક પોતાનું સર્વસ્વ આપી દઈને પણ, દોષમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરતાં હોય છે ! તમે તમારી જાતને ધન્ય માનો કે, તમે કહો છો તેમ, તમે પ્રભુની નજરમાં ગુનેગાર નથી ! તમે પ્રભુ ઈસુ પર વિશ્વાસ મૂક્યો છે, આથી તમારે ડરવાનું કાઈ કારણ નથી, કારણ કે બાઈબલ કહે છે : ''ન્યાયી માણસને માથે ઘણાં દુઃખ આવે છે, પણ યહોવા તે સર્વમાંથી તેને છોડાવે છે'' (ગીતશાસ્ત્ર, ૩૪:૧૯)

## ૭૪. ન જાણે કેમ મારા મિત્રો મને છોડી દે છે !

આમ તો મારો દેખાવ કાંઈ ખરાબ નથી ! બુદ્ધિમાં પણ હું સાવ બુદ્ધુ નથી અને બોલવામાં પણ ચબરાક છું, છતાં અત્યાર સુધીમાં જેની-જેની સાથે મારે મિત્રતા થઈ, તે બધા જ મને છોડીને ચાલ્યા ગયા છે. મને મિત્રની ખોટ સાલે છે ! મિત્રો કરવાનો અને મિત્રતા ટકાવી રાખવાનો જો કોઈ છૂપો કીમિયો (જાદુ) હોય તો મને બતાવશો.

મિત્રો બનાવવાનો અને મિત્રતા ટકાવી રાખવાનો કોઈ છૂપો કીમિયો કે જાદુ નથી ! તમારા લખ્યા પ્રમાણે ઘણા સાથે તમારે મિત્રતા થઈ, પણ બધા જ ધીમે-ધીમે તમને છોડીને જતા રહ્યા. તમારા આ લખાણ પરથી મને લાગે છે કે, વાંક તમારો છે, માઠું લગાડશો નહીં ! સાચું કહું ? તમે માત્ર સ્વાથી છો અને સ્વાર્થપૂરતી જ તમે મિત્રતા રાખો છો આથી તમારા મિત્રો તમને છોડી દે છે. જો તમારે મિત્રતા ટકાવી રાખવી હોય તો તમારે નિઃસ્વાર્થભાવે મિત્રતા રાખવી જોઈએ. મિત્રતાનો સાચો આનંદ કાંઈક મેળવવાની આશામાં નહીં, પરંતુ મિત્રને કાંઈક આપવામાં સમાયો છે ! મારી આ વાત કદાચ તમારે ગળે ઊતરશે નહીં, પણ મિત્ર મેળવવાનો અને મિત્રતા ટકાવી રાખવાનો આ જ એક માત્ર માર્ગ છે ! પાવિત્રશાસ્ત્ર બાઈબલ આ જ વાતને સમર્થન આપે છે. ''આપણે પરમેશ્વરને પ્રેમ કરીએ છીએ, કારણ કે તેમણે આપણને પ્રથમ પ્રેમ કર્યો.'' એ જ સાચો પ્રેમ, નિઃસ્વાર્થ પ્રેમ હતો કે, જેથી પ્રભુ

ઈસુએ આપણી સજા પોતાના માથે લીધી અને પોતાના સર્વસ્વનું આપણે માટે બલિદાન આપ્યું ! તમને કદાપિ લાગશે કે આ ધાર્મિક ઉદાહરણ સાથે તમારે કાંઈ લેવા દેવા નથી; પરંતુ લેવાદેવા છે ! કારણ કે, દેવ વિનાનો મનુષ્ય કેવળ સ્વાર્થનું પૂતળું હોય છે. જ્યારે પ્રભુ ઈસુની કૃપાથી મનુષ્યને નવું જીવન પ્રાપ્ત થાય છે, ત્યારે એ સ્વાર્થના પૂતળાનું પરમાર્થની પ્રતિમાના રૂપમાં પરિવર્તન થાય છે ! તે પોતે તો બળી જાય છે, પરંતુ બીજાને પ્રકાશ આપવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે !

## ૭૫. હું કદરૂપી નથી પણ.....

હું દેખાવડી ક્રિશ્ચિયન છોકરી છું અને લગ્ન કરવા માટે ઉત્સુક છું, છતાં કોઈ યુવક સાથે 'પરિચય-મિલાપ' ગોઠવાતો નથી; આથી હું જીવનમાં નિરાશા અનુભવું છું. નૈતિક્તાની ચૂસ્ત આગ્રહી છોકરી સારા દેખાતા, છોકરા સાથે સામે ચાલીને 'પરિચય-મિલાપ' ગોઠવે તો કેવું ?!!

એ બરાબર નથી. તમારા જેવી છોકરીને માટે ગમે તેવો છોકરો ચાલે નહીં. તમે ધ્યાનમાં રાખજો કે, મોટા ભાગનાં 'પરિચય-મિલાપ' કેવળ શારીરિક આકર્ષણથી જ ગોઠવાતા હોય છે અને નૈતિક તથા આધ્યાત્મિક બાબતોને ધ્યાનમાં રાખીને તો ભાગ્યે જ ગોઠવાતા હોય છે ! જેણે પ્રભુ ઈસુને પોતાનું જીવન સોંપ્યું છે, એવી છોકરીને પોતાના રૂપરંગ કે શારીરિક સૌષ્ઠવથી પોતાના તરફ આકર્ષાય એવા યુવક કરતાં તેના આંતરિક સૌંદર્યને નિહાળી શકે, એવા યુવકની આવશ્યક્તા હોય છે.

એક ખ્રિસ્તી યુવતી તરીકે તમારે શ્રદ્ધા રાખવાની છે કે, તમારા માટે પરમેશ્વરે જાતે જ તમારા જીવનનો પ્લાન (યોજના) બનાવી રાખ્યો છે. બાઈબલના સમયના એક રાજાને દેવે કહ્યું હતું કે, ''મેં તો તારું નામ લઈને તને બોલાવ્યો છે, જો કે તેં મને ઓળખ્યો નથી, તો પણ મેં તને અટક આપી છે'' (યશાયા, ૪૫:૪).

બહેન, તમે તો તેમનું (દેવનું) નામ જાણ્યું છે અને તેમની આધીનતામાં પણ આવ્યાં છો ત્યારે, તે (દેવ) તમારે માટે સઘળું સારું જ

નહીં, શ્રેષ્ઠ કરશે તેની ખાતરી રાખજો. જેને તમારો પતિ થવા બનાવ્યો નથી, એવા કોઈ પણ યુવક સાથે લગ્ન કરવાથી તમે કદી સુખી થવાનાં નથી. મારી તો તમને સલાહ છે કે, ભવિષ્યની ચિંતા કરીને નિરાશના આવરણ નીચે દુ:ખી થવાને બદલે તમારા પ્રશ્નો પ્રભુ ઈસુના ચરણોમાં લાવો અને તે તમારા સઘળા પ્રશ્નો વિશે માર્ગદર્શન આપી યોગ્ય નિર્ણય લેવા માટે તમને કૃપા પૂરી પાડશે.

## ૭૯. મારાં ભાઈ-બહેન અતિશય બુદ્ધિશાળી છે અને.....

હું મારાં ભાઈબહેન જેટલો તીવ્ર બુદ્ધિશાળી નથી. અમારા ચર્ચમાં કામ કરવાની તેમને ઘણી તક મળે છે, પરંતુ મને તો ક્યારેક જ એવી તક મળે છે. પરમેશ્વર તેમનો ઘણો જ ઉપયોગ કરે છે અને મારો એવો ઉપયોગ કરતાં નથી, આથી મને જીવનમાં નિરાશા ઉત્પન્ન થાય છે. એ નિરાશા દૂર કરવાનો કોઈ માર્ગ છે તમારી પાસે ?

ના. મારી પાસે તો નથી પરંતુ પ્રભુ ઈસુ પાસે છે. તેમને તમારી નિરાશા દૂર કરવા વિનંતી કરો. મારું તો માનવું છે કે તમે જણાવી છે એવી બાબત અંગે કોઈ પણ ક્રિશ્ચિયન નિરાશ કે હતાશ થવું જોઈએ નહીં, કારણ કે જગતના કામોમાં તીવ્ર સ્પર્ધા કરી શકાય, પણ દેવની સેવાનાં કાર્યોમાં નહીં ! પવિત્રશાસ્ત્ર બાઈબલ આપણને સ્પષ્ટ જણાવે છે કે ''જે કોઈને ઘણું આપેલું છે, તેની પાસેથી ઘણું માગવામાં આવશે, અને જેને ગણું સોંપેલું છે, તેની પાસેથી વધારે માગવામાં આવશે'' (લૂક, ૧૨:૪૮). પરમેશ્વરની આપણી પાસેથી અપેક્ષા છે, કે જે કાંઈ તેમણે કૃપાદાનના રૂપમાં આપ્યું છે. તે સર્વનો તેમના મહિમા માટે ઉપયોગ કરીએ. તમારાં ભાઈ અને બહેન પોતાની સંપૂર્ણ આવડત અને સંપૂર્ણ શક્તિથી પરમેશ્વરની સેવા કરતાં હોય અને તમે પણ તમારી સંપૂર્ણ આવડત અને સંપૂર્ણ શક્તિથી પરમેશ્વરની સેવા કરતા હો, તો તમારે નિરાશ થવાની જરૂર નથી. માથ્થીની સુવાર્તાના બારમા અધ્યાયમાં ત્રણ ચાકરોનો ઉલ્લેખ થયો છે. જેને પાંચ 'તાલંત'અપાયા હતા તેને પોતાના માલિક તરફથી જે શાબાશી અને ઈનામ મળ્યાં, એવી જ શાબાશી અને ઈનામ જેને બે 'તાલંત'અપાયા હતા તે ચાકરને પણ મળ્યાં. આ દ્રષ્ટાંત દ્વારા પ્રભુ ઈસુ આપણને શીખવવા માગે છે કે, પરમેશ્વરની

નજરમાં વફાદારી પૂર્વક કરેલી સેવાનું મહત્ત્વ છે. તમારી બુદ્ધિ અને આવડત મુજબ જો તમે વફાદારી પૂર્વક પરમેશ્વરની સેવા કરો તો તમે પણ પ્રભુની નજરમાં 'સારા તથા વિશ્વાસુ ચાકર' ગણાશો તેની મને ખાતરી છે. કેટલાંક ખ્રિસ્તીઓ પોતાનાં 'તાલંત'નો ઉપયોગ લોકોની શાબાશી તથા પ્રશંસા પ્રાપ્ત કરવા માટે કરે છે અને પરમેશ્વર તરફથી મળનાર પુરસ્કાર ગુમાવી દે છે ! જ્યારે બીજા કેટલાંક, તેમને મળેલાં તેમનાં તાલંતનો ઉપયોગ કાલ્પનિક ભયને કારણે પોતાનાં 'માલિક'ની સેવામાં કરી શકતાં નથી ! આ બન્ને પ્રકારના ખ્રિસ્તીઓ પરમેશ્વરની દ્રષ્ટિમાં ગુનેગાર છે !

## ૭૭. એક અકસ્માતને કારણે મારો ચહેરો કદરૂપો થયો....

એક જીવલેણ અકસ્માતને કારણે મારા ચહેરા પર કેટલાક ઘા થયા અને તેને લીધે મારો ચહેરો કદરૂપો અને વિચિત્ર બની ગયો છે. હવે મને ઘર બહાર નિકળતાં ઘણી જ શરમ લાગે છે. હું શું કરું ?!

મારું તો માનવું છે કે, ઘરમાં પૂરાઈ રહેવાને બદલે તમારે બહાર આવવું જોઈએ અને તમે જેવાં છો, તેવાં જ લોકોને જોવા દો. જો તમે તમારા કદરૂપા બનેલા ચહેરાની ચિંતા કરીને ઘરમાં જ ભરાઈ રહેશો, તો તમે ગૂંગળામણ અનુભવવા લાગશો અને નિરાશા તારા જીવનને ઘેરી લેશે.

તમારી સામે જે વિકટ પ્રશ્ન અત્યારે ઊભો છે, તે એ છે, કે લોકોની સમક્ષ કેવી રીતે બહાર આવવું !પવિત્રશાસ્ત્ર બાઈબલમાં પરમેશ્વર આપણને કહે છે : ''તું બીમા, હું તારી ઢાલ તથા તારું મોટું પ્રતિદાન છું'' (ઉત્પત્તિ, ૧૫:૧). જ્યારે તમે ઘર બહાર નીકળો, ત્યારે કલ્પના કરો કે પરમેશ્વર તમારી આગળ-આગળ ચાલે છે ને તે લોકોની આંખો ખોલે છે, આથી લોકો તમારું બાહ્ય નહીં, પણ આંતરિક સૌંદર્ય નિહાળે છે! મનુષ્યનું સાચું સૌંદર્ય તેના શરીરનું નહીં, પણ તેના આત્માનું, તેના ચારિત્ર્યનું છે, જેને વૃદ્ધાવસ્થાની માઠી અસર થતી નથી ! તમે જીવનની કરુણતા અને નશ્વરતાનો અનુભવ કર્યો છે, આથી બજાં લોકોની લાચારીને બરાબર સમજીને તેમના પ્રત્યે તમારી સહાનુભૂતિ ઘણી જ સારી રીતે વ્યક્ત કરી શકો છો. પોતાનો જ માત્ર વિચાર કરીને ઘરમાં ભરાઈ રહેવાને બદલે દુ:ખી

અને લાચારોની સહાય કરવાના નિ:સ્વાર્થ આશયથી જો તમે ઘર બહાર નીકળવાનો પ્રયત્ન કરશો, તો તમને જરાય અઘરું લાગશે નહીં. બહાર નીકળી લોકોનાં દુ:ખ દર્દની કહાની સાંભળો, તેમના પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરી આશ્વાસનનાં બે શબ્દો કહો અને તેમને હિમ્મત આપો ! આ દુનિયામાં કોને દુ:ખ નથી ?! આનંદથી સહુની સેવા કરો !

## ૭૮. હું એકલતા અનુભવું છું....

જ્યારથી હું શિકાગો શહેરમાં રહેવા આવી છું ત્યારથી હું એકલતાનો શિકાર બની ગઈ છું. મારા પડોશીઓ મારી સાથે બોલતા નથી ! ખ્રિસ્તી ગણાતા આ દેશમાં લોકો આવાં ક્રૂર શા માટે હશે ?!!

બહેન, તમને કદી વિચાર આવ્યો છે, કે તમારી પડોશમાં રહેતું કોઈ મનુષ્ય તમારા જેવી જ એકલતા અનુભવતું હશે ? તમારા પડોશીઓ તમારી સાથે પ્રથમ બોલવું શરૂ કરે એવી તમારે શા માટે અપેક્ષા રાખવી જોઈએ ? તમે જ તેમને કેમ છો, એવું પૂછો. તમારા ઘરના વાડામાં તમે ઉગાડેલી શાકભાજીમાંથી કાંઈક આપો, અથવા કોઈ વખત તમે સારી વાનગી બનાવી હોય તો પાડોશીનું બારણું ખટખટાવી : 'આ છોકરાંને ભાવશે' એમ કહી થોડુંક આપો. જ્યારે કોઈ સામું મળે, તો તમારું મુખ મલકાવો અને 'કેમ છો ?' એવો શિષ્ટાચાર કરો. દુનિયામાં બધાં જ લોકો માન-પ્રેમનાં ભૂખ્યાં છે. તમારું સ્મિત તેમને જરૂર ગમશે.

રવિવારને દિવસે ચર્ચમાં જાઓ. અને ચર્ચ પૂરું થાય ત્યારે વહેલા ઘરે પહોંચવાની ઉતાવળ કરવાને બદલે લોકોને મળો. હું જાણું છું કે માત્ર શિકાગોમાં જ નહીં પણ દુનિયાની કોઈપણ જગાના ચર્ચમાં કેટલાંક ખ્રિસ્તીઓ તો એટલાં પ્રેમાળ હોય છે કે, ચર્ચમાં નવા લાગતા માણસને પ્રેમથી આવકારે છે અને જાતે જ તેમની ખબર-અંતર પૂછીને ખ્રિસ્તી-પ્રેમ વ્યક્ત કરતાં હોય છે !

મોટા શહેરોમાં તો તમારા જેવાં ઘણાં મનુષ્યો હોય છે. તમારે એકલવાયાપણું અનુભવવાની જરાય જરૂર નથી. પ્રભુ ઈસુ ભાઈ કરતાં પણ વધારે નજીકના અને પ્રેમાળ મિત્ર છે. તેમને તમારા જીવનના માલિક બનાવો.

તે ચોવીસે કલાક તમારી પાસે જ રહેશે ! તેમણે વચન આપ્યું છે કે, ''હું તને કદી તજી દઈશ નહીં. અને કદી તારો ત્યાગ કરીશ નહીં.'' (હિબ્રૂ, ૧૩:૫). આ આપણા સ્વામીએ આપેલું વચન છે, જેના ઉપર આપણે વિશ્વાસ મૂકીને નિરાંત અનુભવી શકીએ છીએ !

## ૭૯. હું પરીક્ષામાં નાપાસ થયો છું, આથી....

હું પરીક્ષામાં નાપાસ થયો છું, આથી મને સારી નોકરી મળશે નહીં અને આખું જીવન મારે દરિદ્રતામાં જીવવું પડશે એમ અત્યારે લાગે છે. હું ઘણો જ હતાશ થયો છું. મને સહાય કરશો.

જ્યારે જીવનના એક જંગમાં હારી જઈએ, ત્યારે જીવનમાં નિરાશા વ્યાપી જાય, તે સ્વાભિવિક છે ! પરંતુ જિંદગી એટલેથી જ પૂરી થઈ જતી નથી ! દરરોજ તમારે જે અભ્યાસ કરવો જોઈતો હતો, તે ન કર્યો અને તેનું માઠું પરિણામ તમને મળ્યું ! પરંતુ આ નિષ્ફળતાને તમે હજુ પણ સફળતામાં બદલી શકો છો. ફરી પાછા ચોટલી બાંધીને ભણવા લાગી જાવ. તમને મળેલી નિષ્ફળતા તમારા જીવનને માટે ચેતવણી બનીને સફળતાના શિખર પર તમને લઈ જઈ શકે છે !

પરમેશ્વર આપણા પિતા છે, અને તેમણે આપણ સર્વને માટે ભિન્ન ભિન્ન કાર્યો કરવા માટેની આવડત આપેલી છે. તમે પરમેશ્વરને તમારું જીવન સોંપશો તો તે તમારી પાસેથી કેવી સેવાની અપેક્ષા રાખે છે તે તમને જાણ કરશે અને તેમની કૃપા વડે તમે જયવંત ખ્રિસ્તી જીવન જીવી શકશો. બાઈબલ કહે છે, '' ....જેમણે આપણા ઉપર પ્રેમ કર્યો, તેમની મારફતે આપણે સંપૂર્ણ વિજયવાન બની શકીએ છીએ.'' (રોમનો, ૮:૩૭).

તમારી મંડળીના પાળક સાહેબને મળીને તમારે અભ્યાસ ચાલુ રાખવો કે નોકરી મળે તે સ્વીકારી લેવી, તે અંગેનો તેમનો અભિપ્રાય લો. તમે નોકરી કરો કે અભ્યાસ ચાલુ રાખો અથવા નોકરી કરતાં કરતાં અભ્યાસ ચાલુ રાખો, - ત્રણમાંથી ગમે તે કરો, પરંતુ પ્રત્યેક સવારે અને સાંજે પ્રાર્થના કરવાનું ભૂલશો નહીં. પરમેશ્વર જરૂર તમને સહાય કરશે !

# પ્રકરણ : ૧૦

# કુટેવોથી છૂટવાના ઉપાય

## ૮૦. સંબંધ જાળવવા કોઈકવાર થોડો દારૂ પીવાય ?

ના. તમને ખબર નથી કે, કોઈ પણ કુટેવની શરૂઆત થોડાથી જ થતી હોય છે ?!! ઘણાં પરિવારો તરફથી મને પ્રાર્થના કરવા માટે વિનંતીઓ કરવામાં આવે છે, કારણ : પતિ, પત્ની કે દીકરા-દીકરીઓ પાર્ટીઓમાં જઈને કોઈ-કોઈ વખત દારૂ પીતાં હતાં, પરંતુ હવે તો તેઓ દારૂનાં બંધાણી બની ગયાં છે! માદક-પીણાં કે માદક-દ્રવ્યોને રવાડે ચઢવા જેવું નથી! આજે તો તમને લાગતું હશે કે, તમે સંયમી છો આથી દારૂના ગુલામ બનવાના નથી, પરંતુ ધારો કે એ તમારી માન્યતા ખોટી પી અને દારૂ પીવાની લત પડી ગઈ તો ?!!

ઘણાં લોકો બે ઘડી મોજ મેળવવા માટે કે, જીવનનાં દુઃખોને ભૂલવાના બહાના હેઠળ દારૂ કે માદક-દ્રવ્યોની શરૂઆત કરતાં હોય છે અને છેવટે પોતે બરબાદ થઈને પોતાનાં વ્હાલાંઓને રડાવતાં હોય છે ! શરાબી કેવળ પોતાની જાતને કે પોતાના પરિવારને જ હાનિ પહોંચાડતો નથી, પરંતુ દારૂ પીને વાહન ચલાવતાં માર્ગનાં લોકોના જાન-માલની પણ હાનિ કરે છે !

આપણું શરીર તો આત્માનું મંદિર છે, આથી તેનો ગમે તેવો ઉપયોગ કરી શકાય નહીં. પવિત્રશાસ્ત્ર બાઈબલ કહે છે : ''માટે તમે ખાઓ કે, પીઓ કે, જે કાંઈ કરો; તે સર્વ દેવના મહિમાને અર્થે કરો'' (કરિંથીઓને પહેલો પત્ર,૧૦:૩૧). આ તો ખ્રિસ્તીઓને દેવ તરફથી આપવામાં આવેલો હુકમ છે, જેનો અનાદર કરી ન શકાય.

## ૮૧. સ્મોકિંગ અને તમાકુંનું સેવન...

ઘણા ખ્રિસ્તી તમાકુના સેવન વિશે લખતા હોય છે અને બોલતા હોય છે, પરંતુ તમાકુના સવન વિશેની આદતની વિરુદ્ધમાં તમે ખાસ કાંઈ બોલતા નથી. શું એ આદતની ભયંકરતા વિશે બોલવાનો સમય આવ્યો નથી ?!!

તમાકુના સેવનથી થતા ભયંકર રોગો વિશે મેડિકલ સાયન્સ તથા સરકારોએ વિધિવત રીતે લોકોને ચેતવણી આપી છે. ઘણા જાણીતાં સામયિકોમાં પણ સ્મોકિંગ અને તમાકુથી થતા કેન્સર વિશે લંબાણપૂર્વક લેખો લખાયા છે. મને પરમેશ્વરે કોઈ એક દુર્ગુણ વિશે લોકોને ચેતવણી આપવા માટેનું કાર્ય સોંપ્યું નથી. મને તો લોકો સમક્ષ પ્રભુ ઈસુની સુવાર્તા અને તેમના બલિદાનની વાત કહી પાપના બંધનમાં પડેલા લોકોને મુક્તિમાર્ગ બતાવવા માટે પ્રભુએ બોલાવ્યો છે, આથી કોઈ એક દુર્ગુણ વિશે બોલવું કે લખવું ઉચિત નથી, કારણ કે બધાજ દુર્ગુણો મનુષ્યનું પતન કરે છે અને તેને પરમેશ્વરથી દૂર રાખે છે.

તમે કહો છો તેમ, ઘણા ખ્રિસ્તીઓ તમાકુના સેવન વિશે લોકોને ચેતવણી આપે છે, તે વાત સાચી છે. બાઈબલ આપણને કહે છે કે, જ્યારે મનુષ્ય પ્રભુ ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર કરે છે, ત્યારે તે મનુષ્યમાં નિવાસ કરવા માટે પ્રભુ ઈસુ પ્રવેશ કરે છે અને મનુષ્યનું શરીર પ્રભુ ઈસુનું નિવાસસ્થાન બની જાય છે, પવિત્ર મંદિર બને છે અને આથી, એ પવિત્ર મંદિરને કલંકિત કરવાની કે તેનો નાશ થાય એવી કોઈ પણ પ્રવૃત્તિ કરવી એ પાપ છે ! પવિત્રશાસ્ત્ર બાઈબલ કહે છે. ''તમારું શરીર પવિત્ર આત્માનું મંદિર છે તેની શું તમને ખબર નથી ? આ પવિત્ર આત્મા ઈશ્વર તરફથી મળેલા છે અને તે આપણામાં વસે છે. ઈશ્વરે તમને કિંમત ચૂકવીને ખરીદેલા હોવાથી તમે હવે પોતાના નથી; પણ ઈશ્વરના છો. આથી તમારા શરીરનો ઉપયોગ ઈશ્વરના મહિમાને અર્થે કરો'' (કોરિંથીઓને પાઉલ પ્રેરિતનો પ્રથમ પત્ર, ૬:૧૯-૨૦). સંત પાઉલના આ શબ્દો પવિત્ર મંદિર શરીરને હાનિ પહોંચાડનાર પ્રત્યેક બાબતને લાગુ પડે છે : જેવી કે, ખાવધરાપણું, માદકપીણાં તથા માદક દ્રવ્યોનો ઉપયોગ, સેક્સનો ખોટો અને અતિશય ઉપયોગ, ઈત્યાદિ.

## ૮૨. અમે ઓફિસમાં ઘણી વખત શરત.....

અમે ઘણી વખત ઓફિસમાં સહકર્મીઓ સાથે કેટલીક બાબતો વિશે શરત લગાવીને ચ્હા-નાસ્તો મેળવીએ છીએ. ઘણા કહે છે, એ એક જાતનો

જુગાર છે, આથી પાપ ગણાય. તમે શું માનો છો ?

જેમ બધા દારૂડિયા દારૂ પીવાની ટેવના શિકાર થોડા દારૂથી અથવા કોઈ કોઈ વખત પીવાતા દારૂથી દારૂડિયા બને છે, તમ નાની રકમના કે કોઈ કોઈ વખત રમાતા જુગારથી મનુષ્ય જુગારી બની જાય છે. 'શરત મારવી' એ નાનો, પણ જુગાર જ છે, પછી તેમાં નાની રકમનો ઉપયોગ થતો હોય કે મોટી ! અહીં મફતનું કે થોડું આપીને વધારે પ્રાપ્ત કરવાની લાલચ સમાયેલી છે. અને આવી લાલચ હોવી એ પાપ છે. જુગાર, એ સામેની વ્યક્તિની સંમતિ મેળવીને કરેલી એક જાતની લૂંટ છે. અપ્રામાણિક સાધનનો ઉપયોગ કરીને તત્કાળ ધનવાન બની જવાની મહેચ્છા તેમાં સમાયેલી છે, આથી કોઈ પણ જાતનો જુગાર રમવો એ ખોટું છે. એક રૂપિયો આપીને દસ લાખની લોટરી જીતવા માટેની ટિકિટ ખરીદવી એ પણ જુગાર છે. કોઈ કહેશે કે, 'નાના પ્રકારના જુગારથી કોઈને ખાસ નુકશાન થતું નથી '- એ વાત સાચી, પરંતુ એ નાના પ્રકારના જુગાર પાછળની ભાવના કે લાલચ મોટા પ્રકારના જુગારની પાછળની ભાવના કે લાલચથી ભિન્ન ગણી શકાય નહીં. પરમેશ્વરનું વચન તો આપણને કહે છે : ''તારા મુખનો પરસેવો ઉતારીને તું રોટલી ખાશે'' (ઉત્પત્તિ ૩:૧૯) તે નથી કહેતા કે, 'સિક્કો ઉછાળીને, શરત લગાવીને કે 'લોટરી' જીતીને રોટલી ખાશે !'

શેતાનનાં અન્ય હથિયારોની તુલનામાં દારૂ અને જુગાર, એ એટલાં બધાં પ્રબળ હથિયારો છે, કે જે દારૂ પીનાર કે જુગાર રમનાર વ્યક્તિઓને જ નહીં, પરંતુ તેમનાં કુટુંબોને પણ બરબાદ કરી નાખે છે. શેતાનના મિત્ર બનવું, કે તેના હથિયારોનો ઉપયોગ કરવો એ પાપ છે !

## ૮૩. મને બોલ્યા કરવાની ખરાબ ટેવ છે, અને....

મને બોલ્યા કરવાની ટેવ છે અને તે ટેવ સારી નથી તેની મને ખબર છે. મારા પતિને પણ આથી કંટાળો આવે છે ! મારી આ ટેવથી હું કેવી રીતે છૂટી શકું ?

બહેન, તને તમારી આદતથી છૂટવાની ઈચ્છા થઈ છે એ, પ્રથમ

પગથિયું છે. બીજું પગથિયું : તમે પોતે જ બુદ્ધિશાળી છો અને સાંભળનાર મૂર્ખ છે, એવી તમારી ખોટી ધારણા દૂર કરવા પરમેશ્વરને પ્રાર્થના કરો.

ત્રીજું પગથિયું : તમારી જ વાત કહેવામાં નહીં, પરંતુ બીજાની વાત સાંભળવામાં રસ લો અને તમારો જ 'કક્કો' ખરો કરવાની મથામણ કરવાને બદલે બીજાંની સાચી વાતનો સ્વીકાર કરતાં શીખો.

ચોથું પગથિયું : તમારી વાણીમાં સર્જનાત્મકતા, મમતા અને વિનોદને સ્થાન આપો, કે જેથી શ્રોતા 'બોર' થાય નહીં.

અને પાંચમું પગથિયું : જરૂર કરતાં વધારે બોલો નહીં. સંયમ અને સભાનતાપૂર્વક બોલો.

જ્ઞાની રાજા સુલેમાન બોલવા વિશે 'નીતિવચનો'માં નીચે પ્રમાણે લખે છે :

"ઘણું બોલવામાં દોષની અછત હોતી નથી, પણ પોતાના હોઠ પર દાબ રાખનાર ડહાપણ કરે છે." (૧૦:૧૯)

"સદાચારીનું મોં જ્ઞાન પ્રગટ કરે છે, પણ હઠીલી જીભ કાપી નાખવામાં આવશે." (૧૦:૩૧)

"વગર વિચાર્યું બોલવું તલવારના ઘા જેવું છે, પણ જ્ઞાનીની જીભ આરોગ્યરૂપ છે." (૧૨:૧૮)

"પોતાનું મોઢું સાચવીને બોલનાર પોતાના જીવનનું રક્ષણ કરે છે, પણ પહોળાં મોઢાંથી બોલનારનો વિનાશ થશે" (૧૩:૩).

## ૮૪. મારો 'નવો જન્મ'તો થયો પરંતુ....

ન્યૂયોર્કમાં થયેલી તમારી ધર્મજાગૃતિની એક સભામાં મારું 'તારણ' થયું અને મારા જીવનનું વહેણ બદલાઈ ગયું, પરંતુ હું મારા ક્રોધ સ્વભાવ અને કેટલીક જૂની આદતો પર સંયમ રાખી શકતો નથી. શું આખી જિંદગી આવું જ ચાલશે ?

ના ! એવુ જ નહીં ચાલે, કારણ કે પરમશ્વરે દરેક ખ્રિસ્તી માટે જયવંત જીવન જીવવાની સગવડ કરેલી છે અને એ સગવડ વિશે બાઈબલમાં વિગતવાર માહિતી આપેલી છે. પરંતુ બે-ત્રણ બાબતો વિશે તમારું ધ્યાન ખેંચવા માંગુ છું :

(૧) 'જયવંત' ખ્રિસ્તી જીવન એટલે અણિશુદ્ધ પવિત્ર જીવન, એવો અર્થ નથી લેવાનો. આપણાં જીવનમાં પાપનાં મૂળ ઘણાં ઊંડાં ઉતરેલાં હોય છે, જે એક જ ક્ષણમાં દૂર થઈ જતાં નથી. જ્યારે તમે 'નવો જન્મ' પામ્યા, ત્યારે તમારા સ્વાભાવિક જીવનમાં એક પરિવર્તન આવ્યું છે અને આવેલા એ પરિવર્તન પ્રમાણે તમારે આગળ વધવાનું છે.

(૨) નવજાત શિશુને મોટું થવા માટે નિયમિતપણે આહારની જરૂર પડે છે અને તેના મોટા થવા સાથે આહારમાં વૃદ્ધિ કરવી પડે છે. 'નવો જન્મ' પામેલ બાળકને પણ પોતાની 'આત્મિકવૃદ્ધિ' માટે પરમેશ્વરનાં વચનરૂપી આહારની જરૂર પડે છે. આથી સંત પીતર ખ્રિસ્તીઓને ભલામણ કરે છે કે, ''નવા જન્મેલા બાળકોની જેમ નિર્મળ આત્મિક દૂધ પીવાને સદા તત્પર રહો, જેથી તમારી વૃદ્ધિ થાય'' (પીતરનો પ્રથમ પત્ર, ૨:૨).

(૩) બાઈબલને સમજવામાં તકલીફ જણાય ત્યારે અમારી મિનિએપલસમાં આવેલી ઓફિસને પત્ર લખશો તો તમને જરૂર સહાય મળશે.

તમારા ક્રોધી સ્વભાવને શાંત કરવાની શક્તિ પરમેશ્વર પાસે છે. તેમનું વચન આપણને કહે છે : ''પાપ તારા પર રાજ કરશે નહીં, કેમ કે હવે તમે નિયમની આધીનતામાં નહીં, પરંતુ ઈશ્વરની કૃપામાં જીવન જીવો છો'' (રોમનોને પત્ર, ૬:૧૪).૪

# પ્રકરણ : ૧૧

# આધિ વ્યાધિ, ઉપાધિ (દુઃખ)

## ૮૫. મને કેન્સર થયું છે, પરંતુ.....

હમણાં મારા ડોક્ટરે મને કહ્યું છે કે, મારું કેન્સર મટે તેમ નથી અને થોડાં મહિનામાં મારું મૃત્યુ થશે. અત્યાર સુધી હું ખ્રિસ્તી તરીકે જીવ્યો છું અને મારો બાકીનો સમય પણ એજ રીતે જીવવાની મારી ઈચ્છા છે. તમારાં સલાહ-સૂચન આપશો.

ભાઈ, પરમેશ્વર તમને જયવંત ખ્રિસ્તી જીવનનો નમૂનો લોકો સમક્ષ પ્રગટ કરવાની તક આપી રહ્યા છે. મને ખાતરી છે કે, એ તકનો તમે ઉત્તમતાપૂર્વક ઉપયોગ કરી મૃત્યુના ડરની છાયામાં જીવતાં મનુષ્યોને પ્રભુ ઈસુની સમીપ લાવી શકશો. પ્રત્યેક મનુષ્યે એક દિવસ તો મૃત્યુનો સાક્ષાત્કાર કરવાનો જ છે, પરંતુ ખ્રિસ્તી મનુષ્ય જ, મનુષ્ય તરીકે જીવતાં અને મરતાં જાણે છે. ખ્રિસ્તી તરીકે તમને ખબર છે કે, મૃત્યુ એ ખ્રિસ્તીના જીવનનો અંત નથી, પરંતુ એક ભવ્ય પ્રદેશમાં પ્રવેશવાની પ્રક્રિયા છે અને એ ભવ્ય પ્રદેશના સંપૂર્ણ ગૌરવની કલ્પના મનુષ્યનું મન કરી શકતું નથી ! મૃત્યુ પછી એ ભવ્ય પ્રદેશમાં પ્રવેશ કરવા માટે શાની જરૂર પડે છે તેની તમને ખબર છે, આથી એ શુભ સમાચાર તમે તમારા સંપર્કમાં આવનાર સહુ કોઈને આપી શકો છો. મને ખાતરી છે, કે પ્રભુ ઈસુ પરના તમારા અડગ વિશ્વાસને નિહાળી ઘણાં લોકો પ્રભુ ઈસુના ચરણોમાં આવી તમારી પેઠે પ્રભુ ઈસુની કૃપાનાં ભાગીદાર બની શકશે !

બાઈબલમાંના 'પ્રકટીકરણ' પુસ્તકમાં આવેલા છેલ્લા બે અધ્યાયોનું વાંચન અને મનન કરતા રહેશે. એ બંને પ્રકરણો તમને શ્રદ્ધા અને હિંમત આપી પ્રભુ ઈસુને માટે જીવવાની કે મરવાની શક્તિ પૂરી પાડશે !

## ૮૬. હું હંમેશાં ચિંતાના ભાર નીચે દબાયેલી રહું છું....

હમણાં હમણાં મારી ચિંતાનો બોજ એટલો બધો વધી ગયો છે કે, મને લાગે છે કે મારું હૃદય બંધ પડી જશે અથવા મગજની નસો તૂટી જશે ! આ અંગે મેં લોકોની સલાહ લીધી, ત્યારે તેમણે મને કહ્યું : ' તમારે ચિંતા કરવાની જરૂર' નથી. મને પણ ખબર છે કે ખ્રિસ્તી તરીકે મારે ચિંતા ન કરવી જોઈએ, પરંતુ જ્યારે પતિ માંદગીને બિછાને પડ્યા હોય, એકનો એક પુત્ર સૈન્યમાં જોડાઈ ગયો હોય, આર્થિક સ્થિતિ દિનપ્રતિદિન નબળી થતી હોય અને બીજી નાની-મોટી મુશ્કેલીઓ હોય, ત્યારે શું ચિંતા ના થાય ?

બહેન, કોઈને 'ચિંતા ન કરશો' - એમ કહેવું ઘણું સહેલું છે ! તમારા પત્ર પરથી મને લાગે છે કે, તમારા જેવી પરિસ્થિતિમાં સહુ કોઈને ચિંતા થાય ! તમારી સામે મોટી સમસ્યાઓ ઊભી છે ને પરમેશ્વરની સહાય વિના તમારી સમસ્યાઓનું સમાધાન થઈ શકે જ નહીં ! જો તમને પરમેશ્વરની કૃપા અને શક્તિમાં શ્રદ્ધા ના હોય, તો તમને ચિંતા કરવાનો પૂરેપૂરો અધિકાર છે ! ચિંતા અને શ્રદ્ધા એક સાથે રહી શકતાં નથી. તમને હું એમ નથી કહેવાનો કે તમે ચિંતા કરશો નહીં, પરંતુ કહીશ કે, એક વ્યક્તિ છે : જે તમને પ્રેમ કરે છે અને તેમને તમારી લાગણી છે. એ વ્યક્તિને તારી સમસ્યાઓની ખબર છે અને તમારી સઘળી સમસ્યાઓનો બોજ તે ઉઠાવી લેવા માગે છે ! પવિત્રશાસ્ત્ર બાઈબલમાં તે કહે છે, ''ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાો, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ'' (માથ્થી ૧૧:૨૮) પ્રભુ ઈસુએ આપણા સઘળા ભાર ઊંચકવાનું સ્વેચ્છાથી સ્વીકાર્યું છે ! આપણે ખ્રિસ્તીઓએ તો પોતાના બોજ નીચે દબાઈને ગૂંગળામણ અનુભવવાની જરાય જરૂર નથી.

## ૮૭. હું ખ્રિસ્તી છું, છતાં.....

હું ખ્રિસ્તી છું અને પ્રભુ ઈસુ પર મને સંપૂર્ણ શ્રધ્ધા છે, છતાં હમણાં હમણાં નાની-નાની નજીવી બાબતોમાં પણ મને ગુસ્સો આવી જાય છે અને બીક લાગે છે. અને કેટલીક વખત તો મને લાગે છે કે, હું ગાંડો થઈ

જઈશ ! મારી આ તકલીફનું નિદાન કરી મને તેમાંથી છૂટવાનો માર્ગ બતાવશો ?

તમારી વાત પરથી મને લાગે છે કે તમે શારીરિક થાક અનુભવી રહ્યા છો, આથી તમારા જ્ઞાનતંતુ ક્ષુલક ગણાય એવી બાબતોમાં પણ ઉશ્કેરાઈ જાય છે. તમારાં આ માનસિક તાણમાંથી મુક્ત થવા માટે તમને આરામની જરૂર છે. દસ-પંદર દિવસ માટે કામમાંથી નિવૃત્તિ લઈને મનોરંજક સ્થળોની મુલાકાત લો, મિત્રો અને સગાંવહાલાને મળવા જાવ અને આનંદ કરો. એક ખ્રિસ્તી તરીકે તમારી એ ફરજ બને છે કે, તમારે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે હંમેશાં સ્વસ્થ રહેવું જોઈએ કારણ કે, આપણું શરીર તો આત્માનું મંદિર છે ! પ્રભુ પવિત્ર આત્મા તેમાં નિવાસ કરે છે, આથી તેને સ્વચ્છ, સુઘડ, શુદ્ધ અને સુંદર રાખવા માટે આપણાથી શક્ય એટલા બધા જ ઉપાયો કરવા જોઈએ.

જ્યારે પ્રભુ ઈસુના શિષ્યો પ્રથમ વખત સુવાર્તા-પ્રચાર કરીને પાછા આવ્યા ત્યારે પ્રભુ ઈસુએ તેમને કહ્યું હતું, ''મારી સાથે એકાંતમાં આવો અને ત્યાં વિશ્રામ કરો'' (માર્ક ૬:૩૧). પ્રભુને ખબર હતી કે શિષ્યોને કેવળ આત્મા જ નહીં, પરંતુ શરીર પણ છે અને શરીરને કાર્યરત રાખવા માટે વચ્ચે-વચ્ચે આરામ આપવો જરૂરી છે.

એક બીજી અને અગત્યની વાત પ્રત્યે મને તમારું ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે કે, જ્યારે પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને આરામ કરવાનું જણાવ્યું ત્યારે પ્રભુ એ કહ્યું હતું ''મારી સાથે'' આરામ કરો. 'મારી સંગતમાં', એકલા નહીં ! મને ખબર નથી તમારા વિશે કે, તમે પ્રત્યેક દિવસે કેટલો સમય પ્રભુ ઈસુની સંગતમાં ગાળો છો ! એવા સમયની પ્રત્યેક ખ્રિસ્તીને ઘણી જ જરૂર છે, કારણ કે માનસિક સમતુલાની જાળવણી માટે પ્રતિદિન કરાતી નિયમિત પ્રાર્થનાની તુલનામાં બીજી કોઈ વસ્તુ આવી શકે તેમ નથી. પ્રાર્થનાના મહત્ત્વ વિશે સંત પાઉલ લખે છે : ''કોઈ બાબતની ચિંતા ન કરો. પણ તમારી સર્વ પ્રાર્થનાઓમાં, ઈશ્વરની પાસે જેની તમને જરૂર છે તે માટે આભારી અંતઃકરણ સાથે વિનંતી કરો. અને ઈશ્વરની શાંતિ, જે માણસની સમજશક્તિની બહાર છે તે, તમારાં હૃદયોની અને મનોની સંભાળ

રાખશે'' (ફિલીપી, ૪:૬-૭:)

ભાઈ, તમારા શારીરિક, માનસિક અને આત્મિક સ્વાસ્થ્ય માટે આ ઔષધિનો ઉપયોગ નિયમિત કરો. મને શ્રદ્ધા છે જરૂર તમને લાભ થશે.

## ૮૮. માંદગી છે અને ચિંતા છે....

મને ઘણા વખતથી આંતરડાની બિમારી છે. ડોક્ટર મને કહે છે : એ બીમારી મારી ચિંતાઓને કારણે છે. પરંતુ સાહેબ, જ્યારે મારે મારો ધંધો ચલાવવાનો હોય અને એ ધંધા પર પાંચ હજાર કામદારની રોજીરોટીનો આધાર હોય ત્યારે મને એ ધંધાની ચિંતા કેમ ન રહે ?

ભાઈ, તમારો સવાલ ઘણો જ નાજુક છે. કારણ કે તમે માનો છો કે તમારો ધંધો તમે ચલાવો છો ! પરંતુ હકીકતમાં એ ધંધો (કામ) પરમેશ્વરે જ તમને સોંપ્યો છે અને જો તમે તેમની સહાય માગશો તો તે તમને સહાય પણ કરશે.

પ્રત્યેક સવારે આપણા પ્રભુએ શીખવેલી ''આકાશમાંના અમારા બાપ'' - એ પ્રાર્થના બોલો. અને જ્યારે તમે ''દિવસની અમારી રોટલી આજે અમને આપો'' - એ શબ્દો પર આવો ત્યારે થોડી વાર ત્યાં થોભો અને વિચાર કરો કે પ્રભુ ઈસુએ આપણને રોજે રોજની એક-એક દિવસની 'રોટલી' માગવાનું સૂચવ્યું છે. આપણે આપણા ભવિષ્ય વિશે વધુ વિચાર કરીએ છીએ, આથી આપણા મનમાં ચિંતાઓનો જન્મ થાય છે અને એ ચિંતાઓ આપણને સતાવે છે, પરેશાન કરે છે ! પ્રભુ ઈસુ જ્યારે ગાલીલમાં હતા ત્યારે પોતાના ઉપદેશકાર્યમાં ઘણા જ વ્યસ્ત રહેતા હતા અને જ્યારે તેમને યરૂશાલેમ જવાનું થયું અને ત્યાં તેમને શું થવાનું છે તેની જાણ હોવા છતાંય તેમણે તેની ચિંતા કરી નહીં અને 'પિતા'ની આધિનતામાં રહ્યા.

પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખી તેમના જીવનને આપણી નજર સમક્ષ એક આદર્શ તરીકે રાખીએ. પ્રત્યેક સવારે દિવસભર લેવાના નિર્ણયો અને કરવાનાં કાર્યો અંગે પરમેશ્વરની સહાય તથા કૃપા માગી તથા પ્રયત્નપૂર્વક તેમની આધીનતામાં પ્રત્યેક ક્ષણ જીવીએ. પાણીમાં ડૂબકી મારનાર જેમ

હવા નહીં મળવાથી ગૂંગળામણ અનુભવે છે એવી ગૂંગળામણ તમને થતી હશે, પરંતુ પ્રાર્થના એ દિવ્ય પ્રાણવાયુ છે, જે મનુષ્યના પાર્થિવ અને અપાર્થિવ જીવનમાં પ્રાણ પૂરે છે.

જ્યારે તમે ઓફિસ બંધ કરીને ઘેર જાવ, ત્યારે તમારા ધંધા કે વ્યવસાય વિશેના સઘળા વિચારોને ઓફિસમાં જ બંધ કરી તાળુ મારો અને પોતાના પરિવાર અને મિત્રો સાથે આનંદ કરવામાં બાકીના સમયનો ઉપયોગ કરો. રજાનો દિવસ આરામ કરવામાં કે પરિવાર અને મિત્રો સાથે આનંદ-પરમોદમાં વ્યતિત કરો, પરંતુ બાઈબલ વાંચવાનું અને પ્રાર્થના કરવાનું ભૂલશો નહીં. પ્રભુ ઈસુ કહે છે : ''આવતી કાલની ચિંતા ન કરો. આવતી કાલને પોતાની ચિંતા હશે. દરરોજ આવતી મુશ્કેલીઓમાં વધારો કરવાની જરૂર નથી.'' (માથ્થી, ૬:૩૪). પરમેશ્વર પર શ્રદ્ધા રાખીને એક-એક દિવસ જીવો એટલો તમને જીવનનો ભાર લાગશે નહીં. અખતરો કરી જુઓ !

## ૮૯. મેં દેવની સમક્ષ પ્રતિજ્ઞાઓ તો કરી છે, પણ....

હું માનસિક બીમારીનો ભોગ બનેલી નારી છું, પણ હમણાં મને કાંઈક અંશે સારું છે. મારી એ બીમારીના સમયમાં મેં દેવની સમક્ષ પાળવા માટે જ કેટલીક પ્રતિજ્ઞાઓ લીધેલી, પરંતુ હવે એ પ્રતિજ્ઞાઓ મારાથી પળાતી નથી અને મને દેવના કોપનો ડર લાગે છે !

બહેન, પ્રતિજ્ઞાઓ વિશે બાઈબલમાં ઘણું લખવામાં આવ્યું છે. પ્રતિજ્ઞાઓ લેવા વિશે અને તેમનું પાલન કરવા વિશે પણ આપણને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. 'સભાશિક્ષક' જણાવે છે કે, ''જ્યારે તું ઈશ્વરની આગળ માનતા માને ત્યારે તે પ્રમાણે કરવામાં ઢીલ ન કર, કેમ કે મૂર્ખો પર તે રાજી નથી, તારી માનતા ઉતાર. તું માનતા માનીને ન ઉતારે તેના કરતાં માનતા ન માને તે સારું છે'' (૫:૪-૫)

પરંતુ દેવ આપણી નિર્બળતાને સમજે છે. આથી તે કોપ કરવામાં ઉતાવળ કરતા નથી. આપણા અંતઃકરણને તપાસીને તે આપણી ભાવના પ્રમાણે આપણી સાથે વ્યવહાર કરે છે.

ઈશ્વરભક્ત દાઉદ 'ગીતશાસ્ત્ર'માં લખે છે : ''જેમ બાપ પોતાનાં બાળકો પર દયાળુ છે, તેમ યહોવા પોતાના ભક્તો પર દયાળુ છે. કેમ કે તે આપણું બંધારણ જાણે છે, આપણે માટીનાં છીએ એવું તે યાદ રાખે છે'' (૧૩:૧૩-૧૪).

મને ખાતરી છે કે ઉપરનું કથન તમારા મનને શાંતિ આપશે. છતાં આપણે યાદ રાખીએ કે, ''આપણે દેવની આજ્ઞાઓ પાળીએ, એ જ દેવ પરનો પ્રેમ છે, અને તેમની આજ્ઞાઓ ભારે નથી'' (યોહાનનો પહેલો પત્ર, ૫:૩). બહેન, તમારી મૂંઝવણ દેવ સમક્ષ પ્રગટ કરો. એ પ્રેમાળ પિતા છે. તમારા મનને સંપૂર્ણ સ્વસ્થ કરીને શાંતિ આપશે !

## ૯૦. રોગીષ્ઠ અને પાંગળું જીવન શા કામનું ?....

સંધિવાને લીધે મારા શરીરનાં અંગ જકડાઈ ગયાં છે અને મારું શરીર નિષ્ક્રીય બની ગયું છે. આવા નિરર્થક જીવનનો શો અર્થ ? ! મને જીવનનો ભાર લાગે છે !

ભાઈ, પરમેશ્વર તમારી પેઠે વિચારતા નથી. તેમની નજરમાં તમે ઘણા જ મૂલ્યવાન છો ! તમે પાંગળા બની ગયા છો, તો પણ તે તમને પ્રેમ કરે છે ! તેમનું કાર્ય કરવા માટે બધાં જ : સશક્ત અને નિર્બળ, સાજાં અને બિમાર, બધાં મનુષ્યોની જરૂર છે. ને હાથ વિનાનાં એક યુવાનની ખબર છે જે પોતાના પગનાં આંગળાંમાં બ્રશ પકડીને ચિત્રો દોરે છે ! એ યુવાને પોતાના પાંગળાપણા સામે વિજય મેળવીને ઘણાં લોકોને પ્રેરણા આપી છે. તમે તમારી દુઃખ ભરેલી જિંદગીમાં પણ આનંદી અને શાંતિપૂર્ણ જીવન જીવવાનો પ્રયત્ન કરીને ખ્રિસ્તી તરીકે પ્રભુ ઈસુના સાક્ષી બની શકો છો.

એક નિવૃત પાળક, દિવસના ત્રણ કલાક દુઃખી અને મુશ્કેલીમાં મૂકાયેલાં લોકોને દિલાસો અને પ્રોત્સાહન આપે એવા પત્રો લખીને ખ્રિસ્તના પ્રેમનું વિતરણ કરે છે.

લકવાને કારણે પથારીવશ બનેલી એક ખ્રિસ્તી મહિલા પોતાની

જાગૃત અવસ્થામાં પોતાની લાચાર, સ્થિતિ વિશે દુઃખી થઈને ફરિયાદ કરવાને બદલે તેમની સેવા કરનાર લોકો માટે, પોતાનાં સગાં અને મિત્રો માટે, પ્રભુનું કાર્ય કરનાર સેવક અને સેવિકાઓ માટે તથા સુવાર્તાનાં પ્રસાર માટે પ્રાર્થના કરતાં રહે છે !

પરમેશ્વર તમારી પાસે પણ સેવાની અપેક્ષા રાખે છે. તમે નિરોગી હતા અને કરતા હતા, એવા કાર્યની તે અપેક્ષા નહીં રાખતા હોય. બીજું જ કોઈ કામ તમારા દ્વારા થાય એવું તે ઈચ્છતા હશે ! તેમને પૂછી જુઓ કે તે તારી પાસેથી કઈ સેવાની અપેક્ષા રાખે છે. મારો વિશ્વાસ છે કે તમે તમારી, આજની શારીરિક અવસ્થામાં કરી શકો એવું કામ તમને સોંપશે અને તમારું જીવન હળવું ફૂલ બની જશે !

આપણે સમજી શકતા નથી કે માંદગી શાને માટે આવે છે, પરંતુ દુઃખમાં હોઈએ ત્યારે પણ આપણા પરમેશ્વર પિતાના આપણે માટેના તેમના પ્રેમ પર શંકા લાવવાની નથી. અને જો તેમના પ્રત્યેના પ્રેમમાં ચાલું રહીશું, તો એ માંદગીમાં આપણને પ્રાર્થના-આરાધના કરવાનો અધિક સમય મળશે. તમે પોતાને માટે તથા અન્ય લોકો માટે પ્રાર્થના કરો. દેશના આગેવાનો અને અધિકારીઓ માટે પ્રાર્થના કરો. આકાશમાં છે એવું ન્યાય અને શાંતિનું સામ્રાજ્ય આ ધરતી પર સ્થાપિત થાય એવી પ્રાર્થના કરો. સાચા હૃદયની પ્રાર્થના 'સુગંધિત ધૂપ' જેવી છે, જે પરમેશ્વરને આનંદ પમાડે છે ! આવી પ્રાર્થના કદી વ્યર્થ જતી નથી. દેવના રાજ્યની વૃદ્ધિ માટે પથારીમાં સૂતાં-સૂતાં પણ આટલું તો તમે જરૂર કરી શકો ! પ્રભુ ઈસુને વિનંતિ કરો કે તમારી નિરાશા દૂર કરે અને તમને શુદ્ધ અંતઃકરણ આપી તેમનું ઉપયોગી પાત્ર બનાવે.

## ૯૧. મેં મારી પત્નીને દગો દીધો છે, પણ....

મારા લગ્ન પછી કેટલાંક વર્ષો બાદ હું એક સ્ત્રીના પ્રેમમાં બે વર્ષ સુધી રહ્યો અને મેં વ્યભિચારનું પાપ કર્યું. પરંતુ ત્યારબાદ મને મારા પાપનું ભાન થયું અને હવે હું મારી પત્નીને વફાદાર રહું છું. શું પરમેશ્વર મને એ પાપની ક્ષમા આપશે ?

ભાઈ, ઘણાં જ ગંભીર પ્રકારનાં ગણાય, એવાં પાપના લીસ્ટમાં વ્યભિચારના પાપને પરમેશ્વરે મૂક્યું છે અને સંત પાઉલ ખ્રિસ્તીઓને ચેતવણી આપતાં લખે છે : ''શું તમે નથી જાણતા કે દુષ્ટોને ઈશ્વરના રાજમાં ભાગ નથી ? પોતાને છેતરશો નહીં. વ્યભિચારીઓ, મૂર્તિપૂજકો, વિલાસીઓ, સજાતીય સમાગમ કરનારા, ચોર, લોભી, દારૂડિયા, નિંદાખોર, ગૂંડાઓ કે એવા બીજા કોઈ ઈશ્વરના રાજમાં જઈ શકશે નહીં'' (કોરીંથી, ૬:૯,૧૦,૧૧ 'નવો કરાર', નવો અનુવાદ ભારતની બાઈબલ સોસાયટી, બેંગ્લોર, ૧૯૮૧).

ભાઈ, તમને તમારા અપરાધની સજા થશે કે નહીં, એવો જે ડર છે તે સ્વાભાવિક છે, કારણ કે અપરાધ પછી સજા એવો ક્રમ ઠરાવાયેલો છે. પરંતુ અપરાધની ક્ષમા પ્રાપ્ત કરવાનો એક ઉત્તમ મારગ વિશે લખ્યું છે : ''દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકનોએક પુત્ર આપી દીધો, જેથી તેમના પર જે કોઈ વિશ્વાસ મૂકે તેનો નાશ ન થાય પરંતુ સાર્વકાલિક જીવન પ્રાપ્ત કરે. કારણ દેવે જગતનો ન્યાયાધીશ બનવાને નહીં, પરંતુ ઉદ્ધારક બનવાને પોતાના પુત્રને દુનિયામાં મોકલ્યો છે. (તે) પુત્ર પર જે કોઈ વિશ્વાસ મૂકે છે, તે સજાપાત્ર ઠરતો નથી...'' (યોહાન, ૩:૧૬, ૧૭, ૧૮).

દેવપુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતે મરણની સજા ભોગવીને, તેમના પર વિશ્વાસ કરી 'નવા જીવન ની ભેટ લેનાર સર્વેને, તેમનાં ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં તમામ પાપની માફી આપી દીધી છે.

તમારે તમારા પાપની ક્ષમા પ્રાપ્ત કરવા ત્રણ બાબત કરવાની છે :

(૧) પ્રભુ ઈસુ, એ જ દેવ છે, એવો વિશ્વાસ કરો.

(૨) તેમને તમારા જીવનની સોંપણી કરો અને

(૩) તમે કરેલા પાપનો સાચા હૃદયથી પશ્ચાતાપ કરી તેમની પાસે ક્ષમા માગો તથા વ્યભિચારનું પાપ ફરીથી નહીં કરવાનો તમારો નિર્ધાર વ્યક્ત કરો. આટલું કરશો એટલે પ્રભુ પવિત્ર આત્મા તમારા શરીરમાં

નિવાસ કરવા આવશે અને પરમેશ્વરના માર્ગ પર ચાલવા માટે તમને માર્ગદર્શન અને શક્તિ પૂરાં પાડશે. ફિલીપ્પીની જેલમાં તેના જેલરે સંત પાઉલ તથા સંત સિલાસને પૂછ્યું હતું, ''સાહેબો, મારો ઉદ્ધાર (તારણ, નવો જન્મ, મુક્તિ, ક્ષમા) થાય તે માટે હું શું કરું ?'' ત્યારે તેઓએ કહ્યું કે ''પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તારો તથા તારા કુટુંબનો ઉદ્ધાર થશે'' (પ્રેરિતોનાં કૃત્યો, ૧૬:૩૦, ૩૧).

## ૯૨. પતિને છોડી બીજા પુરુષ સાથે હું નાસી ગઈ, પણ....

મારા પતિને છોડીને હું બીજા પુરુષના પ્રેમમાં પડી અને તેની સાથે હું હમણાં રહું છું, પરંતુ હવે મને મારી ભલૂનો પસ્તાવો થાય છે અને મારા ભવિષ્યની ચિંતા મ્રને સતાવે છે. મને કશી સમજણ પડતી નથી. શું કરું ?!

ઘણા મનુષ્યો કરતાં હોય છે, એવી ગંભીર પ્રકારની ભૂલ તમે કરી છે. તમે તમારી જાત સાથે, તમારા પતિ સાથે, પેલા પુરુષ સાથે અને પરમેશ્વર સાથે છેતરપીંડી કરીને વ્યભિચારનું ભયંકર પાપ કર્યું છે. પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા અને મારા જેવા પાપીઓનો ઉદ્ધાર કરવા માટે આ ધરતી પર આવ્યા હતા અને બધાં પાપીઓનાં પાપ પોતાને માથે લઈને આપણને સજામાંથી મુક્ત કરાવવાને માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા. મને ખબર નથી કે પરમેશ્વર તમારી ગૂંચવાયેલી જિંદગીના દોરાની ગૂંચ કેવી રીતે ઉકેલશે ! પરંતુ મને શ્રદ્ધા છે કે જો તમે સાચો પસ્તાવો કરીને પ્રભુ ઈસુને વિનંતી કરશો, તો જરૂર તમને સહાય મળશે અને તમારી ચિંતાઓ દૂર થશે. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં પાપીઓને ક્ષમા મળ્યાનાં ઘણાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે ! પ્રભુ ઈસુ આપણને આપણા અપરાધોની ક્ષમા મળે એટલા માટે વધસ્તંભના મોતને ભેટ્યાં ! બાઈબલમાં યશાયાના પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે પ્રભુ યહોવા કહે છે : ''તમારાં પાપ જો કે લાલ (વસ્ત્રના) જેવાં હોય, તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે, જો તે કિરમજના જેવાં રાતાં હોય, તો પણ તેઓ ઊન સરખાં શ્વેત થશે'' (૧:૧૮)

એક વખત ફરોશીઓ વ્યભિચારના કાર્યમાં પકડાયેલી એક સ્ત્રીને પથ્થરે મારવા એકઠા મળ્યા હતા, ત્યારે તે સ્ત્રીની કરુણ દશા પર પ્રભુ

ઈસુને કરુણા ઉત્પન્ન થઈ. ટોળામાંના એક આગેવાને પ્રભુ ઈસુને પૂછ્યું, ''ગુરુજી, આ સ્ત્રી વ્યભિચાર કરતાં પકડાઈ છે. મુસાના નિયમ પ્રમાણે તેને પથ્થરો મારીને મારી નાખવી જોઈએ, પણ તમે તે વિશે શું માનો છો ?'' ત્યારે પ્રભુ ઈસુએ તેમને ઉત્તર આપ્યો, ''તમારામાંના જેણે એક પણ પાપ કર્યું ન હોય, તે પહેલો પથ્થર મારે.'' (યોહાન, ૮:૭). લોક ઉત્તર સાંભળી ભોંઠા પડી વિખેરાઈ ગયા, ત્યારે પ્રભુ ઈસુએ ચોધાર આંસુએ રડી, થરથર કાંપતી એ લજ્જિત નારીને કહ્યું : ''હું પણ તને સજાપાત્ર ઠરાવતો નથી. જા હવેથી પાપ કરીશ નહીં'' (યોહાન, ૮:૧૧)

બહેન, આપણાં પાપની સજા ભોગવનાર પ્રભુ ઈસુ આજે તમને પણ કહે છે : 'હું તને સજાપાત્ર ઠરાવતો નથી, પરંતુ હવેથી પાપ કરીશ નહીં'. આ તેમની સલાહ હવેથી માનજો.

## ૯૩. વહેમી સ્વભાવ, પતિ અને તેમની સેક્રટરી....

મારા પતિને તેમની સેક્રેટરી સાથે આડો સંબંધ હતો તેની વાત, તેમણે પ્રભુ ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર કર્યો, ત્યારે મને કરી. હવે તે નિયમિત રીતે પ્રભુમંદિરમાં આવે છે, પરંતુ હવે તેમણે કહેલી એ વાતથી તેમના ચારિત્ર્ય પર શંકા ઉત્પન્ન થઈ છે અને મને રાત-દિવસ તેના જ વિચારો આવ્યા કરે છે. મારી માનસિક શાંતિ ડહોળાઈ ગઈ છે તેને શાંત કરવા હું શું કરું ?!!

બહેન, તમે જે પરિસ્થિતિની વાત કરો છો, તેનો કોઈ સહેલો ઉત્તર નથી ! તમારા પતિએ પોતાની ભલૂનો તમારી સમક્ષ એકરાર કર્યો, ત્યારે તમને આઘાત તો લાગ્યો જ હશે, પરંતુ તમે તેમને ક્ષમા આપી. જ્યારે આપણે કોઈને ક્ષમા આપીએ છીએ, ત્યારે તેમાં સામી વ્યક્તિના અપરાધોને કાયમને માટે ભૂલી જવાની વાત સમાયેલી છે. બાઈબલ આપણને જણાવે છે કે, ''પરમેશ્વર જ્યારે આપણને ક્ષમા આપે છે, ત્યારે તે ાપણા અપરાધને કદી યાદ જ કરતા નથી.'' સાચા હૃદયથી અપાયેલી ક્ષમા સાથે જૂના અપરાધની વાત રહી જ શકતી નથી. ક્ષમાના દ્રાવણમાં ગમે તેવું કાતિલ ઝેર પણ ઓગળીને અમૃત બની જાય છે ! જે વ્યક્તિ કહે કે, ''જો, હું તને

ક્ષમા તો આપું છું, પરંતુ તેં મારા પ્રત્યે કર્યું છે, તે મારાથી કદી જ ભૂલાશે નહીં'', તે વ્યક્તિને 'ક્ષમા' શબ્દના સાચા અર્થની ખબર જ હોતી નથી.

તમારા પત્રમાં તમે જણાવ્યું નથી કે પોતાની ભૂલ કબૂલ કર્યા પછી તેમના પર શંકા કરવાનું કોઈ કારણ તમને આપ્યું છે કે નહીં. મારું તો માનવું છે કે તમારા પતિએ જાતે જ પોતાના અપરાધની વાત જણાવી અને તમારી ક્ષમા માગી, એ કાર્ય જાતે જ તેમની પ્રામાણિક્તાની સાક્ષી પૂરે છે, કારણ કે એમ કરવા માટે તો મનુષ્યને ઘણી હિંમતની જરૂર પડે !

બહેન, તમે પરમેશ્વરને વિનંતી કરો કે, તે તમને ક્ષમાશીલ હૃદય આપે. ક્ષમા વિહોણું તમારું હૃદય તમારા આધ્યાત્મિક જીવનને હાનિ પહોંચાડશે અને તમારાં પારિવારિક જીવનને છિન્ન ભિન્ન કરી નાંખશે. જ્યાં સુધી તમારા પતિના જીવનનું બદલાણ થયું છે અને તે પ્રભુ ઈસુને સોંપાયા છે તેની ખાતરી તમને મળતી રહી, ત્યાં સુધી તમારી શંકાની ભૂતાવળોને તમારા મનનો કબજો લેવા દેશો નહીં. જ્યારે તારા પતિ પરમેશ્વરની આધીનતામાં રહેવાના પ્રયત્નો કરતા હોય ત્યારે પણ, જો તમે તેમને પેલા 'જૂના'માણસ તરીકે જ જોતાં રહેશો તો. તેમને કદાચ તમારા પર નફરત ઉત્પન્ન થશે અને પોતાનાં 'જૂના'માર્ગ પર જતા રહેશે અને તમારા લગ્નજીવનમાં વંટોળ ઉત્પન્ન થશે ! તમારે કરવાનું કાર્ય જરૂર અઘરું છે, પણ ક્ષમાશીલ હૃદયની પ્રભુ પાસે માગણી કરો. તે તમને સહાય કરશે.

## ૯૪. વિધવા થયા પછી ભોગવિલાસમાં જીવી, પણ....

કજિયા-કંકાશથી ભરેલા અમારા લગ્ન જીવનનો મારા પતિના મૃત્યુ પછી અંત આવ્યો. ત્યારબાદ તરત જ મેં ભોગવિલાસ ભરેલા જીવનનો આરંભ શરૂ કર્યો. શારીરક સુખ અને સંતોષ મેળવવા માટે મેં બધું જ કર્યું ! મને ખબર હતી કે, હું કરું છું તે બધું ખોટું છે, પણ તેમાંથી છૂટી શકી નહીં ! પરંતુ હમણાં-હમણાં મને સાચી ખ્રિસ્તી નારી તરીકે જીવવાની ઈચ્છા ઉત્પન્ન થઈ છે. મારા ભૂતકાળના ભયંકર જીવન પર દ્રષ્ટિપાત કરું છું, ત્યારે મને પ્રશ્ન થાય છે, કે શું મારા જેવી પાપીમાં પાપી નારીને પરમેશ્વર ક્ષમા આપી શકશે ? કૃપા કરી મને તારણનો માર્ગ બતાવશો.

બહેન, માણસો તરીકે આપણે પાપને મોટું કે નાનું ગણીએ છીએ. પરમેશ્વર પાપને એમ જોતા નથી. તેમની દ્રષ્ટિએ પ્રત્યેક પાપ ગંભીર અને ભયંકર છે. ગલાતીઓને લખેલા પત્રમાં સંત પાઉલ વ્યભિચારના પાપને તથા અદેખાઈ કરવાના પાપને એક જ કક્ષાનાં પાપ ગણાવે છે. (૫:૧૯-૨૧). જ્યારે પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપર પોતાનું બલિદાન આપ્યું, ત્યારે એ બલિદાન બધા જ પ્રકારનાં પાપ માટેનું હતું. એટલે ગમે તેવાં અને ગમે તેટલાં પાપની ક્ષમા પ્રભુ ઈસુ મારફતે મળી શકે છે. ખરા હૃદયથી આપણા પાપનો પસ્તાવો કરીને તથા ફરીથી પાપ નહીં કરવાનો પોતાનો નિર્ણય જણાવીને પ્રભુ ઈસુની આધીનતામાં આવવાથી તારણની ભેટ મળે છે.

બાઈબલ આપણને કહે છે : ''જ્યારે કોઈ વ્યક્તિ ખ્રિસ્ત સાથે જોડાય છે, ત્યારે તે નવું સર્જન બની જાય છ. જૂનું ચાલ્યું જાય છે અને નવું આવે છે. આ બધું ઈશ્વરનું જ કાર્ય છે. તેમણે ખ્રિસ્ત દ્વારા આપણને દુશ્મનમાંથી (તેમના) મિત્રો બનાવ્યા છે, અને બીજાઓને પણ તેમના મિત્રો બનાવવાનું સેવા કાર્ય સોંપ્યું છે. ઈશ્વર સર્વ માણસોને ખ્રિસ્તની મારફતે પોતાના મિત્રો બનાવે છે. તેમણે કરેલાં પાપોની ઈશ્વરે તેમની વિરુદ્ધમાં નોંધ રાખી નહીં, પણ કેવી રીતે તે તેમને પોતાના મિત્રો બનાવે છે, એ અંગેનો સંદેશો તેમણે અમને આપેલો છે'' (કોરિંથીઓને લખેલા બીજા પત્રમાં સંત પાઉલના શબ્દો, ૫:૧૭, ૧૮, ૧૯).

બહેન, જે ક્ષણે તમે પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરશો, તે જ ક્ષણે તમારા જીવનનો ભૂતકાળ સંપૂર્ણપણે ભૂંસાઈ જશે. વિશ્વાસપૂર્વક પ્રભુ ઈસુનો તમારા જીવનમાં સ્વીકાર કરીને પરમેશ્વરની એ યોજનાનો તમે લાભ લો. પ્રભુ ઈસુનું સ્વામિત્વ સ્વીકાર્યાથી તારણ પ્રાપ્ત થાય છે અને તે મનુષ્યને નરકાગ્નિથી બચાવે છે.

## ૯૫. એ બિચારીને તો આ ધરતી જ નરક છે !

મારી એક બહેનપણીનો પતિ દારૂડિયો છે, છોકરાં વંઠી ગયાં છે, દરિદ્રતાએ તેના ઘરનો ભરડો લીધો અને ઉપરાઉપરી અનેક અકસ્માતોની પરંપરા સર્જાઈ છે ! જીવતેજીવ તે નરકમાં સબડી રહી છે. શું આ ધરતી જ

તેને માટે નરક નથી ?

બહેન, નરકના દુઃખની સાથે આ જીવનનાં દુઃખોની તુલના કરી શકાય નહીં, કારણ કે ધરતી પરનાં દુઃખોનો અંત મૃત્યુ સાથે થાય છે, જ્યારે મૃત્યુ પછી નરકમાં થનાર દુઃખનો કોઈ અંત જ નથી, કારણ કે આત્મા કદી જ મરતો નથી.

દેવ દયાળુ છે, આથી તે સજ્જનો અને દુર્જનો પર સૂર્ય ઉગાડે છે અને વરસાદ વરસાવે છે. મનુષ્ય સાથેના વ્યવહારમાં તે કોઈ જાતનો ભેદભાવ રાખતા નથી. દેવ સર્વજ્ઞ છે આથી તેમને આપણાં સંકટ અને દુઃખોની ખબર છે. દેવ સર્વસત્તાધીશ છે, આથી આપણા જીવનના પ્રત્યેક સારા કે માઠા પ્રસંગો પર તેમનો અધિકાર છે. તેમની મરજી વિના કશું જ થતું નથી. જેમ આપણા પિતા કે માતા આપણી ભૂલો સુધારવા અને આપણા ભવિષ્યને દુઃખરહિત બનાવવાના શુભ આશયથી આપણને શિક્ષા કરે ક ઠપકો, એવા જ આશયથી પરમેશ્વર પણ આપણને શિક્ષા કરતા હોય છે કે ઠપકો આપતા હોય છે. તેમની શિક્ષામાં તેમનો પ્રેમ સમાયેલો હોય છે. આપણે તેમની આધીનતામાં રહીને, તેમને પ્રસન્ન કરીએ, 'નવું જીવન' પામીને સ્વર્ગનાં સુખોનો આનંદ પામીએ, એવી તેમની આપણે માટે મહેચ્છા છે. પરંતુ આ 'નવુંજીવન' આપણે આપણી જાતે જ મેળવી શકતા નથી. જેણે સ્વેચ્છાએ આપણાં પાપની સજા વધસ્તંભ પર ભોગવી, એ પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના હૃદયમાં આમંત્રણ આપીને તેમને શરણે જવાથી 'નવું જીવન' એટલે 'તારણ'મુક્તિ કે મોક્ષ પ્રાપ્ત થાય છે. પ્રભુ ઈસુને પોતાના મોક્ષદાતા માનીને તેમના શિક્ષણ અનુસાર જીવન જીવનાર વ્યક્તિ મૃત્યુ પછી નરકનાં અનંતકાલિક દુઃખોથી બચી જાય છે અને સ્વર્ગના સામ્રાજ્યમાં પ્રવેશ પામે છે.

## ૯૬. હું સુંદર છું અને મારા પતિ કહે છે....

મારું શરીર સુંદર છે. એ શરીર લોકોને વધારે દેખાય એવાં વસ્ત્રો હું પહેરું એમાં શો વાંધો છે ? મારા પતિ મને કહે છે : 'તું લોકોને આકર્ષવા એવાં વસ્ત્રો પહેરે છે.' એમની વાત સાચી છે. સામાજિક પ્રસંગોએ પુરુષો

મારી સામે તાકી રહે છે, પણ એમાં શું !!! કોઈ નારી પોતાનું સૌંદર્ય બતાવી ના શકે ?

બહેન, તમે કદી વિચાર્યું છે, કે નારી પાસે પુરુષને આકર્ષે એવી, પોતાના શારિરિક સૌંદર્ય સિવાયની પણ બીજી કોઈ ચીજ હોય છે ? તમને મળેલા સુંદર શરીરને મેળવવા તમે જાતે શું કર્યું છે ? એ તો ઈશ્વર તરફથી તમને મળેલી ભેટ છે, આથી પેલા કાગડાની પેઠે મોરનાં પીછાં શરીર પર ખોસવાની શી જરૂર ?!! મેં એવી કેટલીય નારીઓને જોઈ છે, જેમને આકર્ષક કહેવાય એવી શારીરિક સુંદરતા ન હતી, પણ તેમણે પોતાના આત્માની સુંદરતા અને કરુણાવૃત્તિથી લાખો લોકોને પોતા તરફ આકર્ષ્યાં છે અને લોકોએ તેમને પોતાના હૃદયના આદરણીય સ્થાન પર આસન આપ્યાં છે !

બહેન, જો તમે તમારી જાતને એક સુંદર જાનવર કરતાં વિશેષ ગણવા તૈયાર ન હો, તો તમે તમારા આત્મા અને મનના સૌંદર્યની કીંમત કરી શકવાનાં નથી ! જો આપણે લોકોની પ્રશંસા પ્રાપ્ત કરવાની લાલસા રાખતાં હોઈએ, તો મનુષ્ય જીવનની માત્ર એક જ બાજુનો નહીં, પરંતુ સમગ્ર જીવનનો વિકાસ કરવો જોઈએ. સમગ્ર જીવનમાં માત્ર શરીર જ નહીં, પરંતુ મન, આત્મા, જ્ઞાન અને સાહજિક કરુણાવૃત્તિનો પણ સમાવેશ થાય છે. કેવળ પ્રભુ ઈસુ પાસેથી જ સાચું સૌંદર્ય અને સંતોષ પ્રાપ્ત થઈ શકે છે.

# પ્રકરણ : ૧૨

# પાખંડ પ્રાર્થના અને તારણ

## ૯૭. અમારી મંડળીની એક બહેન....

અમારી મંડળીની એક ચાલીસ વર્ષની બહેન ત્રીસ વર્ષની ઉંમર વાળા પરણેલા એક ભાઈ સાથે આડો સંબંધ રાખે છે અને આ વાતની ખબર અમારી આખી મંડળીને છે. રવિવારને દિવસે એ બહેન ચર્ચમાં આવે છે અને પોતે પવિત્ર હોવાનો ભારે ડોળ કરે છે. તેના એ દંભીપણાને લીધે અમારી મંડળીનાં લોકો ત્રાસી ગયાં છે. શું કોઈએ તે બહેનને 'ભક્તાણી' હોવાનો ડોળ ન કરવા કહેવું જોઈએ ?

મને લાગે છે કે તે બહેનને તેમના એ વર્તન અંગે કોઈ કહી રહ્યું છે. તેમનો અંતરાત્મા તેમને કહી રહ્યો છે, તેમની વિવેક-બુદ્ધિ તેમની સાથે વાત કરી રહી છે ને મને ખાતરી છે, કે પ્રભુ ઈસુ સ્વયંમ્ તે બહેનને ચેતવણી આપી રહ્યા છે ! તે બહેન ચર્ચમાં જાય છે તે, લોકોને બતાવવા ખાતર જાય છે એમ માનવા કરતાં, તે બહેનને આત્મિક ભૂખ છે, એમ માનવું વધારે ઉચિત લાગે છે. પોતાની જાતને પવિત્ર માનતા (દંભી) ફરોશીઓનું ટોળું, વ્યભિચારનું પાપ કરનાર એક નારીને પથ્થર મારીને મારી નાખવા તૈયાર થયું હતું. એ કામ તો સહેલું છે ! ચોરને ચોર કહેવું સહેલું છે, પરંતુ 'હું ચોર છું', - એમ કહેવું ઘણું જ અઘરું છે. આ તો મનુષ્ય સ્વભાવની વિરુદ્ધનું છે ! બાઈબલ કહે છે : ''બધાં જ મનુષ્યો પાપી છે.'' જો તમારી મંડળીમાંથી કોઈએ તે બહેનને કહેવું જ હોય, તો પ્રેમથી કહેવું જોઈએ. મારું માનવું છે કે તમારી મંડળીની એ બહેન યાકૂબના કૂવાને કાંઠે પ્રભુ ઈસુને મળેલી સમરૂની નારી કરતાં તો વધારે પાપી હશે નહીં ! આપણે યાદ રાખી કે તે નારીને પણ 'જીવનનું જળ' પ્રભુ ઈસુએ આપ્યું હતું ! મને તો તમારા પ્રશ્નના ઉત્તરમાં એક જ વાત સૂઝે છે કે તમારી મંડળીએ બીજું કાંઈ જ ન કરતાં એ બહેન પાપના બંધનમાંથી છૂટે એટલા માટે પ્રાર્થના કરતા રહેવું જોઈએ અને તે બહેનને 'ફરોશીનજર'થી જોવાને બદલે 'પ્રભુ

ઈસુની નજરે' જોવા જોઈએ.

## ૯૮. પ્રાર્થના કરું છું, પરંતુ.....

બીજી બાબતોમાં મનની એકાગ્રતા સાધી શકાય છે, પરંતુ હું પ્રાર્થના કરવા લાગું છું ત્યારે મન આમ તેમ ભટક્યા કરે છે અને પ્રાર્થનામાં તલ્લીન થવાતું નથી. શું એ મારા મનની ખામી છે ?

ના. તમારું મન સ્વસ્થ છે, કારણ કે તમે પ્રાર્થના સિવાયની બીજી બાબતોમાં એકાગ્રતા સાધી શકો છો. પ્રભુ ઈસુના શિષ્યોને ગેથસેમાનીમાં પ્રભુ ઈસુએ કહ્યું હતું, 'જાગતા રહો ને પ્રાર્થના કરો', પરંતુ પ્રભુ ઈસુ થોડે દૂર જઈને પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે શિષ્યો પ્રાર્થના કરવાને બદલે ઊંઘવા લાગ્યા હતા ! એક ખ્રિસ્તી માણસે કરવાનાં બધાં કાર્યોમાં પ્રાર્થના કરવી એ સહુથી અઘરું કામ છે. પવિત્ર શાસ્ત્ર બાઈબલ પણ સાક્ષી પૂરે છે કે, ''(માણસોએ) જે રીતે પ્રાર્થના કરવી જોઈએ' તે રીતની પ્રાર્થના કરતાં (તેમને) આવડતું નથી.''

કહેવામાં આવે છે કે, ''જ્યારે નબળામાં નબળો મનુષ્ય પણ પ્રાર્થના કરવા લાગે છે ત્યારે શેતાન ભયથી કાંપવા લાગે છે.'' પ્રાર્થના તો પર્વતોને પણ ખસેડી શકે છે. આથી શેતાન આપણને પ્રાર્થના કરતાં રોકવા માટે ભિન્ન-ભિન્ન પ્રકારની યુક્તિઓ કરે છે. પ્રાર્થના કરતી વખતે આપણું મન ચલિત થયા વિના રહેતું જ નથી, આથી જ્યારે જ્યારે મન ચલિત થાય ત્યારે પ્રભુ પવિત્ર આત્માને વિનંતિ કરો કે તે તમારા ભટકતા મનના વિચારોને શાંત કરે અને તમને યોગ્ય પ્રકારની તથા યોગ્ય રીતે પ્રાર્થના કરવા માટે સહાય કરે (રોમનોને પત્ર, ૮:૨૬). આપણે યાદ રાખી કે પ્રાર્થના એ દેવની સાથેનો સંવાદ છે. માત્ર આપણે જ બોલબોલ કરવાનું નથી, પરંતુ પ્રાર્થનામાં દેવની વાણી પણ સાંભળવાની હોય છે. અને બીજું, પ્રાર્થનામાં કાયર થયા વિના (થાક્યા વિના, કંટાળ્યા વિના) લાગુ રહેવાથી ધીમે ધીમે મનની એકાગ્રતા કેળવાતી જશે અને શેતાનની યુક્તિઓથી તમારું મન ચલિત થશે નહીં.

## ૯૯. જાહેર સમારંભ અને પ્રાર્થના....

જાહેર સમારંભો કે જેમાં જુદા-જુદા ધર્મના લોકો હોય તેમાં ખ્રિસ્તના નામે ખ્રિસ્તી પ્રાર્થના કરી શકાય ?

તમારા પ્રશ્ન પરથી જણાય છે, કે જાહેર સમારંભોમાં અન્ય ધર્મનાં લોકોની હાજરીમાં ખ્રિસ્તી-પ્રાર્થના કરવાથી તેમને માઠું લાગે એ બીકે આપણે ખ્રિસ્તી પ્રાર્થના પ્રભુ ઈસુના નામે કરવી જોઈએ નહીં. - એવો તમારા કહેવાનો આશય લાગે છે. તમારા પ્રશ્નને જો હું બરાબર સમજ્યો છું એમ હોય તો હું કહીશ, કે કોઈ પણ ધર્મની પ્રાર્થના લોકોને ખુશ કરવા માટે નહીં, પરંતુ પરમેશ્વરને ખુશ કરવા માટે જ હોવી જોઈએ. અને જો લોકોને ગમશે નહીં. એવી બીકથી ખ્રિસ્તી-પ્રાર્થના પ્રભુ ઈસુને નામે ના કરવી એ બરાબર નથી. અહીં પ્રશ્ન થાય છે, કે આપણે કોને વધારે મહત્ત્વ આપીએ છીએ ? પ્રભુ ઈસુએ આપણ ખ્રિસ્તીઓને આપણી પ્રાર્થનાઓ તેમના નામે (પ્રભુ ઈસુના નામે) પરમેશ્વરને કરવાની ભલામણ કરી છે. આથી, જો આપણે ખ્રિસ્તીઓ, આપણી પ્રાર્થનાઓમાંથી પ્રભુ ઈસુના નામની બાદબાકી કરીશું, તો આપણી પ્રાર્થનાઓ કેવળ પાગલનો પ્રલાપ બની રહેશે.

કોઈ દેશભક્ત નાગરિકને પૂછવામાં આવે કે તે કયા દેશનો નાગરિક છે, તો તે ગર્વથી પોતાના નાગરિકત્વનો ઉલ્લેખ કરશે. તેની સામે કોણ છે, તેની પરવા કરશે નહીં. આપણે ખ્રિસ્તીઓ સ્વર્ગના નાગરિકો છીએ અને કોઈને શું લાગશે, તેની ચિંતામાં આપણે જીવવાને બદલે આપણે પ્રભુઈસુના દેશનાં નાગરિક છીએ, એ વાત હિંમતપૂર્વક જણાવવી જોઈએ.

## ૧૦૦. દૂષ્ટો દૂષ્ટતા કરે છે, છતાં....

ઘણા લોકો માત્ર પોતાના જ સ્વાર્થમાં જીવે છે, દારૂ પીવે છે, જૂઠું બોલે છે, લોકોને ચૂસે છે અને ધનવાન બની મોજથી જીવે છે. શું પરમેશ્વરને આવા પ્રકારનાં મનુષ્યો ગમે છે ? શું દૂષ્ટોની પ્રાર્થનાનો પરમેશ્વર સ્વીકાર કરે છે ? હું તો ઘણી પ્રાર્થના કરું છું પણ મને તો પરમેશ્વર સાંભળતા જ નથી અને સુખ-સંપત્તિ આપતા જ નથી. પરમેશ્વરનું અસ્તિત્વ જો હોય તો કૃપા કરી સાબિત કરી આપશો ?

તમારા પત્રમાં નિરાશા, ગુસ્સો અને કડવાશ વ્યક્ત થયાં છે. પણ જે લોકો આર્થિક દરિદ્રતા કરતાં આધ્યાત્મિક દરિદ્રતાના વમળમાં સપડાયાં છે તેમની તો દયા ખાવી જોઈએ ! બાઈબલ કહે છે : ''જો મનુષ્ય સમગ્ર દુનિયા પ્રાપ્ત કરે, પણ તેનું જીવન નાશ પામે તો તેથી તેને કંઈ લાભ ખરો ? ના, કશો જ નહીં'' (માથ્થી, ૧૬ :૨૬, નવો કરાર, નવો અનુવાદ, ભારતની બાઈબલ સોસાયટી, બેંગ્લોર, ૧૯૮૧).

પ્રભુ ઈસુએ ધનની લાલસા રાખનાર લોકોને શીખામણ આપી છે : ''આ પૃથ્વી પર તમે ધન એકઠું ન કરો, જ્યાં કીડા અને કાટ તેનો નાશ કરે છે અને લૂંટારાઓ લૂંટી જાય છે. પણ આકાશમાં તમે ધન એકઠું કરો કે જ્યાં કીડા કે કાટ નાશ કરી શકતાં નથી અને લૂંટારાઓ લૂંટી શકતા નથી'' (માથ્થી, ૬:૧૯-૨૦).

જ્ઞાની રાજા સુલેમાન 'નીતિવચનો'માં લખે છે : ''દૂષ્કર્મીઓને લીધે તું ચિડાતો નહીં અને દૂષ્ટોની અદેખાઈ ન કરે, કેમ કે દૂષ્ટ માણસને કંઈ પ્રતિકૂળ મળવાનું નથી. દૂષ્ટનો દીવો હોલવી નાખવામાં આવશે.'' (૨૪:૧૯).

ધનવાન મનુષ્ય તેને મળેલા આશીર્વાદનો ઉપયોગ કેવળ પોતાના જ સવાર્થ માટે કરે છે અને દૂષ્ટતા આચરે છે ત્યારે, બાઈબલમાં આપવામાં આવેલા પેલા 'ધનવાન અને ગરીબ લાજરસ'ના દૃષ્ટાંતમાં આવતા 'ધનવાન' જેવી દશા થાય છે. અનીતિમાન 'ધનવાન' મૃત્યુ પછી નરકમાં જાય છે અને નીતિમાન 'ગરીબ' મૃત્યુ પછી સ્વર્ગનું સુખ પામે છે. (લૂક ૧૬:૧૯).

પરમેશ્વરના અસ્તિત્વને વિજ્ઞાનની કોઈ પ્રયોગશાળામાં સાબિત કરી શકાય નહીં ! પરંતુ ઈશ્વર ભક્ત દાઉદ પરમેશ્વરના અસ્તિત્વની સાક્ષી આપતાં કહે છે : '' આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે, અને અંતરિક્ષ તેમના હાથનું કામ દર્શાવે છે'' (ગીતશાસ્ત્ર, ૧૯:૧). અને જેમને દેવના અસ્તિત્વ વિશે શંકા છે એવા મનુષ્યો માટે તે સ્પષ્ટ શબ્દોમાં લખે છે : ''મૂર્ખે પોતાના મનમાં માન્યું છે કે, દેવ છે જ નહીં'' (ગીતશાસ્ત્ર, ૧૪:૧).

છતાં જ્ઞાની મનુષ્ય પણ પોતાના સિમીત જ્ઞાન વડે વિરાટ ઈશ્વરના

અસ્તિત્વને સાબિત કરી શકતો નથી, આથી બાઈબલ કહે છે : ''પણ વિશ્વાસ વિના (દેવને) પ્રસન્ન કરવા એ બનતું નથી, કેમ કે દેવની પાસે જે કોઈ આવે, તેણે તે છે, અને જેઓ ખંતથી તેમને શોધે છે, તેઓને તે ફળ આપે છે, એવો વિશ્વાસ કરવો જોઈએ.'' (હિબ્રુઓને પત્ર, ૧૧:૬)

## ૧૦૧. જો પ્રાર્થનાનો ઉત્તર ન મળે તો.....

મને પ્રશ્ન થાય છે કે આપણી ઘણી પ્રાર્થનાઓનો ઉત્તર શા માટે મળતો નહીં હોય ? અને જો ઉત્તર મળવાના જ ન હોય તો પ્રાર્થના કરવાની શી જરૂર છે ?

આપણી પ્રાર્થના પ્રમાણે પરમેશ્વર પ્રાર્થનાના ઉત્તર ઘણી વખત આપતા નથી તેનાં અનેક કારણો ગણાવી શકાય તેમ છે. બાઈબલ કહે છે, જ્યારે આપણે પાપમાં જ રચ્યાપચ્યા રહીએ છીએ, ત્યારે આપણી પ્રાર્થના સાંભળવામાં આવતી નથી. પ્રભુ ઈસુ કહે છે : ''એ બધી વસ્તુઓની તમને જરૂર છે એ તમારા ઈશ્વર પિતા જાણે છે, તેથી પ્રથમ ઈશ્વરના રાજની શોધ કરો એટલે તમને એ બધી વસ્તુઓ પૂરી પાડશે.'' (લૂક, ૧૨:૩૦-૩૧). તેમ છતાં આધ્યાત્મિક ઉન્નતિને માટે માગવામાં આવતી બાબત વિશે પ્રભુએ કોઈ શર્ત મૂકી નથી. ઉદાહરણ તરીકે, કોઈ પણ પાપી જો પસ્તાવા સહિત પોતાનાં પાપોની ક્ષમા પ્રભુ ઈસુના નામમાં માગે છે તો, એ માગણીનો તાત્કાલિક સ્વીકાર કરવામાં આવે છે (રોમનોને પત્ર, ૧૦:૧૩, યોહાનનો પ્રથમ પત્ર, ૧:૯).

ટૂંકમાં, જો આપણે ઈચ્છતા હોઈએ કે, પરમેશ્વર આપણી બધી માગણીઓ પૂરી કરે, તો એક ઈશ્વર ભક્તની સલાહ આપણે બધાંએ માનવી જોઈએ. એ ઈશ્વર ભક્ત રાજા હતો, જે લખે છે : ''યહોવા પર ભરોસો રાખ અને ભલું કર, દેશમાં રહે અને વિશ્વાસુપણાની પાછળ લાગ, જેથી તું યહોવામાં આનંદ કરીશ અને તે તારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડશે. તારા માર્ગો યહોવાને સોંપ, તેમના પર ભરોસો રાખ, ને તે તને ફળીભૂત કરશે'' (ગીતશાસ્ત્ર, ૩૭:૪-૫).

અને યાદ રાખીએ કે, પરમેશ્વર કોઈ પણ મનુષ્યના ગુલામ નથી ! તેમને આપણી પ્રાર્થનાઓના ઉત્તર આપવાનો કે નહીં આપવાનો અધિકાર છે. તે દયાળુ છે, કૃપાળુ છે, પ્રેમના સાગર છે, પરંતુ તે પવિત્ર અને ન્યાયી દેવ છે ! પ્રભુ ઈસુના શિષ્ય યાકૂબ લખે છે : "ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે ઘણી સાર્થક થાય છે" (યાકૂબનો પત્ર ૫:૧૬). જ્યારે આપણને લાગે કે, આપણી પ્રાર્થનાઓ સાંભળવામાં આવતી નથી, ત્યારે ઈશ્વરને દોષ દેવાને બદલે આત્મખોજ કરીને આપણી ભૂલો સુધારવા માટે પ્રભુ ઈસુના નામે તેમને વિનંતિ-પ્રાર્થના કરીએ, કારણ કે પ્રભુ ઈસુ કહે છે : "માર્ગ, સત્ય તથા જીવન હું છું. મારા સિવાય પિતા પાસે જવાનો બીજો કોઈ માર્ગ નથી" (યોહાન, ૧૪:૬).

(વધારે સ્પષ્ટતા માટે વાંચો 'ટેકરીઓનો સાદ' નવેમ્બર ૧૯નું વાંચન, પૃષ્ટ ૫૧૯-૫૨૦, લેખક ડો. બિલી ગ્રેહામ. - અનુવાદક)

## ૧૦૨, દારૂડિયો પતિ તારણ પામી શકે ?

મારી પ્રાર્થનાઓ વડે મારા પતિ દારૂનું વ્યસન છોડીને તારણ પામી શકે ? તેમના આ વ્યસન અને તારણ વિશે જ્યારે જ્યારે હું તેમની સાથે વાત કરું છું ત્યારે ત્યારે તે ઘણા ગુસ્સે થાય છે, ગાંડાની જેમ વર્તે છે અને વધારે દારૂ પીવે છે. શું તે પોતે દારૂના વ્યસનથી છૂટવા તથા તારણ પામવા પ્રાર્થના ન કરે તો પણ મારી પ્રાર્થનાઓ તેમની સહાય કરી શકે ?

બહેન, પરમેશ્વરને કાંઈ જ અશક્ય નથી ! બાઈબલ કહે છે : "એ માટે દયા પામવાને, તથા અગત્યને પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી કૃપાસનની પાસે આવીએ" (હિબ્રુઓને પત્ર, ૪:૧૬) તથા પ્રભુ ઈસુના શિષ્ય યાકૂબ પ્રાર્થના અંગે સ્પષ્ટતા કરતાં લખે છે : "ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે ગણી સાર્થક થાય છે" (યાકૂબનો પત્ર, ૫:૧૬). અને કેવા પ્રકારની પ્રાર્થનાનો પરમેશ્વર અસ્વીકાર કરે છે તેનાં કારણો વિશે માહિતી આપતાં તે લખે છે : "તમે માગો છો પણ તમને મળતું નથી, કેમ કે તમે તમારા મોજશોખ પર ખરચી નાખવાના ખોટા ઈરાદાથી માગો છો" (યાકૂબનો પત્ર, ૪:3).

તમારી પ્રાર્થનાઓના પ્રત્યુત્તરમાં પરમેશ્વર તમારા પતિને તેમના વ્યસનમાંથી છોડાવી શકે છે, પરંતુ પોતના 'તારણ' માટે તો તેમણે જાતે જ પ્રાર્થના સાથે પ્રભુ ઈસુનો પોતાના તારનાર અને સ્વામી તરીકે સ્વીકાર કરવો પડે. રોમનોને પત્રમાં સંત પાઉલ લખે છે : "જો તું તારા હોઠથી એવી જાહેર કબૂલાત કરે કે, ઈસુ પ્રભુ છે અને તારા હૃદયથી વિશ્વાસ કરે કે ઈશ્વરે તેમને મરેલાંઓમાંથી સજીવન કર્યા હતા, તો તું ઉદ્ધાર પામીશ. જ્યારે માણસ હૃદયથી વિશ્વાસ કરે છે, ત્યારે તે ન્યાયી બને છે, મુખથી કબૂલાત કરે છે, ત્યારે તે ઉદ્ધાર પામે છે. શાસ્ત્રમાં લખેલું છે : 'જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે નિરાશ થશે નહીં" (૧૦:૯થી૧૨).

બહેન, તમારે ઘણી જ ધીરજથી પ્રાર્થના કરતાં રહેવું પડશે અને તમારાં વર્તન અને વાણી દ્વારા, જાણતાં કે અજાણતાં તમારા પતિની અવગણના કરવાની નથી. પ્રભુનું વચન ખ્રિસ્તી પત્નીઓને કહે છે : "એ જ પ્રમાણે પત્નીઓ તમારા પતિઓને આધીન રહેવું જોઈએ. તેથી જો કોઈ પતિ ઈશ્વરનું વચન માનનાર ન હોય, તો પણ એક પણ શબ્દ કહ્યા વગર તમારા શુદ્ધ અને આદરયુક્ત વર્તનથી તેમને વિશ્વાસને માટે જીતી શકાશે" (પીતરનો પ્રથમ પત્ર, ૩:૧-૨).

## ૧૦૩. શું મારા જેવા પાપી પર પ્રભુ કરુણા કરે ?

આખી જિંદગી મેં દૂષ્ટતામાં વિતાવી છે પરંતુ હવે મારી આ વૃદ્ધાવસ્થામાં મારે પ્રભુનું શરણ સ્વીકારી સાચા ખ્રિસ્તી બનવું છે. શારીરિક રીતે હું એટલો નબળો થઈ ગયો છું કે પ્રભુને માટે મારાથી કાંઈ જ થઈ શકે તેમ નથી. શું મારા જેવા નિરુપયોગી અને દૂષ્ટનો સ્વીકાર પ્રભુ કરશે ?

ભાઈ, તમને તમે કરેલા અપરાધોની ગ્લાનિ થાય છે અને અપરાધોની ક્ષમા મેળવવા માટે પરમેશ્વરના શરણમાં જવાની ઈચ્છા થઈ છે, તેનો અર્થ એ થાય છે કે પરમેશ્વર તમારા પર કૃપા કરવા તૈયાર છે, આથી તે તમારા હૃદય સાથે વાત કરી રહ્યા છે.

સંત પાઉલ રોમનોને લખેલા પત્રમાં જણાવે છે : "ઈશ્વર જેઓને પસંદ કરીને આશિષ આપે છે, તેમના સંબંધી તે (ઈશ્વર) પોતાનું મન

(મત) ફેરવતા નથી'' (૧૧:૨૯, નવો કરાર, નવો અનુવાદ, ભારતની બાઈબલ સોસાયટી, બેંગ્લોર.) પરમેશ્વરની દ્રષ્ટિમાં પહેલા કે છેલ્લા પ્રત્યે કોઈ ભેદભાવ નથી. જો તે કૃપા કરવા ચાહે છે, તો પહેલાને જેટલું આપે છે તેટલું જ છેલ્લાને પણ આપે છે. માથ્થીની સુવાર્તાના વીસમા અધ્યાયમાં દ્રાક્ષાવાડીના માસિકના દ્રષ્ટાંત દ્વારા એ વાત સિદ્ધ થાય છે. માલિકે આખો દિવસ મજૂરી કરનારને જેટલું મહેનતાણું આપ્યું, તેટલું જ મહેનતાણું છેલ્લે આવીને એક કલાક મજૂરી કરનારને પણ આપ્યું ! પ્રભુ ઈસુ અહીં સમજાવવા માગે છે કે મનુષ્યને આશિષ તેના કામના બદલામાં આપવામાં નથી આવતી, પરંતુ દેવની કેવળ કૃપાથી પ્રાપ્ત થાય છે. 'પાપને વેચાયેલો' નિર્બળ અને અંધ મનુષ્ય પોતાની જાતે જ તારણ કે મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. છતાં પ્રત્યેક મનુષ્યને સારો કે નઠારો માર્ગ પસંદ કરવાની સત્તા (ઈચ્છાશક્તિ) પરમેશ્વરે આપેલી છે અને પરમેશ્વરની વાણી તેને યોગ્ય પ્રકારનો માર્ગ પસંદ કરવાની સલાહ પણ આપે છે. સંત પાઉલ પરમેશ્વરની કૃપાથી મફત મળતાં 'તારણ' (મુક્તિ)ને પ્રાપ્ત કરવાના સરળ માર્ગનો ઉલ્લેખ કરતાં લખે છે : ''જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ અને દેવે તેમને (પ્રભુ ઈસુને) મૂએલામાંથી પાછા ઉઠાડ્યા, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ'' (રોમનોને પત્ર, ૧૦:૯).

ગમે તેટલી ઉંમરના કે ગમે તેવા અપરાધીને પ્રભુ ઈસુનું રક્ત અપરાધોની ક્ષમા આપી સ્વર્ગનું સુખ આપી શકે છે. 'લૂકની સુવાર્તા' આ બાબતની આપણને ખાતરી આપે છે. 'લૂકની સુવાર્તા'માં પ્રભુ ઈસુની સાથે વધસ્તંભે જડવામાં આવેલા બે ભયંકર ગુનેગારોમાંના એકે પ્રભુ ઈસુનો 'પ્રભુ' તરીકે સ્વીકાર કરીને તેમને વિનંતી કરી કે, ''ઈસુ, તમે રાજા તરીકે આવો, ત્યારે મને યાદ કરજો.'' અને દયાસાગર પ્રભુ ઈસુએ, તે અપરાધીને તેની મૃત્યુની ક્ષણોમાં પણ તેનાં સઘળાં પાપની ક્ષમા આપતાં કહ્યું : ''હું તને સાચે જ કહું છું : તું આજે મારી સાથે પારાદૈસમાં હોઈશ'' (લૂક,૨૩:૪૨-૪૩).

# પ્રકરણ : ૧૩

# મૃત્યુનો ડર, સ્વર્ગ, નરક અને ખ્રિસ્તી-વિશ્વાસ

## ૧૦૪. મને મૃત્યુની ઘણી જ બીક લાગે છે...

મૃત્યુની બીકમાંથી છૂટવા માટે મેં પ્રયત્ન કર્યા, પરંતુ એ બીકમાંથી હું છૂટી શક્યો નહીં. કૃપા કરી મને માર્ગ બતાવશો.

જેણે પ્રભુ ઈસુનું શરણ સ્વીકાર્યું નથી, તેને મૃત્યુનો ડર, લાગ્યા કરે એ સ્વાભાવિક છે, કારણ કે તેને પાપની માફી મળ્યાની ખાતરી થઈ નથી. બાઈબલ કહે છે. ''કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકનોએક દીકરો આપ્યો, એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે... તેના પર જે વિશ્વાસ કરે છે, તે અપરાધી ઠરતો નથી, પણ જે વિશ્વાસ નથી કરતો તે અપરાધી ઠરી ચૂક્યો છે, કેમ કે દેવના એકાકી જનિત દીકરાના નામ પર તેણે વિશ્વાસ કર્યો નથી'' (યોહાનની સુવાર્તા, ૩:૧૬ અને ૧૮). જ્યાં સુધી તમે આ પાયાની બાબતને બરાબર સમજતા નથી, ત્યાં સુધી તમારા મનમાંથી મૃત્યુનો ડર જવાનો નથી.

## ૧૦૫. હું તો માનતો હતો કે હું ખ્રિસ્તી છું, પરંતુ.....

ઘણા વર્ષો સુધી હું પ્રોટેસ્ટંટ મંડળીના દેવળમાં નિયમિત જતો હતો અને મારી જાતને ખ્રિસ્તી માનતો હતો, પરંતુ હવે હું વૃદ્ધ થયો છું અને મૃત્યુની નજીક જઈ રહ્યો છું, ત્યારે મને લાગવા માંડ્યું છે કે ખ્રિસ્તી તરીકે મારામાં જે આધ્યાત્મિક્તા હોવી જોઈએ તેની ઉણપ છે. શું મારી મંડળી પ્રત્યે વફાદાર રહેવામાં હું નિષ્ફળ ગયો હોઈશ ? હવે હું શું કરું ?

આપણી ખ્રિસ્તી મંડળીઓમાં તમારા જેવાં ઘણાં મનુષ્યો છે, જે માને છે કે મંડળીમાં સભ્યપદ પ્રાપ્ત કરી ભક્તિસભામાં નિયમિત હાજરી આપવાથી, નિયમિત દાન-ધર્મ કરવાથી અને ધાર્મિક રીત રિવાજોનું પાલન કરી

તહેવારોની ઉજવણીમાં ભાગ લેવાથી સ્વર્ગ મેળવવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પરંતુ આવુ માનવું એ એક ગંભીર પ્રકારની ભૂલ છે, અને તમે પણ એ જ ભૂલના શિકાર બન્યા છો. ખ્રિસ્તી મંડળીનું કાર્ય મૂળભૂતરૂપે પ્રભુ ઈસુની સુવાર્તાનો પ્રચાર કરવાનું અને 'સુવાર્તા'ના 'સંદેશ'ની લોકો આગળ સ્પષ્ટતા કરવાનું છે. પરંતુ 'સુવાર્તા'ના 'સંદેશ'ને સમજીને તેનું પાલન પોતાના જીવનમાં કરવાનું કામ મનુષ્યે જાતે જ કરવાનું છે. અને એ કાર્ય પ્રભુ ઈસુ પરના પોતાના વિશ્વાસ અને પ્રભુ ઈસુની કૃપાના આશ્રયથી થઈ શકે છે. ખ્રિસ્તી મંડળીનો કોઈ સભ્ય જ્યાં સુધી પ્રભુ ઈસુ પાસે સાચા હૃદયથી પોતાના પાપની ક્ષમા માગતો નથી, અને પ્રભુ ઈસુને પોતાનું જીવન સોંપી 'તારણ'ની ભેટ માગતો નથી, ત્યાં સુધી મંડળીના રજિસ્ટરમાં નામ હોવા છતાંય તે, 'ખ્રિસ્તી' બની જતો નથી ! આથી જ પ્રભુ ઈસુએ નિકોદેમસ નામના ધાર્મિક ઈસ્રાયેલી આગેવાનને કહ્યું હતું કે ''તમારે નવો જન્મ પામવો જોઈએ'' (યોહાન, ૩:૭).

પ્રભુ ઈસુના વધસ્તંભની જમણી અને ડાબી બાજુએ વધસ્તંભે જડાયેલા બે ચોર ડાકુમાંના એકે પોતાના જીવનની અંતિમ ક્ષણોમાં પ્રભુ ઈસુ પર વિશ્વાસ લાવી તેમની દયાની માગણી કરી અને તેનો ઉદ્ધાર થઈ ગયો !(લૂક, ૨૩:૪૩).

પ્રભુ ઈસુ કહે છે : ''જે કોઈ મારી પાસે આવે છે, તેને હું કદી પણ પાછો કાઢી મૂકીશ નહીં'' (યોહાન, ૬:૩૭). મારી તમને આગ્રહપૂર્વકની વિનંતી છે કે, આજે જ તમે પ્રભુ ઈસુનું શરણ સ્વીકારી 'તારણ'ની ભેટ માગો, કાલ કોણે દીઠી છે !

## ૧૦૯. શું મૃત્યુ પછી ખ્રિસ્તીનો અગ્નિસંસ્કાર કરાય ?

થોડા સમય પહેલાં મારા માતુશ્રીનું અવસાન થયું અને તેમની દફનક્રિયા કરવાને બદલે મેં અગ્નિસંસ્કાર કરાવ્યો. જો તેમની ઈચ્છા તેમની દફનક્રિયા થાય, એવી તેમણે મને જણાવી હોત, તો જરૂર મેં તેમની ઈચ્છાને માન આપ્યું હોત ! હમણાં કોઈએ મને જણાવ્યું કે, મેં જે કર્યું તે બાઈબલના શિક્ષણની વિરુદ્ધનું છે, કારણ કે બાઈબલ આપણને શીખવે છે કે : અંતિમ

દિવસે બધાં મૂએલાં સજીવન થશે, જ્યારે અગ્નિસંસ્કારથી તો શરીરની ભસ્મ થઈ જાય છે ! શું મેં આ અખ્રિસ્તી કામ કર્યું છે ?

શરીરને અગ્નિદાહ દેવાની પ્રણાલિકા મૂર્તિપૂજક લોકોની છે, પરંતુ આજે દફનક્રિયાની અવેજીમાં ઘણા ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી લોકોએ અગ્નિદાહને પણ અંતમક્રિયા તરીકે સ્વીકારી છે, જેને ખ્રિસ્તી માન્યતા પ્રમાણે પાપ તરીકે ગણાવી ના શકાય. હું ખાતરીપૂર્વક કહી શકું છું કે આ બાબત અંતિમ દિવસે થનાર શરીરના પુનરુત્થાન માટે કોઈપણ રીતે બાધક નથી. ઘણા ખ્રિસ્તીઓનાં શરીર આકસ્મિક લાગેલી આગમાં બળીને ભસ્મ થઈ જાય છે ! પ્રથમ શતાબ્દીનાં ઘણાં ખ્રિસ્તીઓને તેમની ધાર્મિક્તાને કારણે જીવતાં જ બાળી નાખવામાં આવ્યાં અને એ શહિદોનાં શરીરોની રાખ કરી નાખવામાં આવી ! ઈસ્રાએલના રાજા શાઉલ તથા તેમના ત્રણ પુત્ર પલિસ્તીઓના સૈન્યથી ઘેરાઈ ગયા અને શરમજનક મૃત્યુ થાય એવી પરિસ્થિતિ સર્જાઈ, ત્યારે એ ચારે જણ તથા રાજના શસ્ત્રવાહકે આપઘાત કર્યો. પલિસ્તીઓએ રાજાનું માથું કાપી લીધું અને રાજાની લાશ 'બેથશાન'ના કોટની દીવાલ પર લટકાવી. 'યાબેશ-ગિલયાદ'ના રહેવાસીઓ આ સાંભળ્યું, ત્યારે કેટલાક બહાદૂર લોકોએ રાજાની તથા તેમના દીકરાઓની લાશોને લઈને બાળી નાખી કે જેથી તેમની લાશોનું વધારે અપમાન થાય નહીં. અને 'યાબેશ'માં ના 'એશેલ' વૃક્ષ નીચે તેમનાં હાડકાં દાટવામાં આવ્યાં. (શમૂએલનું પ્રથમ પુસ્તક, ૩૧:૧૨ અને ૧૩).

મૃત શરીરનો અંતમ સંસ્કાર કઈ પદ્ધતિથી કરાય છે એ બાબત અગત્યની નથી અને એ પદ્ધતિ વિશે અફસોસ કરવાની જરૂર નથી. અહીં અગત્યનો પ્રશ્ન એ છે કે, તમારા માતાને પ્રભુ ઈસુ પર વિશ્વાસ હતો કે નહીં ? અને તેમણે પ્રભુ ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો કે નહીં ? જો આ બંને પ્રશ્નોના ઉત્તર 'હા'માં હશે, તો 'અંતિમ દિવસે' તે જરૂર ઉઠશે અને તેમનું પુનરુત્થાન જરૂર ભવ્ય હશે ! આથી જ ખ્રિસ્તીઓ કહેતા હોય છે કે, કબર એ જીવનનું અંતિમ સ્થાન નથી.

## ૧૦૭. મૃત્યુ પછી તત્કાલ સ્વર્ગ મળે છે ?

અમે કેટલાક મિત્રો થોડા સમય પહેલાં ચર્ચા કરતા હતા કે, ખ્રિસ્તી મનુષ્યો મૃત્યુ પછી શું તત્કાલ સ્વર્ગમાં જતાં હશે ?! અમારા આ પ્રશ્નનો ઉત્તર આપવા કૃપા કરશો.

બાઈબલ આપણને સ્પષ્ટ જણાવે છે કે, પ્રભુ ઈસુ પર વિશ્વાસ મૂકીને જીવન જીવેલી પ્રત્યેક વ્યક્તિ મૃત્યુ પછી તેમની સાથે રહેવા જાય છે. પ્રભુ ઈસુની સાથે વધસ્તંની સજા ભોગવી રહેલા એક ચોરે પ્રભુ ઈસુને કહ્યું કે, ''ઈસુ, તમે રાજા તરીકે આવો, ત્યારે મને યાદ કરજો.'' અને પ્રભુ ઈસુએ તેને કહ્યું : ''હું તને સાચે જ કહું છું કે, આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ'' (લૂક ૨૩:૪૨-૪૩).

અને પ્રભુ ઈસુએ લોકોને કહેલાં દ્રષ્ટાંતોમાં, એક દ્રષ્ટાંત એક 'શ્રીમંત અને ભિખારી લાજરસ'નું દ્રષ્ટાંત છે, જેમાં પ્રભુ ઈસુ કહે છે : ''... તે ભિખારી મરી ગયો ત્યારે દૂતો તેને ઈબ્રાહિમની ગોદમાં લઈ ગયા અને પેલો શ્રીમંત પણ મરી ગયો અને તેને દફનાવવામાં આવ્યો. નરકમાં પીડા ભોગવતાં તેણે પોતાની આંખો ઊંચી કરીને જોયું, તો તેણે ઘણે દૂર લાજરસને ઈબ્રાહિમની સમીપ બેઠેલો જોયો. તેણે બૂમ પાડી, 'પિતા ઈબ્રાહિમ ! મારા પર દયા કરીને લાજરસને મોકલો કે, તે પોતાની આંગળીનું ટેરવું પાણીમાં બોળીને મારી જીભને ઠંડી કરે, કેમ કે આ અગ્નિમાં હું વેદના પામું છું'' (લૂક,૧૬:૨૨-૨૫).

થેસ્સલોનીકીઓને પ્રથમ પત્રના ચોથા અધ્યાયમાં સંત પાઉલ લખે છે : ''પણ ભાઈઓ, ઊંઘી ગયેલાં (મૃત્યુ પામેલા) વિશે તમે અજાણ્યા રહો એવી અમારી ઈચ્છા નથી, જેથી બીજાં માણસો, જેઓને કંઈ આશા નથી તેઓની માફક તમે દુઃખી થાઓ નહીં. આપણે માનીએ છીએ કે ઈસુ મરણ પામ્યા અને સજીવન થયા. તેથી જેઓ ઈસુ પર વિશ્વાસ કરીને મૃત્યુ પામ્યા તેઓને ઈશ્વર ઈસુની સાથે લાવશે.... હુકમ અપાશે, મુખ્ય દૂતનો અવાજ સંભળાશે, ઈશ્વરનું રણશિંગડું ફૂંકાશે ને પ્રભુ પોતે સ્વર્ગમાંથી ઊતરી આવશે. જેઓ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને મૃત્યુ પામ્યાં છે, તેઓ પ્રથમ સજીવન થશે.

ત્યાર પછી જ, તે સમયે આપણે જેઓ જીવંત હોઈશું તેઓને, તેમની સાથે આકાશમાં પ્રભુને મળવાને માટે વાદળો પર લઈ જવામાં આવશે. અને એમ, આપણે હંમેશા પ્રભુની સાથે રહીશું''(૧૩ થી ૧૭ કલમો).

સંત પાઉલના આ શિક્ષણને આધારે કહી શકાય કે, ખ્રિસ્તી મનુષ્ય મૃત્યુ પછી પ્રભુ ઈસુના પુનરાગમન સુધી વચગાળાની કોઈ આનંદદાયક જગ્યામાં રહે છે. અને પ્રભુ ઈસુના પુનરાગમનના સમયે તેને પુનરુત્થાન પામેલું મહિમાવંતુ શરીર પ્રાપ્ત થશે તથા પ્રભુ ઈસુની સાથે હંમેશને માટે રહેવાનો લહાવો મળશે.

## ૧૦૮. સ્વર્ગમાં સગાઈ અને કેલેન્ડરનો પ્રશ્ન....

ધારો કે પતિ-પત્ની બંને સ્વર્ગમાં જાય તો ત્યાં પણ પતિ-પત્ની તરીકે રહે ખરાં ? અને બીજો પ્રશ્ન : જે ઉંમરે મનુષ્ય મૃત્યુ પામી સ્વર્ગમાં જાય તે જ ઉંમર સ્વર્ગમાં પણ ચાલુ રહે ?

લગ્ન વખતે કરવામાં આવેલા કરારનો અંત મૃત્યુ સાથે જ થાય છે. આથી જ કહેવામાં આવે છે : ''મૃત્યુ આપણને છુટાં પાડે ત્યાં સુધી''. આનો અર્થ એ થયો કે ધરતીની સાગાઈ ધરતી પર જ રહે છે.

સાદૂકીઓએ પ્રભુ ઈસુને પ્રશ્ન પૂછેલો કે, મૂસાના નિયમ પ્રમાણે પોતાના ભાઈનો વંશ ચાલુ રાખવા માટે વારાફરતી એકબીજાના મૃત્યુ પછી સાતે ભાઈઓએ એક જ નારી સાથે (ભાભી સાથે) લગ્ન કર્યા અને સાતે ભાઈ નિ:સંતાન મરી ગયાં. જ્યારે તે નારી મરી જશે અને તમે કહો છો તે પ્રમાણે, તે નારીનું પુનરુત્થાન થશે (અને સ્વર્ગમાં જશે) ત્યારે તે નારી ખરી રીતે કોની પત્ની કહેવાશે ? સાતેયની ?

આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ઈસુએ કહ્યું હતું : ''આ જગતના લોકો પરણે છે અને પરણાવે છે. પરંતુ પુનરુત્થાન પામીને 'પરલોક'માં જનાર સ્ત્રી-પુરુષો પરણતાં નથી અને પરણાવતાં નથી, કારણ કે તે દેવદૂતોના સરખાં છે અને ફરીથી મરનાર નથી. મરણમાંથી સજીવન થતાં હોવાથી તેઓ ઈશ્વરનાં સંતાન છે'' (લૂક, ૨૦:૩૪થી૩૬).

છતાં મારો વિશ્વાસ છે, કે સ્વર્ગમાં આપણાં દિવ્ય શરીરોને તથા આત્માને આનંદ પમાડે એવી સઘળી ઉત્તમ વસ્તુઓ હશે. અને હું વિશ્વાસપૂર્વક એ પણ કહી શકું છું કે પતિ પત્ની એકબીજાને ઓળખશે અને એકબીજાને પ્રેમ કરશે, પરંતુ એ પ્રેમ સંસારના જેવો નહીં, દિવ્ય પ્રેમ હશે. કેવળ આત્માની સગાઈ હશે !

હવે તમારા પ્રશ્નનો બીજો ભાગ ઉંમર વિશે. સ્વર્ગમાં ઘડિયાળ નથી અને કેલેન્ડર પણ નથી. ત્યાં સમયકાળનું કોઈ માપ નથી કે કોઈ બંધન નથી ! અર્થાત્ ત્યાં કેવળ અનંતપણું જ છે. સંત પાઉલ મૃત્યુ પછી આપણને મળનાર શરીર વિશે 'ફિલીપ્પીઓને પત્ર'ના ત્રીજા અધ્યાયમાં લખે છે : ''પણ આપણે સ્વર્ગના નાગરિક છીએ અને આપણા ઉદ્ધારક પ્રભુ ઈસુ ખ્રિસ્ત સ્વર્ગમાંથી પાછા આવે તેની આતુરતાથી આપણે રાહ જોઈએ છીએ. જે સામર્થ્ય દ્વારા તે સર્વ બાબતોને પોતના આધિપત્ય નીચે લાવી શકે છે, તે જ સામર્થ્ય દ્વારા તે આપણાં નાશવંત શરીરોને બદલી નાખશે અને તેમના મહિમાવંત શરીરના જેવાં બનાવશે'' (કલમ, ૨૦-૨૧, નવોકરાર, નવો અનુવાદ, ભારતની બાઈબલ સોસાયટી, બેંગ્લોર, ૧૯૮૧).

## ૧૦૯. બધાં જ લોકો પાપી હોતાં હશે ?

તમે વારંવાર તમારાં ભાષણોમાં કહ્યા કરો છો કે બધાં જ મનુષ્ય પાપી છે : એ તમારા કથન સાથે હું સહમત થઈ શકતો નથી. આ દુનિયામાં એવાં કેટલાંય મનુષ્યો છે, જેમને દૂષ્ટો અને અપરાધીઓની પંક્તિમાં મૂકી જ શકાય નહીં.

ભાઈ, જો કે તમે મને પ્રશ્ન નથી પૂછ્યો છતાંય મને લાગે છે કે તમારી વિચારધારામાં રહેલી ભૂલ સામે મારે તમારું ધ્યાન દોરવું જોઈએ.

મારા જે કથન સામે તમને વાંધો છે એ કથનનો હું વારંવાર ઉલ્લેખ કરું છું તેના બે કારણો છે. પ્રથમ કારણ એ છે કે, બાઈબલ કહે છે : બધાં જ મનુષ્યોએ પાપ કર્યું છે, કારણ કે દેવે જે ગૌરવ, તેને આપ્યું હતું, તેને તે ખોઈ બેઠો છે. (રોમનોને પત્ર ૩:૨૩). આમ તો આ એક જ કારણ પૂરતું છે, કારણ કે અહીં મનુષ્યના ચારિત્ર્યના પતનનો ઉલ્લેખ છે.... પરંતુ, બીજું

કારણ પણ અપાય કે, જેને તમે સારાં કે શ્રેષ્ઠ મનુષ્યો ગણો છો, તે બીજાં મનુષ્યોની તુલનામાં સારાં કે શ્રેષ્ઠ હોઈ શકે છે. પરંતુ એ સારાં કે શ્રેષ્ઠ મનુષ્યોની તુલના દેવ સાથે કરવામાં આવે, તો તેમને દેવની હરોળમાં મૂકી શકાય ? શું કોઈ પણ મનુષ્ય પરમેશ્વર જેવો પવિત્ર હોઈ શકે ? પ્રભુ ઈસુની પવિત્રતાની તુલનામાં કોઈ મનુષ્ય ઉભો રહી શકે નહીં, તો તે મનુષ્ય પાપી જ ગણાય. તમે જેને સારાં અને ઉત્તમ મનુષ્યો ગણો છો, તે મનુષ્યો તો ક્યારેક પણ વિચાર, વાણી અને વ્યવહારમાં પતિત થયાં જ હશે ! આથી જ, પ્રત્યેક મનુષ્યને કાઈ નિષ્કલંક મોક્ષદાતાની જરૂર છે, જેને આપણી નિર્બળતાઓ અને ઉણપો પ્રત્યે સહાનુભૂતિ હોય ! બાઈબલ પ્રભુ ઈસુની પવિત્રતાની ખાતરી આપતાં કહે છે, ''ખ્રિસ્ત પોતે નિષ્પાપ હતા, છતાં આપણાં માટે ઈશ્વરે તેમને પાપરૂપ કર્યા, જેથી ખ્રિસ્તની સાથેના આપણા સંબંધ વડે આપણે ઈશ્વરના ન્યાયીપણાના ભાગીદાર બનીએ'' (કોરિંથીઓને બીજો પત્ર, ૫:૨૧)

## ૧૧૦. હું પ્રાર્થના કરું છું, પરંતુ મારામાં.....

મારે સાચા ખ્રિસ્તી બની પ્રભુ ઈસુને માટે જ જીવન જીવવાની ઈચ્છા છે. મારા સંપૂર્ણ હૃદયથી તેમને હું ચાહુ છું અને તેમને મારા જીવનના સ્વામી માનું છું અને નિત્ય પ્રાર્થના કરું છું, છતાં મારા જીવનમાં પરિવર્તન આવ્યું હોય એવું મને જણાતું નથી. કૃપા કરી મારી મૂંઝવણ દૂર કરશો.

એક સાચા ખ્રિસ્તી તરીકેનાં બધાં લક્ષણોનો સમાવેશ તમારા પ્રશ્નમાં થયેલો છે. તમે કહો છો કે સાચા ખ્રિસ્તી બનવાની તમને ઉત્કટ તમન્ના છે. તમે પ્રભુ ઈસુ પર તમારા પૂરા હૃદયથી શ્રદ્ધા ધરાવો છો અને તમે નિત્ય પ્રાર્થના કરો છો, એટલે પરમેશ્વર પિતા સાથેનો તમારો જીવંત વ્યવહાર ચાલુ છે. અને છતાં તમને મૂંઝવણ થાય ચે કે, તમારા જીવનમાં પ્રત્યક્ષ પરિવર્તન દેખાતું નથી ! પરંતુ, હું ખાતરીપૂર્વક કહી શકું છું કે, તમારું જીવન બદલાઈ ગયું છે. મારા માનવા પ્રમાણે તમે માનતા જણાવ છો કે, જ્યારે મનુષ્યના જીવનમાં પરિવર્તન થાય, બદલાણ આવે, ત્યારે મોટા ધડાકા-ભડાકા થવા જોઈએ, ધરતીકંપના જેવા ભયંકર આંચકા લાગે અથવા ઊર્મિયોની આંધીઓ આવે ! પરંતુ જ્યારે પ્રભુ ઈસુ આપણા જીવનમાં આવે

છે, ત્યારે આપણને પ્રત્યક્ષ દેખાય એવું પરિવર્તન અનુભવી શકીએ એવું ન પણ બને. ચૂપચાપ આપણા જીવનની દિશા બદલાઈ જાય, સ્વાભાવિક ઊર્મિયો અને આકાંક્ષાઓ ધીમે-ધીમે જીવમાંથી સરકતી જાય અને નવીન ઊર્મિયો અને નવીન આકાંક્ષાઓનાં ગુલાબો અને મોગરા મહેંકવા લાગે ! અને અજાણતાં જ પરમેશ્વર સાથે પ્રીત બંધાઈ જાય !

તમારી સ્થિતિને સમજવા માટે એક બીજા ઉદાહરણનો આશ્રય લઈએ. ધારો કે તમે કોઈના દેવાદાર છો અને તમારી સ્થિતિ તમારું એ દેવું ભરવાની નથી, આથી તમારા કોઈ મિત્રે એ તમારું દેવું ભરી દીધું અને તમારા લેણદારે તમને તમારા દેવાની રકમ ભરાઈ ગઈ છે, એવી સહી-સિકાવાળી પહોંચ મોકલી આપી છે, અને છતાંય તમે એક મૂર્ખની પેઠે લોકોને કહેતાં ફરો કે મને ખાતરી થતી નથી કે, હું દેવામાંથી મુક્ત થયો છું આથી, હું પહેલાંના જેવો જ (દેવાદાર) છું, મારી સ્થિતિમાં કોઈપણ જાતનો ફેરફાર થયો નથી !

પ્રભુ ઈસુનું વધસ્થંભ પરનું બલિદાન આપણાં સઘળાં પાપની ક્ષમા આપે છે. બાઈબલ જણાવે છે : ''ઈશ્વરે ક્રૂસ પરના તેમના પુત્રના મરણની મારફતે શાંતિ સ્થાપિને પૃથ્વી પરની અને આકાશમાંની સર્વ વસ્તુઓનું પોતાની સાથે સમાધાન કરાવ્યું છે.'' (કોલોસીઓને પાઉલનો પત્ર, ૧:૨૦. નવોકરાર, નવો અનુવાદ, ભારતની બાઈબલ સોસાયટી, ૧૯૮૧). પ્રભુ ઈસુને તમે પ્રેમ કરો છો, તેમના પર તમે વિશ્વાસ મૂકો છો, તો તેમણે તમારા પર કૃપા કરીને તમારાં પાપની જે ક્ષમા આપી છે, તેનો સ્વીકાર કરો. ક્ષમા સાથે જ તમને 'તારણ' મળ્યું, જે એક અદૃશ્ય, પરંતુ અમૂલ્ય દાન છે, અને એ જ તમારા જીવનની નવીનતા છે.

## **૧૧૧. ખ્રિસ્તી કોને કહેવાય ?**

કૃપા કરીને સાચા ખ્રિસ્તીનાં લક્ષણો મને જણાવશો, કે જેથી હું ખાતરીપૂર્વક જાણી શકું કે હું 'ખ્રિસ્તી' છું કે નહીં !

પવિત્રશાસ્ત્ર બાઈબલના આધારે જો આપણે આપણી કસોટી કરીએ તો જ આપણે કેવા 'ખ્રિસ્તી' (સાચા કે માત્ર નામધારી) છીએ, તેની ખબર પડી શકે.

(૧) સાચા ખ્રિસ્તીના વિચાર, વાણી અને વ્યવહારમાં પરિવર્તન આવે છે અને તેની જીવન-શૈલી બદલાઈ જાય છે. બાઈબલ આ પરિવર્તનને સમજાવતાં જણાવે છે : ''જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે : જે જૂનું હતું કે સર્વ જતું રહ્યું છે, જુઓ, તે નવું થયું છે'' (કરંથીઓને બીજો પત્ર, ૫:૧૭).

(૨) આપણા જીવનમાં દેવના પવિત્ર આત્માનું આગમન થયું છે, તેનું આપણને ભાન થાય છે. '' આપણે ઈશ્વરમાં રહીએ છીએ અને તે આપણામાં રહે છે તેનો પુરાવો એ છે કે, તેમણે આપણને પોતાનો પવિત્ર આત્મા આપ્યો છે'' (યોહાનનો પ્રથમ પત્ર, ૪:૧૩.)

(૩) આપણું જીવન પ્રેમથી તરબોળ બને છે ને જીવનમાંથી પ્રેમનાં ઝરણાં વહેવા લાગે છે. ''પ્રિયજનો, આપણે એકબીજા પર પ્રેમ કરીએ, કારણ કે પ્રેમ ઈશ્વર પાસેથી આવે છે. જે કોઈ પ્રેમ કરે છે, તે ઈશ્વરનું બાળક છે અને ઈશ્વરને ઓળખે છે. જે પ્રેમ કરતો નથી, તે ઈશ્વરને ઓળખતો નથી. કારણ કે ઈશ્વર પ્રેમ છે'' (યોહાનનો પ્રથમ પત્ર, ૪:૭,૮).

(૪) જો આપણે સાચા ખ્રિસ્તી હોઈએ તો, પરમેશ્વરની આધિનતામાં જ જીવન જીવવાની સ્વાભાવિક મનોવૃત્તિ આપણા હૃદયમાં ઉત્પન્ન થાય છે. ''જો આપણે ઈશ્વરની આજ્ઞાઓ પાળી, તો આપણે તેમને ઓળખી છીએ તે ખાતરીની વાત છે. જો કોઈ કહે, 'હું તેમને ઓળખું છું', પણ તેમની આજ્ઞાઓને આધિન થતો નથી તો, એવો માણસ બિલકુલ જુઠ્ઠો છે અને તેનામાં સત્ય નથી'' (યોહાનનો પ્રથમ પત્ર, ૨:૩,૪).

(૫) આપણે પ્રભુ ઈસુનો આપણા ઉદ્ધારક અને આપણા જીવનના સ્વામી તરીકે સ્વીકાર કર્યો છે, જેનો અર્થ એ થાય કે, આપણે પ્રભુ ઈસુને અંગત રીતે ઓળખીએ છીએ. ''પણ જેટલાંએ તેમનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેમના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેમણે દેવનાં પુત્ર (પુત્રીઓ) બનવાનો અધિકાર આપ્યો'' (યોહાનની લખેલી સુવાર્તા, ૧:૧૨).

## ૧૧૨. ખ્રિસ્તી પરિવારમાં જન્મ થાય એટલે.....

સાચા ખ્રિસ્તી પરિવારમાં જેનો ઉછેર થયો હોય તેણે, તમે કહો છો તેમ જાહેરમાં પ્રભુ ઈસુનો 'તારનાર' તરીકે સ્વીકાર કરવાની જરૂર ખરી ?

શક્ય છે કે સાચા ખ્રિસ્તી પરિવારમાં ઉછેર પામેલ બાળકે તેને અક્કલ આવતાં કોઈ પણ જાતનો રોમાંચ અનુભવ્યા વિના જ, સ્વાભાવિક રીતે જ પ્રભુ ઈસુનો પોતાના તારનાર અને સ્વામી તરીકે સ્વીકાર કરી તેમને પોતાનું જીવન સોંપ્યું હોય. મારાં પત્ની રૂથને તેમનું 'તારણ' ક્યારે થયું કઈ તારીખે અને સમયે થયું તેની તેમને ખબર નથી, પરંતુ તેમનું 'તારણ'થયું છે એ બાબતની જરાપણ શંકા નથી. પરંતુ હંમેશા આપણે યાદ રાખવું જોઈએ કે સાચા ખ્રિસ્તી પરિવારમાં ઉછેર થયાથી માત્ર, વ્યક્તિનું તારણ થઈ જાય છે અને તે વ્યક્તિ 'સાચી ખ્રિસ્તી'બની જતી હોય છે એવું નથી. એક ધાર્મિક અને સાચા ખ્રિસ્તી પરિવારમાં ઉછરેલા બે ભાઈઓમાંથી એક આદર્શ ખ્રિસ્તી જીવન જીવતો હોય અને બીજો ભાઈ કુટુંબની આબરૂ કાઢે એવો હોય, એમ નથી બનતું ? હું ઘણી વખત મારા 'સંદેશા'માં કહું છું કે, જો કોઈ વ્યક્તિનો જન્મ મોટરકાર મૂકવાના ગેરેજમાં થાય તો તે વ્યક્તિ મોટરકાર બની જતી નથી. એવીજ રીતે કોઈ મનુષ્યનો સાચા ખ્રિસ્તી પરિવારમાં જન્મ થાય, તો પરિવારને લીધે તે ખ્રિસ્તી મનુષ્ય બની જતો નથી. ખ્રિસ્ત પરનો વિશ્વાસ, એ એક વ્યક્તિગત બાબત છે. ખ્રિસ્તીપણું તો સભાનતાપૂર્વક સ્વીકારેલી એક જીવનશૈલી છે. એક સાચા ખ્રિસ્તી જીવનની સાક્ષી આપતાં સંત પાઉલ લખે છે : ''હવેથી હું જીવતો નથી, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે. હાલ જે જીવન હું જીવું છું તે ઈશ્વર પુત્ર પર વિશ્વાસ કરવા દ્વારા જ જીવું છું, તેમણે મારા પર પ્રેમ કર્યો અને મારા માટે પોતાનું જીવન અર્પી દીધું'' (ગલાતીઓને પત્ર, ૨:૨૦).

જો તમારું જીવન 'આત્માના ફળ' ઉત્પન્ન કરતું હોય (ગલાતી, ૫:૨૨,૨૩), તો તમે સાચા ખ્રિસ્તી છો, તેની એક સાબિતી બને છે. પરંતુ જો કોઈ પોતાને ખ્રિસ્તનો શિષ્ય ગણાવતો હોય અને તેના જીવનમાં પ્રેમ, આનંદ, શાંતિ સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વફાદારી, નમ્રતા અને સંયમ (આત્માનં ફળ)નો અભાવ હોય, તો તે બાઈબલની વ્યાખ્યા પ્રમાણે

સાચો ખ્રિસ્તી નથી, અને એવી વ્યક્તિએ પ્રભુ ઈસુને પોતાનું જીવન સોંપી અનંત્જીવનની ખાતરી મેળવવી જોઈએ.

## ૧૧૩. શું મારા જેવા અધમમાં અધમનો ઉદ્ધાર થાય ?

હું એક સુંદર નારીનો પતિ છું અને અમારે બે સુંદર બાળકો છે. પરંતુ જેને ગંદામાં ગંદુ જીવન કહેવાય એવું જીવન જીવીને મેં મારા તથા મારા સંપર્કમાં આવનારનાં ઘણાં જીવનોને ભ્રષ્ટ કર્યાં છે ! હવે મને કેન્સરની જીવલેણ બીમારી લાગી છે. દવા અને ડોક્ટરોનાં બિલ ભરવાના છેલ્લા ઉપાય તરીકે મારી પ્રેમાળ પત્નીએ પોતાનાં ઘરેણાં વેચી દીધાં છે. ડોક્ટરે મને કહી દીધું છે કે હવે છ મહિનાથી વધારે હું જીવી શકીશ નહીં. અને નરક સિવાય બીજી કોઈ જગાને લાયક હું રહ્યો નથી. છતાં, મારી જિંદગીના આ અંતિમ દિવસોમાં, મને શાંતિ મળે એવા, બે શબ્દોની આપની પાસેથી ભીખ માગું છું.

**પ્રિય મિત્ર,**

તમારા પત્રમાં તમે જે શબ્દો તમારા માટે વાપર્યા છે તેમાંનો પ્રત્યેક શબ્દ તમારા હૃદયની વેદનાને વાચા આપે છે. ભાઈ, તમે ભ્રષ્ટમાં ભ્રષ્ટ કહી શકાય એવું જીવન જીવ્યા, છતાં તમે નરકની વેદનાથી બચી શકો છો. પ્રભુ ઈસુએ આ જગતમાં ન્યાયીઓ કે સાચા ધાર્મિકોના ઉદ્ધારને માટે નહી, પરંતુ પાપીઓ, મહાપાપીઓનો ઉદ્ધાર કરી તેમને પાપની સજામાંથી મુક્ત કરી સ્વર્ગના સુખી ધામમાં લઈ જવા માટે જન્મ લીધો અને પાપીઓના પાપની સજા ભોગવી વધસ્તંભ પર પતોનું બલિદાન આપ્યું. એ જ પ્રભુ ઈસુએ કહ્યું છે કે , જો આપણે આપણાં પાપોની તેમની પાસે ક્ષમા માગીશું અને તેમનો આપણા ઉદ્ધારકર્તા તથા જીવનના સ્વામી તરીકે સ્વીકાર કરીશું તો તે અવશ્ય આપણને ક્ષમા આપશે અને સ્વર્ગનાં દ્વાર આપણે માટે ઉઘાડવામાં આવશે.

ભાઈ, આ પૃથ્વી પર જન્મેલો પ્રત્યેક મનુષ્ય પાપી છે, અને પાપની સજા મોત અને નરક છે. પરંતુ, મનુષ્ય જ્યારે પોતાનાં પાપનો પસ્તાવો કરીને પ્રભુ ઈસુના શરણમાં આવે છે અને પોતાના 'તારણ' (મોક્ષ, મુક્તિ)

માટેની તેમને યાચના કરે છે ત્યારે તેને નરકની સજાની માફી મળે છે. બાઈબલમાંથી યોહાનની લખેલી સુવાર્તા આખી વાંચી જાવ અને વારંવાર વાંચો. તેમાં છઠ્ઠા અધ્યાયની સાડત્રીસમી કલમમાં પ્રભુ ઈસુ કહે છે : '' .....જે કોઈ મારી પાસે આવે છે, તેને હું કદી પણ પાછો કાઢી મૂકીશ નહીં''. માથ્થીની સુવાર્તાના અગીયારમાં અધ્યાય અને અઠ્ઠાવીસમી કલમમાં પ્રભુ ઈસુ વચન આપે છે : ''ઓ વૈતરુ કરનારાઓ તથા ભાર ઊંચકનારાઓ, તમે મારી પાસે આવો અને હું તમને વિસામો (આરામ) આપીશ.''

'લૂકની લખેલી સુવાર્તા'ના ૨૩મા અધ્યાયમાં પ્રભુ ઈસુના વધસ્તંભની પાસે બીજા બે વધસ્તંભ પર લટકાવવામાં આવેલા બે ભયંકર ગુનેગારોનો પ્રસંગ આવે છે. તેમનું મૃત્યુ તો ઘણું જ નજીક છે. એ બે ગુનેગારોમાંના એકે મરતાં મરતાં પણ પ્રભુ ઈસુની મશ્કરી કરી, પરંતુ બીજાએ તેને ધમકાવતાં કહ્યું. ''આપણી સજા તો વાજબી છે, કારણ આપણે જે કર્યું તેનું ઘટતું ફળ ભોગવી છીએ, પણ તેમણે તો કંઈ જ ખોટું કર્યું નથી.'' અને તેણે ઈસુને કહ્યું, ''ઈસુ તમે રાજા તરીકે આવો, ત્યારે મને યાદ કરજો.' ઈસુએ તેને કહ્યું, 'હું તને સાચે જ કહું છું : તું આજે મારી સાથે પારાદૈસમાં હોઈશ'' (લૂક, ૪૩).

ભાઈ, તમારી પાસે તો હજુ છ માસનો સમય છે ! અને એ તો ડોક્ટરનું કહેવું છે ! જો પ્રભુ ઈસુ ચાહે તો, તમને એક ક્ષણમાં જ સાજા કરી શકે છે ! તેમને તમારું જીવન સોંપી દો. તમારાં પાપની ક્ષમા માગો અને પ્રભુ ઈસુ તમારી અને તમારા પરિવારની સંભાળ રાખશે એવો વિશ્વાસ રાખો. ભક્ત રાજા દાઉદ પરમેશ્વરનાં વચનોની વિશ્વસનીયતાની સાક્ષી આપતાં કહે છે, ''દેવનો માર્ગ પરિપૂર્ણ છે: યહોવાનો શબ્દ પરખાયેલો છે, જેઓ તેના પર ભરોસો રાખે છે તે સઘળાંની તે ઢાલ છે'' (ગીતશાસ્ત્ર, ૧૮:૩૦).

**સમાપ્ત....**

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

2BGT1

| | | |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૧૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૪૦-૦૦ |
| ૭. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમસેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૩૫-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | ક્લશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪ | દાઉદના ભક્તના પસંદિત...મનન | ૪૦-૦૦ |
| ૨૫. | બાયબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૨૬. | જી.ટી.બી.એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |

Published and Distributed by:
GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA

PRINTED BY SCREENDOT PRINTERS PH, : 5544662